पुस्तक
२ थी ३४.

चरित्र

સિદ્ધકર્તા

સ
સ્તું
સા
હિ
ત્ય
વ
ર્ધ
ક
કા
ર્યા
લ
ય.

મહ

ભાગ ૨ જો-

મુખ્ય સ્થળ:
મુંબઈ.

શાખા—અમ

ચરિત્રમાળાઃ પુસ્તક ૩૨, ૩૩, ૩૪—વર્ષ ત્રીજું.

भारतना महान पुरुषो

भाग २ जो.

૧ મહાત્મા તુકારામ—તૈયાર કરનારઃ—

મગનલાલ હરિકૃષ્ણ મ્હેતા. નિ૦ ભરૂચ.

૨ ન્યાયમૂર્તિ રાનડે—લેખકઃ—

મગનલાલ માણેકલાલ ઝવેરી. મુંબઈ.

પ્રકાશકઃ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

મંત્રી ભિક્ષુ—અખંડાનંદ. કાલબાદેવી,—મુંબઈ.

આવૃત્તિ ૧ લી, પ્રત ૨૩૦૦. સ ૧૯૭૦, ઈ સ ૧૯૧૪.

મૂલ્ય વાર્ષિક ફાળે ०।≈ પાકું પૂરું ०॥≈ પો. માફ

છૂટક ०॥= પાકું ૧)

અમદાવાદમાં ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

નિવેદન.

गंगा पापं शशी तापं दैन्यं कल्पतरुस्तथा
पापं तापंच दैन्यंच हरेत् साधु समागमः

ગંગા પાપને, ચંદ્ર તાપને અને કલ્પતરૂ દીનતાને હરે છે; પરંતુ સાધુ જનોનો સમાગમ તો પાપ, તાપ અને દીનતા એ ત્રણે દુઃખોને હરેછે.

साधुनां दर्शनं पुण्यं तीर्थ भूताहि साधवः।
काले फलन्ति तीर्थानि सद्यः साधु समागमः

સાધુ જનનાં દર્શન પુણ્યદાયક છે. સાધુઓ તીર્થ સ્વરૂપ છે; એટલુંજ નહિ પણ તે કરતાં પણ શ્રેષ્ઠ છે, કારણ કે તીર્થ કાળે કરીને ફળે છે અને સાધુ સગાગમ તો તરતજ ફળે છે.

યથાર્થ સાધુ જનોનું આ માહાત્મ્ય જરા પણ અતિશયોક્તિવાળું નથી. તેમાં પણ જેઓ સ્વજીવન અને ઉપદેશો વડે દેશ ભરને માનવ જન્મની સાર્થકતાના સન્માર્ગ દર્શાવી ગયા હોય; નશ્વર પદાર્થોના મોહથી અને સમજ્યા વિના સધાતાં સાધનોના પ્રવાહમાંથી જેઓ લક્ષાવધી મનુષ્યોનાં મન ફેરવી તેને શ્રેયના સત્ય પંથે વાળી ગયા હોય; તેમના માહાત્મ્યનું તો કહેવુંજ શું? સ્થૂલ ભાવે વિદેહ થયા છતાં પોતાની પરમ હિતાવહ અમ્મર વાણી વડે જેઓ સૈકાંનાં સૈકાંઓ સુધી, અનેક વંશપરંપરાઓ સુધી અસંખ્ય માનવીઓના હૃદયાસન પર પૂજ્યભાવે વિરાજી રહ્યા હોય તેમના માહાત્મ્યને કોણ કળી શકશે? પૃથ્વી પટ પર પેદા થઇ વિલુપ્ત થઇ ગએલા પ્રબળ પરાક્રમી, વિપુલ વૈભવશાળી અનેક ચક્રવર્તિઓનાં નામ માનવ જાતિના સ્મૃતિ પટ પરથી વિલૂપ્તવત્ થતાં જાય છે; ત્યારે આવા સત્ય ઉન્નતિસંપન્ન દૈવી સંતજનોનાં પુણ્યપ્રદ કથન અને વર્તન

સમયના વહન સાથે અધિક ને અધિક પ્રચલિત થતાં જઇ, કોટયાવધિ માનવ હૃદયોના વિકાર નિવારણ કરતાં રહી, તેમાં તેમના નામનો ઝુંડો ઉંડો ને ઉંડોજ ઉતારતાં ચાલે છે! આ પવિત્ર ઝુંડા પર તેના દક્ષિણ હસ્ત રૂપે ફરકી રહેલો અમ્મર કીર્તિ ધ્વજ, પોતાના પ્રબળ 'ફટ' 'ફટ' ધ્વનિથી જગતના અસાર વૈભવોમાં આસક્ત પ્રાણીઓ પ્રત્યે જાણે કે પોતાનો ફિટકાર ન વર્ષાવી રહ્યો હોય! અને તેમની તેવી સ્થિતિ માટે પોતાને થતુ દુઃખ પોતાના ફડફડાટથી દર્શાવી વારંવાર ઝીઝકીઓ ખાઇ ખાઈને જાણે કે તેમને વામપંથને બદલે આંતર સંપત્તિની સત્ય દિશા ન સૂચવી રહ્યો હોય' એમ દેખાય છે. જેમને આવા મહાજનોના યથાર્થ સમાગમની આતુરતા અને સફળતા પ્રાપ્ત થાય તેમના સૌભાગ્યની બલિહારિજ છે.

શું એવા વિદેહ મહાત્માઓનો સમાગમ હજી પણ થઇ શકે? હા, જરૂર થઈ શકે. અબાધ્ય કાળદેવનો અધિકાર તો માત્ર સ્થૂલ શરીરો પરજ વિશેષ છે. એવા મહાત્માઓનાં અધિક હિતાવહ અમ્મર શરીરો તો તેમની ઉદાત્ત જીવન કથાઓ રૂપે અને તેમના અલૌકિક ઉપદેશો અને જ્વલંત કીર્તિ રૂપે હજી પણ વિરાજમાનજ છે. રાવણ ઇ. દૈત્યો મરીને મંત્ર અથવા વરના બળથી એકના અનેક બની જતા, તેમ પાશ્ચાત્ય માનવ દેવોના તંત્ર મંત્રથી ઉન્નતાવસ્થામાં આવેલી આધુનિક મુદ્રણકળાના પ્રબળ પ્રતાપે આજે એવા મહાન પુરૂષોનાં અમ્મર શરીરો પણ ગ્રંથોરૂપી સ્થૂલ આકારને સજીને એકનાં અનેક રૂપે અવતરવા માંડયાં છે! દુર્ભાગ્ય તેમનાંજ કે જેઓ તે દ્વારા તે મહાત્માઓના સમાગમનો લાભ લેવાને ન પ્રેરાય!!

શ્રી રામ, કૃષ્ણ, બુદ્ધ, મહમ્મદ અને ખ્રીસ્ત ઇત્યાદિ મહાત્માઓને તેમના સમયમાં સાક્ષાત જોયા છતાં પણ જેમ કરોડોમાંથી ખરી યોગ્યતાવાળા થોડાઓજ તેમને ઓળખી તેમના સમાગમનો ખરો

લાભ લઇ શક્યા હતા; તેમ સદ્‌ગ્રંથો રૂપે દર્શન આપનાર સાધુ જનોના સમાગમનો લાભ પણ ખરી જીજ્ઞાસાવાળાં હૃદયોજ મેળવી શકે છે.

કોણ કહી શકશે કે એવા ગ્રંથોમાં આલેખાયલાં ઉદાત્ત જીવનો અને ઉપદેશો તેના યોગ્ય વાચકમાં તેના અનુસરણની મહેચ્છા અને શક્તિને જાગૃત કર્યા વિના રહે છે? અફસોસ ગુર્જર માતા! કે ત્હારાં સંતાનો આવાં ઉત્તમ સાધનો પ્રત્યે પણ યોગ્ય અભિરૂચિથી રહીત છે! ત્હારા ઉદારાત્માઓની અક્કલ માટે તો એથી એ અધિક અફસોસ છે કે તેઓ ગાડરીઆ પ્રવાહમાંથી જરા પણ મુંડી બહાર કાઢીને નિરંતરની—સત્ય ઉન્નતિને આપનાર ઉત્તમ ગ્રંથોરૂપી સાધનને આથીએ અધીક ઓછા મૂલ્યે ફેલાવવા તરફ પોતાની ઉદારતાને વાળવાને અને તે પ્રકારની મહાન સંસ્થાઓ સ્થાપવાને હજી અશક્ત છે!

છેલ્લાં છસો વર્ષમાં દક્ષિણ પ્રદેશમાં જે અલૌકિક મહાત્માઓ થઇ ગયા છે, તેમાંના સર્વથી પ્રથમ તરીકે શ્રી જ્ઞાનેશ્વરજીનું ચરિત્ર આ સંસ્થા તરફથી નીકળેલી શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્‌ગીતા સાથે અપાઈ ચુક્યું છે. શ્રી એકનાથ મહારાજ તથા સમર્થ રામદાસ સ્વામીનાં ચરિત્ર તેમના રચેલા 'એકનાથી ભાગવત' અને 'દાસબોધ' નામક ગ્રંથો આ સંસ્થા તરફથી નીકળનાર છે તે સાથે અપાશે, અને તુકારામ મહારાજ કે જેમના અભંગો ગુજરાતીમાં કહાડવાની યોજનાને કંઇક વિલંબ છે તેમનું ચરિત્ર ચરિત્રમાળાના આ ગ્રંથમાં સાદર થાય છે.

શ્રીયુત યોગીન્દ્રનાથ બસુ બી. એ. એમને હાથે બંગ ભાષામાં તૈયાર થઈ કલકત્તાની સીટી બુક સોસાઈટી દ્વારા પ્રકટ થયેલા 'તુકારામ ચરિત્ર' ઉપરથીજ આ ચરિત્ર તૈયાર કરાવેલું હોવાથી, તેમજ મરાઠીમાં શ્રીયુત કૃષ્ણાજી અર્જુન કેલુસ્કરે રચેલા તુકારામ ચરિત્ર

ઉપરથી અભંગો ઉતારવાની સુગમતા થયેલી હોવાથી એ ઉભય વિદ્વાનો તેમજ તેના પ્રકટ કર્ત્તાઓનો અત્ર આભાર માનવામાં આવે છે.

ઉક્ત બંગાળી વિદ્વાને તુકારામ મહારાજના ચરિત્ર ઉપરાંત ઉપદેશોનો પણ ટુંક છતાં મુદ્દાસર ખ્યાલ આપીને, તથા પોતા તરફથી સ્થળે સ્થળે ઉપયોગી વિવેચન આપીને આ ગ્રંથના મહત્વમા જે વધારો કર્યો છે તે પણ ધન્યવાદને પાત્ર છે. એ ઉપયોગી વિવેચનનો ઘણો ખરો ભાગ આ ગ્રંથમાં પણ આવી જાય છે.

તુકારામ મહારાજનું કેટલાંક વર્ષ પર ગુજરાતીમાં છપાયલુ એક ચરિત્ર જોવામાં આવ્યું હતું, પણ તે કયારે ને કોણે છપાવેલુ તે સ્મૃતિમાં ન હોવાથી અહીં તે વિષે કશો ઉલ્લેખ કરી શકાયો નથી.

તુકારામ મહારાજના ઉપદેશોમાં ગુરૂની જે આવશ્યકતા દર્શાવી છે તે યથાર્થ છે. સામાન્ય વ્યાવહારિક બાબતોમાં પણ શિક્ષક વિના ચાલતુ નથી, તો પછી પરમાર્થ જેવા અતિ સુક્ષ્મ વિષયમાં અનુભવી ગુરૂની સહાયતા મહત્વની થઇ પડે એ સ્પષ્ટજ છે વળી ગુરૂ શિષ્યની શરીરત્રયીરૂપ ઉપાધિમાં જે ન્યૂનાધિકતા રહેલી છે, તે જોતા ન્યૂનતાવાળો શિષ્ય શ્રેષ્ટ મહાત્મા પ્રત્યે શ્રેષ્ઠભાવ (ગુરૂભાવ) ધારણ કરી તેમની સુશ્રુષા કરે, અને ગુરૂ તે શિષ્યને સર્વોત્તમ લક્ષ્યનુ જ્ઞાન અને અનુભવ થવામાં સહાયક બને એ પણ સ્વાભાવિકજ છે; પરંતુ મૂળ પ્રાધાન્ય પરમાત્મદેવને સ્થાને પોતાની જાતનેજ પ્રભુ તરીકે કહેવડાવવાની અને પૂજાવવાની રીત—કે જે નવીન તેમજ જુના અનેક સંપ્રદાયોમાં પોતાનો ડંકો બજાવી રહી છે તે—તો વિલક્ષણજ છે.

એકાદ કુળવાન ગૃહસ્થને તેની યુવા કન્યાને માટે સારો વર મેળવી આપવામાં અને (વરના ઘર આગળ લગ્ન થવાનુ હોય ત્યારે) તે કન્યાને વરને ગામ પહોંચાડી પરણાવી આપવામા એકાદ પ્રવીણ કુલગુરૂ (ગોર) જેમ અગત્યનો સહાયક થઇ પડે છે, તેમ જીજ્ઞાસુની શુભેચ્છા

રૂપી કન્યાને સર્વશ્રેષ્ઠ પરમાત્મ દેવ સાથે જોડી આપનાર ઉત્તમ ગુરૂ પણ અતિ મહત્વના સહાયકરૂપ છે, પણ જેમ કોઇ સુંદર યુવાન ગોરબાપજી વિષયાસક્તિને વશ વર્તીને, પોતાની સાથે મોકલાયલી તે ભોળી કન્યા–કે જે પોતાને માટે નિર્મીત થએલા અતિ શ્રેષ્ઠ પતિના દર્શન, વૈભવ તથા સહવાસસુખના અનુભવથી રહિત છે–તેના અજ્ઞાનનો લાભ લઇ "પોતેજ તે વર છે" એમ રસ્તામાંજ તેને ભરમાવીને વરી બેસે તે અયોગ્ય છે, તેમ જે ધર્મગુરૂઓ સર્વોત્તમ જ્ઞેયધ્યેય પરમાત્મદેવમા શિષ્યની અજ્ઞાનમય શુભેચ્છાવૃત્તિ રૂપ કન્યાને જોડી આપવાને બદલે અને તેને મન, વાણી અને કર્મપૂર્વક પરમાત્મ પરાયણ કરવાને બદલે પોતાને પરાયણ કરાવે તે પણ અયોગ્ય છે.

જે ગુરૂઓ "**गुरुर्ब्रह्मा गुरुर्विष्णु गुरुर्देवो महेश्वरः**" અને "**ततः किं ततः किं**" જેવા સ્તોત્રોનાજ નિત્ય પાઠ કરવાનો બોધ કરે. જે ગુરૂઓ પોતાના પરિચ્છિન્ન શરીરભાવનીજ મહત્તા ભોળા શિષ્યોમા ઠસાવવાને માટે પોતાનેજ ભગવાન કહેવરાવે, અને "જયગુરૂદેવ" "ગુરૂ ભગવાન" "ગુરૂ નારાયણ" "જય સદ્‌ગુરૂ સ્વામીજી" "અમુક ભગવાનની જે" "અમુક મહારાજ–આચાર્ય–વિજયતે" ઇત્યાદિ પ્રકારના જયધ્વનિ, આરતીઓ અને ધૂનો ગજાવરાવે, ધ્યાન પૂજન પણ પોતાના શરીર કે ચિત્રનુજ કરાવે, એટલુજ નહિ પણ શિષ્ય વર્ગની જે ઉદારતાનો લાભ પ્રભુના સાક્ષાત્ દીન દુઃખી બાળકો (પ્રાણીઓ) ની સેવામાં અર્પાયાથી તેમને યથાસાધ્ય સુખ થવા સાથે તે ઉદાર શિષ્યને પણ હૃદયશુદ્ધિરૂપ પરમ લાભ મળીને ચિત્ત વશ ન થવાના પોકાર તે પાડતો અટકે તેમ હોય છે, તે માર્ગે તેની ઉદારતાને વાળવાને બદલે જે ગુરૂઓ તેની આર્થિક ઉદારતાને પણ પોતાના પવિત્ર (!) ચરણકમળમા નિવેદાવે, અને લાડી, વાડી ને ગાડીના વૈભવો તે વડે ભોગવે, તેઓ શુ શિષ્યની

તે શુભેચ્છા અને ઉદારતારૂપી અજ્ઞાન કન્યાઓને ખરે સ્થાને પહોં-ચાડવાને બદલે વચમાં પોતેજ તેને પરણી બેસવા જેવું—તેના ધણી બની પડવા જેવું કરતા નથી ? હે પરમાત્મન્ ! મહાત્મા ગુરૂગોવિંદસિંહ પાસે શિષ્યો પ્રતિ આપે વદાવેલાં નીચલાં પવિત્ર વાક્યામૃતની વૃષ્ટિ અમારા વર્તમાન ગુરૂ બાપલીયાઓનાં હૃદયો અને મુખોમાં પણ કરવા કૃપા કરો.

જો શિષ્ય મોહે પ્રભુ ઓચરહી,
સો શિષ્ય નરક કુંડમેં પરહી;

તુકારામ જેવા મહાત્માએ ગાયેલા ગુરૂ મહિમાની ના નથી, ગુરૂના મહદ્ આભારનો જેટલો પણ બદલો વળાય તેટલો ઓછો છે, પણ જેમ એક પિતા કે કુળગોર ગમે તેટલા શ્રેષ્ઠ—પૂજ્ય હોવા છતાં કાંઇ પતિના જેવા સેવ્ય તો તે નજ થઈ શકે, પતિ સાથેના વ્યવહાર તો તેઓની સાથે નજ હોઈ શકે ! તેમ સ્વામીના પણ સ્વામી અને સર્વોત્તમ પ્રાપ્તવ્ય પરમાત્મદેવ પ્રત્યેજ જે વ્યવહાર ઘટિત ગણાય, તેવો ધ્યાન—પૂજનનો વ્યવહાર તો આ ગુરૂ બાપજીઓની પરિચ્છિન્ન ઉપાધિની ગમે તેટલી શ્રેષ્ઠતા હોય તો પણ તેમના પ્રત્યે નજ સંભવે ! સાધનથી સાધ્ય નજ બની બેસાય ! !

સર્વાધિષ્ઠાન પરમાત્મદેવ જેટલા ગુરૂમાં તેટલાજ શિષ્યમાં પણ વ્યાપક હોઈ ન્યૂનાધિકતા તો માત્ર બંનેના ત્રિવિધ શરીરોમાંજ છે; તો પછી અજ્ઞાન ભોળા શિષ્યો તો ભરમાઈને ઇશ્વરને બદલે માત્ર ગુરૂના પરિચ્છિન્ન શરીરને કે તેની છબીને ધ્યેય અને પુજ્ય માની બેસે, પણ ગુરૂ યથાર્થ હિતસ્વી અને જ્ઞાની હોય તો શિષ્યોની તેવી ભુલ ભરેલી માન્યતા અને ક્રિયાને કેમ ન સુધારે ? અને જાણી જોઈને ઉલટું મલકાતે મુખડે તે ક્રિયાઓને અનુમોદન અને ઉત્તેજન

શા માટે આપ્યા કરે ? શિષ્યોને અજ્ઞાનમાંથી જ્ઞાનમાં લઇ જવાને બદલે આમ ઉલટા એક અજ્ઞાનમાંથી બીજા અજ્ઞાનમાંલઇ જવા એનો અર્થ શું ? માટે તુકારામ મહારાજનું ગુરૂ માહાત્મ્ય, આવા વચમાંજ ધણી થઈ પડનારા ગુરૂઓ માટે હોય એમ સમજવા જેવું નથી. આવા ગુરૂઓનાં પાખડથી બચવાનો ઉપદેશ પણ અનેક મહાત્માઓની વાણીમાંથી થોડો મળી આવતો નથી.

અમે તો એમજ માનીએ છીએ કે ગુરૂની દીક્ષા મેળવી ચુકેલા જે સંકડો ને હજારો શિષ્યોની વૃત્તિઓ વર્ષોનાં વર્ષો સુધી સાધન કર્યા છતાં નથી સ્થિર થતી કે નથી આગળ વધતી; ને સદાય બીચારા ટળવળતા ને લાંબા પડી પડીને દંડવતજ કરતા રહે છે, તેનું કારણ આવા ગુરૂઓના ઉપર જણાવ્યા જેવા સ્વાર્થ અને તેને અનુસરતી તેમની રહેણી કહેણીજ છે.

પ્રભુના સત્ય સ્વરૂપનાં તથા તેમની અનેકવિધ મહત્તા અને ઉપકારનાં બોધક અનેક નામો અને સ્તોત્રો તથા મન વાણીની અનેકવિધ ક્રિયાઓને ઉપદેશવામાં આવા ગુરૂઓને શુ ઓછપ લાગતી હશે કે જેથી પોતાનાંજ શરીરો અને નામોને વચમાં ઘુસાડતા હશે ! અને તે નામોના અર્થ બ્રહ્મમાં ઘટાવવા મથતા હશે ! જો તેઓ પોતાના બ્રહ્મભાવનીજ પૂજા એમાં માનતા હોય કે કરાવતા હોય તો તે બ્રહ્મભાવ શુ તેમના એકલાનાજ બાપનો છે? શુ શિષ્યમાં અને સર્વત્ર તે વ્યાપક નથી ? તો પછી શિષ્યમાંનાજ તે બ્રહ્મ ભાવને ભજાવવામાં અથવા તો ન્યૂન અધિકારીઓને સગુણ પરમાત્માના અનેક મહાન ગુણોનું, તેમજ તેની વિશ્વવ્યાપક અનેક મહદ્ વિભૂતિઓની મહત્તાનુ ભાન અને ચિંતવન કરાવવામાં શુ હરકત ? આવા ગુરૂઓના અનેક શિષ્યો તો એવાજ જણાયા છે કે જેઓ બિચારા ગુરૂ બાપજીના ગુણ અને ચમત્કારોનાં ગપોડાં—કે જે કેટલીક વખત

તેમના અતિ મૂર્ખ અથવા સ્વાર્થ સાધુ શિષ્યોએ અતિશયોક્તિ કરી કરીને ફેલાવેલાં હોય છે, અથવા ગુરૂ બાપજીએ તેમને મ્હોટા ભા બનાવીને યુક્તિપૂર્વક તેમના હૃદયમાં રેડી દીધેલાં હોય છે—તે સાંભળીનેજ મુંડાઈ ગયા હોય છે; ને પછી **ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ** કરવાનુ શિક્ષણ પામી તેમના શરીરનું ધ્યાન પૂજન કરવા મંડી પડયા હોય છે ! આ બિચારાઓમાના અનેકને તો ખરા પરમાત્માની મહત્તાનુ ભાન ગુરૂની મહત્તા કરતા અર્ધુ પણ નથી હોતુ ! બિચારાઓ ગુરૂજીના શરીરની અને ચિત્રની પૂજા અને ધ્યાનમાં જેટલુ સમજે છે તેથી અર્ધુ પણ સાક્ષાત ઇશ્વિર સબધી સમજતા હોતા નથી !

સ્વમહત્તાની વૃદ્ધિની વિધિઓ અને ધ્વનિઓની મોજ ભોગવવા આડે સાક્ષાત્ પ્રભુની મહત્તા આમ ગૌણ કરી નાંખવાના ફળ પણ જ્યાં એવુ ચાલ્યુ છે ત્યા દેખાયછેજ. ભોળા શિષ્યગણના કિલ્લા આડે અને પોતાના નામના જય ધ્વનિઓ આડે એ પરિણામો એવા ગુરૂઓ ભલે ન જોઇ કે સાભળી શકતા હોય, પરંતુ યોગ્ય વિવેક શક્તિવાળો વર્ગ તો તે સર્વ સમજી શકેછેજ, અને તેથી તેઓ તેવાઓ પ્રત્યે ભાગ્યેજ માન ધરાવી શકે છે. ભગવાન રામચંદ્ર, શ્રીકૃષ્ણ, દત્તાત્રેય, બૌદ્ધ, શકર, ગૌરાંગ, કબીર, નાનક, જ્ઞાનદેવ અને તુકારામ ઇ૦ મહાત્માઓ, તેમજ વર્તમાન યુગના રામકૃષ્ણપરમહંસ, રામતીર્થ, દયાનંદ, વિવેકાનદ ઇ૦ મહાત્માઓ જે આજે લક્ષાવધિ અને કોટયાવધિ સસ્કારી વિચારશીલ મનુષ્યોના હૃદયોને ઝુકાવી રહ્યા છે, તે પોતાના પરિચ્છિન્ન દેહને પૂજાવવાથી કે દેહના નામના જયઘોષ કરાવવાથી નહિ, પરંતુ કાંઈ પણ સ્પૃહા રાખ્યાવિના માત્ર પરહિતની દ્રષ્ટિ રાખીને તેમણે તે ખરેખરા પુજ્ય, જ્ઞેય, ધ્યેય, સચ્ચિદાનદઘન પરમાત્મ દેવનાજ સ્તોત્રગાન, જયઘોષ અને ધ્યાન પૂજન કરાવવાથીજ તેમ બન્યુ છે. પછી પાછળથી તેમના વંશજો એ કે

ચેલાઓએ ભલે બીજે રસ્તે ઢળી પડીને નીચે પોતાની અલ્પતા છુપાવીને, સ્વાર્થ દૃષ્ટિથી પોતાની કે પોતાના ગુરૂની ગાદીઓ, સમાધિઓ, દેવળો કે પંથોનુ સ્થાપન કર્યું હોય; ને પ્રભુને બદલે ભલે તેમનું કે પોતાનું પૂજન ધ્યાન તેઓ કરાવતા હોય; અને તેમ કરી સત્સંગી ને કુસંગી ઇ૦ ઇલ્કાબો દ્વારા મનુષ્ય જાતિની એકતામાં અધિકાધિક અંતરાય પાડવાના પંથમા વિચરતા હોય, પણ તેથી મૂળ પુરૂષોની મહત્તાને ઝાંખપ નથી.

અલબત્ત જે મનુષ્યો પામર કોટિના કે વિષયી કોટિનાજ હોય તેમના નશીબમાં તો ઉચ્ચ કોટિવાળા સહાયક પ્રાપ્ત કરવાનુ, ને પ્રાપ્ત થાય તો તેમના પર શ્રદ્ધા આવવાનુ સૌભાગ્ય નથીજ હોતું. તેથી તેમને માટે તો ઉપર જણાવ્યા જેવા ગુરૂઓ પણ ઉપકારકજ છે. પરતુ તે કેવી રીતે ? એવા શિષ્યોને પણ તેવા ગુરૂઓ દ્વારા ઇશ્વર સબધી થોડુ ઘણું જ્ઞાન તો થાયછેજ અને પછી વૃત્તિમા ખરી ઉત્કટતા લાગે સમયે પણ પ્રકટતા ગુરૂજીની ખરી યોગ્યતા તેમને સમજાઇ જાય છેજ, જેથી પછી તેમને બાજુએ મૂકીને પોતાની ઉન્નત વિવેક શક્તિ સુચવે તે માર્ગ તેઓ લે છેજ. આ પ્રમાણે ગુરૂસેવાના ફળરૂપે મોક્ષ થવો જોઇયે તે થાય છે તો ખરોજ, પણ તે ખરા બધનોને બદલે ગુરૂ બાપજી તરફના વધારાના બધનમાથીજ ! અજ્ઞાનરૂપી મુળ અધકારમાંથી નહીં પણ ગુરૂ બાપજીએ ઓઢાડેલા પોતાની અતિ મહત્તાના અધારપીછોડામાથીજ ! !

તુકારામ ચરિત્રના ભાષાન્તરનુ કાર્ય કરી આપનાર ભરૂચનિવાસી રા. મગનલાલ હરિકૃષ્ણ મ્હેતા કે જે એક ઉગતા અને આશા આપનારા અનુવાદક છે, તેમને અમારો સપ્રેમ ધન્યવાદ છે. તેમને હાથે અનુવાદિત થયેલા અન્ય પણ બે ત્રણ પુસ્તકો એકાદ વર્ષમા નીકળવા સભવ છે.

આ પુસ્તકમાંનુ બીજું સંક્ષિપ્ત ચરિત્ર થોડા સમયપર થઇ ગયેલા ન્યાયમૂર્તિ જસ્ટીસ રાનડેનું છે. પ્રથમ તે 'સત્ય' માસિકમાં છપાયલું તે ઉપરથી તે પ્રકટ કરવા માટે તેના માલિક રા. રા. મોતીલાલ ત્રિભુવનદાસ દલાલ હાઇકોર્ટ વકીલ, તેમજ લેખક રા. રા. મગનલાલ માણેકલાલ ઝવેરીની સંમતિ લેવામાં આવી હતી. પાછળથી ઉક્ત લેખક બંધુએ આ ચરિત્રની શુદ્ધિ વૃદ્ધિ પાછળ બનતો શ્રમ લઈ તેને લગભગ નવા રૂપમાંજ તૈયાર કરી મોકલ્યુ, જે બદલ એ બંને ગ્રહસ્થોના આભારી છીએ. તેમની આ મહેનત છતાં અત્ર તરફની એક ભૂલ કે જે પાછળથીજ ભૂલ તરીકે સ્હમજાઈ હતી–તેને લીધે આ પાછલા ચરિત્રના મુદ્રણમાં જે ભૂલો આવી છે, તે બદલ તેમને દોષપાત્ર ન ગણવા તથા અગત્યની ભૂલોનું આ સાથે જે શુદ્ધિપત્ર આપ્યું છે તે પ્રમાણે પ્રથમ સુધારી લઇનેજ આ પુસ્તક વાંચવા વાચક બંધુઓ પ્રત્યે ખાસ વિનતિ છે.

સ્વ૦ રાનડે સબંધી ઉત્તમ અને વિસ્તૃત વાચન ઇચ્છનારને "અમારા આયુષ્યનાં કેટલાંક સ્મરણો" એ પુસ્તક જોવા ખાસ ભલામણ છે.

આ પુસ્તકના અંદરના ભાગમાં 'ભારતના પ્રસિદ્ધ પુરૂષો' એવું નામ છે. પરંતુ પછીથી 'ભારતના મહાન પુરૂષો'ના બીજા ભાગરૂપેજ ગણવું ઉચીત જણાતાં પૂઠાપર તથા મુખ પૃષ્ટ પર તેજ નામ આપ્યું છે.

આ પુસ્તક સાથે "સ્વામી રામતીર્થ એમ. એ. ના સદુપદેશ–ગ્રન્થ ૧ લો" એ નવિન પુસ્તકનાં કાર્ડ છે. જે મળેથી પંદર દીવસ સુધીમાં તે મંગાવી લેનારને પ્રતે ૦)≈ કિફાયતથી મોકલાશે. વધુ વિગત કાર્ડમાં વાંચી પોતાના ગ્રાહક નંબર સાથેજ લખવા તસ્દી લેવી.

હિંદબહારના ગ્રાહકોએ આ પુસ્તક મળેથી તરતમાં ચરિત્રમાળાનું નવા વર્ષનું મૂલ્ય મોકલવું, જેથી તેમને પુસ્તકો તરતમાં મળે.

સંવત ૧૯૭૦ શ્રાવણ શુક્લ સપ્તમી, જુન ૧૯૧૪. } મંત્રી.

શુદ્ધિ પત્ર.

મહાત્મા તુકારામના ચરિત્રમાં.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૫	૫	અહીંજ	તહીંજ
૨૦	૧૨	વયોગે	દૈવયોગે
૮૮	૧૭	કર્યું	કરાવ્યું
૧૦૯	૧૮	આવી	પૂના આવી
૧૪૫	૪	બ્રહ્મજ્ઞાન	બાહ્યજ્ઞાન
૧૬૦	૮	કલ્પનાના	કલ્પના અને

મહાત્મા તુકારામના ભાઈનુ નામ "કંથાઇયા" આ પુસ્તકમાં આવ્યું છે; પરંતુ તેના બદલે "કાન્હોબા" વાંચવું.

સ્વ૦ ન્યા૦ રાનડેના ચરિત્રમાં.

૧૯૩	૨૨	પતી	પત્ની
૧૯૮	૧૦	કાંઇ	કોઇ
૨૦૬	૪	હોતુ	હોય
૨૦૯	નીચેથી બીજી	ઠંડે કલેજે	માધવરાવે ઠંડે કલેજે
૨૧૨	૧૬	ચરિત્રમાં	એમના ચરિત્રમાં
૨૧૩	૧૫	બન્ને	બન્નેને
૨૧૭	૨૨	કન્યાથી	કન્યાની
૨૧૮	૧૭	શરમાય છે.	શરમાય છે, એ
૨૧૯	૪	ઘેર	તેમને ત્યાં
,,	૧૬	અરે	અને
૨૨૧	૪	લાગી ઉભા રહ્યા	લાગી માધવરાવ ઉભા રહ્યા

૨૨૩	નીચેથી ચોથી	નિરક્ષણ	નિરક્ષર
૨૨૯	૪	તેના	તેમના
૨૩૮	૧૦–૧૧	નામના શખ્સને	નામનો શખ્સ
૨૪૧	૮	ઉપદ્દ્વ્યોપ	ઉપદ્દ્વ્યાપ
,,	નીચેથી પાંચમી	બધાની	ઘરનાં બધાંની
૨૪૮	૧૬	પુત્રે	મિત્રે
૨૫૧	,,	તેના	તેમના
૨૫૫	૭	લેખિત	તેથી લેખિત
૨૫૬	નીચેથી ચોથી	તેમણે	તેણે
,,	નીચેથી બીજી	હતા	છે
૨૫૮	ફુટનોટ–૪	another. As	another to
૨૬૨	૧૦	કરવામાં આવે છે	કરવામાં આવ્યો છે
૨૬૪	૪	ખાસ	ખાસ કરીને
,,	૧૮	લેવું	કરવું
૨૬૭	૪	મુદ્દા	મુદ્રા
૨૬૯	છેલ્લી	સમાલોચના	સમાલોચન
૨૭૧	૩	અશાસ્ત્રતા	શાસ્ત્રીયતા
૨૭૮	૧૪	ઉત્સાહને	ઉત્સાહનો
૨૭૯	૫	consideration	considerations
,,	૧૫	religions	religious
૨૮૮	૪	એમાં	એવા
૨૮૯	નીચેથી બીજી	શોધવાં	શોધવો
૨૯૨	નીચેથી ચોથી	હિંદીવાનોના	હિંદના
૨૯૨	છેલ્લી	ખાડામાં	ખાડા
૩૦૦	૭	peaeeful zeal	peaceful zeal

આ ચરિત્રના બીજા સુધારા નીચે પ્રમાણે છે.

પૃષ્ઠ ૨૧૧ માંની ૨૦ થી ૨૨ સુધીની ત્રણ લીટીઓ રદ કરવી માત્ર તેની છેવટનો ' લગ્ન ' શબ્દ કાયમ રાખવો.

પૃષ્ઠ ૨૧૧ ની ૨૨ મી લીટીની છેવટે આવેલા લગ્ન શબ્દથી લઇને પૃષ્ઠ ૨૧૨ ની ૨૨મી લીટી સુધીનું લખાણ ૨૧૭ મા પૃષ્ટની ૨૩ મી લીટીમાં આવેલા ' વિધિ પૂર્ણ થઈ ! ' એ શબ્દો પછી વાંચવુ.

પૃષ્ઠ ૨૩૯ માં ' ભેદ ખુલ્યો ' એ શબ્દો પછીના બે પેરા એજ પૃષ્ટમાં સર્વથી છેલ્લા વાંચવા.

પૃષ્ઠ ૨૫૯ માં **કામ કરતાં કરતાં મરવું એ કેવું સુખી મરણ છે ?** એ મથાળા નીચેના લખાણની બારમી લીટી પછી નીચેનુ લખાણ ઉમેર્યા પછી એ મથાળા નીચેનું સર્વ લખાણ ૨૬૧ પૃષ્ઠની બીજી લીટી પછી વાંચવું.

દરેક જણ માધવરાવને વિશ્રાંતિ લેવા ભલામણ કરતું અને વાંચન લેખન વગેરેમાંથી મુક્ત રહેવા કહેતું, આથી કંઇક કંટાળી એ સર્વની એ વિષેની ભૂલ ભરેલી માન્યતા દૂર કરવાની અને વિશ્રાંતિનો ખરો અર્થ સમજાવવાની તેમને ફરજ પડી. તેમણે કહ્યું: “ તમે બધાં મને વિશ્રાંતિ લેવા કહો છો અને તેમાં મુખ્યત્વે કરીને વાચન-લેખનના મને વ્યસન જેવા થઇ પડેલા વ્યવસાયમાંથી મુક્ત રહેવા સૂચવો છો; પણ મ્હારે તમને કહેવું પડશે કે ' વિશ્રાતિ ' નો ખરો અર્થજ તમને ખબર નથી ! ' વિશ્રાંતિ તેજ છે કે જે મનને આનંદ —સમાધાન પમાડે અને નાની મુની વેદનાઓને દાબી દે. ' મ્હારૂ વ્યસન વાંચન લેખન છે, તો મને તેનાથી દૂર કરવાથી તમે શુ એમ ધારો છો કે મને વિશ્રાંતિ મળશે ? નકામા બેસી રહેવાથીજ જેને વિશ્રાંતિ મળતી હોય તેને તેવી વિશ્રાંતિ મુબારક હો ! પણ કંઇ પણ કામ કરવાની જો મારામાં શક્તિ ન રહે, અને આયુષ્ય નિરર્થકજ ગાળવાનો મારા પર પ્રસંગ આવે, તો તો તેના કરતાં મારૂં આયુષ્ય આજેજ પૂરૂ થઇ જાય તો યે હરકત નથી.” આમ કહી તેમણે એક...



મહાત્મા તુકારામ.

भारतना प्रसिद्ध पुरुषो

ભાગ ૧ લો.

महात्मा तुकाराम.

પ્રકરણ ૧ લું.

ભારતવર્ષ ધર્મ-પ્રાણ મહાપુરૂષોની લીલાભૂમિ છે. પ્રત્યેક યુગમાં ભગવદ્ભક્ત મહાપુરૂષોએ જન્મ ગ્રહણ કરીને આ પુણ્ય-ભૂમિને ધન્ય અને કૃતાર્થ કરી છે. તેઓમાંથી કોઇ ભક્તિ, કોઇ જ્ઞાન, કોઇ વૈરાગ્ય, કોઇ જીવદયા તો કોઇ સંસારની અનિત્યતાનો ઉપદેશ આપીને, પોતાના સ્વદેશવાસિઓને ઉપકૃત કરી ગયા છે. પુણ્યસલિલા ગંગા અને ગોદાવરીના વિમળ પ્રવાહની પેઠે તેમના મુખની ભગવત્કથા, તૃષિત ભારત-સંતાનોના હૃદયમાં હજુ પણ અમૃતસિંચન કરી રહી છે. ઋગ્વેદના મંત્રોથી આરંભ કરીને, વર્તમાન સમય પર્યન્તના ભારતના સંગિત સાહિત્યનો ઘણોખરો ભાગ, ધર્મભાવથી ભરપુર જોવામાં આવે છે. દેવભાષા સંસ્કૃતથી માંડીને આધુનિક પ્રાકૃત ભાષાઓમાં પણ ધર્મભાવોદ્દીપક ગદ્ય પદ્યનો અભાવ નથી. હિંદી ભાષામાં તુલસીદાસ, બંગાળીમાં રામપ્રસાદસેન, તામિલમાં તિરૂબલ્લિયાર અને મરાઠીમાં તુકારામ મહારાજનાં પદો, ભાવની ગંભીરતામાં અને ભક્તિના આવેશમાં, સંસ્કૃત સાહિત્યથી જાય એમ નથી. આપણી ગુજરાતી ભાષામાં પણ ભક્તશિરોમણિ નરસિંહ મ્હેતા અને મીરાંબાઇનાં પદો

તેવાંજ છે. ભક્તિ–કથાના પ્રચારક તરીકે પૂર્વોક્ત મહાપુરૂષોએ પોત-પોતાના દેશમાં ઈશ્વરનો અનુગ્રહ પામેલા દેવાંશી જનો તરીકે પ્રતિષ્ઠા મેળવી છે તેઓએ પોતપોતાના ઇષ્ટદેવને માટે જે જે સ્તુતિપાઠો રચ્યા છે, તે તે હજુ પણ લાખો નરનારીના કંઠમાં બિરાજી રહ્યા છે. હિંદુસ્તાનમાં તુલસીદાસના દુહા, ગુજરાતમાં નરસિંહ મ્હેતા અને મીરાંબાઇનાં ભજનો, મહારાષ્ટ્રમાં તુકારામના અભંગો અને બંગાળમાં રામપ્રસાદસેનનાં પદ્યો ન આવડતાં હોય, વા ન સાંભળ્યાં હોય, એવો માણસ ભાગ્યેજ મળશે. ગુજરાતમાં જે પ્રમાણે નગરમાં, શહેરમાં, ગામડામાં, તીર્થોમાં ઇત્યાદિ દરેક સ્થળે નરસિંહ મ્હેતા અને મીરાંબાઇનાં ભજનો સાંભળવામાં આવે છે, તેજ પ્રમાણે મહારાષ્ટ્રમાં ઠેરેઠેર સાધુ શિરોમણિ તુકારામ મહારાજના અભંગો શ્રવણ–ગોચર થાય છે. મહારાષ્ટ્ર નિવાસીઓને તુકારામ અને તેમના અભંગો માટે ઘણુંજ માન છે, અને હજુ પણ તેઓ તેમની પ્રત્યે પૂજ્યદૃષ્ટિ રાખે છે. તુકારામ મહારાજના સકળ અભંગો મહારાષ્ટ્રીય જાતિની જાતીય–સંપત્તિ છે. એક ક્ષુદ્ર ભિક્ષુકથી માંડીને મહારાજાધિરાજ પર્યંત સઘળાઓ પરમ આદરપૂર્વક તેનું શ્રવણ અને કીર્તન કરે છે.* અનેક ધર્મમંદિરોમા તેમનું "દેવી–માહાત્મ્ય" ગીતાજીની પેઠે પરમ ભક્તિપૂર્વક વાચવામાં આવે છે, અને વંશાભિમાની અનેક વેદજ્ઞ બ્રાહ્મણો પણ શૂદ્ર જાતિમાં જન્મેલા આ મહાપુરૂષની રચેલી ભક્તિ–કથાનું કીર્તન કરવામાં પોતાનું ગૌરવ

---

* તુકારામ મહારાજના અભંગો તેના મરાઠી ભાષાંતર સહિત બે ભાગમાં છાપેલા મળે છે. કિંમતમાં પણ તે બહુજ સસ્તા છે. એ પુસ્તકનું નામ "શ્રી તુકારામ મહારાજાંચ્યા સાર્થ ગાથા" છે મળવાનું સ્થળ મુંબઈમાં હિંદ એજન્સી ઇ. માધવ બાગની પાછળની બજારમાં રહેતા મરાઠી બુક-સેલરોને ત્યાં મળે છે. મૂલ્ય દરેક ભાગનો રૂ. ૧–૨–૦ છે.

મંત્રી. સ. સા.

માને છે. આ તુકારામ મહારાજનું ચરિત્ર ઘણુંજ વિસ્મયકર અને શિક્ષાપ્રદ છે. તેમની સહનશીળતા, સ્વાર્થત્યાગ, નિષ્ઠા અને ભક્તિની ગંભીરતાની આલોચના કરવાથી ઉક્ત મહાત્મા પ્રત્યે આપણો નૈસર્ગિક ભક્તિભાવ ઉત્પન્ન થાય છે.

મહારાષ્ટ્રની રાજધાની પૂનાથી વાયવ્ય ખુણામાં આસરે આઠેક કોશ ઉપર ઇન્દ્રાયણી નામની એક નાની સરખી નદી આવેલી છે, તે ક્ષુદ્ર નદીને કિનારે આવેલા દેહુગામમાં "મોરે" નામનુ એક પ્રાચીન મરાઠા કુટુંબ નિવાસ કરતુ હતું. મોરે કુટુંબ ક્ષુદ્ર જાતિનું અને વેપાર–વાણિજ્ય કરીને નિર્વાહ ચલાવતું હતું. અનેક સભ્રાન્ત અને રાજદ્વારી મરાઠા પરિવારો સાથે તેને મિત્રાચારી હતી. એ પરિવારમાં આશરે ઇ. સ. ૧૫૦૭–૧૫૦૮ મા આપણા ચરિત્રનાયક તુકારામ મહારાજનો જન્મ થયો હતો.*

* તુકારામનો જન્મ ક્યારે થયો તેને માટે કોઈ પણ સ્થળે સ્પષ્ટ-રીતે લખવામા આવ્યું નથી મહીપતિકૃત "ભક્ત લીલામૃત" નામના ગ્રંથમા લખ્યુ છે કે "તુકારામ ૨૧ વર્ષની વયે નાના પ્રકારની વિપિત્તમા આવી પડયા આ વખતે તેમના જીવનનો અર્ધો ભાગ વ્યતીત થઇ ગયો હતો" આ પ્રમાણે જો ૨૧ વર્ષના જીવનને અર્ધાંશ તરીકે ગ્રહણ કરીએ તો ૪૨ મે વર્ષે તુકારામ મહારાજનો દેહાન્ત થએલો હોવો જોઇએ તુકા-રામ મહારાજ શાકે ૧૫૭૨ (ઈ સ. ૧૬૪૯) માં વિદેહ પામ્યા છે. જ્યારે મહીપતિના ઉપર્યુક્ત ઉલ્લેખ પ્રમાણે તેમનો જન્મ શાકે ૧૫૨૯-૩૦ માં થએલો હોવો જોઇએ.

તુકારામ મહારાજના જીવન–વૃત્તાત માટે મહીપતિકૃત ગ્રંથાવલી વધારે પ્રમાણભૂત ગણાય છે. મહીપતિનો જન્મ ઈ સ. ની અઢારમી સદીના મધ્ય ભાગમાં થયો છે. એમણે "ભક્ત લીલામૃત" "ભક્ત–વિજય" અને "સન્તવિજય" એમ ત્રણ કાવ્ય–ગ્રંથો રચ્યા છે. તેમા તુકારામનું અને મહારાષ્ટ્રના અનેક સાધુ પુરુષોનાં ચરિત્રોનું વર્ણન કરવામા આવ્યું છે.

તેમના પૂર્વની સાત પેઢીનું વિવરણ મહીપતિ નામના મહારાષ્ટ્રીય કવિના રચેલા "ભક્ત-લીલામૃત" ગ્રંથમા જોવામા આવે છે. એ ઉપરથી માલૂમ પડે છે કે "જે ભક્તિ-વૃક્ષ તુકારામના જીવનમાં પૂર્ણુતાએ પહોચ્યુ હતું, તેનું બીજ ઘણાં વર્ષો પૂર્વે તેમના પૂર્વ પુરૂષોના શુદ્ધ અંતઃકરણમાં રોપાયુ હતું; અને ક્રમેક્રમે તેમના હૃદયમા તેના અંકુરો ફૂટી નીકળ્યા હતા. તેમનામા ઘણાખરાઓએ તે બીજની વૃદ્ધિ કરવાને સેવા અને પ્રેમરૂપ વારિ સિચન કર્યું હતું; અને તેને પ્રતાપેજ ભક્ત તુકારામના જીવનમાં એ ભક્તિ-વૃક્ષ ફાલી નીકળ્યુ હતું." જે વંશમાં તુકારામ મહારાજનો જન્મ થયો હતો, તેવા પેઢી દરપેઢી ભક્તિમાન અને વૈરાગ્યરત પરિવાર ઘણા થોડાજ જોવામાં આવે છે. તુકારામથી સાતમી પેઢોના પુરૂષનુ નામ વિશ્વભર હતું. વિશ્વભર વેપાર-વાણિજ્ય કરીને પોતાનુ ગુજરાન ચલાવતા હતા, તે છતા પણ અધર્માચરણથી ધન મેળવવાની તેઓ કદિ પણ ચેષ્ટા કરતા નહિ. સાધુ, સન્યાસી અને અતિથિઓને પોતાને ઘેર તેડી જઇ, તેમની પરમ પ્રીતિપૂર્વક સેવા-શુશ્રૂષા તેઓ કરતા હતા. સાંસારિક કાર્ય કરતી વખતે પણ તેઓ શ્રી હરિનું સ્મરણ કર્યા કરતા હતા. રાત્રિને સમયે કેટલાક ભાવિક ભકતોની સાથે શ્રી હરિનાં ભજનો ગાતા હતા. પઢરપુરના વિઠોબાજીપર તેમને બહુજ શ્રદ્ધા હતી. તેજ તેમના ઇષ્ટદેવ હતા. પઢરપુર દેહુગામથી આશરે પચાસ કોશ ઉપર ભીમા નદીને કિનારે આવેલુ છે. દેહુથી પંઢરપુર વચ્ચે આટલો બધો અસાધારણ અતર હોવા છતાં પણ વિશ્વંભર દર અગિયારસે દેહુથી પગે ચાલીને પંઢરપુર જતા હતા; અને ત્યાં આગળ શ્રી વિઠોબાનુ પૂજન-અર્ચન કરીને પોતાને કૃતાર્થ થએલા માનતા હતા. પંઢરપુર જવાથી થતા ખર્ચ અને શ્રમને તેઓ બીલકુલ ગણકારતા નહિ. તેમ ચોર-લૂંટારાઓથી પણ ભય પામતા નહિ. આ પ્રમાણે લાગટ સોળ વખત દેહુથી

પંઢરપુર ગયા પછી એક દિવસ રાત્રિએ તેમને સ્વપ્ન આવ્યું. તેમાં તેમના ઈષ્ટદેવ શ્રી વિઠોબાએ તેમની પાસે આવિર્ભૂત થઈને કહ્યું: "વત્સ, હું ત્હારી ભક્તિથી પ્રસન્ન થયો છું. હવે ત્હારે મહાન શ્રમ વેઠીને પંઢરપુર આવીને મ્હારી પૂજા કરવી પડશે નહિ. તું ત્હારા દેહુગામમાંજ મને મેળવી શકીશ અહિંજ મ્હારી પૂજા કરી શકીશ." ત્યાર પછી વિશ્વભરને સ્વપ્નમા દીઠેલા એક આમ્રવૃક્ષ નીચેથી શ્રી વિઠોબાની મૂર્તિ મળી આવી. વિશ્વભરે દેહુથી થોડે દૂર ઇન્દ્રાયણી નદી ઉપર એક મંદિર બંધાવીને શ્રી વિઠોબાની સ્થાપના કરી; અને ત્યાર પછી પંઢરપુર ન જતાં ત્યાં આગળજ ભક્તિપૂર્વક પૂજન-અર્ચન કરવા માંડયું.

વિશ્વભરના પત્ની અમાબાઈ પણ પોતાના સ્વામીની પેઠે ભક્તિમતી અને સેવા-પરાયણ હતાં. તે પણ અતિશય શ્રદ્ધા-ભક્તિપૂર્વક શ્રી વિઠોબાની આરાધના કરતા હતાં. વિશ્વભરના પુત્રોનો સ્વભાવ પોતાનાં માતાપિતાથી જૂદો હતો. માતાપિતાના સાત્વિક ભાવનો પરિત્યાગ કરીને તેમણે રાજસિક ગુણ ગ્રહણ કર્યો હતો. તેઓ બન્ને લશ્કરમા દાખલ થઈને સદા સર્વદા યુદ્ધ-વિગ્રહ કરવામાંજ મચ્યા રહેતા હતા. અમાબાઈએ પોતાના પુત્રોને તેમના રાજસિક યુદ્ધાનુરાગનો ત્યાગ કરવાને ઘણું ઘણું સમજાવ્યા, પરંતુ તેમાં તે સફળ નીવડયાં નહિ. જ્યારે તેઓ તેમને સમજાવીને યુદ્ધમાં જતાં અટકાવી ન શકયાં, ત્યારે છેવટે તેમણે વિઠોબાના નામથી પુત્રને કહ્યું: "હે પુત્રો! વિઠોબાના આદેશથી તમે યુદ્ધનો ત્યાગ કરો, નહિ તો તમારૂ ભલું થશે નહિ." આ પ્રમાણે વિઠોબાના નામથી કહેવા છતાં પણ તેમના ઉદ્ધત પુત્રોએ શુદ્ધ સાત્વિક હૃદયનાં અમાબાઈનું કહેવું માન્યું નહિ, એટલુંજ નહિ પણ તેઓ અમાબાઈને ગાંડી થઈ ગએલી ધારવા લાગ્યા. વારંવાર તેની ઠઠ્ઠા મશ્કરી કરતાં કહેતા કે "બા!

આજે ત્હારા વિઠોબાએ શુ કર્યું ?” આ પ્રમાણે જ્યારે અમાબાઇએ જોયું કે પુત્રો વિઠોબાનો પણ પરિહાસ કરતાં ડરતા નથી ત્યારે તેમણે કહેવાનું મૂકી દીધું. પરિણામ એ આવ્યું કે તેમના બન્ને પુત્રો યુદ્ધમાં મરાયા, અને બિજયી શત્રુઓએ તેમનુ સર્વસ્વ લૂંટી લીધુ. અમાબાઇના નાના પુત્રની વહુ પોતાના પતિની પાછળ સતી થઇ. મોટા પુત્રની વહુ ગર્ભવતી હતી તેથી વિશ્વંભરે તેને તેના પિયર મોકલી દીધી. અમાબાઇનું શેષ જીવન અત્યંત દુર્દશામા વ્યતીત થયું હતું. સ્વામી અને બન્ને પુત્રોના મરણ પછી, વૃદ્ધાવસ્થામાં તેમની આંખો પણ ગઇ. વૃદ્ધાવસ્થામાં અધાપો આવવાથી અને પાસે કોઇ સેવા ચાકરી કરનાર નહિ હોવાથી, તેમને અતિશય દુઃખ સહન કરવું પડયુ. આવી વિપત્તિમાં પણ અમાબાઇ વિઠોબાનુ પૂજન—અર્ચન કરતાં અટકયાં નહિ. દુઃખમા તેમનું હૃદય ઉલટું વધારે દૃઢ થયું. તેઓ વધારે ભક્તિ—અનુરાગ પૂર્વક વિઠોબાની આરાધના કરવા મ ડયાં; અને પોતાના પૂર્વ કર્માનુસારે પ્રાપ્ત થએલાં દુઃખમાં પણ વિઠ્ઠલનું પૂજન—અર્ચન કરીને શાન્તિ મેળવવા લાગ્યાં. અમાબાઈની મોટી પુત્રવધૂએ યથાસમયે એક પુત્રરત્નને જન્મ આપ્યો. પોતાના કુળ દેવતાના નામ ઉપરથી એ બાળકનું નામ પણ વિઠોબા પાડવામા આવ્યું. ક્રમેક્રમે વિઠોબા મોટો થયો. વિઠોબાએ પોતાના બાપ, કાકાનું અનુકરણ ન કરતાં, પોતાના પિતામહ વિશ્વંભર પ્રમાણે વર્તવા માડયું. પિતામહ વિશ્વંભરની પેઠે તે પરમ પ્રીતિપૂર્વક શ્રી વિઠોબાની આરાધના —પૂજન—અર્ચન વગેરે કરવા લાગ્યો. પિતામહની પેઠે તેણે પણ દર અગિયારસે પંઢરપુર જઇને વિઠોબાનું પૂજન કરવાનો નિયમ રાખ્યો હતો. પવિત્રાત્મા વિશ્વંભર અને ભક્તિમતી અમાબાઇના પુણ્ય—પ્રતાપથી વિઠોબા પછીના સઘળા પુરૂષો ધર્મપરાયણ અને ઇશ્વરનિષ્ઠ થયા છે.

આપણા ચરિત્રનાયક તુકારામ મહારાજનો જન્મ એ વિશ્વભરથી સાતમી પેઢીએ થયો હતો. તેમના પિતાનું નામ બોહલોબા હતું, બોહલોબામાં તેમના વંશના સ્વાભાવિક સદ્‌ગુણો સારી રીતે વિકાસ પામ્યા હતા. ભૂખ્યા તરસ્યાને અન્નજળ આપીને શાંત પાડવા એજ તેમના જીવનનું નિત્યવ્રત હતું. "ભક્ત-લીલામૃત" ના રચનાર મહીપતિ તેમનું વર્ણન કરતાં લખે છે કે " તેઓ સકળ જીવ પ્રત્યે આત્મભાવ બતાવતા હતા. ઉદ્ધતભાવને તેમના હૃદયમા તિલમાત્ર પણ સ્થાન મળ્યુ નહોતું; અને સાંસારિક કાર્યમાં પણ તેઓ કદિ પણ અસત્યાચરણ કરતા નહોતા."

તુકારામની માતાનુ નામ કનકાઈ હતું. કનકાઈ અતિશય પતિ-પરાયણ હતાં. તેઓ પણ વિઠોબાના અનન્ય ભક્ત હોઇ તેમના ભજનામૃતનુ પાન કરવાને હમ્મેશાં તત્પર રહેતાં. મોટી ઉંમર સુધી પુત્રના સુખનુ દર્શન ન થવાથી, બોહલોબા અને કનકાઇ અત્યંત દુઃખિત થવા લાગ્યાં. તેઓ પોતાના ઇષ્ટદેવ વિઠોબાની પાસે પુત્રપ્રાપ્તિ માટે સર્વદા પ્રાર્થના કરવા લાગ્યાં. ઘણા વર્ષે-મોટી ઉમ્મરે કન-કાઇને સાવજી નામનો એક પુત્ર પ્રાપ્ત થયો. તુકારામ તેમના બીજા પુત્ર હતા. એમ કહેવાય છે કે કનકાઇને જ્યારે બીજીવાર ગર્ભ રહ્યો, ત્યારે તેઓ સંસારથી તદન વિરક્ત થઇ ગયાં હતાં-તેમને સંસાર ઉપર તિરસ્કાર આવ્યો હતો; અને તેથી તેઓ સર્વદા નિર્જન-એકાંતમાં બેસીને શ્રી હરિનું સ્મરણ કરતાં હતાં. તુકારામ એક સાધુ અને ભગવદ્‌ભક્ત થશે, એમ તેમની માતાની આ પ્રમાણેની માન-સિક સ્થિતિ ઉપરથીજ નક્કી થઇ ગયું હતું. તુકારામની પછી પણ કનકાઇએ એક પુત્ર અને એક પુત્રીને જન્મ આપ્યો હતો. એક તરફથી વિઠોબાની કૃપાથી સંતાનપ્રાપ્તિ અને બીજી તરફ ધનસંપત્તિ મળવાથી બોહલોબા અને કનકાઇની સાંસારિક કામનાઓ ચરિતાર્થ થઇ હતી.

પ્રકરણ ૨ જું.

સાધારણ રીતે જ્યારે માણસને ઐશ્વર્ય અને સંપત્તિ મળે છે ત્યારે ઘણુંખરા ભગવાનને ભૂલી જાય છે, પરંતુ બોલ્હોબા અને કનકાઈનો સ્વભાવ એવો નહોતો. સાંસારિક સુખ પ્રાપ્ત થયું તે છતાં પણ તેઓ તે સુખને આપનાર મહાન પ્રભુને ભૂલી ગયાં નહિ. તેમને ઘેર સદા સર્વદા હરિકીર્તન અને ભગવદ્દભજન થતું હતું; અને તેમના દૃષ્ટાંત તથા વ્યવહાર ઉપરથી તુકારામ મહારાજ પણ નાનપણથીજ, દેખાદેખી ભગવદ્દભક્ત થયા હતા. પોતાનાં માતાપિતાને શ્રી વિઠોબાનું પૂજન-અર્ચન અને આરાધના કરતાં જોઇને તેમને પણ વિઠોબા ઉપર અટલ શ્રદ્ધા બેઠી હતી. તેઓ પણ વિઠોબાનું ભક્તિપૂર્વક નામ-સ્મરણ કરતા હતા; અને તેમના અનેક ભજન કીર્તનો કંઠસ્થ કરીને ગાતા હતા વિવાહ યોગ્ય ઉમરે પહોંચતાંજ બોલ્હોબાએ પોતાનાં પુત્ર-કન્યાઓને પોતાની શક્તિ પ્રમાણે ધામધુમથી પરણાવી દીધાં. આ પ્રમાણે ધન, જન, પુત્ર, પુત્રવધૂ વગેરે જેવું જોઇએ તેવું મળી આવવા છતાં પણ તેમનામાં "અહંભાવ" ઉત્પન્ન થયો નહિ જ્યેષ્ઠ પુત્ર સાવજી યોગ્ય ઉમરે પહોંચ્યો એટલે તેના હાથમાં સંસારનો સમસ્ત ભાર સોંપી દઇને, બોલ્હોબાએ નિશ્ચિંત થઇ વાનપ્રસ્થાશ્રમમાં જઇને ભગવદ્દભજન કરવાનો સંકલ્પ કર્યો; પરંતુ તેમનો મોટો પુત્ર સાવજી બાલ્યાવસ્થાથીજ સાંસારિક સુખ-સંભોગથી વિરક્ત હતો, તેથી તેણે સંસારનો ભાર ગ્રહણ કરવાનું સ્વીકાર્યું નાહ. ત્યારે બોલ્હોબાએ પોતાના મધ્યમ પુત્ર તુકારામને સંસારનો ભાર ગ્રહણ કરવાની આજ્ઞા કરી. તુકારામ મહારાજે કિશોર વયમાં હોવા છતાં માતાપિતાની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરી શકાવાથી સંસારનો ભાર

ગ્રહણ કર્યો. આ વખતે તેમની ઉંમર માત્ર તેર વર્ષની હતી. તેમણે સાંસારિક દરેક કાર્યોની લગામ પોતાના હાથમાં લીધી. આટલી નાની ઉંમરમાં સંસાર–ભાર ગ્રહણ કરેલો હોવા છતા પણ તેઓ તેને વહન કરવામા નિષ્ફળ નિવડયા નહિ. તેઓ દક્ષતાથી પ્રત્યેક સાંસારિક કર્ત્તવ્ય સંપાદન કરવા લાગ્યા. તેમણે પોતાના વંશપરંપરાથી ઉતરી આવેલા ધંધામાં સારી પ્રતિષ્ઠા મેળવી અને થોડા સમયમાંજ અનેક ધનાઢ્ય પુરૂષોના વિશ્વાસપાત્ર બનીને યથેષ્ટ ધન પેદા કર્યું. દરેક બાબતમાં તેઓ સુખી જણાવા લાગ્યા.

તુકારામ મહારાજ બે વખત પરણ્યા હતા. તેમની પહેલી સ્ત્રીનું નામ રૂક્ષ્માબાઇ અને બીજીનુ નામ અવલાઇ હતું બીજી સ્ત્રી સાધારણ રીતે જીજીબાઇ અથવા જીજાઇના નામથી ઓળખાય છે. પ્રથમ પત્નીને ક્ષયરોગ થઇ જવાથી તુકારામ મહારાજે બીજી વખત લગ્ન કર્યું હતું. નાની પત્ની અવલાઇ ઘરનો સઘળો વ્યવહાર ચલાવતાં હતાં. મહીપતિના ગ્રંથમાં અવલાઇને ઘણુંજ ક્રોધી અને મૂર્ખ જણાવ્યાં છે, પરંતુ ખરૂં જોતાં તેઓ પતિપરાયણા હતા, એમાં લેશ માત્ર પણ સંશય નથી. સંસારનો ભાર પોતાને માથે ઉપાડી લઇને તેમણે પોતાના સ્વામીને આડકતરી રીતે ધર્મોપાર્જન કરવામાં અતિશય સહાય કરી છે. યથાસ્થાને તેમની પ્રકૃતિ અને વ્યવહારની આલોચના વાચકના જોવામાં આવશે.

સંસારનો ભાર ગ્રહણ કર્યા પછી કેટલાંક વર્ષો સુધી તુકારામને કોઇ પણ જાતનો અભાવ અથવા દુઃખ હતું નહિ. તેઓ પરમ સુખમાં દિવસ નિર્ગમન કરતા હતા. મહીપતિ તેમની તે સમયની સ્થિતિનું વર્ણન કરતાં લખે છે કે “ પિતા, માતા, પત્ની, મિત્ર, ધન, માન–પ્રતિષ્ઠા અને સ્વાસ્થ્ય વગેરે સકળ પ્રાર્થનીય વસ્તુઓથી તે સમયે તુકારામ મહારાજની વાસનાઓ પરિતૃપ્ત થઇ હતી, પરંતુ તેમની એ

અવસ્થા લાંબો સમય રહી નહિ. જ્યારે તેમની ઉંમર સત્તર વર્ષની થઇ ત્યારે, પહેલાં તેમના પિતાનો અને ત્યાર પછી માતાનો સ્વર્ગવાસ થયો. અત્યાર સુધી તુકારામના સંસાર–સમુદ્રમાં સૌભાગ્ય–સંપત્તિની જે ભરતી આવી હતી, તેની હવે ઓટ થવા માંડી. તે ઓટના પ્રબળ પ્રવાહમા તેમના સકળ સંસાર–બંધનરૂપી મળ ધોવાઇ ગયા, અને તુકારામ મહારાજનુ ચિત્ત પહેલાં કરતાં અતિશય નિર્મળ થઇ ગયું. જો કે ભગવદ્‌ભક્તિ અને વૈરાગ્યશીલતા તેમના વંશમાં પરંપરાથી ઉતરી આવી હતી, છતાં પણ તે પિતામાતાના સ્નેહ, સંપત્તિ, વિષયાનુરક્તિ અને સાંસારિક ઉપાધિઓ સાથે મળેલી હોવાથી, અત્યાર સુધી તેમની આધ્યાત્મિક ઉન્નતિને આડે આવતી હતી. **સુખમાં ભગવાન ઉપર જોઇએ તેવી દૃઢ આસક્તિ થતી નથી.** વૈરાગ્ય સિવાય મોક્ષ નથી; અને સુખમા કદિ પણ વૈરાગ્ય થતો નથી. **વૈરાગ્ય ઉત્પન્ન થવાને માટે દુઃખનીજ ખાસ જરૂર છે.** જ્યારે માણસ ઉપર **વિપત્તિ આવી પડે છે, ત્યારેજ તેને ભગવાન સાંભરે છે,** ત્યારેજ તેને આ અસાર સંસારની ખોટી–મૃગજળ જેવી સુખસંપત્તિ ઉપર કંટાળો છૂટે છે. આ પ્રમાણે વિપત્તિએ તુકારામ મહારાજને ચિત્તની નિર્મળતા સંપાદન કરવામાં ઘણીજ મદદ કરી; તેમનુ અંતઃકરણ શુદ્ધ–નિર્મળ થઇ ગયું. દરિદ્રતા અને વિપત્તિ કેટલાકોના હૃદયના ઉન્નતભાવને પણ શુષ્ક કરી નાખે છે, તે ખરૂં છે, પરંતુ જ્યારે તે કોઇ સત્પાત્ર અને સંસ્કારી માણસ ઉપર આવી પડે છે, ત્યારે તે અમૃતરૂપે બની તેના હૃદયના સદ્‌ભાવનું પરિપોષણ કરે છે. તુકારામ બાલ્યકાળથીજ પરમ આદરપૂર્વક લાડમાં ઉછરેલા હોવાથી દુઃખ શું છે તે જાણતા નહોતા. તેઓને કદિપણ દુઃખનો અનુભવ થયો નહોતો. અત્યાર સુધી તેમને આ સંસાર સંપૂર્ણ સુખમય ભાસ્યો હતો. પિતા-

માતાના મૃત્યુથી તેમનાં જ્ઞાન—ચક્ષુ ખૂલ્યાં. તુકારામ બુદ્ધિમાન્, વિનયી અને અન્ય સાંસારિક કાર્યોમા પણ સુચતુર હતા, જેથી તેઓ તેમનાં બીજાં ભાઇ બહેનો કરતાં પિતા માતાની વધારે પ્રીતિ સંપાદન કરી શકયા હતા. પિતા માતાનો તેમની ઉપર અપૂર્વ સ્નેહ હતો. તેઓ તેમને દરેક પ્રકારે સુખી કરવાને તન, મન અને ધનથી યત્ન કરતા હતાં. કદિ પણ તેમનુ મન દુભવતાં નહિ; તેથી પિતા માતાનુ મરણ તેમને બહુજ અસહ્ય થઇ પડયું. તુકારામના વડિલ બધુ સાવજી સાસારિક દરેક કાર્યથી મૂળથીજ વિરક્ત હતા; તેથી ગૃહસ્થોચિત સમસ્ત કાર્ય અને બીજાં ભાઇ બહેનોનુ ભરણ—પોષણ અને રક્ષણ કરવાનો ભાર તુકારામનેજ માથે આવી પડયો. જો કે તેર વર્ષની ઉમરથીજ તુકારામે આ સઘળો ભાર ઉપાડી લીધો હતો, સાસારિક દરેક કાર્ય પોતેજ કરતા હતા, પરતુ જ્યાં સુધી પિતા માતા જીવતાં હતાં, ત્યાં સુધી તેમને તે ભાર જણાયો નહોતો. તે હવે તો તેમને બહુજ અસહ્ય જણાવા લાગ્યો. " ભાવિ મિથ્યા થતું નથી " એમ ધારીને યથાસાધ્ય ધૈર્ય ધારણ કરીને તેમણે પોતાના સાંસારિક કાર્યમાં મન પરોવવા માંડયું, પરતુ એટલામાંજ એક બીજી આપત્તિ આવી પડી. પડતા પર પાટુ વાગી. મોટા ભાઇ સાવજીની પત્નીનો સ્વર્ગવાસ થયો. માતાપિતાના મરણથી થએલો શોક હજુ વિસારે પડયો નહોતો, તેટલામાં આ બનાવ બનેલો હોવાથી તેમના શોકનો પાર રહ્યો નહિ. સાવજી મૂળથીજ વિરક્ત હતા, અને તેમાં વળી પિતા માતાના વિયોગથી વધારે વિરાગ થયો હતો. આ વખતે પત્નીનું મરણ થવાથી તેઓ પોતાને સર્વ પ્રકારનાં સાંસારિક બંધનોમાંથી મુક્ત થએલા ધારવા લાગ્યા. તેઓ પરમકૃપાળુ પ્રભુનો ઉપકાર માનવા લાગ્યા; અને તુકારામને બધું સોપી દઇને તીર્થ-પર્યટન કરવા ચાલ્યા ગયા. આ વખતે તુકારામની ઉંમર ફક્ત અઢાર વર્ષની હતી. અઢાર વર્ષની વયમાં સંસાર—લાલસાઓની નિવૃત્તિ થવી

નથી; પરંતુ પિતામાતાના અને મોટી ભાભીના મરણથી અને મોટા ભાઇના ગૃહત્યાગ-વગેરે કારણોથી, તેમનુ મન ધીરે ધીરે વૈરાગ્ય તરફ દોરાવા માંડયું હવે આ સંસાર તેમને અસાર અને દુઃખમય ભાસવા લાગ્યો અનેક પ્રકારની લાલચ અને વિપત્તિવાળા આ સંસારમા રહીને નિષ્કામ–નિસ્પૃહ ભાવે ભગવદ્‌ભજન કરવાનું તેમને કઠિન લાગ્યું

સાંસારિક મોહજાળમાં અનેક સ્થળે ફસાઇ પડવાનો ભય હોવાથીજ અનેક સાધુ પુરૂષો તેનો પરિત્યાગ કરીને એકાંત નિર્જન પ્રદેશમાં જઇને ધર્માચરણ કરે છે; અને ત્યા આગળ ચિરમધુર–પ્રેમમય પરમાત્માના પ્રેમનો મધુર આસ્વાદ લઇને કૃતાર્થ થાય છે તે પછી તેમને ધન, જન અને સાસારિક મોહ-જાળથી ડરવું પડતું નથી તેનાથી તેમને તૃપ્તિ પણ થતી નથી અને તેને માટે તેમાં રહેલા પાર્થિવ ભોગને માટે તેઓ–લેશ માત્ર ઇચ્છા પણ રાખતા નથી પ્રમત્ત ભ્રમરની પેઠે પોતાના અહભાવને ભૂલી જઇને, તે પ્રેમમય પરમાત્માના મધુર ચરણારવિન્દનું મધુપાન કરતા કરતા મસ્ત બની જાય છે. સાંસારિક અનેક જંજાળમા રહેનારને આવી આત્મ–વિસ્મૃતિ એકાએક પ્રાપ્ત થતી નથી. રાજર્ષિ જનકની પેઠે કેવળ એક બે જણાએજ સૂખ–સંપત્તિમાં રહેવા છતા પણ એવી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. તે સિવાયના **ઘણા ખરા ભક્તોને વિપત્તિમાંથીજ વૈરાગ્ય, અને વૈરાગ્યમાંથીજ ભગવદ્–ભક્તિ પ્રાપ્ત થઈ છે.** એમ આપણા ઇતિહાસ–પુરાણો ઉપરથી સ્પષ્ટ જણાય છે. ખારા સમુદ્રમાં ડૂબકી મારવાથી ઘણાખરાનું મુખ કેવળ ખારા જળથીજ ભરાય છે, અને કોઇકજ મનુષ્ય તળીએ પહોચી શકીને રત્ન મેળવાને સમર્થ થાય છે; તેજ પ્રમાણે આ સસાર સાગરમાં નિમગ્ન રહેનાર હજારો અને લાખો મનુષ્યોમાંથી કોઇકજ પુણ્યાત્મા

પુરૂષ ભગવત્—પ્રેમ સંપાદન કરે છે; અને બીજાઓ તેમાં ફસાઇ પડે છે. એ ફસાયલાઓમાંથી પણ જેની ઉપર **ઈશ્વરનો અનુગ્રહ થાય છે તેને વિપત્તિરૂપ ઇશ્વરપ્રાપ્તિનું પરમ સાધન મળી આવે છે.** આ વિપત્તિથી તેઓ આ સંસારથી કંટાળી જાય છે; અને પરમકૃપાળુ પરમાત્મામાં ચિત્ત પરોવીને તેની દયા—યાચના કરે છે. તેઓને વૈરાગ્ય પ્રાપ્ત થાય છે; અને આખરે એ વૈરાગ્યથી પરમપદને પામે છે. તુકારામની બાબતમાં પણ તેમજ બન્યું. પિતા માતા અને ભાભીના મરણરૂપ અને ધન—સંપત્તિના વિનાશરૂપ આપત્તિ આવી પડવાથી તેમને પહેલાં સુખમય લાગેલા, સંસારની અનિત્યતાનો અનુભવ થયો, તેમને તે ઉપર તિરસ્કાર છૂટયો; અને પરિણામે તેમનું મન વૈરાગ્ય તરફ દોરાવા માંડયું. વળી તેની સાથે ભગવત્—પ્રેમરૂપી ઉન્માદમધુનો આસ્વાદ લઇને તેઓ આત્મભાનને ભૂલી જવા લાગ્યા. આથી સાંસારિક કાર્યમાં તેમની પહેલા જેવી આસક્તિ રહી નહિ. લક્ષ્મીદેવીની ઉપાસનામાં પણ ચિત્ત ચોટયું નહિ, તેથી તે પણ રીસાયાં. લક્ષ્મીજી કેવળ ચંચળ છે, એટલુંજ નહિ, પણ તે સાથે તેઓ નિરતિશય અભિમાની પણ છે, તુકારામને પહેલાની પેઠે પોતાની સેવામાં ધ્યાન ન આપતા જોઇને તેઓએ ધીમે ધીમે અંતર્ધ્યાન થવાની બારીઓ શોધવા માંડી. વાણિજ્ય—વેપાર કરવામાં અનેકની સાથે લેણદેણ કરવુંજ પડે છે, 'એકની પાસેથી લાવીને બીજાને આપવું,' એની ઉપરજ વાણિજ્યનો આધાર છે. તુકારામને પોતાના ધંધામાં બરોબર ધ્યાન ન આપતા જોઇને ધીરધાર ઓછી થઇ ગઇ. બીજા વેપારીઓ તેમની સાથે લેવડદેવડ કરવામાં ખંચાવા લાગ્યા. તુકારામના દેણદારો પણ આ સંયોગનો લાભ લેવા ચૂકયા નહિ. તેઓ પણ પોતાનું દેવું નિયમિત રીતે આપતા બંધ થયા. આથી તુકારામને પૈસાની ઘણીજ તાણ પડવા

લાગી. ઘરમાં ખર્ચ તો તેનો તેજ રહ્યો, અને આવક ઘટી. પોતાની સ્થિતિ પ્રમાણે સંસાર–વ્યવહાર ચાલુ રાખવોજ જોઇએ, તેથી ખર્ચમાં કોઇ પણ રીતે ઘટાડો થયો નહિ. આવકનો કોઇ પણ રસ્તો ઉઘાડો રહ્યો નહિ. દિનપ્રતિદિન તુકારામને માથે દેવું થવા માંડયુ. તેઓ પોતાની સાંસારિક અવસ્થા નિભાવી રાખવા માટે ઘણો ઘણો પ્રયત્ન કરવા લાગ્યા; પરંતુ તેમા ફાવ્યા નહિ. વાણિજ્ય–વ્યવસાયમાં હવે ફાવી શકવું અશક્ય લાગવાથી તેમણે મોદીખાનાની દુકાન ઉઘાડી, પરંતુ તેમના સ્વભાવમાં પરિવર્તન થઇ ગએલુ હોવાથી–વણિક કળાના ગુણોનો તેમનામાં અભાવ થઇ જવાથી તેમાં પણ ફાવી શકયા નહિ. તુકારામ મહારાજ પોતાની દુકાન ઉપર બેસીને અવિરત શ્રીહરિનુ રટણ કર્યા કરતા હતા. જો કોઇ ગ્રાહક તેમની દુકાન ઉપર જતું તો તે કોઇ પણ રીતે છેતરાય નહિ, તેની પોતેજ કાળજી રાખતા હતા, અને તે ઈશ્વરથી ડરીને તે જેવું માગે તેવુજ યોગ્ય કિંમત લઇને આપતા હતા. પ્રપંચી જગતમા આ પ્રમાણે કોઇ પણ વિચાર ચાલી શકેજ નહિ, એ સુસ્પષ્ટ છે; અને તેથી તુકારામ મહારાજ પણ મોદીખાનાની દુકાન માંડવામાં સફળ નીવડયા નહિ. તેથી તેને બંધ કરીને બીજા અનેક ધંધાઓ કર્યા, પરંતુ તેમાં પણ પાછળ પડયા લોકો તેમનો પરિહાસ કરવા લાગ્યા. દરેક ધંધામાં નિષ્ફળ નિવડવાનું મુખ્ય કારણ એજ હતું કે તેઓ સત્યને વળગી રહેતા અને પ્રભુસ્મરણ આડે ધંધામાં બરોબર લક્ષ આપી શકતા નહિ. રાત્રિ દિવસ શ્રી હરિમાંજ તેમનુ મન ચ્હોટેલું રહેતું, તેથી તેઓ તેનુંજ ધ્યાન અને તેનાજ વિચારો કરતા હતા. તુકારામ મહારાજ પોતે પણ એ સારી રીતે સમજતા હતા–તેમની નિષ્ફળતાનું કારણ તેમની જાણ્યુ બહાર નહોતું, પરંતુ જાણવા છતાં તે કાંઇ કરી શક્યા નહિ. તેઓ મનમાં ને મનમાંજ વિચાર કરવા લાગ્યા કે “ એનો

શો ઉપાય ? મ્હેં મ્હારૂં હૃદય જે એક જણુના ચરણકમળમાં સમર્પણ કરી દીધું છે તે ત્યાંથી હવે પાછું કેમ ખેંચાય ? અરે ! તે ખેંચી લવાની મ્હારામાં શક્તિ પણ ક્યાં છે ? માટે જો આ શરીરને કોઈ પણ રીતે ધંધામાં કામે લગાડી, મનને તેનું-હરિસ્મરણનું કાર્ય કરવા દઉં, તોજ બની શકે એમ છે. તેમ કરવાથી પણ જો મ્હારો પરિવાર સુખી થશે, અને દરિદ્રતાનો વિનાશ થશે તો હું તેમ કરવામાં પણ શરમાઈશ નહિ; પરંતુ **મનને તો મ્હારા પ્રભુના પાદ-પદ્મમાંથી નહિજ ખેંચી લઉં.**" એવો વિચાર કરીને તેમણે એક પોઠીઆ ઉપર અનાજ લાધીને ગામડાંઓમાં ફરવા માંડયું. રાત દિવસની, આહાર નિદ્રાની કે શિયાળા ઉનાળાની લેશ માત્ર પણ ગણુના ન કરતાં તુકારામ પોતાનો સંસાર વ્યવહાર પ્રથમની માફક ચલાવવાને યથાસાધ્ય પરિશ્રમ કરવા લાગ્યા, પરંતુ એમની વ્યાપાર-નીતિ જુદાજ પ્રકારની હોવાથી તેમાં પણ ફાવી શક્યા નહિ. શરીર વ્યાપાર કરે અને મન વિઠોબાનુ ચિંત્વન કરે, એમાં શી રીતે સફળતા થાય ? આ તરફ સાંસારિક અવસ્થામાં તેમની જેમ જેમ અવનતિ-પડતી થતી ગઇ તેમ તેમ બીજી તરફ શ્રી વિઠોબા પ્રતિનો તેમનો અનુરાગ -પ્રીતિ-ભક્તિ વધારે દૃઢ થતી ગઇ. તેઓ અહર્નિશ વિઠોબાનુંજ ચિન્તન કરવા લાગ્યા. વિઠોબાનું નામ સાંભળતાજ તેમને અનહદ આનંદ થતો. વિઠોબાનું ભજન-કીર્તન સાંભળીને તેઓ ગાડા ઘેલા થઇ જતા. તે વખતે તેઓ પોતાનું સુખ, દુઃખ અને અનેક પ્રકારની સાંસારિક આધિ, વ્યાધિ અને ઉપાધિ ભૂલી જતા. ક્રમે ક્રમે તુકારામનું વડિલોપાર્જીત સમસ્ત ધન વપરાઇ ગયું. ત્યાર પછી તેમણે દેવું કરવા માંડયુ; અને ધન મેળવ-વાને માટે ઘણાં ઘણાં ફાંફાં માર્યા. એક પછી બીજો, બીજા પછી ત્રીજો, ત્રીજા પછી ચોથો, એમ અનેક ધંધાઓ પણ કરી જોયા,

પરંતુ તે સર્વેનું પરિણામ પહેલાંના જેવુંજ આવ્યું. અનેક પ્રયત્નો કરવા છતાં પણ તુકારામ ખર્ચ જેટલી પેદાશ કરી શકયા નહિ. એક પછી એક ઘરમાં જે કાંઈ અમૂલ્ય અલંકારો હતા તે પણ વેચાઇ ગયા. હવે તેમની પાસે એક પાઇ પણ રહી નહિ. તેમને કાઇ પણ ઉપાય સૂઝયો નહિ. તેઓ મનમાં ને મનમાં બહુજ ગભરાવા લાગ્યા.

તેમના એક પડોશીને તેમની દયા આવી, અને તેણે તુકારામને ઘેર આવીને તેમના દેવાલેણાનાં સઘળાં ખતપત્રો જોયા; પરતુ તેનું પણ ધ્યાન પહોચ્યુ નહિ. તુકારામની રક્ષા કરવાનો ઉપાય તેને સૂઝયો જ નહિ, તેથી તે પણ નિરાશ થઇ ગયો. ધીમે ધીમે તુકારામની સ્થિતિ તેમના લેણદારોના જાણવામાં આવી. ‘ તુકારામ પાસે હવે એક પાઇ પણ રહી નથી અને તેમનુ લેણું વસુલ થઇ શકે એમ નથી ’ એમ ખબર પડતાં સઘળા લેણદારો તુકારામને ઘેર દોડી આવ્યા. તેઓ સઘળા લાઘણું ઘાલીને બેઠા, અને તુકારામને ‘દેવાળીઆ’ કહીને બોલાવવા લાગ્યા. એક વેપારી અને તેમાં પણ વંશપરંપરાથી આબરૂદાર ગણાતા પુરૂષને દેવાળીઆ થવાનો વખત આવે, તેના જેવું બીજુ કયુ દુઃખ હોય ? ભક્તિ અને વિશ્વાસરૂપી જે દુર્ભેદ્ય કવચે ભવિષ્યમાં– ઉત્તરાવસ્થામા તુકારામની સર્વ પ્રકારે દરેક વિપત્તિમાથી રક્ષા કરી છે, તે પણ આ વખતે તેમનુ રક્ષણ કરી શકયુ નહિ. લેણદારોને આમ ઘોંઘાટ કરતા જોઇને અને પોતાને વારંવાર “દેવાળીઆ ! દેવાળીઆ!” કહેતા સાંભળીને તુકારામને બહુજ લાગી આવ્યું. તેમનું હૃદય ભરાઇ આવ્યું. “ હે ભગવાન્! હવે શું થશે ? આ સંસાર કેમ ચાલશે ? અરે, મ્હારી ઉપર આ કેવી આપત્તિ આવી પડી ? ” એ પ્રમાણે વિલાપ કરતા કરતા તેઓ માથે હાથ દઇને અશ્રુવિર્સજન કરવા લાગ્યા. તુકારામની દુર્દશા જોઇને તેમનાં સગાંવહાલાંઓ તેમને સાહાય્ય કરવાને અગાડી આવ્યાં. કોઇએ રૂપિયાની મદદ કરી, તો

કોઇએ જામીન થઇને રૂપિયા કબૂલી લીધા. કોઈ લેણદારને સમજાવવા લાગ્યા; અને તેને શાંત પાડવા લાગ્યા. પરિણામે લેણદારો શાંત પડયા; અને તુકારામની માન–પ્રતિષ્ઠાની રક્ષા થઇ. એક પછી એક લેણદારો ચાલ્યા ગયા. ત્યાર પછી સગાંવહાલાંઓએ મળીને તુકારામને બહુ બહુ ઉપદેશ આપવા માંડયો. આ સંસારમાં ઘણા સગાં સંબંધીઓ કેવળ સ્વાર્થનાંજ સગાં હોય છે, જ્યાં સુધી સ્વાર્થ હોય ત્યાં સુધીજ તેઓ પાસે ઉભા રહે છે, અને સ્વાર્થ સરતાંજ આપણો ત્યાગ કરીને ચાલ્યા જાય છે. કેટલાંક સગાંવહાલાંઓ થોડો ઘણો ઉપકાર કરીને પછી મરણપર્યંત દબાવ્યા કરે છે, અને જાણે તે જે કાંઇ કહે તે કરવાને તે માણસ બંધાયલોજ છે, એમ ધારે છે. તુકારામને પણ એવુંજ બન્યુ. તેમના જે જે સગાવહાલાઓએ આવીને તેમના લેણદારોને પાછા કાઢ્યા હતા, તેઓ હવે તેમને અનેક પ્રકારની સલાહ આપવા લાગ્યા. તુકારામની દુર્દશાનુ મૂળ કારણ વિઠોબાનું ચિંતવનજ છે, એમ તે સઘળાઓ ધારવા લાગ્યા, અને તેથી તેઓ તુકારામને વિઠોબાનો ત્યાગ કરવાને–ભૂલી જવાને સમજાવવા લાગ્યા. તેઓ કહેવા લાગ્યા કે "તુકારામ ! તમે પરમાર્થ–પરાયણ થઇને રાત્રિદિવસ શ્રી વિઠોબાનું નામ સ્મરણ કર્યા કરો છો, તેથીજ આવી દુર્દશા થઇ છે, માટે તમે વિઠોબાનો ત્યાગ કરો. તેનું ધ્યાન ધરવું મૂકી દો. વિષ્ણુની ભક્તિ કરીને કોઇ કદિ પણ સાંસારિક ઉન્નતિ પ્રાપ્ત કરી શકયું નથી. અમારા બાપદાદાઓ પરાપૂર્વથી આ વાત કહેતા આવ્યા છે; અને આજે તને તેનો પ્રત્યક્ષ અનુભવ થયો છે. સંસારમાં ચિત્ત પરોવ્યા વિના સાંસારિક ઉન્નતિ અને કાર્ય સિદ્ધિ થતી નથી. તને એ વાતની ખબર પડતી નથી; અને અહર્નિશ નામ–સ્મરણ કર્યા કરે છે, એને પરિણામેજ આ દુઃખ ભોગવે છે, અને હજી પણ નહિ સમજે તો શું થશે, તે કહી

શકાતું નથી. અમે તો ત્હારા કલ્યાણને માટે-ભલાને માટે કહીએ છીએ. આજે તને અમારૂં કહેવું કડવું લાગશે, પરંતુ એમાં અમારો કાંઇ સ્વાર્થ નથી. અમારૂં કહ્યું ન માનતાં જો તું ભગવદ્ભજન કરવામાજ નિમગ્ન રહીશ, તો આટલો તો દુઃખી થયો છે, અને હજુ વધુ થઇશ, એ નક્કી સમજજે."

તુકારામની દુર્દશા જોઇને તેમના આત્મીય-સ્વજનો આ પ્રમાણે ઉપદેશ આપે, તેમાં કાંઇ તેમનો વાંક કાઢવા જેવું નથી. વિષયી-સંસારી-લોકોની એવી સ્વાભાવિક માન્યતાજ છે. પરંતુ મહારાષ્ટ્ર-વાસીઓના સૌભાગ્યથી આત્મિય-સ્વજનનો ઉપદેશ, તેમજ સાંસારિક અસહ્ય દુઃખથી તુકારામનું ચિત્ત ચળ્યુ નહિ. તેમણે વિઠોબાનો પરિ-ત્યાગ કર્યો નહિ. કેવળ બહારથીજ તુકારામને આવો ઉપદેશ મળતો એટલુંજ નહિ, પણ તે ઉપરાંત તેમના પત્ની પણ તેમને વારવાર એવુજ કહ્યા કરતાં હતાં. તેઓ તેમને જંપવા દેતા નહિ. વિઠોબાની સેવાથીજ આ બધુ દુઃખ આવી પડયું છે, એવા સંસ્કારો તેમના હૃદય ઉપર પણ પડી ચૂકયા હતા. તેઓ વારંવાર તુકારામ મહારા-જને કહેતાં કે, "તમે તો વિઠોબાનું ભજન કર્યા કરો છો, અને ઘરમાં તો અન્નના પણ સાસા પડે છે. બહાર લોકો ટુંપી ખાય છે અને તેમને મ્હો પણ બતાવાતું નથી." ઘરમાં ને બહાર દરેક સ્થળે આવોજ ઉપદેશ મળવાથી તુકારામનું મન અસ્થિર થઈ ગયું. છેવટે સંસારનો ત્યાગ કરવો ઉચિત નહિ લાગવાથી સગાંવહાલા-ઓની સલાહ પ્રમાણે ફરીથી વેપાર કરવા માંડયો.

તુકારામને ઘેર ચાર પોઠી (બળદ) હતા. તેની ઉપર અનાજ વગેરે લાધીને તેમણે ગામડાંમાં ફરવું શરૂ કર્યું. તે સમયમાં ચોર અને લૂંટારાઓનો ભય વધારે હોવાથી કેટલાક વેપારીઓ એકઠા થઇને પોતાના પોઠી લઇને ફરતા હતા. આપણે એમ પોઠી લઇને ભમતા વેપારીઓને

વણઝારાના નામથી ઓળખીએ છીએ. આપણા હિંદુસ્તાનમાં રેલવે થયા પહેલાં ઘણોખરો વ્યાપાર પ્રાયઃ આવા વણઝારાઓના હાથમાજ હતો. તેઓ એક ઠેકાણેથી માલ લઇ જઇને બીજે ઠેકાણે વેચતા હતા, વળી ત્યાંથી લઇને ત્રીજે ચોથે એમ ઘણાં ઘણા દેશ-દેશાંતરોમાં પોતાના પોઠી સાથે ભ્રમણ કરીને વેપાર ખેડતા હતા. આવા પ્રકારના વેપારમા તેઓ સારી ખ્યાતિ અને ધન મેળવી શક્યા હતા હિંદુસ્તાનમા ઘણે ઠેકાણે વણઝારાઓએ બંધાવેલા કૂવા, વાવ અને તળાવો જોવામા આવે છે, અને કેટલાક તો હજુ પણ તેમના નામથીજ ઓળખાય છે તુકારામ મહારાજ પણ વણઝારાના એક દળ સાથે મળી ગયા, અને તેમની સાથે ફરીને પોતાનો માલ વેચવા લાગ્યા. આ વખતે પણ તેમણે વિઠોબાનું નામ-સ્મરણ કરવાનું છોડી દીધું નહિ. તેમના સાથીઓ તેમને મદદ કરતા હતા, તેથી તુકારામને હરિભજન કરવાનું ઠીક પડતું. તેઓ વારવાર હર્ષમા આવી જઇને ઉચ્ચસ્વરે શ્રીહરિના નામનું સંકીર્તન કરતા હતા જે નામ તેમને પોતાને અમૃતસમ લાગતું હતું, અને જેનું ગાન કરવાથી તેઓ આત્મભાન ભૂલી જતા હતા, તે નામ જગતના અન્ય મનુષ્યોને માટે સુખદાયક ધારીને તેઓ જ્યા ત્યાં હજારો માણસોને એકઠા કરીને ભજન-ધૂન મચાવવા લાગ્યા. તેઓ જ્યાં જ્યાં જતા ત્યાં ત્યા ગામના ભાવિક ભક્તો અને સાધુ પુરૂષો તેમને આવી મળતા, અને તુકારામ તેમની સાથે ભગવત્-ચર્ચા કરીને પરમ આનંદ પામતા. આ પ્રમાણે તેઓ પોતાના સઘળા વ્યાપારનો ભાર પોતાના સાથીઓને માથે નાખીને વિઠોબાનું ભજન કરવા લાગ્યા, પરંતુ તેમનું એ કાર્ય તેમના સાથીઓને ગમ્યું નહિ. થોડા દિવસમા તે પણ કંટાળી ગયા, અને તુકારામનો તિરસ્કાર કરવા લાગ્યા. છેવટે તે બધાએ કોઇ પણ પ્રકારે તુકારામને પાછળ પાડી દેવાનો નિશ્ચય કર્યો.

તુકારામનો ત્યાગ કરવાને તેઓ ઘણી વખત અગાડી ચાલ્યા જતા, તુકારામને જરાવાર હોય તો લેશ માત્ર પણ થોભતા નહિ. આથી તુકારામને ઘણી વખતે એકલાજ ફરવું પડતું અને ઘણી ઘણી મુશ્કેલીઓ વેઠવી પડતી.

એક દિવસ એક નિર્જન માર્ગમાં તેમનો એક પોઠી થાકી ગયો, અને લાધેલા ભાર સાથેજ જમીન ઉપર પડયો. તુકારામ એકલા તે ભાર ઉતારી શકે એમ નહોતું. સંધ્યાકાળ થવા આવ્યો હતો, અને આકાશમાં વિજળી થતી હતી. હવે તુકારામ બહુજ ગભરાવા લાગ્યા. તેઓ વિઠોબાનું નામ-સ્મરણ કરવા લાગ્યા. તેમને બહુ બહુ વિનતિ-કાલાવાલા કરવા લાગ્યા. આંખમા આસુ પણ ભરાઇ આવ્યા. તેમના સાથીઓ તેમનો સંગાત છોડીને ચાલ્યા ગયા. પરંતુ તેવામાં એક ચમત્કાર થયો. દૈવયોગે તે નિર્જન પ્રદેશમાથી એક માણસ તુકારામની મદદે આવી પહોંચ્યો. તેણે આવીને તુકારામને મદદ કરી, અને પોઠી ઉપરનો માલ ઉતારી લઇ બીજા પોઠી ઉપર લાધી આપ્યો. *તુકારામે તેનો અનહદ ઉપકાર માની પોતાના નિર્દિષ્ટ સ્થાન તરફ ચાલવા માંડયુ.

કેટલાક દિવસો આ પ્રમાણે પોઠી લઇને ભ્રમણ કરવામાં વ્યતિત થઇ ગયા. તેવામાં તેમની ઉપર એક બીજી આપત્તિ આવી પડી. દુર્ભાગ્યે રસ્તામાં તેમના ત્રણ પોઠી મરણ પામ્યા. હવે તુકારામના દુઃખનો પાર રહ્યો નહિ. તેઓ બાકી રહેલા એક પોઠી સાથે ઘેર આવ્યા. જ્યારે આ વાતની તેમની સ્ત્રી અને સગાં સંબંધીઓને

---

* પૃથ્વીના અન્યાન્ય મહા પુરૂષોની પેઠે તુકારામ મહારાજના ચરિત્ર-લેખકોએ તેમના જીવનમાં બનેલા અતિ આશ્ચર્યકારક વિષયોનો ઉલ્લેખ કર્યો છે. આ સમયે તુકારામ મહારાજને તેમની વિપત્તિમાં સહાય કરવાને, સ્વયં વિઠોબા વટેમાર્ગુના વેશમાં આવ્યા હતા, એમ તેઓનું કહેવું છે.

ખબર પડી ત્યારે તેઓ તુકારામનો બહુજ તિરસ્કાર કરવા લાગ્યાં. તેઓ આવીને તેમને વારંવાર ઠપકો આપતાં કહેવા લાગ્યાં કે, "કેમ! હવે તો ખબર પડીને! માણુસ વાર્યું ન કરે, પણ હાર્યું કરે, તે કાંઇ ખોટું છે? બહુ બહુ કહ્યું કે હવે વિઠોબાનો ત્યાગ કર, તેનું સ્મરણ-ધ્યાન ધરવાનું મૂકી દે, પણ કોઇનુ કહ્યું ગણકાર્યું નહિ. તેને પરિણામેજ આ દશા થઇ છે!! વિષ્ણુની ભક્તિ કરીને કોઇ સુખી થયું નથી, અને થવાનું પણ નથી. હરિશ્ચંદ્ર, નળ, દમયંતિ વગેરે હરિભક્તોને કેટલું કેટલુ દુ:ખ વેઠવું પડયુ છે?" આ પ્રમાણે સઘળા જેમ મરજીમાં આવે તેમ કહેવા લાગ્યાં. દુર્દશાનુ મૂળ કારણ વિઠોબાજ છે, એમ ધારીને તેઓ તુકારામને વારંવાર સતાવા લાગ્યા. વળી તેઓ કહેવા લાગ્યા કે, "ભાઇ! તમે તો માળા લઇને ભક્તિ કરવા બેઠા, અને ઘરમા તો અન્ન અને દાતને વેર થઇ પડયું છે! વળી માગનારાઓ ઉતાવળ કરે છે, તેને શો જવાબ દેવો છે? શું તમને બીલકુલ લાજ આવતી નથી?" દરિદ્રતા અને સાંસારિક અનાસક્તિ એજ દાંપત્ય સુખનાં અંતરાયરૂપ છે. તુકારામ મહારાજનાં પત્ની પણ ઘરમા સદા સર્વદા કલહકકાસ કરવા લાગ્યા. તેઓ સ્વામીને કઠોર વચનો કહીને તેમનો તિરસ્કાર કરવા લાગ્યાં. આ વખતે તેમની દશા અનેક નિષ્ઠુર બાજપક્ષિઓ વચ્ચે ફસાઈ પડેલા રાજહંસના જેવી થઈ કોઈ પીડિત જીવજંતુનો ઘા જોઇને જેમ કાગડાઓ તેની પાછળ દોડે છે અને પોતાની ચાંચના પ્રહારથી તેને મરણતોલ કરી નાખે છે, તેજ પ્રમાણે બિચારા તુકારામ મહારાજને તેમનાં સગાસંબંધીઓ સંતાપવા લાગ્યાં. તેમનાં પત્ની પણ તેમને દુ:ખ દેવામાં બાકી રાખતા નહિ. પોતાની દુર્દશાના દુ:ખ કરતાં પત્ની અને આત્મિય સ્વજનોનાં કઠોર વચનો અને તિરસ્કાર તુકારામને વધારે દુ:ખદાયક થઇ પડયા.

પ્રકરણ ૩ જું.

ચિત્તને ભગવાનમાં અને દેહને સંસારમાં સમર્પણ કરીને તુકારામ આ પ્રમાણે વિષમ સંકટમાં આવી પડયા. છેલ્લો પ્રયત્ન કરી જોવાને તેમણે પોતાની પાસે જે કાંઇ હતું તે સઘળુ એકઠું કરીને–વેચીસાટીને ફરીથી વ્યાપાર કરવા માંડયો, અને પહેલાની માફક થોડો ઘણો માલ લઇને ગામડા ગોઠડાઓમા ફરવા માંડયુ. તુકારામ મહારાજ નવો માલ લઇને નવા નવા ગામડાઓમા જાય છે, પણ તેમની વ્યાપાર કરવાની રીત તો જેવી ને તેવીજ–અસલીજ–રહી છે! તેમણે કોકણના સમુદ્ર કિનારે આવેલા એક દેવમંદિર પાસે એક ઓટલા ઉપર દુકાન ખોલી. નવો વ્યાપારી અને નવો માલ જોઇને લોકોનાં ટોળેટોળા આવવા લાગ્યાં. તુકારામ મહારાજે પોતાની રીતિ–નીતિ–મુજબ વ્યાપાર કરવો શરૂ કર્યો. દુકાન સારી રીતે ચાલવા માડી. લોકો ભાવ આપીને પોતાને જેવો જોઇએ તેવો માલ લઇ જવા લાગ્યા. તુકારામ તેમને તેમ કરતાં લેશ માત્ર અટકાવતા નહિ. કેટલાક તો કિંમત આપ્યા વિના–ઉધારથી માલ લઇ જવા લાગ્યા. બિચારા તુકારામ મહારાજને મીઠું મીઠું બોલીને લોકોએ છેતર્યા. છેવટે એક માણસ આવ્યો તે આવીને તુકારામ મહારાજ પાસે કરગરી પડયો. તે તુકારામ મહારાજને અતિ દીનવદને કહેવા લાગ્યો કે. "ભાઇ! મ્હારે ન્યાત જમાડવાની છે, ઘેર વરો આવ્યો છે, પરંતુ મ્હારી પાસે પૈસા નથી. મ્હારી ઉપર દયા લાવીને મને ઉધાર ધીરશો તો હુ ધીમે ધીમે તમને પૈસા વાળી આપીશ. હુ ખરેખરી ભીડમાં આવી પડયો છુ, અને વરો કર્યા સિવાય ચાલે તેમ નથી. આપની ખાત્રી ન થતી હોય તો મ્હારા આડોસીપાડોસીને પૂછીને ખાત્રી કરો." સરળ સ્વભાવના તુકારામ મહારાજને તેની બહુજ

દયા આવી. તેઓ તેને શાંત્વના કરતાં કહેવા લાગ્યા કે "અરે! એમાં શુ ? તેમાં તે વળી શી ખાત્રી કરવી હતી ? તમે ક્યાં જુઠું બોલો એમ છો ? ખુશીથી તમારે જે જોઇએ તે લઇ જાઓ." એમ કહીને તુકારામે પેલા માણુસને જે જોઇએ તે આપવા કબૂલ કર્યું. પેલો માણુસ ઠગ હતો. તે તુકારામ મહારાજને છેતરવાજ આવ્યો હતો. જ્યારે તુકારામે તેને ઉધાર આપવાનું કબૂલ કર્યું, ત્યારે તે બહુજ ખુશી થયો, અને તેમનો ઉપકાર માનતા કહેવા લાગ્યો કે, "હે ભક્તવર ! ભગવાન તમારૂ ભલું કરો ! તમે મ્હારી ઇજ્જત રાખી છે. હુ આપનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. પરંતુ મ્હારી પાસે એ બધું ભરવાને વાસણુ નથી, માટે તમારાં વાસણુ આપો. હુ તમને થોડા સમયમાજ પાછાં આપી જઇશ." તુકારામ મહારાજે વાસણુ પણુ આપવાનાં કબૂલ કર્યાં, અને તે પ્રમાણે વાસણુ તથા જે કાંઇ અનાજ વગેરે પોતાની પાસે હતું તે સઘળુ તે માણુસને આપી દઇ ઘર તરફ ચાલવા માંડયુ. લાભ થવાનો તો દૂર રહ્યો, પરતુ આ વખતે તો તેમણે પોતાની પાસે જે કાઇ હતું તે સઘળુ ગુમાવ્યું છે, તે કહેવાની હવેજરૂર રહેતી નથી. હવે પહેલા વેચેલા માલની જે કાઇ કિમત ઉપજી હતી તે લઇને તુકારામ ઘર તરફ આવતા હતા, તે વખતે રસ્તામાં વળી એક બીજો ઠગ મળ્યો. ભોળા બિચારા તુકારામ મહારાજ તેની પ્રપચ-જાળમાં પણુ ફસાઇ ગયા. તે માણુસે તેમને કેટલાક બનાવટી સુવર્ણુના અલંકારો બતાવીને તે ખરીદી લેવા માટે આગ્રહ કર્યો. વળી તે ઉપરાંત એમાંથી સારો નફો મળશે, એમ પણુ જણાવ્યું. સ્વાભાવિક રીતે સરળ પ્રકૃતિના તુકારામ મહારાજે આ ઠગના વચન ઉપર વિશ્વાસ મૂક્યો; અને તે ખોટા દાગીનાઓ ખરીદ કરવાની હા પાડી. પરતુ તે વખતે તેમની પાસે તેની કિંમત જેટલાં નાણાં નહોતા, તેથી તે વિચારમાં પડી ગયા.

છી થોડીવારે બોલ્યા કે "બાઇ! ત્હારી વાત ખરી છે, પરંતુ મ્હારી પાસે પૈસા નથી, માટે લાચાર છું. પૈસા હોત તો જરૂર એ બધા દાગીના-અલંકારો ખરીદી લેત." તે સાંભળીને પેલો ઠગ બોલ્યોઃ "અરે ભક્તરાજ! એ શું બોલ્યા? હું જાણું છું કે તમે ખરેખરા સત્યવાદી છો. તમારી ઉપર મને સંપૂર્ણ વિશ્વાસ છે. હાલ તમારી પાસે જે કાંઇ હોય તે આપો, અને બાકીનુ તમારી સવડે આપજો." ઠગના કહેવા પ્રમાણે તુકારામ મહારાજ પોતાની પાસે જે કાઇ થોડું ઘણું દ્રવ્ય હતું તે આપી, તેને બદલે સુવર્ણના ખોટા અલંકારો લઇને ઘેર ગયા. આવા પ્રકારના ભોળપણથી તેમને તેમના સગાવહાલાં અને સ્ત્રી તરફથી કેટલો બધો તિરસ્કાર ખમવો પડયો હશે તે કહેવાની જરૂર નથી.

અમે પહેલાંજ જણાવ્યું છે તે પ્રમાણે તુકારામના બીજાં પત્ની અબળાઇ સઘળો સંસાર-વ્યવહાર ચલાવતા હતાં. તેમણે જોયુ કે પોતાના પતિએ હવે સઘળું ગુમાવ્યું છે, અને પાસે રાતી પાઇ પણ રહી નથી; વળી લોકોનો વિશ્વાસ પણ ઉડી ગયો છે, વેપાર ધંધો બંધ થએલો હોવાથી હવે કોઇ ધારે એમ પણ નથી, કે ફરીથી વેપાર ચલાવી શકાય. વળી વણિક વંશમા જન્મ થએલો હોવાથી વેપાર-ધંધા સિવાય જીવન-નિર્વાહનો બીજો ઉપાય પણ નહોતો. તેથી તેઓ બહુજ વિચારમાં પડી ગયાં. ઘરનો ખર્ચ કેમ ચલાવવો અને વડિલેએ સંપાદન કરેલી માન-પ્રતિષ્ઠા કેમ સાચવવી, તેનો વિચાર થઇ પડયો. તુકારામ વેપાર ધંધાથી કંટાળી ગયા હતા, પરંતુ વેપાર કર્યા સિવાય નિર્વાહ થઇ શકે એમ નહોતું, તેથી તેમનાં પત્ની તેમને ફરીથી વેપાર કરવાને રોજ રોજ ઉત્તેજન આપવા લાગ્યાં. આખરે તુકારામ મહારાજે વેપાર કરવાની હા પાડી. પણ પાસે મુડી નહોતી, એટલે તે વિના વેપાર થઇ શકે એમ નહોતું. તેમનાં પત્ની અબળાઇના

પિતાની માનપ્રતિષ્ઠા સારી હતી. તેમણે પોતે વચ્ચે પડીને એક મહાજનને ત્યાંથી બસેં રૂપિયા વ્યાજે લાવીને તુકારામને આપ્યા, અને તેમને બહુ બહુ શીખામણ આપીને વ્યાપાર કરવાને મોકલ્યા. તે વખતે તુકારામના ગામના વ્યાપારીઓ વ્યાપારાર્થે બલિગાટ નામના સ્થાનમા જતા હતા. તુકારામ પણ તેમની સાથે ગયા, અને ત્યા આગળ પોતાનો સઘળો માલ વેચી નાંખી ઘર તરફ આવવાની તૈયારી કરવા લાગ્યા. આ સમયે તેમને વ્યાપારમાં સારો ફાયદો થયો હતો. તેમને સવાયા નાણા ઉત્પન્ન થયાં હતાં તેથી તેમને પણ સહેજ આનંદ થયો હતો. પરંતુ લાભ થવા છતાં પણ તે પૈસા તુકારામના નસીબના નહોતા, કર્મફળ તેમની સાથેજ હતું. દ્રઢ પ્રારબ્ધ કદિ પણ મિથ્યા થતું નથી. તેનો અતિક્રમ કરીને સુખ ભોગવવાને કોણ સમર્થ છે? પૈસા લઇને તુકારામ મહારાજ જેવા ઘર તરફ જવા નીકળે છે, તે સમયે તેમણે કેટલાક સિપાઇઓએ પોતાનુ દેવું આપવામાં અસમર્થ નિવડેલા એક બ્રાહ્મણને પકડેલો દીઠો. બ્રાહ્મણનુ મુખ મલિન, શરીર દુર્બળ અને સ્ફુર્તિ વિનાનું હતું. માથે હજામત પણ ઘણી વધી ગઇ હતી. પોતાના લેણદારોને તેમના નીકળતા પૈસા નહિ આપી શકવાથી તેને શિક્ષા કરવામાં આવી હતી. તેના ગળામાં શિક્ષારૂપે એક લાકડાનો કટકો લટકાવવામાં આવ્યો હતો. બ્રાહ્મણની સાધ્વી પત્ની પણ રૂદન કરતી કરતી સ્વામીની પાછળ પાછળ ફરતી હતી. આવી દશામાં આ બ્રાહ્મણ બાર વર્ષથી ફરે છે, અને ભિક્ષા માંગી જે કાંઇ મળી આવે છે, તે સઘળું પોતાના લેણદારોને આપે છે. બાર બાર વર્ષથી અનેક ગામોમાં ભટક્યા છતાં પણ હજુ તેમનું દેવું વળ્યું નથી. તુકારામ અને તેની સાથેના અન્યાન્ય વ્યાપારીઓને જોઇને તે બ્રાહ્મણ કરગરી પડયો. તેણે અતિ નમ્રવચને તે સઘળા વ્યાપારીઓ આગળ પોતાની હકીકત નિવેદન કરી. અન્યાન્ય વ્યાપારીઓએ તેની વાત સાંભળીને

પોતપોતાની શક્તિ પ્રમાણે અકેક બબ્બે રૂપિયા આપ્યા. પરંતુ તે વૃદ્ધ બ્રાહ્મણની દુર્દશા જોઇને તુકારામનું હૃદય વિગલિત થઇ ગયું. તેમને તે બ્રાહ્મણ ઉપર બહુજ દયા આવી, તેથી પોતાની પાસે જે કાંઇ હતું તે સઘળુ આપી દઇને બ્રાહ્મણને ઋણ–મુક્ત કર્યો, અને પરમ પ્રીતિપૂર્વક બ્રાહ્મણ અને બ્રાહ્મણ–પત્નીને ભોજન કરાવ્યુ. દાન પાછળ દક્ષિણા હોવીજ જોઇએ, તેથી તુકારામ મહારાજે બીજા પણ દશેક બ્રાહ્મણોને જમાડયા. બાર વર્ષ સુધી અસહ્ય કષ્ટ વેઠયા પછી બ્રાહ્મણ પોતાના ઋણમાંથી મુક્ત થયો, તેથી તે તુકારામનો અંતઃકરણપૂર્વક આભાર માનવા લાગ્યો; અને તેમને અનેક આશીર્વાદો આપવા લાગ્યો. આ તરફ તુકારામ મહારાજ પણ પોતાની પાસે જે કાંઇ દ્રવ્ય હતું તે સઘળુ નિ શેષ કરી નાખીને અર્થ–ચિંતારૂપ ઉપાધિમાથી મુક્ત થયા.

તુકારામ મહારાજ ઘેર આવ્યા તે પહેલાંજ આ સમાચાર તેમની સાથેના બીજા વ્યાપારીઓથી તેમના પત્ની અને સગા સહોદરના જાણવામા આવ્યા હતા. તેમના આ સત્કાર્યમાં સહાનુભૂતિ દર્શાવવી તો દૂર રહી, પરંતુ સઘળાં 'તેઓ ગાડા થઇ ગયા છે, એમની ડાગળી ચસકી ગઇ છે' એમ કહેવા લાગ્યાં. દરિદ્રતાની દારૂણ પીડાથી અબળાઇનો સ્વભાવ પણ ચ્હીડીઓ થઇ ગયો હતો. તુકારામના આવી પ્રકારના વ્યવહારની જ્યારે તેમને ખબર પડી ત્યારે તેમણે અગ્નિ સ્વરૂપજ ધારણ કર્યું. તેમના ક્રોધનો પાર રહ્યો નહિ. પરિણામે તુકારામ મહારાજને ઘરમા રહેવું પણ ભારે થઇ પડયુ. દુર્ભાગ્યે તે વર્ષે દેહુની આસપાસ જોઇએ તેવી વૃષ્ટિ થઇ નહોતી તેથી તે ભાગમાં દુકાળ જેવું હતું. અનાજના ભાવ ઘણાજ ચડી ગયા હતા. પૈસા ખર્ચતાં પણ કેટલીક વસ્તુઓ મળતી નહિ. પૈસાદાર લોકોને પણ તંગી પડતી, તો ગરીબગુરબાંનું તો પૂછવુંજ શું? અન્નના અભાવથી તુકારામના કુટુંબને અસહ્ય ક્લેશ

ભોગવવો પડયો. તુકારામ મહારાજે પોતાના આડોસીપાડોસી અને સગાં સહોદર પાસે મદદ મેળવવાને બહુ બહુ પ્રયત્નો કર્યા–તેમને ઘણા ઘણા કાલાવાલા કર્યા, પરંતુ કોઇએ દાદ દીધી નહિ. તેઓ ઉલટા મશ્કરી કરતા કહેવા લાગ્યાં કે "આ વખતે ત્હારો વિઠોબા ક્યાં ગયો? વિઠ્ઠલ–ભક્તિનુ પરિણામ કેવું આવ્યુ તે જોયુ ને? જા, જા, અમારી પાસેથી કાંઇ પણ મદદ મળવાની નથી. તું જાણે ને ત્હારો વિઠોબા જાણે!" આ પ્રમાણે અનેક પ્રકારના કટુવચનો કહીને લોકો તુકારામ મહારાજને સતાપવા લાગ્યા. તુકારામ મહારાજ કોઇને કાંઇ પણ ઉત્તર આપવાને શક્તિમાન નહોતા, અને હોય તોએ શુ ઉત્તર આપે? તેમનો ઉત્તર કોણ સાંભળે એમ હતું? આથી તેમણે છાનાં માના મુગે–મ્હોએ સઘળુ સહન કર્યું. આ તરફ દુષ્કાળનો પ્રકોપ ધીમે ધીમે વધવા લાગ્યો, અને પુરતું અન્ન નહિ મળી શકવાથી લોકો શાક, પાન, કંદમૂળ અને ફળ ખાઇને પોતાનો દેહ નિભાવવા લાગ્યા. તુકારામ મહારાજનાં પ્રથમ પત્ની ઘણા દિવસથી ક્ષયરોગથી પીડાતાં હતા, ભુખમરાથી અને સાસારિક અન્ય વિટબનાઓના અસહ્ય કષ્ટથી આ સમયે તેમણે પોતાના નશ્વર દેહનો ત્યાગ કર્યો. લોકો તુકારામ મહારાજને ધિક્કારવા લાગ્યા. જો કે દુષ્કાળમાં ઘણાં માણસો મરણ પામ્યાં હતા, પરતુ લોકોની માન્યતા પ્રમાણે તુકારામ મહારાજે ભુખમરાનું દુખ જાણીજોઇને વ્હોરી લીધેલું હોવાથી, તેઓ તેમની નિદા કરવા લાગ્યા. લોકો તેમને 'પડતા ઉપર પાટુ' મારવા લાગ્યા. ભુખમરાના અસહ્ય કષ્ટથી પોતાના પરિવારને દુઃખી થતો જોઇને તુકારામને ઘણુંજ દુઃખ થતું હતું; અને સગાંવહાલાંઓનો તિરસ્કાર અને મર્મભેદી કટુવચનો તેમાં વૃદ્ધિ કરતાં હતાં. લોકો પોતાની ગમે તેટલી નિંદા કરે, તેની તુકારામ મહારાજને સ્પૃહા નહોતી, પરતુ તેઓ તેમની સાથે વિઠોબાની પણ ઘૃણા કરતાં હતાં–તેમના સમસ્ત દુઃખનું મુખ્ય કારણ વિઠ્ઠલ–ભક્તિ

ગણીને વિઠોબાનો દોષ કાઢતાં હતાં, તે તુકારામથી સહન થયું નહિ. જ્યારે લોકોનો તિરસ્કાર અસહ્ય થઇ પડયો, ત્યારે તેઓ કહેવા લાગ્યા કે, "ભાઇ! વિઠોબાએ તમારૂં શું બગાડયું છે? નાહક વિઠોબાની નિંદા કરીને શા માટે પાપમાં પડો છો? શા માટે મ્હારા તે દયામય વિઠોબાને મ્હારા દુઃખનું કારણ ગણીને ફજેત કરો છો? મ્હારા પૂર્વજન્મના કર્મનુજ આ ફળ છે. તેમાં તેનો લેશ માત્ર પણ દોષ નથી. આ સંસારમાં બીજાં પણ અનેક મનુષ્યો મ્હારી માફક દુખી થતાં હશે. શું તે બધાંને પણ તેજ દુઃખી કરવા આવે છે?" પરંતુ તેમના કહેવા ઉપર લોકોએ બીલકુલ લક્ષ આપ્યું નહિ. તુકારામના દિવસો નબળા હતા. હજુ તેમના દુઃખનો અંત આવે એમ લાગતું નથી.

તેમનાં પ્રથમ પત્નીનો સ્વર્ગવાસ થયાને ઘણો લાંબો સમય થયો નથી, એટલામાંજ તેમની ઉપર એક બીજું સંકટ આવી પડયુ. તેમનો મોટો પુત્ર સંભોજી મરણ પામ્યો. સંભોજી ઉપર તુકારામ મહારાજનો અનહદ સ્નેહભાવ હતો. તેના મરણથી તેમને બહુજ લાગી આવ્યું. પુત્રના અકાળ મૃત્યુની દારૂણ વેદના તેમને માટે બહુજ અસહ્ય થઇ પડી. અહા! ભગવાનની લીલા કળી શકવાને કોણ સમર્થ છે? તે શા માટે પોતાના ભક્તોની આ પ્રમાણે કઠોર અગ્નિ-પરીક્ષા કરતો હશે, તેની તેના સિવાય બીજાને ખબર પડી નથી અને પડવાની પણ નથી. જેવી રીતે વારંવાર અગ્નિમાં તપાવ્યા સિવાય સુવર્ણની નિર્મળતાની ખાત્રી થતી નથી, તેજ પ્રમાણે કઠોર વિપદ અને દુઃખ સિવાય ભક્તની શુદ્ધ સાત્વિક ભક્તિની પણ પરીક્ષા થતી નથી. ભગવાન પ્રતિ અનુરાગ હોવા છતાં પણ હજુ સુધી તુકારામ મહારાજને સંસારની અસારતા, અને અનિત્યતાનુ સંપૂર્ણ જ્ઞાન થયુ નથી; અને તેથીજ તેઓ સાંસારિક સુખની પ્રત્યાશા સંપૂર્ણ રીતે વિસર્જન કરી શકયા નથી. આ વખતે એક પછી એક—ઉપરા છાપરી—

અનેક વિપત્તિઓ આવી પડવાથી તુકારામ મહારાજને તેનું જ્ઞાન થયું હતું. હવે આ સંસાર દુઃખમયજ છે, એમ તેમની ખાત્રી થઇ ગઇ. અવિદ્યા અને મોહરૂપ–રજની વીત્યા પછી પ્રજ્ઞામય સૂર્યનો તેમના હૃદયાકાશમાં ઉદય થવા પામ્યો હતો. એક વિદ્વાને યથાર્થજ કહ્યું છે કે "જે પ્રમાણે હળની સુતીક્ષ્ણ ધારથી વિદીર્ણ થયા સિવાય જમીન ખેતીને માટે યોગ્ય થતી નથી તેજ પ્રમાણે આત્માભિમાન અને લાલસાથી પરિપૂર્ણ **કઠોર માનવ હૃદય પણ, દુઃખથી વિદારિત થયા સિવાય ભગવદ્ભક્તિ અને ભગવત્પ્રેમ-ગ્રહણ કરવાને યોગ્ય થતું નથી.**" તુકારામ મહારાજનું ચરિત્ર લખનાર મહીપતિ પણ સાધકની અવસ્થાનું વર્ણન કરતાં લખે છે કે, "જેવી રીતે ખેડુત પહેલવહેલા ગ્રીષ્મના પ્રખર તાપમાં તપ્ત અને વૃષ્ટિની અવિરલ ધારાથી અભિષિક્ત થઇને પછીજ ફળ પ્રાપ્તિરૂપ આનંદથી પોતાના પરિશ્રમને સાર્થક થએલો માને છે, તેવીજ રીતે ભક્ત પણ, પ્રથમાવસ્થામાં બહુ બહુ ક્લેશ અને પરીક્ષાઓ પસાર કરીનેજ પરિણામે ભગવદ્દર્શનરૂપ અનુપમ આનંદમાં સમસ્ત ક્લેશ અને દુઃખ ભૂલી જાય છે." પત્ની અને પુત્રના મરણથી તુકારામનો સંસારમોહ સંપૂર્ણરૂપે નાશ પામ્યો અને જ્ઞાનચક્ષુ ખૂલતાંજ પોતે અત્યાર સુધી જે અસાર સંસારના મોહથી અંધપ્રાય બની ગયા હતા તેને માટે પશ્ચાતાપ કરવા લાગ્યા. તેમની તે વખતની અવસ્થાનુ વર્ણન કરતાં મહીપતિ લખે છે કે, "તુકારામ મહારાજ પોતાના મન સાથેજ વિચાર કરવા લાગ્યા કે 'હાય, સંસારમાં સુખ મેળવવાને મ્હેં કેટલાં કેટલાં વલખાં–ફાફાં–માર્યાં? પરંતુ તેનું ફળ શું આવ્યું?' ઉત્તરોત્તર દુઃખજ પામતો ગયો. સુખનો આભાસ માત્ર પણ જણાયો નહિ. જેવી રીતે કોયલાને હજારો વખત દુધમાં ધોઇએ, છતાં પણ તેની કાળાશ જતી નથી, અને જ્યારે ત્યારે આપણા હાથ કાળા થયા વિના રહેતા નથી, તેજ

પ્રમાણે આ સંસારમાં પણ કદિ સુખનો પત્તો લાગવાનો જ નથી. જેમ જેમ સુખ મેળવવાને વધારે પ્રયત્ન કરતા જશો–જેમ જેમ સંસાર સાગરમા વધારે પ્રવેશ કરતા જશો, તેમ તેમ તે તમને વધારે દુખઃ-મય લાગશે. અનેક પ્રયત્નો કરવા છતાં પણ તેમાંથી દુઃખ સિવાય બીજુ કાઇ જડવાનું નથી. સસારમાં દુઃખના અનેક ડુંગરાઓ માલૂમ પડે છે, અને સુખ તો સ્વપ્ન–જનિત ભ્રાતિ માત્ર છે. અરે મ્હારે કેટલા કાળ કાઢવા છે. ? મ્હારૂં આયુષ્ય કેટલ્ હશે ? તેમાંનો ઘણો-ખરો ભાગ તો સસાર–સેવામાં વ્યતિત થઇ ગયો. હવે બાકીનો ભાગ તો શ્રી વિઠ્ઠલના ભજન–કીર્તનમાંજ વ્યતિત કરીશ." એમ કહીને તુકારામ મહારાજે પોતાનુ મન સ્થિર કર્યુ. ઘણા લાંબા સમય પછી પણ પોતાના જીવનનું લક્ષ્ય નિર્દિષ્ટ થએલુ જોઇને તેમના હૃદ-યમાં કાઇક શાતિ વળી અને સતી સ્ત્રી જેમ પતિની પુનઃ પ્રાપ્તિને માટે આશા પ્રત્યાશા, સસાર વ્યવહાર, ધન, જન, માત પિતા, પુત્ર વગેરે સઘળાંના આકર્ષણને છિન્નભિન્ન કરી નાંખી જવલન્ત ચિતામા આરોહણ કરે છે, તેજ પ્રમાણે તુકારામ મહારાજ પણ પોતાના પ્રિયતમ શ્રી વિઠોબાનુ દર્શન કરવાને સસારના સમસ્ત બધનો છેદી નાંખી કઠોર સાધના–વિઠ્ઠલભક્તિ–કરવાને દેહુ પાસે આવેલા ભાવ નાથ નામના એક પર્વત ઉપર ચાલ્યા ગયા.

પ્રકરણ ૪ થું.

નિર્જન પ્રકૃતિ અને સાધક હૃદય એ ઉભયની વચ્ચે એક નૈસર્ગિક, અતિ ગાઢ અને મધુર સંબંધ હોય છે. સસારના કોલાહલમાં શાંતિ નહિ મળવાથી સાધક એવા સ્થળમાં પ્રકૃતિદેવીના નિસ્તબ્ધ ખોળામાં વિશ્રાંતિ લેવાને પોઢે છે, અને બહિર્દૃષ્ટિનો રોધ કરીને આંતર દ્રષ્ટિથી

પોતાના અંતરાત્મામાં બિરાજેલા પ્રાણારામ પ્રભુનાં દર્શન કરીને તૃપ્ત થાય છે. તુકારામે પણ એજ પ્રમાણે ભાવનાથ પર્વત ઉપર જઇને એક ચિત્તથી પોતાના પ્રાણપ્રિય ઇષ્ટદેવ વિઠોબાની આરાધના કરવા માંડી. એક અડવાડીઆ સુધીની અવિશ્રાંત આરાધના અને ચિંતન પછી તેમનું ઉત્તમ હૃદય શાંત પડયું. અત્યાર સુધી વ્યાકુળ ચિત્તે જેને મેળવવાને તેઓ પ્રયત્ન કરી રહ્યા હતા, તેને પોતાના હૃદયમાં જ વિરાજમાન જોઇને તેઓ પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા. વૈષ્ણવ સાધકો જીવાત્માને પ્રેમિરૂપે અને ભગવાનને પ્રેમાસ્પદરૂપે વર્ણવે છે. સંસારસુખમા નિમગ્ન થએલા મનુષ્યોને ભગવાન અને ભક્ત વચ્ચેનો સબધ સમજાવવાને આથી બીજુ કોઇપણ ઉત્કૃષ્ટ દૃષ્ટાંત હોય એમ લાગતું નથી પ્રેમિકા-માશુકને પ્રેમાસ્પદ-આશકની પેઠે ભક્તને ભગવાન કરતા બીજી કોઇપણ વસ્તુ સુદર લાગતી નથી. તેમના દર્શન, સ્પર્શન અને ચિંતનથી ભક્તને જેવુ સુખ મળે છે, તેવું સુખ કોઇપણ પદાર્થમાંથી મળતું નથી. આશકના ક્ષણિક વિયોગથી પણ જેમ માશુકનો જીવ આકુળવ્યાકુળ થઇ જાય છે, તેવીજ રીતે ભગવાનના વિયોગથી-અદર્શનથી-ભક્તની પણ તેવીજ સ્થિતિ થાય છે. ભગવાનના દર્શનથી ભક્તના વિશુદ્ધ અંતઃકરણમાં અમૃત રેડાય છે. ભગવાનને પોતાના હૃદયકમળમાં પધરાવીને ભક્ત પોતાને કૃતાર્થ થએલો માને છે. ભક્તનો પ્રેમ પૃથ્વીના નરનારીના પ્રેમ કરતાં અતિ વિચિત્ર પ્રકારનો છે. પૃથ્વીનાં નરનારીઓ પણ જ્યારે શુદ્ધ પ્રેમથી વ્યાકુળ બની જઇ લોકાપવાદ અથવા તો અન્ય સાંસારિક ઉપાધિઓને ન ગણકારતાં, પરસ્પર એકબીજાનેજ ઝંખે છે, અને એક બીજાનો સંબંધ જેમ બને તેમ વધારે ગાઢ અને ચિરસ્થાયિ બને, તે માટે હજારો પ્રયત્નો કરે છે, તોપછી ભક્તના વિશુદ્ધ અલૌકિક પ્રેમનું તો પૂછવુંજ શુ ? તેઓ પણ પ્રેમાંધ બને તેમાં નવાઇ શું ?

તુકારામ ભગવત્પ્રાપ્તિના પરમસુખમાં મુગ્ધ થઇને, પોતાનું ભાન ભૂલી ગયા. તેમને પત્ની, પુત્ર, ભાઇ વગેરે કોઇ પણ યાદ આવ્યું નહિ. તેઓ રાત્રિ-દિવસ વિઠ્ઠલ સ્મરણમાં નિમગ્ન રહેવા લાગ્યા. વિઠોબાના દર્શનથી તેમના આનંદનો પાર રહ્યો નહિ. હવે તેમણે સંસારની સકળ ઉપાધિઓનો પરિત્યાગ કરીને પોતાના પ્રિયતમ વિઠોબાના સહવાસ-સુખમાંજ શેષ જીવન વ્યતિત કરવાનો સંકલ્પ કર્યો, અને ભાવનાથ ઉપરજ રહીને પોતાનાં તનમન શ્રી વિઠ્ઠલને સમર્પણ કરીને તેનાજ ચિંતનમા મસ્ત રહેવા લાગ્યા. આ તરફ તુકારામના ભાઇ અને તેમના સગાં સહોદરો તેમની શોધ કરવા લાગ્યાં. તેમનો નાનો ભાઇ કંથાઇયા તેમની શોધ કરતો કરતો ભાવનાથ ઉપર આવી પહોંચ્યો તે તુકારામને અતિશય આગ્રહ કરીને ઘેર તેડી લાવ્યો. સાત દિવસ સુધી ઉપવાસ કર્યા પછી તુકારામે આઠમે દિવસે ભોજન કર્યું, પરંતુ તેમને પોતે ઉપવાસ કર્યા છે, એવું લેશ માત્ર પણ લાગ્યુ નહિ. વિઠોબાની આરાધનામાં તેઓ એવા તો તલ્લીન થઇ ગયા હતા કે તેમને ક્ષુધા-તૃષાનું ભાન નહોતું; આહાર નિદ્રાની સ્પૃહા નહોતી; તેમનું મન વિઠ્ઠલમય થઇ ગયુ હતું. તુકારામને ઘેર તેડી લાવીને કથાઇયાએ તેમને પોતાની સાસારિક સ્થિતિનું દર્શન કરાવવા માંડયું. તુકારામ મહારાજે વ્યાપારમાં પોતાની સંપત્તિનો ઘણોખરો ભાગ ગુમાવી દીધો હતો, પરંતુ તે ઉપરાંત તેમના બાપદાદાઓએ લોકોને જે કાંઇ નાણાં ધીર્યાં હતાં તેમાંનો કેટલોક ભાગ હજુ વસુલ થયો નહોતો. તુકારામ મહારાજને પોતાના વ્યાપારમાં જોઇએ તેટલી આસક્તિ નહિ હોવાથી તેમણે તે લેણું વસુલ કરવાને કાંઇપણ પ્રયત્ન કર્યો નહોતો. જ્યારે કંથાઇયાએ એ વાત કાઢી ત્યારે તુકારામ મહારાજે તેને પોતાનાં સઘળાં ખત-દસ્તાવેજો લાવવાને કહ્યું. વડિલ બંધુની આજ્ઞા પ્રમાણે કંથાઇયાએ તરતજ

સઘળા ખત-દસ્તાવેજો લઇ આવી તુકારામની પાસે મૂકયા. તુકારામ મહારાજે તે જોઇને કહ્યું. "ભાઇ! જ્યારે આમાંથી સઘળું લેણું વસુલ થવાનો સંભવ નથી, તો પછી આ થોથારીઆને નકામા સાચવી રાખી શા માટે જીવ બાળવો? એને વારવાર જોવાથી આપણો જીવ બળ્યા કરશે એમાંથી કાંઇ વસુલ થઇ શકે એમ નથી, તો એને ઇન્દ્રાયણીમાંજ જળશાયી કરાવી દેવાં શ્રેયસ્કર છે." એ સાભળીને કથાઇયા બોલ્યો "ભાઇ! તમે તો સંસારથી વિરક્ત થઇ ગયા છો, તમને તેમ કરવું પાલવે, પરંતુ હજુ મ્હારે તો પરિવાર વર્ગનુ ભરણ-પોષણ કરવું પડે છે. વળી તે ઉપરાત આપણા વડિલોની આબરૂ પ્રમાણે સાંસારિક અન્ય વ્યવહારો પણ નીભાવવા પડે છે, તો મ્હારાથી તેમ કેમ કરી શકાય?" તુકારામ મહારાજ પોતાના કનિષ્ઠ બંધુનો વિચાર કળી ગયા. ત્યાર પછી તેમણે પોતાના ભાગના અર્ધા ખત-દસ્તાવેજો કાઢી લઇ, બીજા કથાઇયાને સોપી દીધા. તે સઘળા ખત દસ્તાવેજો લઇને તેઓ નદી ઉપર ગયા, અને સઘળાને પાણીમા નાખી દઇને કહેવા લાગ્યા કે. "આજથી તમારો ને મ્હારો સબંધ નષ્ટ થયો છે. હવે હું પરમપ્રીતિથી ઇશ્વરની-વિઠોબાની-આરાધના કરીશ, અને ભિક્ષા ઉપરજ નિર્વાહ ચલાવીશ." એમ કહીને તેમણે કંથા-ઇયાને વિદાય કરી દીધો. તે સમયથી કથાઇયા સ્વતંત્ર રીતે પોતાના કુટુંબ પરિવારનો નિર્વાહ કરવા લાગ્યો.

ભાવનાથ પર્વત ઉપર એકાંતવાસમાં રહેવા ઉપરાંત તુકારામ ચિત્ત શુદ્ધિને માટે પ્રાતઃસ્નાન, દેવદર્શન, વ્રત, ઉપવાસ અને સાથે સાથે પૂજા, ધ્યાન અને એકાંત-આરાધનામાં પણ વધારે ધ્યાન આપવા લાગ્યા. ઇન્દ્રિયોનું દમન કરવા માટે તેમણે ધીમે ધીમે પોતાનો આહાર ઓછો કરી નાખ્યો. હમ્મેશ કરતાં નિદ્રા લેવામાં પણ ઘટાડો કરી નાખ્યો. દેહુથી બે કોશ ઉપર ભાંડાર નામનો એક રમણીય

પર્વત આવેલો છે. સમસ્ત દિવસ તે પર્વત ઉપર વ્યતિત કરીને તુકારામ મહારાજ સંધ્યાકાળે આનંદથી નૃત્ય અને વિઠોબાના નામનુ ગાન કરતા કરતા પાછા ગામમા આવતા, અને વિઠોબાના મંદિરમા જઇને અન્યાન્ય ભક્તોની સાથે સંકીર્તન કરવામા સમસ્ત રજની વ્યતિત કરતા હતા. તેમને આ પ્રમાણે કરતા જોઇને લોકો પોતાની મરજીમા આવે તેમ બોલવા લાગ્યા. કેટલાક "વેપારમા ખોટ જવાથી એનું મગજ ચસકી ગયુ છે," તો કેટલાક "ના, જ્યારે ઇન્દ્રાયણીમા પોતાનુ યથા સર્વસ્વ વિસર્જન કરી નાખ્યુ છે ત્યારે તો તે સ્વાર્થ ત્યાગી ભકત થયો છે," એમ જેમ જેની નજરમા આવે તેમ પોત-પોતાનો મત પ્રદર્શિત કરવા લાગ્યા. વળી કેટલાક તો "બીજી રીતે પેટ ભરવાની–કમાવાની–શકિત ન રહી એટલે સાધુ થઇ બેઠા" એમ પણ કહેવા લાગ્યા. પરંતુ તુકારામે પોતાની નિંદા થાય કે પ્રશંસા થાય, તેની લેશ માત્ર પણ દરકાર કરી નહિ. પોતે જે માર્ગ ગ્રહણ કર્યો છે, તેજ સાચો અને સુખદાયક છે, એવો દૃઢ વિશ્વાસ થયા પછી તેઓને શા માટે લોક વાયકાથી ડરવું પડે ? મહીપતિ તેમની આ સમયની સ્થિતિનુ વર્ણન કરતા લખે છે કે, "જેવી રીતે દેહમાથી પ્રાણ નીકળી ગયા પછી તેમાં કોઇ પણ પ્રકારનો રોગ થવાનો ભય રહેતો નથી, તેવીજ રીતે તુકારામમાંથી અહંભાવ નીકળી ગયા પછી તેમને લોકોની નિંદા યા પ્રશંસાની સ્પૃહા રહી નહોતી. તેમની દૃષ્ટિમા નિંદા અને પ્રશંસા સરખાંજ હતાં. લોકો ગમે તેમ બોલે, પરંતુ તેઓ તો પોતાના ઇષ્ટદેવ શ્રી વિઠોબાની આરાધનામાંજ સંપૂર્ણ નિમગ્ન રહીને પરમાનંદ અનુભવતા હતા. હવે તુકારામ મહારાજ પોતાની ઇચ્છા પ્રમાણે કોઇ વખત ભાંડાર પર્વત ઉપર તો કોઇ વખત ઇન્દ્રાયણી ઉપર આવેલી નિર્જન વૃક્ષ ઘટામાં બેસીને ધર્મ–ચિંતામાં દિવસ નિર્ગમન કરવા લાગ્યા. પ્રકૃતિ દેવી પણ તેમની આરાધનામાં તેમને

સંપૂર્ણ સહાયતા કરવા લાગ્યા. ઇન્દ્રાયણીના ઉછળતા પાણીના કલકલ શબ્દોમાં અને પક્ષીઓના મધુર કલરવમાં તેઓ પોતાના પ્રિયતમ પ્રભુની વાણી શ્રવણ કરવા લાગ્યા. દૃષ્ટિ મર્યાદામાં દૂરથી દેખાતી સ્નિગ્ધ શ્યામ શોભામાં તેઓ પોતાના હૃદય વલ્લભ શ્યામ સુંદરની પ્રતિમાના દર્શન કરવા લાગ્યા, અને સુસ્નિગ્ધ શીતળ વાયુની લહરિઓના ચિરશીતળ સ્પર્શનો અનુભવ કરવા લાગ્યા. પરમાત્મભાવમાં મસ્ત થઇ તે મહા આનંદમાં તેઓ આત્મભાન ભૂલી ગયા. આ અવસ્થામાં તેમને પોતાની આસપાસ શું થાય છે, તેનું પણ ભાન નહોતું."

તુકારામ મહારાજ ઇન્દ્રાયણીના કિનારા ઉપર જે ઠેકાણે બેસીને ધ્યાન કરતા હતા, તેની પાસે એક ખેડૂતનુ ખેતર હતું. તેમા અનાજ વાવેલુ હતું, તે વર્ષે વૃષ્ટિ સારી થએલી હોવાથી પાક પણ સારો થયો હતો. ખેડૂત આખો દિવસ પરિશ્રમ વેઠીને ખેતરની રક્ષા કરતો હતો. એક સમયે તે ખેડૂતને બહારગામ જવાનુ થયુ, તેથી તે તુકારામ મહારાજ પાસે જઇને કહેવા લાગ્યો કે "તુકારામ! તમે આખો દિવસ અહિંયાજ રહો છો તો અહિં બેઠાં બેઠાજ જો મ્હારા ખેતરની રક્ષા કરશો, તો મ્હારા ઉપર મોટો ઉપકાર થશે. હું તમારા શ્રમનો બદલો જરૂર વાળી આપીશ." પોતાને લાભ થવા કરતાં ખેડૂત ઉપર ઉપકાર કરવાનો વિચાર કરી તુકારામ મહારાજે ખેતરની રક્ષા કરવાની હા પાડી. ત્યાર પછી પેલો ખેડૂત તુકારામ મહારાજને એક ઉંચા માંચડા ઉપર બેસાડીને, અને પક્ષીઓને ભય બતાવવાને તેમના હાથમાં એક લાકડી અને ગોફણ આપીને ત્યાંથી ચાલ્યો ગયો. તુકારામ મહારાજ માંચડા ઉપર બેસીને વિઠોબાનું ધ્યાન ધરવા લાગ્યા. તેઓ પોતાના ધ્યાનમાં એવા તો લીન થઇ જતા કે પક્ષીઓનાં ટોળેટોળાં આવીને અનાજ ખાઇ જતાં, તેની પણ તેમને ખબર પડતી નહિ. કોઇ વખત ખબર પડે ત્યારે વળી તેમને એમ

વિચાર થતો કે, "ભગવાનનાં આ સઘળાં ક્ષુધાતુર બાળકોને નિષ્ઠુર થઇને કેમ મરાય? દુષ્કાળમાં તેમને પેટપુર ખાવાનું નહિજ મળ્યું હોય જેથી આ વર્ષે ઇશ્વર કૃપાથી અનાજ સારી રીતે નિપજ્યું છે, તો એમને પણ સ્વેચ્છાનુસાર આહાર કરવા દો." જ્યારે બપોર થતા ત્યારે તેઓ પક્ષીઓને ઉદ્દેશીને કહેતા કે "જો આહાર કરીને તૃપ્ત થયાં હો તો હવે જાઓ જળપાન કરી આવો." વળી સધ્યાકાળ થાય એટલે "જાઓ, જાઓ, અંધારામા ભૂલાં પડશો, માટે સવેળા પોતપોતાના માળામાં ચાલ્યા જાઓ, અને સવાર થાય એટલે પાછાં આવજો." એમ કહીને તેઓ પક્ષીઓને ઉરાડી મૂકતા, અને તેમની સ્થિતિનો વિચાર કરતા કે "આ સકળ પક્ષીઓ પોતાના પેટપુર આહાર લઇને બીજા દિવસને માટે કાંઇ પણ વિચાર કે સંગ્રહ રાખતા નથી. હાય! મ્હારી સ્થિતિ પણ એવી ક્યારે થશે? ભગવાનની કરૂણા ઉપર આધાર રાખીને બીજા દિવસની—ભવિષ્યની ચિંતામાથી હુ ક્યારે મુક્ત થઇશ?"

આ તરફ તુકારામ મહારાજને પુતલાની માફક નિશ્ચેષ્ટ ભાવે બેસી રહેતા જોઇને પક્ષીઓનાં ટોળેટોળાં આવીને અનાજ ખાઇ જવા લાગ્યા, અને થોડા દિવસમા તો ખેતરને ચોખુચટ્ટ કણુસલા વગરનુ કરી નાખ્યુ! કોઇ એક શ્રદ્ધાળુ માણુસ પોતાને ઘેર બ્રાહ્મણુ ભોજન થતું જોઇને જેવો સતુષ્ટ થાય તેવોજ સંતોષ તુકારામ મહારાજને પક્ષીઓને આહાર વિહાર કરતાં જોઇને થતો હતો. ખેડૂત પોતાનું કામ પરવારી થોડા દિવસમાં ગામથી પાછો આવ્યો. ખેતરની સ્થિતિ જોઇને તે બહુજ દુઃખિત થયો, અને તુકારામ મહારાજ ઉપર ગુસ્સે ભરાયો. તુકારામ મહારાજ ઉપર તે બહુજ ચીડાયો અને તેમને મનમાં આવે તેમ કટુ વચનો કહેવા લાગ્યો. તુકારામ મહારાજ એક શબ્દ પણ બોલ્યા નહિ. છાનામાના તેણે જે કાંઇ કહ્યું તે સાંભળ્યા

કર્યું. તુકારામ મહારાજને આમ છાનામાના બેસી રહેલા જોઇને પેલા ખેડૂતના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તેણે મહાજનમાં જઇને ફરીઆદ કરી, અને તુકારામને તેમના અપરાધ માટે શિક્ષા કરી પોતાને થએલું નુકશાન ભરાવી આપવાને વિનંતિ કરી. મહાજને બન્નેની વાત બરોબર સાભળી લીધી. તુકારામ મહારાજને કાઇ વધારે કહેવાનુ હતું નહિ. જ્યારે એ વિષે તેમને પૂછવામાં આવ્યુ ત્યારે એમણે એટલુજ કહ્યું કે " જે સકળ જીવો પોતાની ક્ષુધા જેટલુજ જમીને તૃપ્ત થાય, અને આવતી કાલનો વિચાર સરખો પણ કરે નહિ, તેમને મારીને હુ પાપમા કેવી રીતે પડુ ? તેમની રક્ષા કરવી એજ મ્હારો ધર્મ હતો—એજ મ્હારૂં પ્રથમ કર્ત્તવ્ય હતુ, અને તે પ્રમાણે તેમને ખાવા દઇને મ્હેં મ્હારા કર્ત્તવ્યનુજ પાલન કર્યું છે." એમ કહીને તેઓ વિઠ્ઠલ સ્મરણ કરવા લાગ્યા. તુકારામ મહારાજનો આ પ્રમાણેનો ઠંડો પ્રત્યુત્તર સાભળીને પેલો ખેડૂત વધારે ગુસ્સે થયો, અને અતિ કઠોર વચનો કહીને તેમનો તિરસ્કાર કરવા લાગ્યો. મહાજને તુકારામ મહારાજને અપરાધી ઠરાવ્યા, અને પાકનો અડસટ્ટો કાઢીને ખેડૂતને નુકશાની ભરી આપવાને ફરમાવ્યુ. ત્યાર પછી ખેતરમા બચેલુ અનાજ એકઠું કરવામા આવ્યુ, તો તેમાથી જેટલો પાક ઉતરવાનો અડસટ્ટો કાઢવામા આવ્યો હતો તેના કરતા બમણો પાક ઉતર્યો. સમસ્ત મહાજન અને પેલો ખેડૂત તે જોઇને આશ્ચર્યચકિત થઇ ગયા. મહાજને 'એ તો તુકારામના નસીબનુજ છે' એમ નિશ્ચય કરીને પોતાના અડસટ્ટાથી વધેલો ભાગ તુકારામ મહારાજને આપવા માડયો, પરંતુ તેમણે તો તેને હાથ પણ અડકાડયો નહિ. તેમણે તે સઘળું અનાજ તે ખેડૂતને આપી દેવાની વિનંતિ કરી. તુકારામના આ વ્યવહાર સંબધી ઘણો મતભેદ જોવામાં આવે છે, પરંતુ તે છતાં પણ આપણે એટલું તો કહેવુંજ પડશે કે જો તેમનું પોતાનું ખેતર હોત તોપણ

તેઓ આવોજ વ્યવહાર રાખત. એ નિઃશક સત્યને આપણે ભૂલવું જોઇએ નહિ. છતાં કદાચ તેમના આ વ્યવહારને અયોગ્ય ધારીએ તોપણ તેમનામાં જે સરળતા, નિર્ભયશીળતા અને જીવદયા જોવામાં આવે છે તેની પ્રશંસા કર્યા વિના રહેવાશે નહિ.

તુકારામ મહારાજના દાદા વિશ્વંભરે દેહુમા વિઠોબાનું જે મંદિર બંધાવ્યુ હતું તે દેખરેખ અને મરામતને અભાવે બહુજ જીર્ણ થઇ ગયુ હતુ. તેનો જીર્ણોદ્ધાર કરવાથી ભાવિક પુરૂષો ત્યાં આગળ હરિપૂજા અને હરિકીર્તન કરે, અને તેમના સહવાસથી પોતે પણ પોતાની આધ્યાત્મિક ઉન્નતિ કરી શકે, એવો વિચાર કરીને તેમણે તેનો જીર્ણોદ્ધાર કરવાનો સંકલ્પ કર્યો. તેઓ પોતે ભિક્ષાવૃત્તિથી પોતાનું ગુજરાન ચલાવતા હતા, તોપછી જીર્ણ–સંસ્કાર કરવાને દ્રવ્ય ક્યાંથી લાવવુ તેનો વિચાર થઇ પડયો આખરે તેમણે પોતાની જાતે જેટલો બની શકે તેટલો શ્રમ ઉઠાવીને પોતાને હાથેજ જીર્ણ-સંસ્કાર કરવાનો નિશ્ચય કર્યો, અને પોતાની મેળે તે માટે જોઇતી મૃત્તિકા વગેરે ખોદી લાવીને મરામતનુ કામ શરૂ કર્યુ. ઇશ્વરનો એવો સ્વાભાવિક નિયમ છે કે **સદિચ્છાથી આરંભેલું કાર્ય કદિ પણ અધુરૂં રહેતું નથી.** તુકારામના આડોસીપાડોસીઓ, અને સગા-સંબંધીઓ પણ તેમનો દૃઢ સંકલ્પ જોઇને તેમાં યથાશક્તિ મદદ કરવા લાગ્યા. ધીમે ધીમે મંદિરનુ સમારકામ કરવાના જોઇતી સામગ્રી એકઠી થઇ ગઇ, અને સર્વેની મદદથી મંદિર પહેલાના જેવું સુંદર બની ગયુ. જ્યારે આ સમારકામ ચાલતું હતુ ત્યારે તુકારામ મહારાજ પોતે એક મજુરની પેઠે તનમનથી પરિશ્રમ ઉઠાવતા હતા. મંદિરનો જીર્ણોદ્ધાર થયા પછી તેમણે કેટલાક ભાવિક ભગવદ્ ભક્તોની સહાયતાથી મંદિરની શાસ્ત્રોક્ત રીતિ મુજબ પ્રતિષ્ઠા કરી. તે દિવસ પછી તુકારામ મહારાજ પરમપ્રીતિ અને નવીન નવીન અનુરાગથી

વિઠોબાનુ પૂજન અને નામ–સકીર્તન કરવા લાગ્યા. અન્યાન્ય ભગવદ્ ભક્તો જેમ નવાં નવા પદોની રચના કરીને વિઠ્ઠલના ગુણ ગાતા હતા, તે પ્રમાણે તુકારામ મહારાજને પણ પોતાના રચેલા પદો વિઠોબાને ઉપહાર કરવાની ઇચ્છા થઇ. પરતુ તેમણે જોયુ કે પ્રાચીન ભક્ત પુરૂષોના રચેલા ગ્રથો વાચ્યા સિવાય પોતાની ઇચ્છા પાર પડશે નહિ આથી તેમણે પહેલા થઇ ગએલા સાધુ પુરૂષોના રચેલા ભક્તિવિષયક ગ્રથો વાચવાનો આરભ કર્યો મહારાષ્ટ્રના પ્રાચીન ભક્તકવિ નામદેવના અભગો વાચવાથી તેમને ભક્તિતત્ત્વનો પ્રથમ સુમધુર આસ્વાદ મળ્યો, અને તે પછી કબીરવાણી, જ્ઞાનેશ્વર મહારાજે લખેલી શ્રીમદ્ ભગવદ્ગીતાની ટીકા તથા “અમૃતાનુભવ” નામનો અધ્યાત્મગ્રથ, એકનાથ સ્વામીકૃત “ભાવાર્થ રામાયણ” અને શ્રીમદ્ ભાગવતની ટીકા તથા યોગવાસિષ્ઠ વગેરે ગ્રથો વાચવાથી તેમનું હૃદય ભક્તિતત્ત્વનો ગૂઢભાવ સમજવાને શક્તિમાન થયુ. ઉપર્યુક્ત સકળ પુસ્તકોનો ભાવ અને ઉપદેશ પોતાના મનમા બરોબર ઠસાવવાને તેઓ ઘણી વખત ભાંડાર પર્વત ઉપર ચાલ્યા જતા હતા. મૂળથીજ તેમની સ્મરણશક્તિ તીક્ષ્ણ હતી તેથી અને તે ઉપરાત અન્ય સકળ કાર્યનો પરિત્યાગ કરીને રાત્રિદિવસ તેમાજ ચિત્ત પરોવવાથી થોડા દિવસમાંજ તેઓ તેનો ગૂઢાર્થ સારી રીતે સમજવાને શક્તિમાન થયા. જે જે મહાપુરૂષના ગ્રથોનુ તેમણે અધ્યયન કર્યુ હતું, તેમના જીવનનો ઇતિહાસ અને હૃદયના ગભીર ભાવથી પરિપૂર્ણ રીતે જાણીતા થઇને, તેઓ વારવાર ધ્યાન અને મનનદ્વારા તે મહાપુરૂષોને પગલે પગલે ચાલવાનો સર્વભાવે પ્રયત્ન કરવા લાગ્યા. આ સમયથી તેમની કવિત્વ શક્તિના વિકાસની સાથે તેમના નવ જીવનનો આરભ થયો, અને “શેઠ” તુકારામ તે હવે “ભક્ત” તુકારામ બની ગયા.

પ્રકરણ ૫ મું.

જીવોપ્રતિ પ્રેમ અને ભગવાન પ્રતિ અનુરાગ, એ બન્ને ધર્મનાં મુખ્ય લક્ષણો છે. જેનામા આ બન્ને ગુણોનો સારી રીતે વિકાસ થયો નથી, તેનું ધર્મ જીવન પણ અધુરૂંજ જાણવું. વળી એ બન્નેનો સંબંધ પણ એવો ઘનિષ્ટ–ગાઢો–છે કે એકની સાથે બીજાની સત્તા અવશ્ય આવીજ હોય છે. દરેક પ્રકૃત ધાર્મિક પુરૂષોના ચરિત્રોની આલોચના કરતા એમ સ્પષ્ટ જણાય છે કે ધર્મભાવનાના વિકાસની સાથેજ આ બન્ને ગુણો તેમનામા સ્વાભાવિક રીતે દાખલ થાય છે. વાસ્તવિક રીતે જે ભગવાન ઉપર પ્રેમ રાખે છે,–જે ભગવાનનો ખરેખરો અનન્ય ભક્ત છે,–તે દયાળુ પ્રભુના સરજેલા અન્ય પ્રાણી પદાર્થો ઉપર અપ્રીતિ રાખી શકજ નહિ પશુ, પક્ષી, કીટ, પતંગ, તરૂલતા, વગેરે સકળ સૃષ્ટ વસ્તુઓમા તે પોતાના પ્રિયતમની હસ્તકળા–લીલા જુએ છે, અને તે સકળ વસ્તુઓને તે દયાળુ પ્રભુના પ્રતિનિધિ તરીકે સ્વીકારીને માન આપે છે–પૂજે છે. કોઇ એક માનવ પ્રેમી પણ પોતાના પ્રિયતમ અથવા પ્રિયતમાના લખેલા એકાદ પત્રની પ્રાપ્તિ થતા ગાડા ઘેલા થઇ જાય છે, અને તેને પોતાના હૃદય સાથે ચાંપે છે, તો જે સાક્ષાત્ વિશ્વનિયંતાનો–વિશ્વપતિનો–પ્રેમિ છે, તે પોતાના પ્રિયતમના સૃષ્ટિ કાર્યરૂપ પૂર્ણ પ્રેમમય પત્રને પ્રાપ્ત કરીને હર્ષઘેલો થઇ જાય એમાં શું નવાઇ? હવે તુકારામ મહારાજે પાછા દેહુ આવીને વિશ્વ સેવાવ્રતનો સ્વીકાર કર્યો. જે ઠેકાણે હરિકીર્તન કરવાને આઠ દશ અથવા વધારે ભાવિક ભક્તો એકઠા થવાના હોય, ત્યાં તેમના પગમાં કાંકરા વગેરે ખૂચે નહિ, તેટલા માટે તુકારામ મહારાજ પોતેજ તે સ્થળ સાફસુફ કરી રાખતા હતા. હાથમા સાવરણી લઇને ત્યાંથી કચરો કાઢી નાંખતાં તેઓ શરમાતા નહિ. ગ્રીષ્મકાળમાં હરિ-

ન સાભળવાને લોકો એકઠા થાય ત્યારે તે શ્રોતાઓના કલેશનું નિવારણ કરવાને પોતે હાથમા પ ખો લઇને દરેકને વાયુ નાખતા હતા, અને અ ધારૂ હોય તો હાથમાં ફાનસ લઇને આગળ ચાલીને દરેકને રસ્તો દેખાડતા હતા. કેટલાક તેમને તેમ ન કરવાને ઘણો ઘણો આગ્રહ કરતા, પરતુ તુકારામ મહારાજ કોઇનુ પણ કહ્યુ માનતા નહિ. તેઓ પોતાના વ્રતમા લેશ માત્ર પણ ખામી આવવા દેતા નહિ. જ્યારે હરિકથા સાભળવાને સઘળા લોકો મ દિરમાં ચાલ્યા આવતા, ત્યારે તુકારામ મહારાજ બહાર ઉભા રહીને તેમના જોડા સાચવતા અને કોઇ બહાર આવતું તો તેને તેના જોડા શોધી આપતા. રસ્તામાં જો તેઓ કોઇ મજુરને ભાર લઇ જતા અતિશય થાકી ગએલો અથવા તો દુઃખી થતો જોતા, તો તરતજ તેનો ભાર પોતે ઉપાડી લેતા અને તે થાકી ગએલા મજુરને વિશ્રામ લેવાનો સમય આપતા હતા. વળી વર્ષાઋતુમાં અનેક પ્રવાસી-ઓને તેઓ પોતાને ઘેર અથવા તો ધર્મશાળામાં આશ્રય લેવાને બોલાવી લાવતા હતા. ઘણુા લાબા પર્યટણથી થાકી ગએલા યાત્રાળુઓને તેઓ અતિશય આગ્રહપૂર્વક પોતાને ઘેર તેડી લાવી તેમને ગરમ પાણીથી સ્નાન કરાવી શાત પાડતા હતા. વળી તે ઉપરાત તેઓ તેમના પગ ચાંપવા પણ બેસી જતા. ઘણુા યાત્રાળુઓ તેમને ઘણીએ ના કહેતા, પરંતુ તુકારામ મહારાજ તેમાનું કાંઇ પણ સાંભળતા નહિ. જો કોઇના મંદવાડની તેમને ખબર પડતી તો તર-તજ તેઓ ત્યાં જઇ પહોંચતા, અને દરદીની યોગ્ય સારવાર કરીને તેમને માટે ઔષધ વગેરેનો બદોબસ્ત કરી આપતા. ગ્રીષ્મના પ્રખરતાપમાં વટેમાર્ગુઓને દુઃખ ન પડે, તેથી તેઓ પોતે ખાધ ઉપર પાણીનો ભરેલો ઘડો લઇને જ્યાં આગળ કૂવો, વાવ અગર બીજું કાઇ પાણીનું સાધન ન હોય, ત્યાં ઉભા રહેતા હતા, અને તૃષાતુર

વટેમાર્ગુઓને જળપાન કરાવી શાન્ત પાડતા હતા. જો કે તેમની પોતાની સ્થિતિ એવી નહોતી કે તેઓ પોતાની ઇચ્છા પ્રમાણે અતિથિ સેવા કરી શકે, પરંતુ બીજાને ભુખે મરતા જોઇને તેઓ નિરાંતે બેસી શકતા નહિ. તેઓ ગમે તેમ કરીને તેને માટે ખાવાનુ શોધી લાવતા; અને તેને ખવરાવીનેજ જપતા હતા. જે જે પશુપક્ષીઓને તેમના પાલકો નકામાં ગણીને છોડી મૂકતા હતા, તેમની તુકારામ મહારાજ સેવા ચાકરી કરતા હતા, અને વારંવાર પંપાળીને તેમને માટે ખાવાપીવાનો બંદોબસ્ત કરી આપતા હતા. તુકારામ મહારાજ દરરોજ લોટ, ઘી અને ખાડ એકત્ર કરીને વૃક્ષના મૂળ આગળ અથવા અન્ય સ્થળોએ આવેલા કીડીના દર આગળ ભભરાવી આવતા હતા. આ પ્રમાણે ઈશ્વરનાં–પોતાના પ્રિયતમના સરજેલાં કોઇ પણ જીવજતુને કોઇ પણ પ્રકારે દુખ ન થાય એટલા માટે તુકારામ મહારાજ પોતાનાથી બનતો યત્ન કરતા હતા જો કોઇ શિકારી અથવા તો બીજો માણસ, કોઇ પશુપક્ષીને પકડતાં તેમની નજરે પડતો, તો તુકારામ મહારાજ તરતજ તેમની પાસે જઇ પહોચતા હતા અને કાલાવાલા કરીને તેને મુક્ત કરાવતા હતા. પોતાનાથી અજાણતાં પણ કોઇને ઇજા થઇ જતી, અથવા તો કોઇ પ્રાણી, જીવજતુ ઉપર પગ પડી જતો તો તેમના હૃદયમા નિરતિશય વ્યથા થતી હતી, અને જળ વિનાના મત્સ્યની પેઠે તેમનું મન આકુળ વ્યાકુળ થઇ જતુ. પરિચિત અથવા તો અપરિચિત દરેકનું કામ કરવામાંજ તુકારામ મહારાજ સુખ માનતા હતા. તેમનામાથી અહભાવનો નાશ થયો હતો, અને અહભાવના વિનાશની સાથે સાથે શમદમ કરૂણાદિ સદ્વૃત્તિઓનો વિકાસ થતો ગયો હતો. હવે તેઓ બીજા ઉપર ઉપકાર કરીને પોતાને કૃતાર્થ માનવા લાગ્યા. જેમ જેમ તેમના હૃદયમાંથી મ્હારા ત્હારાનો–ભિન્નભાવનો લોપ થતો ગયો, તેમ તેમ " આ

અખિલ વિશ્વના સકળ પ્રાણિ પદાર્થોમા પોતાના ઇષ્ટદેવ વિઠોબાજ નિવાસ કરી રહ્યા છે" એમ તેમનો દૃઢ નિશ્ચય થતો ગયો તેમના આચારવિચારો પણ તેમની એ વૃત્તિને અનુરૂપજ થવા લાગ્યા. એક દિવસ એક ડોસી હાથમાં લાકડી લઇને મહા મહેનતે ચાલતી ચાલતી બજારમા તેલ લેવા જતી હતી, તેનામા ચાલવાની બીલકુલ શક્તિ નહોતી તેને જોતાજ તુકારામ મહારાજને દયા આવી તેથી તેની પાસે જઇને અતિ વિનયપૂર્વક કહેવા લાગ્યા કે "મા! તમે બહુજ થાકી ગયા હો એમ જણાય છે, માટે મ્હારી ખાંધ ઉપર બેસી જાઓ, હું તમને બજારમાં લઇ જઇશ, અને ત્યાથી પાછા ઘેર પહોંચાડી દઇશ" તુકારામના વચન સાભળીને તે વૃદ્ધ સ્ત્રીએ તેમને આશીર્વાદ આપીને સ્નેહપૂર્વક કહ્યુ "ભાઇ, મને ઉચકી જવાનો શ્રમ લેવાની જરૂર નથી. આ તેલનુ વાસણ તથા પૈસા લે, અને મને તેલજ આણી આપ, એટલે હું સુખપૂર્વક ઘેર જઇશ." તુકારામ મહારાજે તરતજ તે વૃદ્ધ સ્ત્રીના કહ્યા પ્રમાણે વાસણ અને પૈસા લઈ જઇને તેને તેલ લાવી આપ્યુ. ત્યાર પછી કેટલાક દિવસ પછી એક દિવસે તે ડોસી તુકારામ મહારાજની પ્રશસા કરતા, પોતાના પાડોશીને કહેવા લાગી કે "તુકારામે જે તેલ લાવી આપ્યું છે, તે આટલા આટલા દિવસ વાપર્યા છતા પણ ખૂટ્યુ નથી." ધીમે ધીમે આ વાત સઘળે પ્રસરી ગઇ, અને સઘળા તુકારામ મહારાજ પાસે તેલ મંગાવવા લાગ્યા. તુકારામ મહારાજ કોઇને પણ ના પાડી શકતા નહિ, તેથી ધીમે ધીમે તેલ લાવવાનું કામ પણ તેમના નિત્યકર્મમાં ગણાવા લાગ્યું. તુકારામ મહારાજ તેલ લાવવાને માટે કેટલોક સમય જુદોજ કાઢીને, તેટલા વખતમાં લોકોનું તેલ લાવવાનુજ કામ કરતા હતા. આ પ્રમાણે તુકારામ મહારાજને કામ કરતા જોઇને લોકો તેમની ઉપર વધારે વધારે હુકમ બજાવવા લાગ્યા. દિવસે દિવસે લોકોનો જુલમ

વધી પડયો. તેઓ તુકારામ મહારાજને પોતાના નોકર જેવા ગણવા લાગ્યા. કેટલાક તો તેમને પોતાની સાથે બજારમાં લઈ જતા, અને ત્યાંથી જે કાંઇ ભાર મોકલવાનો હોય તે તેની સાથેજ મોકલતા. તુકારામ મહારાજ મ્હોડેથી વિઠોબાનો જપ કરતા કરતા તે ભાર તેના મોકલનારને ઘેર નાખી આવતા. કેટલાક નિર્દય માણસો તો એ ભાર એમનાથી ઉંચકાશે કે નહિ, તેનો પણ વિચાર કરતા નહિ, અને મજુરી બચાવવાની ખાતર બિચારા ભગવદ્ ભક્ત તુકારામને માથે ચડાવી દેતા હતા. તુકારામ મહારાજ તેને માટે પણ લેશમાત્ર આનાકાની કરતા નહિ. આ પ્રમાણે લોકો જે જે કાંઇ કામ સોંપતા, તે તે કરીને તુકારામ સંતોષ પામતા હતા. તેઓ દરેકમાં પોતાના ઇષ્ટદેવ વિઠોબાજ નિવાસ કરે છે, તેથી તેમનું કામ કરીને સ્વયં વિઠોબાનેજ સંતુષ્ટ કરવાના છે, એમ ધારતા હતા આ પ્રમાણે દિવસનો ઘણોખરો ભાગ લોકસેવામાં વ્યતિત થઇ જતો, પરંતુ રાત્રિના વિઠોબાને મંદિરે જઇને પોતાના ઇષ્ટદેવના દર્શન કરીને જેમ બાળક પોતાની માતાના ખોળામાં આળોટીને પોતાનું દુઃખ ભુલી જાય છે, ને પ્રમાણે પોતાના સમસ્ત પરિશ્રમ, ક્લેશ અને દુઃખ વગેરેનું નિવારણ કરતા હતા. તુકારામ મહારાજ પોતે શાંત પ્રકૃતિના અને નિરાભિમાની હોવાથી પોતાના આડોસીપાડોસી તથા અન્યાન્ય લોકોનું કામ કરતા હતા અને તેમની એકે એક આજ્ઞાઓ પાળવાને પ્રયત્ન કરતા હતા; પરંતુ તેમના પત્ની અબળાઇથી તે સહન થતું નહિ. બીજા માણસો સંપૂર્ણ સ્વસ્થ અને સબળ હોવા છતાં પણ પોતાના સ્વામીને મૂર્ખ ધારીને ભારવાહી વૃષભની પેઠે તેમની પાસે પરિશ્રમ કરાવે છે, તે જોઇને તેમનાં અંતઃકરણમાં બહુજ વેદના થતી. અબળાઈ આ પ્રમાણે અસંતુષ્ટ થાય એમાં કાંઇ નવાઇ પણ નહોતી. તેઓ પોતાના આડોસીપાડોસીઓ સાથે તુકારામ

મહારાજને કામ સોંપવા માટે વારંવાર લડતાં હતાં, અને તુકારામને પણ તે માટે બહુ કહેતાં હતાં. ગમે તેમ હો, પરંતુ આ પ્રમાણે પરોપકાર કરીને, અને કષ્ટ ભોગવીને તુકારામ મહારાજ પોતાનુ ધર્મજીવન સંગઠિત કરવાને ભાગ્યશાળી થયા હતા, અને જે કાર્યથી તેઓ મહારાષ્ટ્ર દેશમાં અક્ષય કીર્તિ સંપાદન કરી ગયા છે, તેને માટે સંપૂર્ણ યોગ્યતા પ્રાપ્ત કરી શકયા હતા.

તુકારામ મહારાજની પૂર્વે મહારાષ્ટ્રમાં બીજા પણ કેટલાક સાધુ પુરૂષો થઇ ગયા છે, તેમાં શ્રી નામદેવ મુખ્ય છે. નામદેવના અભંગોથી તુકારામ મહારાજને પોતાના ધર્મજીવનનો વિકાસ કરવામાં ઘણી સહાયતા મળી છે. અષાડ અને કાર્તિક માસમાં વિઠોબાના દર્શન કરવાને પંઢરપુર જતી વખતે તેઓ આખે રસ્તે હરિકીર્તન કરતા કરતા જતા હતા. એક દિવસ રસ્તામા વિઠોબાએ નામદેવની સાથે સ્વપ્નમા દર્શન આપીને કહ્યુ કે, “ તુકારામ આ મ્હારા ભકત નામદેવે પૂર્વે જેટલા અભગો રચવાનો સંકલ્પ કર્યો હતો, તે સિદ્ધ થયો નથી, માટે રહેલી સંખ્યા તું પૂરી કર. આજે હુ તને “સપ્રેમજ્ઞાન” આપુ છુ, મ્હારા વરદાનથી તું મ્હારી “ પ્રસાદવાણીનો પ્રચાર કરીને અન્યાન્ય જીવોનો ઉદ્ધાર કર.” એમ કહીને વિઠોબા અંતર્ધ્યાન થઇ ગયા. તુકારામ મહારાજની નિદ્રા ઉડી ગઇ. પૃથ્વીના ઘણા ઘણા દેશોના ભકતોના સંબંધમા ભગવાનના આવા આદેશ થએલા સાભળવામા આવે છે. ભકતની શકિત એ દૈવની શકિતનુ રૂપાંતર છે, ભગવાન પોતાના ભકતોને અનેક પ્રેરણાઓ કરીને–પોતાનું ધાર્યું કરાવીને તેમને હાથે અનેક પામર જીવોનો ઉદ્ધાર કરાવે છે. ભકત પોતે પણ ભગવાનનુ રૂપાતર-જ છે. દૈવી–ઇશ્વર–પ્રેરીત શકિત વિના આ પૃથ્વિનું એક ક્ષુદ્રમાં ક્ષુદ્ર કાર્ય પણ થઇ શકતું નથી. સ્વયં ભગવાનના અપૂર્વ મહિમાનો પ્રચાર કરનાર ભગવદ્ ભકતોજ તે મહાન પ્રભુની કૃપાના વિશેષ

અધિકારી છે, એમ જે લોક-સાધારણનો વિશ્વાસ છે, તે કાંઇ ખોટો નથી. જે પોતાને સંપૂર્ણરૂપે ભગવાનને સમર્પણ કરી દે છે, તેનું પોતાનું તે પછી સ્વતંત્ર અસ્તિત્વ હોતુંજ નથી. 'હું જે કાંઇ કરૂં છું, તે **સર્વ મ્હારા પ્રભુજ મ્હારી પાસે કરાવે છે; અને હું તો નિમિત્ત માત્ર છું."** એમ તેમનો દૃઢ વિશ્વાસ હોય છે તેમનામાં ઈશ્વર કૃપાથી એવા સંસ્કારો જન્મે છે કે અમારી જાગ્રતાવસ્થામાં થતા સર્વે સંકલ્પો પણ તે મહાન પ્રભુની પ્રેરણાથીજ ઉદ્ભવે છે, તો સુષુપ્તિ અવસ્થામા પણ તેના સિવાય બીજો કોણ પ્રેરણા કરી શકે? અર્થાત્ જાગ્રત, નિદ્રા અને દરેક અવસ્થામા તે મહાન પ્રભુજ પ્રેરણા કરવાને શક્તિમાન છે. તુકારામ મહારાજે પણ સ્વપ્નામાં થએલી પ્રેરણાને પોતાના ઇષ્ટદેવ શ્રી વિઠોબાની આજ્ઞા તરીકે ગ્રહણ કરી, અને તેમની આજ્ઞાનુ પ્રતિપાલન કરવાને તત્પર થયા. નામદેવ મહારાજના અભંગોનો નિરંતર પાઠ કરવાથી ત્હેમના હૃદયમા જે ભક્તિભાવ ઉત્પન્ન થયો હતો તેથી આ ક્ષણે શ્રી ભગવાનના ભજનો રચીને તેને ચરિતાર્થ કરવાની સ્વાભાવિક ઇચ્છા તેમને થઇ આવી. તુકારામ મહારાજે પહેલ વહેલા ભાગવતના દશમ સ્કંધમાં વર્ણવેલી શ્રી કૃષ્ણ પરમાત્માની બાળલીલાનુ નવસો શ્લોકમાં વર્ણન કર્યું. હરિકીર્તન કરતી વખતે અન્ય ભગવદ્ ભક્તોના પદ ગાતા ગાતા તેઓ વિઠોબાના ધ્યાનમાં લીન થઇ જતા. જે સમયે તેમના મુખમાથી એકાએક અનેક નવિન પદો સ્વતઃ નીકળી આવતા હતા. મહીપતિ લખે છે કે "તરંગ ઉપર તરંગની પેઠે તુકારામ મહારાજના મુખમાંથી જ્યારે સરસ ભાવમયી કવિતાઓ નિરવચ્છિન્ન રીતે નીકળતી ત્યારે શ્રોતાઓ તે સકળ પ્રાસાદિક અપૂર્વ ચિન્તિત, નવિન કવિતાઓ શ્રવણ કરીને વિસ્મિત ચિત્તે તેમને અપૂર્વ દૈવી શક્તિમાંથી ઉત્પન્ન થએલી માનતા હતા." તુકારામ

મહારાજનું જીવન પણ તેમની કવિતાઓની પેઠે સરસ, પવિત્ર, અને અકૃત્રિમ હોવાથી તેમના ઉપદેશની શ્રોતાઓ ઉપર બહુ સારી છાપ પડતી હતી. કુટિલ પ્રકૃતિના અને ધર્મ–દ્વેષી પુરૂષો પણ તુકારામ મહારાજની ઉપદેશ પૂર્ણ કવિતાઓ સાભળીને પોતાની કુટિલતા અને ધર્મ દ્વેષ ભૂલી જતા હતા; વળી તેમના કીર્તનમા એક એવી અપૂર્વ મોહિની શક્તિ હતી કે એક વખત સાભળ્યા પછી તે કદિ પણ વિસારે પડતી નહિ. આથી જ્યારે તુકારામ મહારાજ હરિકીર્તન કરવાના હોય ત્યારે લોકો મોટી સખ્યામા એકઠા થતાં હતા. દેહુ તેમજ તેની આસપાસના ગામડાઓમા રહેનારા ઘણા લોકો ધીમે ધીમે તુકારામના સંકીર્તનથી આકર્ષાઇને વિઠોબાના મદિરમા આવવા લાગ્યા. જેઓ પહેલા તુકારામ મહારાજને ગાડા ગાડા કહીને તેમની નિદા કરતા હતા તેઓ પણ હવે તેમની પ્રશસા કરવા લાગ્યા, અને તુકારામ મહારાજનો ભક્તિ ભાવ જોઇને આશ્ચર્યચકિત થઇ ગયા

ધીમે ધીમે તુકારામ મહારાજનાં ગૌરવ અને માન પ્રતિષ્ઠા વધવા માડયા, અને તેઓ શ્રી વિઠોબાના અનન્ય ભક્ત છે, એમ દરેકની ખાત્રી થઈ. સ્વાભાવિક રીતે પ્રતિષ્ઠાની વૃદ્ધિની સાથે માણસમાં આત્માભિમાન પણ વધતુ જાય છે, પરતુ તુકારામ મહારાજ તો દિવસે દિવસે વધારે નમ્ર થવા લાગ્યા. તેમણે વધારે વિનીત અને કોમળ ભાવ ધારણ કર્યો. કેટલીક બાબતોમા તો તેમના વિચારો તદ્દન બદલાઇ ગયા. પહેલા તેમણે સસારનો ત્યાગ કરી કોઇ એકાત નિર્જન સ્થાનમાં જઇને તપશ્ચર્યા કરવાનો સંકલ્પ કર્યો હતો, પરતુ હવે તેમનો તે વિચાર પણ બદલાઇ ગયો. સંસારમા રહેવાથી અનેક જીવોનો ઉદ્ધાર કરી શકાય છે, એમ ધારીને તેમણે સસાર ઉપરની વૈરાગ્ય વૃત્તિનો ત્યાગ કર્યો, તેમજ ગૃહસ્થાશ્રમના પક્ષપાતી થઇને તેઓ ફરીથી સંપૂર્ણ સંસારી બને, એવી તો સંભાવનાજ નહોતી.

વેપાર વાણિજ્ય કરીને અર્થોપાર્જન કરવાની શક્તિ અને પ્રવૃત્તિ તો ક્યારનીએ તેમના ચિત્તમાંથી પલાયન કરી ગઇ હતી. હવે તે પાછી તુકારામમાં પ્રવેશ કરી શકે એમ નહોતું, તેથી તુકારામ મહારાજે સંસારનો ભાર પ્રથમની પેઠે પોતાના પત્ની અબળાઇ ઉપરજ નાખી દીધો હતો.

મહીપતિએ જ્યા જ્યાં અબળાઇના નામનો ઉલ્લેખ કર્યો છે ત્યા ત્યાં તેમને કલહકારિણી, કર્કશા અને કઠોર વગેરે વિશેષણો લગાડયાં છે. તેમણે અબળાઇનું જે ચરિત્ર ચિત્ર્યુ છે તેમા સૉક્રેટિસ અને જાન્ટિપીની પેઠે, તુકારામની સાથે અબળાઇનો સબધ જોવામાં આવે છે; પરતુ અમારા ક્ષુદ્ર મત પ્રમાણે અબળાઇ એવી નિંદાને પાત્ર નથી. સાધુ પુરૂષોની પત્નીઓનુ એક મોટું દુર્ભાગ્ય એ પણ હોય છે કે લોકો તેમના ગુણ દોષનો વિચાર કરતી વખતે તેમને તેમના પતિની સાથે સરખાવે છે, પરતુ અન્ય સાધારણ મહિલાઓની સાથે તેમની તુલના કરતા નથી. હરકોઇ સામાન્ય સ્ત્રીને કોઇ એક મહાપુરૂષની સાથે સરખાવીએ–તેના ગુણ દોષનો નિર્ણય તે શુદ્ધ અને સરળ સ્વભાવના મહાપુરૂષના ગુણદોષ ઉપરથી કરવા બેસીએ તો તે આપણને અતિ ક્ષુદ્ર અને સકીર્ણ જણાય, એમાં કઇંજ આશ્ચર્ય જેવું નથી; પરતુ જરા વિચાર કરી જોવાથી તેમનો અપરાધ એટલો બધો મોટો જણાતો નથી. અબળાઇના સબધમા મહિપતિએ જે જે અપ્રિય વાતો લખી છે, તેના સારાસારનો નિર્ણય કરવાને માટે અમે અત્રે અબળાઇના ચરિત્રની પણ થોડીઘણી આલોચના કરવાનું આવશ્યક ધારીએ છીએ. અબળાઇનો જન્મ એક સારા આબરૂદાર અને પૈસાદાર કુટુંબમા થયો હતો, અને જ્યારે એમનું લગ્ન થયુ ત્યારે તુકારામ મહારાજના કુટુંબની સ્થિતિ પણ સારી હતી. આ પ્રમાણે એક પૈસાદાર ગૃહસ્થની દુહિતા અને તેવાજ ગૃહસ્થની કુળવધૂ તરીકે તેમણે સસારમાં

પ્રવેશ કર્યો હતો. તેમનું લગ્ન થયા પછી સાસુ સસરા પાસે તેમના માન-આદરની સીમા નહોતી. વળી તે ઉપરાત ગૃહિણી તરીકે તેઓ પોતાના પતિનો પણ યથેષ્ટ અનુરાગ સંપાદન કરી શક્યાં હતાં. સાસરામાં પહેલાંનાં કેટલાંક વર્ષો તો તેમણે સંપૂર્ણ સુખમાં ગાળ્યાં હતાં, પરંતુ આપણે આગળ જોઇ ગયા તેમ ત્યાર પછી એવું દુઃખ આવી પડયું કે અન્નને અને દાંતને પણ વેર થઇ પડયું. દારૂણ દારિદ્રાવસ્થાને લીધે તેમને કોઇ કોઇ વખત તો બબ્બે ત્રણ ત્રણ દિવસના ઉપવાસ કરવા પડતા. આવી અવસ્થા એક કોમળ સ્ત્રી જાતને માટે અસહ્ય થઇ પડે, તેમાં કાંઇ આશ્ચર્ય પામવા જેવું નથી. અબળાઇથી પણ દારિદ્રાવસ્થાનુ દારૂણ દુઃખ સહન થઇ શકતું નહિ, તેથીજ તેઓ વારંવાર પોતાની અસહિષ્ણુતા પ્રકાશિત કરતાં હતાં. દુઃખમાં માણસની બુદ્ધિ બ્હેર મારી જાય છે, તે સમયમાં તેનું મન સ્થિર રહી શકતું નથી. વળી સ્વભાવ પણ ચીડીઓ થઇ જાય છે. અબળાઇને પણ તેમજ હતું. તેમનો સ્વભાવ ચીડીઓ થઇ ગયો હતો. તેઓ જરા જરામાં ગુસ્સે થઇ જતા હતાં. વળી તેઓને ગુસ્સે થવાનું બીજું પણ એક કારણ હતું. આ સઘળી વિપત્તિ તુકારામ મહારાજે હાથે કરીને વ્હોરી લીધી છે એમ તેઓ ધારતાં હતાં. તેમના મનમા આ વિચાર વાર-વાર ઘોળાયા કરતો હતો. આવી અવસ્થામાં દંપતીમાં કલહ થાય એ સ્વાભાવિકજ છે. વળી તે ઉપરાંત સ્વામિ જો સાંસારિક કર્તવ્યનો પરિત્યાગ કરીને રાત્રિ દિવસ કેવળ હરિકીર્તન અથવા તો હરિ-સ્મરણમાંજ બેસી રહે, અને પત્નીને ખાવાના પણ સાંસા પડે તો સ્ત્રીનો સ્વાભાવિક કોમળ સ્વભાવ નષ્ટ થઇ કઠોર થાય તેમાં શી નવાઇ? માટે અબળાઇને પણ તેમના ચ્હીડીઆ સ્વભાવ અથવા કઠોરતાને માટે નિંદવાં યોગ્ય નથી. તુકારામ મહારાજ સંપૂર્ણ રીતે હરિભજનમાં તલ્લીન રહેતા હોવાથી અબળાઇનેજ પોતાનાં સંતાનોનું પાલન

પોષણ, તથા અતિથિ-અભ્યાગતની સેવા વગેરે કરવાનો સાંસારિક સમસ્ત ભાર વહન કરવો પડતો હતો. વળી તે ઉપરાંત તુકારામ મહારાજ કોઈ કોઇ વાર એવા તો ઉદાર થઇ જતા કે તે જોઇને કોઇકજ સ્ત્રી ધૈર્ય રાખી શકે. એક દિવસ અબળાઇ પોતાનુ ફાટેલું તુટેલુ જુનું લુગડુ મુકવીને સ્નાન કરવાને બેઠા હતાં; અને તુકારામ મહારાજ બહાર બેઠા બેઠા નામસ્મરણ કરતા હતા, એટલામા એક ગરીબ સ્ત્રીએ આવીને તુકારામ મહારાજને એક જુનુ પુરાણું વસ્ત્ર આપવાને આજીજી કરી. તુકારામ મહારાજને તેની સ્થિતિ જોઇને દયા આવી, તેથી તેમણે પોતાની સ્ત્રીએ મુકવેલું એકનું એક લુગડુ તેને આપી દઇને ત્યાંથી ઝટપટ ચાલ્યા જવા કહ્યું. પેલી સ્ત્રી વખત વિચારીને તુકારામ મહારાજને આશીર્વાદ આપીને ત્યાંથી ચાલી ગઇ, એટલે તુકારામ મહારાજ પણ ત્યાથી ઉઠીને ઇંદ્રાયણી ઉપર જઇને બેઠા. આ તરફ અબળાઇ સ્નાન કરી રહીને જૂએ છે તો પોતાનું વસ્ત્ર માલમ પડયું નહિ. પહેલાં તો તેમણે ધાર્યું કે કોઇ ચોરી ગયુ હશે, પરંતુ પાછળથી પેલી સ્ત્રીના શબ્દો કાને પડેલા હોવાથી અનુમાન કર્યું કે, નક્કી તુકારામ મહારાજે તેને આપી દીધેલુ હોવુ જોઇએ. તેથી તેમણે પોતાના ભીના વસ્ત્રનો છેડો નીચોવીને તે ને તેજ પહેરવા માંડયું. ભોગ જોગે તે દિવસે તેમની ન્યાતમાં લગ્ન હતાં, તેથી તેમનાં સગાં વહાલાંઓ તેમને નિમંત્રણ કરવાને તે વખતે આવી પહોંચ્યા; અને બહારથી બમો પાડવા લાગ્યાં. આ વખતે અબળાઇ મહાન સંકટમાં આવી પડયાં. તેમને તુકારામ મહારાજ ઉપર બહુજ રીસ ચઢી. પરંતુ તુકારામ મહારાજ તે દિવસે બીલકુલ ઘેરજ આવ્યા નહિ. અબળાઇએ પોતાના રોજના રીવાજ પ્રમાણે ભાખરી ને શાક તૈયાર કર્યાં, પરંતુ આજે તેઓ પોતે તુકારામ મહારાજને તે આપવા જાય એમ બની શકે

એમ નહોતું; તેથી તેમણે પોતાની પુત્રી સાથે શાક અને ભાખરી પહોંચતા કરી દીધા. આ પ્રમાણે તુકારામ મહારાજના વ્યવહારથી અબળાઈને બહુજ ત્રાસ થતો. તે બિચારા મહેનત મજુરી કરીને મુઠી ચપટી લઇ આવતાં હતાં, અને તુકારામ મહારાજ તે સઘળુ સંત સાધુઓમાં ઉડાવી દેતા હતા. કોઇ કોઇ વખત મધ્યાહ્ન સમયે જ્યારે અબળાઇ મહા મહેનતે થોડું ઘણું અન્ન ભેગું કરીને પોતાના બાળ બચ્ચાંઓને ખવરાવવાની તૈયારી કરતા ત્યારે તુકારામ મહારાજ બે ચાર સાધુ સન્યાસીઓને તેડીને આવી પહોચતા, અને પોતાની જાત કે અબળાઇને માટે વિચાર કરવો તો દૂર રહ્યો; પરંતુ છોકરાંઓને પણ ભૂખ્યાં રાખીને તે સાધુ સન્યાસીઓને જમાડી દેતા હતા આવી અવસ્થામાં પણ અબળાઇ બનતા સુધી પોતાના પતિ ઉપર ગુસ્સે ન થતાં સઘળુ સહન કરતા હતા. વળી આ ઉપરાત લોકો તુકારામ મહારાજને મૂર્ખ ધારીને તેમનુ જે અપમાન કરતા હતા અને તેમની પાસે જે ગદ્ધામજુરી કરાવતા હતા તે જોઇને પણ તેમને બહુજ દુઃખ થતુ હતું. કઇ પતિપરાયણા સ્ત્રી પોતાના પતિનુ આ પ્રમાણે અપમાન થતુ સહન કરી શકે ? વળી આ ઉપરાંત અબળાઇને અસંતુષ્ટ થવાનુ એક બીજુ પણ કારણ હતુ. લોકો તેમને વારવાર કહેતા કે "વિઠોબાની સેવાથીજ આ બધુ કષ્ટ આવી પડયુ છે. વિષ્ણુ ભગવાનની સેવા-ભક્તિ કરીને કોઇ પણ સુખી થયુ નથી. પ્રહ્લાદ વગેરે જે જે વિષ્ણુભક્તો થઇ ગયા છે, તેમને પણ કદિ સુખ મળ્યુ નથી. તુકારામે પણ પોતાનો આત્મા વિઠોબાનેજ સમર્પણ કરી દીધો છે અને તે અહર્નિશ તેનુંજ રટણ કર્યા કરી-તેનાજ ધ્યાનમાં નિમગ્ન રહે છે, એટલે હવે તેના કલ્યાણની તો આશાજ ક્યાંથી હોય ?" ઘણા લોકોના કહેવાથી અબળાઇના મનમાં પણ આવાજ સંસ્કારો પડયા હતા. વળી તેમના પિતા ભવાનીના

ઉપાસક હતા. એટલે બાલ્યાવસ્થામાંથી તેઓ ભવાની માતાની પૂજા કરવાને ટેવાયલાં હતાં; અને માતા ઉપર તેમને અપૂર્વ દૃઢ શ્રદ્ધા હતી. વિઠોબાની ભક્તિ કરવાથીજ આ સમસ્ત દુઃખ સહન કરવું પડે છે, અને તેને લીધેજ આવી દારૂણ દારિદ્રાવસ્થા આવી પડી છે, એવા વિચારો અબળાઇના મનમાં વારંવાર ઉત્પન્ન થતા, તેથી તેઓ તુકારામ મહારાજને વિઠ્ઠલ ભક્તિ કરવામાં સહાનુભૂતિ દર્શાવી શકતાં નહિ. આવાં આવા અનેક કારણો હોવાથી અબળાઇ અને તુકારામ મહારાજ વચ્ચે વારંવાર કલહ થતો હતો. જ્યારે જ્યારે અબળાઇનો મિજાજ જતો, ત્યારે ત્યારે તેઓ બે ત્રણ કલાક સુધી શાન્ત પડતાં નહિ; અને તેથી શાન્ત પ્રકૃતિના તુકારામ મહારાજ, આ વિષમ યુદ્ધમાથી રક્ષા પામવાને ઘરમાંથી પલાયન કરી જઇ, જ્યારે અબળાઇનો કોપ શાન્ત પડતો હતો ત્યારેજ પાછા આવતા હતા. જો કે અબળાઇનો સ્વભાવ ઘણોજ ઉગ્ર હતો, અને તેઓ વખત આવે તુકારામ મહારાજને કહેવામા બાકી રાખતાં નહિ, પરંતુ તેમનામાં એક મોટા ગુણ હતો. તેઓ ખરેખરાં દૃઢ પતિપરાયણા હતાં. જ્યાં સુધી તુકારામ મહારાજ ખાતા નહિ, ત્યાં સુધી પોતે પણ કદિ ખાતાં નહિ. જ્યારે તુકારામ મહારાજ ઘરમાથી ચાલ્યા જતા, ત્યારે અબળાઇ ખાવાનું લઇને તેમની શોધમાં નીકળી પડતાં, અને ગામનાં સઘળાં મંદિરોમા, ઇન્દ્રાયણી ઉપર, અથવા પર્વત ઉપર જઇને જ્યા હોય ત્યાથી તુકારામ મહારાજને શોધી કાઢી તેમને જમાડતાં હતાં. કોઇ કોઇ દિવસ તો ઘણી ઘણી શોધખોળ કરવા છતાં પણ તુકારામ મહારાજનો પત્તો લાગતો નહિ, ત્યારે અબળાઇને પણ ઉપવાસ કરવા પડતા હતા. જ્યારે તુકારામ મહારાજ ભોગનાથ પર્વત ઉપરજ રહેતા હતા, ત્યારે અબળાઇ દરરોજ ખાવાનું લઇને ત્યાં જતાં. એક દિવસ ત્યાં જતાં તેઓ ગ્રીષ્મના પ્રખર તાપથી તપ્ત થઇ પરિશ્રમથી થાકી ગયાં

હતાં તેવામાં દૈવયોગે પગમાં એક મોટી શૂળ ભોંકાઇ ગઇ. આથી તેમને એટલું બધું કષ્ટ થયું કે તેઓ મૂચ્છિત થઇને રસ્તામાં પડી ગયાં. જ્યારે તુકારામ મહારાજને આ વાતની ખબર પડી ત્યારે તેમણે ભોગનાથ જવાનુ પડતું મૂક્યું; અને દેહુમાંજ રહેવા લાગ્યાં. મહીપતિએ અબળાઇને કડવા બોલાં અને ક્લેશી વગેરે વિશેષણો લગાડીને તેમની નિંદા કરી છે, પરંતુ તેમણે પોતાની શક્તિ પ્રમાણે પ્રત્યેક સાંસારિક કર્તવ્યનુ પ્રતિપાલન કરવામાં લેશ માત્ર પણ કચાસ રાખી નથી એ વાતનો તો તે પણ સ્વીકાર કરે છે. જો કે અબળાઇ સીધી રીતે તુકારામ મહારાજને તેમના ધર્માનુષ્ઠાનમાં સહાયતા કરી શક્યા નહોતાં, પરંતુ સંસાર-વ્યવહારનો ભાર પોતાને માથે લઇને આડકતરી રીતે તુકારામ મહારાજને મદદ કરી તેમનાં સહધર્મિણી તરીકે પોતાના ધર્મનુ તેમણે પ્રતિપાલન કર્યું હતુ, એમાં કાંઇ પણ સંદેહ નથી. તેમણે જેવા આન્તરિક અનુરાગ અને ભક્તિ સહિત સ્વામીની સેવા અને પરિચર્યા કરી હતી, તેને માટે તેમની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. અપક્ષપાતથી અને દીર્ઘદષ્ટિથી વિચાર કરી જોવાથી મહીપતિના વાક્પ્રહાર અયોગ્ય છે એમ પણ સ્પષ્ટજ જણાય છે.

પ્રકરણ ૬ ઠું.

અમે પહેલાંજ જણાવી ગયા છીએ કે તુકારામ મહારાજની પ્રાસાદિક અભંગવાણી અને ભક્તિરસથી પરિપૂર્ણ કીર્તન સાંભળવાને લોકોની ઠઠ બાઝતી હતી, અને એક શ્રેષ્ઠ ભગવદ્ભક્ત તરીકે લોકો તેમને નિરતિશય માન આપતા હતા. તેમની અકૃત્રિમ સરળતા, ભગવન્નિષ્ઠા, જીવદયા, અને મધુર સદુપદેશથી લોકો મુગ્ધ થઇ ગયા

હતા. બ્રાહ્મણાદિ ઉચ્ચ વંશમાં જન્મેલા કેટલાક માણસો પણ તેમને ભક્તિપૂર્વક નમસ્કાર કરતા હતા, અને તેમનો અમૂલ્ય ઉપદેશ શ્રવણ કરીને કેટલાકોએ તો તેમનું શિષ્યત્વ પણ ગ્રહણ કર્યું હતું. તુકારામ મહારાજના અનેક શિષ્યોમાં ગંગાધર પંત નામનો એક બ્રાહ્મણ અને સભાજી નામનો એક ઘાચી એ બે મુખ્ય હતા. જ્યારે તુકારામ મહારાજ કીર્તન અથવા તો હરિકથા કરવાને ઉભા રહેતા, ત્યારે તેમના આ બે શિષ્યો હાથમા વીણા અને કરતાલ લઇને તેમની પાછળ ઉભા રહેતા અને તેમને ગાવામાં મદદ કરતા; વળી ગંગાધર પંતને તુકારામ મહારાજની કવિતાઓ લખી લેવાનુ કામ સોંપવામા આવ્યુ હતું, અને તે કાર્ય તેઓ બહુજ દક્ષતાથી કરતા હતા. થોડા સમયમાંજ તુકારામ મહારાજની કીર્તિ સઘળે પ્રસરી ગઇ, અને જ્યાં ત્યાં તેમની પ્રશંસા થવા લાગી. કેટલાક ધર્મ-વિદ્વેષી સાધુઓથી એ સહન થઇ શક્યુ નહિ તેથી તેઓ તુકારામ મહારાજની ઇર્ષ્યા કરવા લાગ્યા. પરંતુ જેમ 'સો ટચ'ના સોનાને ગમે તેટલી વખત તાપમા નાખીને કસી જોઇએ, છતાં પણ તેની યોગ્ય-તામા લેશ માત્ર પણ ન્યૂનાધિકતા થતી નથી, અને લીધેલી મહેનત વ્યર્થ જાય છે, તેજ પ્રમાણે જેઓએ તુકારામ મહારાજને દ્વેષપૂર્વક ઉપદ્રવ કરવાના જે જે પ્રયત્નો કર્યા તે સઘળાજ નિષ્ફળ ગયા. તુકા-રામ મહારાજની વૈરાગ્યાદિ સદ્દવૃત્તિ કેટલી ઉજ્જવલ અને દઢ હતી તેનું યથાર્થ દર્શન કરાવવાને, જેમણે તેમને થોડો ઘણો ઉપદ્રવ કર્યો હતો તેમનો ઉલ્લેખ કરીએ છીએ.

દેહુથી થોડેક દૂર ચિંચવડ કરીને એક ગામ છે. તેમાં મંબાજી નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તે પાછળથી વૈરાગ્ય ધારણ કરી ગોસાંઇ થઇને દેહુમાં એક મઠ બાંધી પોતાના કુટુંબ સાથે રહેતો હતો. દેહુમાં અને તેની આસપાસનાં ગામડાંઓમાં તેમના કેટલાક

શિષ્યો હતા, અને એ શિષ્યો ઉપરજ તેમનો નિર્વાહ ચાલતો હતો. તુકારામ મહારાજની કીર્ત્તિ સાભળીને અનેક લોકો તેમનું કીર્તન સાભળવાને જતા, અને તેમની ઉત્તમ ભગવન્નિષ્ઠા જોઇને તેમની પ્રશસા કરતા, તે સાંભળીને તે તુકારામ મહારાજનો દ્વેષ કરવા લાગ્યો. વળી લોકો પણ તેના કરતાં તુકારામ મહારાજ પ્રતિ વધારે ભક્તિ અને શ્રદ્ધા બતાવતા હતા. તે મબાજીથી સહન થયુ નહિ. તે મનમાં ને મનમા કોઇ પણ રીતે તુકારામ મહારાજને ફજેત કરવાનો ઘાટ ઘડવા લાગ્યો. તુકારામ મહારાજે વૈરાગ્ય ધારણ કર્યો, તે પછી અબ-ળાઇના પિતા આપ્પાજી પોતાના દીકરી–જમાઇ પ્રત્યેના સ્વાભાવિક પ્રેમને વશ થઇને, તેમને અનેક પ્રકારે સહાયતા કરતા હતા. અમે જે સમયની વાત કરીએ છીએ તે સમયે આપ્પાજીએ તુકારામ મહારાજને એક ભેસ આપી હતી. વિઠોબાના મદિરની પાછળ મંબાજીની એક વાડી હતી. દૈવયોગે એક દિવસ તેમની ભેસે મંબા-જીની વાડીમાં પ્રવેશ કરીને કેટલાક પુષ્પ–વૃક્ષ ભાગી નાખ્યા. તે જોઇને મબાજીએ તુકારામ અને અબળાઇને પુષ્કળ ગાળો દીધી, પરંતુ તુકારામ મહારાજ કાઇ પણ બોલ્યા નહિ–તેમણે જવાબ સરખો પણ આપ્યો નહિ. ચુપચુપ જે કાઇ કહ્યુ તે સઘળું સાંભળી લીધુ. ત્યાર પછી મંબાજીએ દેવળ અને પોતાની વાડી વચ્ચે એક કાટાની વાડ કરી. તુકારામ મહારાજને કોઇ પણ રીતે દુઃખી કરવા, અને તેમની સાથે લડીને તેમને ફજેત કરવાનોજ મબાજીનો વિચાર હતો. તેથી આ વાડ બાંધતી વખતે તેણે મદિરની પ્રદક્ષિણા પણ ન થાય એવી યુક્તિ રચી, અને પ્રદક્ષિણા કરવાનો માર્ગ બધ કરી દીધો. ત્યાર પછી થોડે દિવસે એકાદશીનો ઉત્સવ આવ્યો. એકાદશીને દિવસે આસપાસનાં ગામડાંઓમાથી હજારો લોકો શ્રી વિઠોબાના દર્શનાર્થે આવતા હતા. મંબાજીની વાડથી બિચારા અજાણ્યા દર્શનાર્થિઓના પગમાં કાંટા વાગશે, એમ ધારીને તુકારામ મહારાજે

પ્રદક્ષિણા કરવા જેટલો માર્ગ સાફ કરી નાંખ્યો. મંબાજી તો તુકારામ મહારાજ સાથે લડવાનો લાગજ શોધતો હતો, તેથી આ વખતે તુકારામ મહારાજને પોતાની કરેલી વાડ દૂર કરતા અને વાડીમા કાંટા નાખતા જોઇને તે ક્રોધાધ થઇ ગયો. તે તુકારામ મહારાજ ઉપર ગાળોનો વર્ષાદ વર્ષાવતો વર્ષાવતો તેમની પાસે આવી પહોચ્યો, અને પાસે પડેલી એક કાંટાવાળી સોટી લઇને પ્રહાર કરવા લાગ્યો. તેણે તુકારામને ઉપરા છાપરી પદર વીસ ફટકા લગાવી દીધા. પરતુ તુકારામ મહારાજ આ વખતે એક શબ્દ પણ બોલ્યા નહિ. મુગે મ્હોએ સઘળું સહન કર્યું, અને પોતાના ઇષ્ટદેવ વિઠોબાનુ નામ–સ્મરણ કર્યા કર્યું. આખરે ગોસાંઇ મહારાજ મારી મારીને થાકયા અને ગાળો દેતા દેતા પોતાના મઠમા ચાલ્યા ગયા, મબાજીના ગયા પછી તુકારામ મહારાજે મદિરમાં આવીને વિઠોબા પાસે પોતાનુ સમસ્ત દુઃખ નિવેદન કર્યુ! તુકારામ મહારાજની આવી દુર્દશા થએલી જોઇને મદિરમાં દર્શન કરવા આવેલા લોકોને પણ બહુજ લાગી આવ્યું તેમની આખમાથી પણ ખરખર અશ્રુધારા વહેવા લાગી. પરંતુ મબાજીના ભયથી કોઇ એક શબ્દ પણ બોલી શકયુ નહિ. ત્યાર પછી સઘળાંએ મળીને તુકારામ મહારાજના શરીરમા ભોંકાયલા કાંટા કાઢી નાંખ્યા તુકારામ મહારાજે પોતાના જીવનની અનેક ઘટનાઓ પોતાના રચેલા અભંગોમા લખી છે. તેમના ધર્મ–જીવનનું વિવરણ તેમની પારિવારિક અવસ્થા અને તેમની નિર્ભરશીળતા વગેરે અનેક વિષયો તેમના અભંગોમાથી મળી આવે છે. આ પ્રસગને અનુલક્ષીને તુકારામ મહારાજે નીચેના છ અભંગો રચ્યા છે. વાચક બંધુઓની જાણને માટે આ સ્થળે તેનો ઉલ્લેખ કરવો યોગ્ય ધારીએ છીએ.

न सोडीं न सोडीं न सोडीं ॥ विठोबा चरण न सोडीं ॥ १ ॥
भलतें जडपडो भारी ॥ जीवावरी आगोज ॥ २ ॥

शतखंड देह शस्त्रधारीं ॥ करितांपरी नभियें ॥ ३ ॥
तुका ह्मणे केली आर्धी ॥ दृढ बुद्धि सावध ॥ ४ ॥

बरवें बरवें कले विठोबा बरवें ॥ पाहोनि अंतक्षमा अंगीकाठी मारविलें ॥ १ ॥
शिव्या गाली नीत नाहीं ॥ बहु फार विटंबिलें ॥ २ ॥
तुका ह्मणे क्रोधाहातीं ॥ सोडवूनि घेतलेंरे ॥ ३ ॥

पावलों पावलों ॥ देवा पावलोंरे ॥ १ ॥
बरवें संचित होतें तैसें आलें रे ॥ आतां काय बोलोंरे ॥ २ ॥
सोज्वल कंटक वाटा भावें करुं गेलोंरे ॥ तुका ह्मणे करूनी वेगळा केलोरे ॥ ३ ॥

कां होती कां होती ॥ देवा ए वढी फजिती ॥ १ ॥
मुली वर्म नसतां चुकलों ॥ तो मी एसें चिर्त्तीं ॥ २ ॥
होणार होउनि गेलें ॥ मिथ्या आतां खंतीरे ॥ ३ ॥
तुका ह्मणे पुरे आतां ॥ दुर्जनाची संगतिरे ॥ ४ ॥

सोडवा सोडवा ॥ सोडवा हो अनंता ॥ १ ॥
तुजविण ऐसा ॥ कोण दुजा प्राणदाता ॥ २ ॥
कोणा लाजनेणा एसें ॥ आणि काशरण आह्मी जातां ॥ ३ ॥
तुका ह्मणे सखया ॥ माझ्या रखुमाईच्या कांता ॥ ४ ॥

पुत्राची वारता ॥ शुभ ऐके जेवी माता ॥ १ ॥
तैसें राहो माझें मन ॥ गातां ऐकतां हरिगुण ॥ २ ॥
नादें लुब्ध झाला मृग ॥ देह विसरला अंग ॥ ३ ॥
तुका म्हणे पाहे ॥ कासवीचें पिलें माये ॥ ४ ॥

આ પ્રમાણે સત્કવિની નૈસર્ગિક વૃત્તિને અનુસરીને તુકારામ મહારાજે પોતાનો ક્ષોભ કવિતારૂપે પ્રદર્શિત કર્યો છે. વળી ભગવદ્‌વિધાન ઉપર તુકારામ મહારાજને કેટલો વિશ્વાસ હતો, અને ભગવાનમા પોતાની આટલી બધી તન્મયતા હોવા છતાં પણ તેમણે કેટલી બધી નમ્રતા બતાવી છે, તે તેમના ઉપર્યુક્ત આત્મનિવેદન ઉપરથી સ્પષ્ટ જણાય છે. કઠોર નિગ્રહ અને સંયમદ્વારા આટલા દિવસ તેમણે પોતાના શરીર અને મનને વશીભૂત કર્યું હતુ, તેની આજે પરિપૂર્ણ પરીક્ષા થઇ ગઇ હતી; અને તે પરીક્ષામાં તુકારામ મહારાજ સંપૂર્ણ રીતે સફળ નીવડયા હતા. ત્યાર પછી તુકારામ ઘેર ગયા, એટલે અબળાઇએ તેમની અંગવેદના દૂર કરવાને અનેક પ્રકારના ઉપચારો કર્યા, થોડી વાર પછી તુકારામ મહારાજ જરા સ્વસ્થ થયા એટલે તેમણે સ્વામીના સંકીર્તન અને એકાદશીના પૂજનની સામગ્રી તૈયાર કરી આપી. સંધ્યાકાળે તુકારામ મહારાજ કીર્તન કરવાને ઉભા થયા. દેશ પરદેશના અનેક શ્રદ્ધાળુ ભક્તો પરમ પ્રેમ અને ઉત્સાહથી તેમનો સદુપદેશ સાંભળવાને જ્યાં સ્થાન મળ્યુ ત્યાં બેસી ગયા હતા. ગામના–દેહુના પણ સર્વે ભાવિક પુરૂષો આવી ગયા હતા. પણ હજુ સુધી મંબાજી જણાયા નહિ. મંબાજી તુકારામની કથા સાંભળવાને દરરોજ આવતા હતા, અને આજે નહિ આવેલા હોવાથી તુકારામ મહારાજે તેમને તેડી લાવવા માણસ મોકલ્યું. માણસે જઇને મંબાજીને તુકારામ મહારાજના સમાચાર કહ્યા અને આવવાને માટે ઘણોજ આગ્રહ

કર્યો. પરંતુ આજે મંબાજીને આવવાની ઇચ્છા નહોતી, તેથી તેમણે “મ્હારૂં સઘળું અંગ દુઃખે છે, માટે આવી શકાય એમ નથી” એમ કહાવી મોકલ્યું. તે સાંભળીને તુકારામ મહારાજ પોતે તેજ વખતે તેમને ઘેર ગયા. તેમને પગે લાગીને કહેવા લાગ્યા કે “મહારાજ, મ્હારો અપરાધ ક્ષમા કરો. મ્હે જો આપની વાડીમા કાટા ન નાંખ્યા હોત તો આપને આટલો બધો શ્રમ પડત નહિ, અને આપને પોતાને મને મારવાનો પ્રસગ પણ આવત નહિ. મહારાજ ! આપના દુઃખનુ મૂળ-કારણ હુંજ છુ, માટે મને ક્ષમા કરો અને કીર્તનમાં ચાલો.” એમ કહીને તુકારામ મહારાજ તેમના પગ ચાંપવાને બેસી ગયા. તુકારામ મહારાજની આવી અલૌકિક ક્ષમાવૃત્તિ જોઇને મંબાજી લજ્જીત થઇ ગયા, અને તેજ વખતે તુકારામ મહારાજ સાથે હરિકીર્તનમા જવાને તૈયાર થયા. એ પછી તુકારામ મહારાજ અને મંબાજી વચ્ચેનો સબધ વધારે ગાઢો થતો ગયો. તુકારામ મહારાજના અલૌકિક ભક્તિભાવથી મંબાજીને તેમની પ્રત્યે પૂજ્યભાવ ઉત્પન્ન થયો, અને તે દિવસથી તેઓ તુકારામ મહારાજનો દ્વેષ કે નિદા કરવાનું છોડી દઇને પરમ પ્રીતિપૂર્વક તેમના સત્સમાગમમા દિવસ નિર્ગમન કરવા લાગ્યા. વળી જે દિવસે આ સકળ ઘટના બની, તેજ દિવસે રાત્રિના કેટલાક તસ્કરો તુકારામ મહારાજની ભેસ છોડી જતા હતા. પરતુ કાંઇ અલૌકિક ક્રિયાના દર્શનથી ભયભીત થઇને ભેસને ન લેતાં, વિઠ્ઠલ મંદિરમાં તુકારામ મહારાજના શરણમાં આવી પડયા. તુકારામ મહારાજ આમાંનુ કાંઇ પણ જાણુતા નહોતા. તેથી તેમણે તસ્કરોને આમ ભયભીત થવાનુ કારણ પૂછ્યું. તસ્કરોએ ત્યાં આગળજ સમસ્ત હકીકત નિવેદન કરી, એટલે તુકારામ મહારાજે કહ્યું કે “જો તમારે ભેંસ જોઇતી હોય તો ખુશીથી લઇ જાઓ, પરંતુ હવે પછી આવું પાપ-કર્મ કદિ પણ કરશો નહિ.” તસ્કરોએ ભેંસ લેવાની ના પાડીને

તુકારામ મહારાજની પ્રશંસા કરતા કરતા, પોતાને ઘેર ચાલ્યા ગયા. આ ઘટના પ્રત્યક્ષ જોઇને, અને તુકારામ મહારાજની અસાધારણ મહત્તા અને ક્ષમાશીળતાથી મુગ્ધ થઇને મ બાજી તેમના પ્રતિના પોતાના વૈરભાવનો ત્યાગ કરી, તુકારામ મહારાજને પૂજ્ય દૃષ્ટિથી જોવા લાગ્યા.

એક સમયે લોહ નામના ગામમા તુકારામ મહારાજ કીર્તન કરતા હતા. તે વખતે અન્ય માણસોની સાથે એક સંન્યાસી પણ કીર્તન સાંભળવાને આવ્યા હતા. તુકારામ મહારાજે પોતાના કીર્તનમા જપ તપાદિ મોક્ષ સાધનોની વ્યર્થતા સ્થાપિત કરી ભગવાનના નામમહાત્મ્યનું વર્ણન કર્યું, અને લોકોને ઇતર માર્ગનો ત્યાગ કરીને સ્મરણ-ભકિત ગ્રહણ કરવાનો ઉપદેશ આપ્યો. એ સાંભળીને પેલો સન્યાસી બહુજ ગુસ્સે થયો અને તેથી તેણે પૂનામાં દાદાજી કોંડદેવ પાસે જઇને ફરીઆદ કરી કે "તુકારામ કરીને દેહુ ગામમાં એક સાધુ રહે છે, તે વેદોક્ત કર્મમાર્ગનો ઉચ્છેદ કરવાના હેતુથી લોકોને તેનો ત્યાગ કરી નામસ્મરણ કરવાનો બોધ કરે છે. આ પ્રમાણે કીર્તન કરીને તે લોકોને ઉંધે રસ્તે દોરે છે; અને સનાતન ધર્મ–માર્ગનો નિષેધ કરે છે, માટે તેને યોગ્ય શિક્ષા કરી તેમ કરતા અટકાવવો જોઇએ ? દાદાજી કોંડદેવ તુકારામ મહારાજની યોગ્યતા કેટલી છે, અને તેઓ જે કાઇ ઉપદેશ આપે છે, તેમાં તે સંન્યાસીના કહેવા પ્રમાણે કાંઇ અયોગ્ય અથવા સનાતન વેદધર્મ–વિધ્વંસક છે કે નહિ, તે સારી રીતે જાણતા હતા. તેથી સન્યાસીની ફરીઆદ બરોબર સાંભળી લીધા પછી તેમણે કહ્યું કે " ઠીક છે, હું તુકારામને હમણાંજ બોલાવી મંગાવું છું, પણ તમારે બન્નેને વાદવિવાદ કરવો પડશે. એ વાદવિવાદમાં–શાસ્ત્રાર્થમાં–જેનો પરાજય થશે તેને હુ શિક્ષા કરીશ." સંન્યાસી વાદવિવાદ કરવાને સંમત થયા એટલે કોંડદેવે તુકારામ મહારાજને તેડી લાવવાને લોહગામ માણસ મોકલ્યા. તુકરામ મહારાજ

લોહગામના બીજા ભાવિક ભક્તોની સાથે પૂને આવી પહોંચ્યા, અને ગામથી દૂર પડાવ નાંખ્યો. પૂનાના લોકોએ તુકારામ મહારાજની કીર્તિ ક્યારનીએ સાંભળી હતી, અને તેઓ તેમનાં દર્શન કરવાને બહુજ આતુર હતા. તુકારામ મહારાજના આવાગમનની વાત જોતજોતામાં આખા ગામમાં પ્રસરી ગઇ, લોકોનાં ટોળે-ટોળાં તેમની પાસે આવવા લાગ્યા, અને તેમને ભક્તિપુરઃસર પ્રણામાદિ કરીને અપૂર્વ આદરમાન આપવા લાગ્યા, અન્ય લોકોની પેઠે દાદાજી કોંડદેવ પણ તુકારામ મહારાજના દર્શનાર્થે જવાને તૈયાર થયા. પરંતુ પેલા સંન્યાસીએ તેમને તેમ કરવાનો નિષેધ કર્યો. દાદાજી કોડદેવ તુકારામ મહારાજની યોગ્યતા સારી રીતે જાણતા હતા, એટલે સંન્યાસીના કહેવાથી રોકાઇ જાય એવા નહોતા. તેઓ સંપૂર્ણ મુસદ્દી માણસ હતા, એટલે તેમણે સંન્યાસીનું પણ મન દુભાય નહિ એવો રસ્તો લીધો. તેમણે સંન્યાસીને સમજાવ્યા કે, "હું તેમનો આદરસત્કાર કરીને હમણા ગામમાં તેડી લાવું છું. પછી તમે તેની સાથે શાસ્ત્રાર્થ કરીને ફજેત કરજો." એમ કહીને દાદોજી કોડદેવ ત્યાંથી ચાલ્યા અને તુકારામ મહારાજને ઉતારે જઇને તેમને આદરમાનથી ગામમાં તેડી લાવ્યા. થોડીવાર પછી કીર્તનની તૈયારી થઇ એટલે તુકારામ મહારાજ કીર્તન કરવાને ઉભા થયા. તેમનું કીર્તન સાંભળવાને ગામ પરગામના હજારો મનુષ્યો એકઠાં થયાં હતાં. દાદોજી કોંડદેવ સાથે પેલો સન્યાસી પણ આવ્યો હતો. તુકારામ મહારાજનો પ્રેમાળ અને ભક્તિરસથી ભરેલો સદ્બોધ સાંભળીને તેની ચિત્તવૃત્તિ સ્થિર થઇ ગઇ. હવે તુકારામ મહારાજનું પ્રતિપાદન યથાર્થ છે, અને તેમનો ભક્તિમાર્ગ કૈવલ્યપ્રાપ્તિ કરાવનારો છે. એવી તેની ખાત્રી થઇ. તેનું સઘળું અભિમાન ઉતરી ગયું, મનના વિચારો બદલાઇ ગયા, અને વાદવિવાદ કરવાનું ભૂલી જવાયું.

તે અતિશય નમ્ર થઇ ગયો, તેની ચિત્તવૃત્તિમાં એકાએક આવો ફેરફાર થએલો જોઇને દાદોજી કોંડદેવ તેને તુકારામ મહારાજ સાથે વાદવિવાદ–શાસ્ત્રાર્થ કરવાનું કહેવા લાગ્યા. દાદોજી તેની ચિત્તવૃત્તિ પહેલેથીજ કળી ગયા હતા. તે કદિ પણ વાદવિવાદ કરવાનો નથી, એમ તેમની ખાત્રી થઇ હતી. જ્યારે સન્યાસીએ વાદવિવાદ કરવાની ના પાડી ત્યારે દાદોજીએ કહ્યું કે: "તમે આવા મહાન સાધુની સાથે વિરોધ કર્યો છે. માટે હવે તમને ગધેડાપર બેસાડીને ગામમાં ફેરવવામાં આવશે." કોંડદેવની આજ્ઞા સાભળીને પેલો સંન્યાસી થરથર ધ્રુજવા લાગ્યો. તુકારામ મહારાજે તેને સાંત્વન આપ્યુ; અને દાદોજીને સમજાવ્યા. છેવટે દાદોજી કોડદેવે તેને ફરીથી કોઇ પણ દિવસ આવું કામ નહિ કરવાની તાકીદ આપી છોડી મૂકયો.

ચિંચવડમાં ચિંતામણિદેવ નામનો એક ગણપતિની ઉપાસના કરનાર બ્રાહ્મણ રહેતો હતો. તુકારામ મહારાજની કીર્ત્તિ સાંભળીને, તેણે તુકારામ મહારાજને પોતાને ત્યા બોલાવીને તેમની વાસ્તવિક યોગ્યતા કેટલી છે, તે તપાસી જોવાનો, અને જો દાંભિક હોય તો શિક્ષા કરવાનો વિચાર કર્યો. આ પ્રમાણે વિચાર કરીને તેમણે તુકારામ મહારાજને પોતાને ઘેર આવવાનુ નિમંત્રણ કર્યું. નિમંત્રણ પહોંચતા જ તુકારામ મહારાજ ચિંચવડ આવી પહોંચ્યા. ચિંતામણિદેવે તેમની સારી રીતે પરીક્ષા કરી જોઇ તો તુકારામ મહારાજ ખરેખરા મહા તેજસ્વી અને પરમ શ્રેષ્ઠ ભક્ત છે એમ ખાત્રી થઇ. તેમનું અભિમાન ઉતરી ગયુ. તેમણે તુકારામ મહારાજનું પરમ ભક્તિભાવપૂર્વક સારી રીતે આદરાતિથ્ય કર્યું, અને તેમના એક પરમ ભક્ત–શિષ્ય બન્યા. તે સમય પછી ચિંતામણિદેવ તુકારામ મહારાજને વારંવાર ચિંચવડ બોલાવીને કીર્તન કરાવતા હતા. ચિંતામણિદેવ તુકારામ મહારાજને ચિંચવડ લઇ ગયા તે સંબંધમાં તેમણે

પાંચ અભંગો રચ્યા છે, તેમાંનો એક વાચક બંધુની જાણને માટે અહીં ઉદ્ધૃત કરીએ છીએ.

माझा स्वामी तुझी वागवितो लात ।
तेथें मी पवित्त काय आलो ॥ १ ॥
तीर्थे तुमच्या चरणीं जाहाली निर्मळ ।
तेथे मी दुर्बल काय वाणूं ॥ २ ॥
तुका ह्मणे तुम्ही देवा द्विजवंद्य ।
मी तों कायनिद्य ोनियातो ॥ ३ ॥

ઉપલા અભંગમાં તુકારામ મહારાજ બ્રાહ્મણને કેટલા વંદનીય માનતા હતા, તે સ્પષ્ટ જણાય છે. બ્રાહ્મણ એ ભૂદેવ છે, માટે તેમનો કદિ પણ અનાદર કરવો જોઇએ નહિ. તુકારામ મહારાજને બ્રાહ્મણો માટે બહુજ માન હતું. તેઓ બ્રાહ્મણને દેવરૂપ ગણતા, અને કોઇ પણ રીતે તેમનુ મન દુઃખાય નહિ; તે માટે બહુજ સભાળ રાખતા હતા. કેટલાક બ્રાહ્મણ પંડિતોએ તેમની સાથે ઘણીવાર છળકપટ રમી તેમનો દ્વેષ અથવા તિરસ્કાર કર્યો છે, પરંતુ તુકારામ મહારાજે તેમની સામે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથી. તેમણે જે જે કાંઇ કર્યું અને કહ્યું તે સઘળું અપૂર્વ ધૈર્ય રાખીને સહન કર્યું છે. તેમનો ભગવત્પ્રાપ્તિનો માર્ગ પ્રચલિત કર્મમાર્ગથી સર્વથા વિપરીત હોવાથી કર્મઠ બ્રાહ્મણો તેમની નિંદા અથવા ઈર્ષા કરે એમાં કાંઇ નવાઇ જેવું નહોતું, છતાં પણ જે જે બ્રાહ્મણો તેમના સદ્બોધરૂપી અમૃતનો લાભ લેવાને ભાગ્યશાળી થયા, તે સર્વ પાછળથી, પોતાની ભ્રાંતિ દૂર કરી ઇર્ષા—દ્વેષ કિંવા તિરસ્કારનો ત્યાગ કરી, તેમના અનુયાયી બન્યા હતા; અને પોતાના જાત્યભિમાનનો ત્યાગ કરી તેમને શરણે જઇને કૃતાર્થ થયા હતા.

પ્રકરણ ૭ મું.

હિંદુ જાતિની સાધારણ માન્યતા પ્રમાણે દીક્ષા લીધા વિના કોઇ પણ મનુષ્ય ધાર્મિક જીવનમાં પ્રવેશ કરવાને અધિકારી થઇ શકતું નથી. એ પ્રચલિત માન્યતાને અનુલક્ષીને આપણા પુરાણીઓ અને કથાકારો ગુરૂની મહત્તાનુ વર્ણન કરતી વખતે દીક્ષા લેવાની આવશ્યકતા જણાવતાં આજન્મતપસ્વી ધ્રુવજીનું દૃષ્ટાંત આપે છે. મહર્ષિ નારદથી દીક્ષિત થઇનેજ ધ્રુવજી ભગવદ્દર્શન કરવાને ભાગ્યશાળી થયા હતા. આત્મસંયમ અને સહિષ્ણુતા વગેરે ગુણોથી તુકારામ મહારાજે પણ હવે દીક્ષા લેવાને યોગ્યતા પ્રાપ્ત કરી છે. પરંતુ તેમની દીક્ષા સાધારણ મનુષ્યની દીક્ષાના જેવી, જેવી તેવી-નામ માત્રની દીક્ષા નહોતી. તેમ જેવા તેવા સાધારણ પુરૂષની દીક્ષા એમને કામ લાગે એમ નહોતી. તુકારામ મહારાજને દીક્ષા યોગ્ય થએલા જોઇને સ્વયં વિઠોબાએ સ્વપ્નમા આવિર્ભૂત થઇને તેમને દીક્ષા આપી હતી. મહીપતિ લખે છે કે એક વખત મહા સુદ ૧૦ ને ગુરૂવારે તુકારામ મહારાજ પોતાના નિત્ય નિયમ પ્રમાણે વિઠોબાનું ધ્યાન ધરતાં ધરતાં નિદ્રાવશ થઇ ગયા. તે પછી તેમને સ્વપ્ન થયું કે તેઓ ઇંદ્રાયણીમા સ્નાન કરી કેટલાક તુલસીપત્ર લઇને વિઠોબાના મંદિર તરફ જતા હતા. તેજ સમયે એક વૃદ્ધ બ્રાહ્મણ પણ તેજ રસ્તેથી ચાલ્યા જતા હતા. તુકારામ મહારાજે પોતાના હમ્મેશના રીતિરીવાજ પ્રમાણે તે બ્રાહ્મણને સાષ્ટાંગ પ્રણામ કર્યા, તેથી તે બ્રાહ્મણે પ્રસન્ન થઇને તેમના મસ્તક ઉપર હાથ મૂકી "રામ કૃષ્ણ હરિ" એ મંત્રનો ઉપદેશ આપ્યો, તે વખતે તુકારામ મહારાજે તે બ્રાહ્મણને પોતાના ગુરૂ માની તેમનો ઇતિહાસ અને ગુરૂપરંપરા જાણવાના હેતુથી તેમને તે વિષે પૂછવાનો વિચાર કરવા લાગ્યા. વૃદ્ધ

બ્રાહ્મણનો વેશ લઇને પધારેલા વિઠોબા પોતાના ભક્તનો વિચાર કળી ગયા, અને પોતાની ગુરૂપરંપરાનું વર્ણન કરતાં કહેવા લાગ્યા કે "રાઘવ ચૈતન્ય" નામના વૈષ્ણવ ભક્તને "ચૈતન્ય કેશવ" નામના એક શિષ્ય હતા. તે ચૈતન્ય કેશવ મ્હારા ગુરૂ થાય છે, અને મ્હારૂં નામ "બાબા ચૈતન્ય" છે. આ પ્રમાણે પોતાની ગુરૂપરંપરા જણાવ્યા પછી વિઠોબાએ કહ્યું કેઃ "તુકારામ, તું કદિ પણ વિઠોબાની ઉપાસના અને ધ્યાનનો પરિત્યાગ કરીશ નહિ, તેમની આરાધનાથીજ ત્હારૂં કલ્યાણ થશે, અને તું પરમપદને પામીશ." ગુરૂ મહારાજનું વચન સાંભળીને તુકારામ મહારાજે તેમને ફરીથી સાષ્ટાંગ પ્રણામ કર્યા, અને અતિ વિનયપૂર્વક કહેવા લાગ્યા કેઃ "મહારાજ, મ્હારૂં ઘર પાવન કરો; અને હું આપની સેવામાં જે કાંઇ હાજર કરૂં, તેનો સ્વયંપાક બનાવીને યથેષ્ટ ભોજન કરો." બ્રાહ્મણ તુકારામ મહારાજની માગણીનો સ્વીકાર કરી તેની સાથે તેમને ઘેર ગયા. પરંતુ અબળાઈએ અતિથિને જોઈને તુકારામ મહારાજ સાથે કલહ કરવા માંડયો. તેથી વૃદ્ધ બ્રાહ્મણ-વેશધારી વિઠોબા ત્યાંથી અંતર્ધ્યાન થઇ ગયા. આ સમયે તુકારામ મહારાજની આંખ ઉઘડી ગઇ; અને સ્વપ્નમાં દીઠેલા મહાપુરૂષના દર્શન નહિ થવાથી આકુળવ્યાકુળ થવા લાગ્યા ઘણી વખત દિવસના વિચારો રાત્રિને સમયે સ્વપ્નમા જણાય છે. અતિથિ-અભ્યાગતની સેવાશુશ્રૂષા કરવાની બાબતમાં તુકારામ અને અબળાઇ વચ્ચે વારંવાર કલહ થતો હતો; અને તેથી તુકારામ મહારાજનુ હૃદય બહુજ ખિન્ન થતું હતું. વૃદ્ધ બ્રાહ્મણના અદર્શનથી તુકારામ મહારાજને વિચાર થયો કે, સંસારમાં રહીને મને સ્વપ્નમાં પણ શાન્તિ મળતી નથી. અતિથિ-અભ્યાગતની સેવા માટેજ ગૃહસંસાર છે, પરંતુ સ્વપ્નમાં પણ જ્યારે તે સેવાધર્મનું પ્રતિપાલન કરી ન શકયો, તો હવે તેનો પરિત્યાગજ કરવો જોઇએ. એ પ્રમાણે નિશ્ચય કરીને તેઓ 'બહ્મોલ'

વનમાં ચાલ્યા ગયા. સવારમા ત્યાંથી આવી ઇંદ્રાયણીમાં સ્નાન કરી વિઠોબાની પૂજા કરવા મંદિરમાં આવતા, અને પૂજા કરીને પાછા અરણ્યમા ચાલ્યા જતા. આ સમયે લોકો તેમને એક અપૂર્વ ભગવદ્-ભક્ત તરીકે પૂજતા હતા. લોકોની તેમનામા અપૂર્વ શ્રદ્ધા હતી. તેથી ઘણા લોકો તેમને માટે ભોજન લઇને બલ્લોલ વનમા જતા હતા, અને તેમને શોધી કાઢી ભોજન કરાવીને પોતાને કૃતકૃત્ય થએલા માનતા હતા. જે દિવસે કોઇ પણ આવતું નહિ, તે દિવસે તુકારામ મહારાજને ઉપવાસ થતો હતો. પ્રાયઃ બે મહિના સુધી આ પ્રમાણે અરણ્યમા નિવાસ કર્યા પછી એક દિવસ તુકારામ મહારાજ ઇંદ્રાયણીમાં સ્નાન કરવાને આવ્યા હતા. દૈવયોગે અબળાઇ પણ પાણી ભરવાને તેજ વખતે ઇંદ્રાયણી ઉપર આવી પહોચ્યા. તુકારામને જોઇને અબળાઇ તેમનુ વસ્ત્ર પકડીને કહેવા લાગ્યા કે આજ કાલ કરતા બે મહિનાથી તમે અમારો ત્યાગ કર્યો છે, તો અમારી શી ગતિ થઇ હશે તેનો વિચાર પણ આવે છે કે? તુકારામ મહારાજે કહ્યું "વિઠોબા અને રૂકિમણી જગતના માતાપિતા છે. આપણે સઘળા તેનાજ સતાનો છીએ, તું તેમનેજ શરણે જા, એટલે તને કોઇ પણ વાતની ચિંતા રહેશે નહિ." ત્યાર પછી અબળાઇએ તુકારામ મહારાજને ઘેર આવવા માટે ઘણી આજીજી કરી. તેમણે તુકારામ મહારાજના ચરણમા આળોટી પડીને કહ્યુ કે. "હવે હું આપના ધર્મ-કર્મમા વિઘ્ન નાખીશ નહિ. હવે ઘેર ચાલો, અને ત્યાં બેસીને નિશ્ચિતતાથી હરિભજન કરો." આખરે તુકારામ મહારાજને પણ દયા આવી; અને તેઓ પોતાની પત્ની સાથે ઘેર આવ્યા.

ઘેર આવીને તુકારામ મહારાજે પોતાના બારણામાં વાવેલા તુલસીમંડપમાં બેસીને હરિભજન કરવાનો આરંભ કર્યો. વળી સાથે સાથે અબળાઇને પણ શિક્ષા આપવા માટે તેને પોતાની પાસે બેસાડી

ઉપદેશ આપવા માંડયો. જ્યારે જ્યારે તુકારામ મહારાજ પોતાના ઘરમાં વાર્તા વિનોદ અથવા સકીર્તનનો આરભ કરતા ત્યારે ત્યારે ત્યા આગળ ઘણા લોકો ટોળે થઇ જતા હતા. અબળાઇને તે ગમતું નહિ, તેથી તેઓ તે પ્રત્યે વિરક્તિ પ્રદર્શિત કરતા હતાં. જ્યારે અબળાઇ આ પ્રમાણે કરતાં ત્યારે તુકારામ મહારાજ તેમને કહેતા કે "જો વિઠોબાની સેવાના પ્રતાપથીજ આ સઘળા લોકો મ્હારી ઉપર આટલો બધો પ્રેમ–ભક્તિભાવ–રાખે છે. નહિ તો ઘર ધધો છોડીને કોણ કોને ત્યા જવા બેસી રહ્યુ છે? બિચારા લોકો પોતાનો કામ ધધો ચૂકીને મ્હારી પાસે આવે છે, તેથી ત્હારે તો ઉલટું ખુશી થવું જોઇએ, એને બદલે તું આમ વિરક્ત થાય એ યોગ્ય નથી. વળી બાળ બચ્ચાને માટે ત્હારે આટલી બધી ફીકર–ચિતા શા માટે રાખવી જોઇએ? વિઠોબાજ સમસ્ત જગતનો પ્રતિપાલક છે, તું તેનેજ શરણે જા, તેનું ચિત્વન કર. એટલે ત્હારૂં સકળ દુખ-સકળ અભાવ જતા રહેશે. જ્યા સુધી તું ત્હારી આ સસાર પ્રત્યેની મમતાનો ત્યાગ નહિ કરે ત્યાં સુધી હરિભજનમા ત્હારૂ ચિત્ત ચોટવાનુ નથી. આવતી કાલનો દિવસ બહુજ પવિત્ર છે, માટે કાલથીજ ચિત્તને દૃઢ કરી, અને આ નશ્વર પદાર્થો ઉપરથી માયા મમતા છોડી દઇ જે કાઇ હોય તો સાધુ બ્રાહ્મણોને આપી દઇ, ભક્ત વૈષ્ણવોની દાસી થા અને અનન્ય ચિત્તે સાધુસેવા કરી આ પૃથ્વી ઉપર જન્મ લીધાનુ સાર્થક કરી લે. આ ક્ષણભગુર સુખની આશાનો પરિત્યાગ કરી, જો તું વિઠ્ઠલના નામસ્મરણમા લીન થઇશ, તો છેવટે પરમાનંદની અધિકારિણી થઇશ." તુકારામ મહારાજે પોતાની પત્નીને ઉપદેશ આપવા માટે આ વખતે અગિયાર અભગો રચ્યા છે, અને તે સકળ અભંગો "પૂર્ણબોધ" નામે ઓળખાય છે. તુકારામ મહારાજના ઉપદેશમાં એક ચમત્કાર એ હતો કે તેઓ જેને ઉપદેશ આપતા, તેનું મન

એકાએક શુદ્ધ થઇ જઇ તેના મલિન વિચારો નષ્ટ થઇ જતા હતા, અને તે તેમના ઉપદેશ પ્રમાણે વર્તવાને તૈયાર થઇ જતો હતો. અબળાઇના હૃદયમાં પણ તેમના ઉપદેશની સચોટ છાપ પડી; અને સંપૂર્ણ સંસારી અબળાઇ થોડા સમયને માટે સંપૂર્ણ વિરાગિણી બની. તુકારામ મહારાજના ઉપદેશ પ્રમાણે તેમણે પોતાનું સર્વસ્વ સાધુ બ્રાહ્મણોને દાન કરી દેવાનું સ્વીકાર્યું. બીજે દિવસે એકાદશી હતી. તેથી તેજ દિવસે તુકારામ મહારાજે પોતાની પત્ની પાસે ઘરમાંનાં વાસણકુસણ, રાચરચિલુ, દાણોદુણી જે કાંઇ હતું તે સાધુ બ્રાહ્મણોને અપાવી દીધું; અને ઘરમાં કાંઇ પણ રહેવા દીધુ નહિ. સઘળુ આપી દીધા પછી એક ગરીબ ભિખારણે આવીને તુકારામ મહારાજ પાસે એક વસ્ત્રની માગણી કરી. તુકારામ મહારાજને તેની દશા જોઇને દયા આવી. તેઓ ઘરમાં ગયા, પરંતુ ઘરમાં એવી કાઇ પણ વસ્તુ રાખી નહોતી કે તે ભિખારણને આપી શકે, એટલામાં દૈવયોગે અબળાઇનું એક જીર્ણ વસ્ત્ર હાથમાં આવી ચડયુ. અબળાઇને ન જણાવતાં તુકારામ મહારાજે તે વસ્ત્ર પેલી ભિખારણને આપી દીધુ. તુકારામ મહારાજના ઉપદેશથી અબળાઇને વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો પરંતુ હજુ તેના સંસ્કારો સપૂર્ણ જામ્યા નહોતા. તુકારામ મહારાજની આજ્ઞા પ્રમાણે તે દિવસે તેમણે ઘરમાં જે કાઇ હતું તે સઘળું દાન કરી દીધું હતું ફક્ત પોતાની લજ્જાનું નિવારણ કરવાને માટે એકજ વસ્ત્ર રાખ્યુ હતું. આ વસ્ત્ર પણ તુકારામ મહારાજે તેમને પૂછ્યા ગાછ્યા વગર આપી દીધુ, તેથી તેમને પાછો ક્રોધ થઇ આવ્યો; અને તુકારામ મહારાજને જેવાં આવ્યાં તેવાં વચનો કહેવા માંડયાં. અબળાઇના ગુણદોષની આપણે પહેલાંથીજ આલોચના કરી ગયા છીએ. તેમને મૂર્ખ અને કડવાબોલાં કહેવા પહેલાં, તેમને જે જે કઠિન કસોટીઓમાંથી પસાર થવું પડયું છે, તેનો સંપૂર્ણ વિચાર કર-

વાનો છે. અમે તે કામ અમારા સુજ્ઞ વાચકોને સોંપી ટુંકામાં એટલુંજ કહીશુ કે તે દિવસથી અબળાઇ ઇશ્વિરભક્તિમાં વિશેષ લક્ષ આપવા લાગ્યાં. જોકે તેમણે ઘરસંસારનો ત્યાગ કર્યો હતો છતાં પણ તેઓ પોતાના સ્વામીના જેવી ચિત્તવૃત્તિ ધારણ કરી શકયાં નહોતાં અને તેમ થાય એ સ્વાભાવિકજ છે. તુકારામ મહારાજ પોતાની ઉપર થએલા અબળાઇના ઉપકારો સારી રીતે જાણતા હતા, અને તેથીજ તેમણે તેમનો પરિત્યાગ કર્યો નહોતો.

તુકારામ મહારાજને ત્રણ કન્યા અને બે પુત્ર હતા. કન્યાઓનાં નામ કાશી, ભાગીરથી અને ગંગા; તથા પુત્રનાં નામ મહાદેવ અને વિઠોબા હતાં. જ્યારે તુકારામ મહારાજનો સ્વર્ગવાસ થયો ત્યારે અબળાઇ સગર્ભા હતા. તુકારામના કૈવલ્ય-નિવાસ પછી તેમણે એક ત્રીજા પુત્રરત્નને જન્મ આપ્યો હતો; અને તેનું નામ નારાયણ રાખવામાં આવ્યું હતું. ત્રણ પુત્રીઓનાં લગ્ન અનુક્રમે લોહગામના "મોઝે" બેલવાડીના "ગાડે" અને જાંબલીના "જાંબૂલકર" કુટુંબમાં કરવામાં આવ્યાં હતાં. કાશી, ભાગીરથી અને ગંગાનાં લગ્ન સબંધી મહીપતિ લખે છે કેઃ "કન્યાઓ યોગ્ય ઉંમરે પહોંચતાં અબળાઇ તેમનાં લગ્ન કરવા માટે બહુજ ચિંતા કરવા લાગ્યાં. તેઓ તુકારામ મહારાજને પોતાની પુત્રીઓ માટે યોગ્ય વર શોધી કાઢવા વારંવાર કહેવા લાગ્યાં." પરંતુ તુકારામ મહારાજ તે ઉપર બરોબર લક્ષ આપતા નહિ. તુકારામ મહારાજને આ પ્રમાણે પોતાના પરિવારની બીલકુલ ફીકર ચિંતા હતી નહિ. તેઓને વિઠોબા ઉપર સંપૂર્ણ ભરોસો હતો. તેથી તેઓ તેની ઉપરજ આધાર રાખીને બેઠા હતા. જેમ જેમ દિવસ જતા ગયા, તેમ તેમ અબળાઇની ચિંતાનો પાર રહ્યો નહિ. આખરે ઘરમાં દરરોજ કલહ થવા લાગ્યો, તેથી "એક દિવસ તુકારામ મહારાજ પોતાની કન્યાઓ માટે વર શોધવાને

બહાર નીકળ્યા અને રસ્તામાં પોતાની જ્ઞાતિના કેટલાક બાળકો રમતા હતા, તેમાથી ત્રણ બાળકોને પોતાને ઘેર તેડી લાવ્યા અને તરતજ બ્રાહ્મણને બોલાવીને તેમની સાથે પોતાની કન્યાઓ પરણાવી દીધી. લગ્ન સમયે થતું પ્રીતિભોજન કરાવવાની તેમની શક્તિ નહોતી, તેથી તેમણે પોતાના જમાઇઓને તે દિવસે ફક્ત દૂધ ભાતજ જમાડયા. બીજે દિવસે આ વાત પેલા બાળકોના માતાપિતાના, અને ગામના ઇતર લોકોના જાણવામાં આવી. તુકારામ જેવા સાધુપુરૂષની સાથે સંબંધ બંધાવાથી તેમના આનંદનો પાર રહ્યો નહિ તે પછી ગામના લોકોએ અને તુકારામ મહારાજના શિષ્યો તથા સગા સંબંધીઓએ પણ યોગ્ય સહાય કરી, અને સકળના અનુગ્રહથી લગ્નોત્સવ સારી રીતે ઉજવવામા આવ્યો.

તુકારામ મહારાજનો કનિષ્ઠ પુત્ર નારાયણ આગળ જતાં પોતાના બન્ને વડિલ બંધુઓ કરતાં વધારે બુદ્ધિમાન અને ધર્મશીળ નીકળી આવ્યો. તુકારામ મહારાજની પેઠે તેને પણ ભક્તિ અને વૈરાગ્ય નાનપણથીજ સ્ફુરી નીકળ્યા હતાં, તેથી તે સદા સર્વદા પોતાના પિતાની પેઠે હરિભજનમાં નિમગ્ન રહેતો હતો. તુકારામ મહારાજે રચેલા સઘળા અભંગો તેણે મ્હોડે કરી નાખ્યા, અને નાની ઉંમરથીજ કીર્ત્તન કરવા માડયું. એક સમયે છત્રપતિ શિવાજી મહારાજ દેહુ આવ્યા હતા. તે વખતે વિઠોબાનાં દર્શન કરી તુકારામ મહારાજના ઘરની સ્થિતિ જોવાને નારાયણને ઘેર પધાર્યા હતા. નારાયણની વૃત્તિ જોઇને શિવાજી મહારાજને પરમ સંતોષ થયો, તેથી તેજ વખતે તુકારામ મહારાજને આપવા તૈયાર કરેલી સનંદ નારાયણને આપી હતી. એ સનંદની રૂએ નારાયણને દેહુ, કિન્હઇ અને એલવાલ એ ત્રણ ગામની જમાબંદી લેવાનો અધિકાર પ્રાપ્ત થયો હતો. એ ત્રણે ગામમાંથી તેમને દર વર્ષે રૂ. ૩૩૦૩ ઉત્પન્ન થતા હતા. આ

પ્રમાણે સ્થાયી ઉત્પન્નનો બંદોબસ્ત થઇ જવાથી તુકારામ મહારાજે સ્થાપેલા વિઠોબાના મંદિરનો સઘળો ખર્ચ અને વાર્ષિક સમારંભ નિયમિત રીતે સારી ધામધુમથી હજુ પણ ઉજવવામાં આવે છે.

ઉત્તરાવસ્થામાં નારાયણબાબા પણ સંસારથી વિરક્ત થઇ ગયા, અને પોતાની સર્વ ધન-સંપત્તિ સાધુ બ્રાહ્મણોને આપી દઇને દ્વારકાં, કાશી વગેરે તીર્થોનુ સેવન કરવાને ચાલ્યા ગયા. એમને વિષે એમ કહેવાય છે કે, ઘરબાર અને ધનસંપત્તિનો પરિત્યાગ કરી તેમણે મહાયાત્રા કરી; અને કાશીથી ગંગાજળની કાવડો ભરી જઇને અગિયાર વખત રામેશ્વર મહાદેવની પૂજા કરી હતી. આ પ્રમાણે યાત્રા કરી આવ્યા પછી તેમણે પોતાનુ શેષ જીવન ભગવદ્ભક્તિ કરવામાં વ્યતીત કર્યું હતું. તેમના બન્ને વડિલ બંધુઓ હમ્મેશાં તેમની આજ્ઞામાં રહેતા હતા. નારાયણ બાબાને પુત્ર નહોતો, તેથી તેમણે પોતાના વડિલ બંધુના બીજા પુત્રને દત્તક લીધો. તેનું નામ ઉદ્ધવબાબા હતુ. ઉદ્ધવબાબાના પુત્ર સદાનંદ બાબાને નારાયણબાબા, રામચંદ્રબાબા અને ગંગારામ બાબા નામે ત્રણ પુત્રો હતા અને તેઓ ઇ. સ. ૧૮૯૬ સુધી હયાત હતા; એમાથી સૌથી મોટા નારાયણબાબા દેવસ્થાનનો સઘળો વહિવટ કરતા હતા.

ત્રણે કન્યાઓનાં લગ્ન થઇ ગયા પછી તુકારામ મહારાજની ખ્યાતિ ધીમે ધીમે બહુજ પ્રસરવા માંડી; અને અનેક દૂર દૂરના દેશ દેશાંતરોમાંથી લોકો તેમની પાસે ઉપદેશ લેવાને આવવા લાગ્યા. એમ કહેવાય છે કે એક વખત કોઇ એક જ્ઞાન-પિપાસુ બ્રાહ્મણ વેદશાસ્ત્રાદિનું યથાર્થ જ્ઞાન સંપાદન કરવાને વિઠોબાના શરણમાં આવ્યો, તે વખતે તેને એવો આદેશ થયો કે જ્ઞાનેશ્વર મહારાજની આરાધના કરવાથી ત્હારી ઇચ્છા સફળ થશે. આદેશ થયા પ્રમાણે પેલા બ્રાહ્મણે જ્ઞાનેશ્વર મહારાજના સમાધિમંદિરમાં જઇને તેમની આરા-

ધના કરવા માંડી. પરંતુ ત્યાંથી પણ તેને એવો આદેશ થયો કે "દેહુ જઇને તુકારામ મહારાજનો આશ્રય લે, એમ કરવાથી ત્હારી કામના પરિપૂર્ણ થશે." જ્યારે બ્રાહ્મણ તુકારામ મહારાજ પાસે ગયો, ત્યારે તેનણે તેને ઉપદેશ આપવા માટે અગિયાર અભંગો રચ્યા, અને તે અભંગો અને એક નાળીએર પેલા બ્રાહ્મણના હાથમાં મૂકયા. તુકારામ મહારાજના અભંગો સંસ્કૃતને બદલે સાધારણ મરાઠી ભાષામાં રચેલા હોવાથી, તે જ્ઞાનાભિમાની બ્રાહ્મણને પસંદ પડયા નહિ. તેથી તેનો અનાદર કરી દૂર ફેંકી દઇ પાછો જ્ઞાનેશ્વર મહારાજના સમાધિમંદિરમાં ચાલ્યો ગયો. પરંતુ તે પછી ત્યાંથી તેને કોઇ પણ પ્રકારનો આદેશ થયો નહિ. આ તરફ કોડોબા નામનો એક નિરહંકારી અને અમાયિક પ્રકૃતિનો બ્રાહ્મણ ઘણે દૂરથી ઉપદેશ લેવાને તુકારામ મહારાજ પાસે આવી પહોંચ્યો. તેણે પેલા બ્રાહ્મણે પરિત્યાગ કરેલા અભંગો અને નાળીએર પરમ પ્રીતિ અને સમાદર પૂર્વક ગ્રહણ કર્યા. ઈશ્વરકૃપાથી તેજ વખતે તેનો ધર્મભાવ સારી રીતે સ્ફુરી નીકળ્યો. તુકારામ મહારાજના રચેલા આ અભંગો 'ઉત્તમ જ્ઞાન" ના નામથી ઓળખાય છે, અને તેમના અનુયાયીઓ હજુ પણ પરમ સમાદરપૂર્વક તેનુ ગાન કરે છે. વળી ઉપર્યુક્ત નાળીએરના સંબંધમાં એક એવી દંતકથા ચાલે છે કે, અમદાવાદના એક સાહુકારે પોતાનું કાર્ય સિદ્ધ થાય તો જ્ઞાનદેવ મહારાજની આલંદીની સમાધિને એક લક્ષ રૂપીઆ ભેટ કરવાની બાધા રાખી હતી. દૈવ ઇચ્છાથી કહો કે, જ્ઞાનદેવજીની કૃપાથી કહો, પણ તે સાહુકારનું કાર્ય સિદ્ધ થયું. તેથી તે પોતાની બાધા ઉતારવાને આલંદી આવ્યો. પરંતુ ત્યાંથી તેને તે સઘળું જવાહીર દેહુમાં તુકારામ મહારાજને સમર્પણ કરવાની આજ્ઞા થઇ. તે પ્રમાણે તે ભાવિક સાહુકાર દેહુ આવ્યો. પરંતુ રસ્તામાં તેણે આપણા ચરિત્ર નાયકની વિરક્તિ અને નિરપેક્ષપણાની

ખ્યાતિ સાંભળી હતી, તેથી જો જવાહીર આપવા જઇશ તો તુકારામ મહારાજ કદિ પણ ગ્રહણ કરશે નહિ એમ તેની ખાત્રી થઇ. સાહુકારને ગમે તે પ્રકારે લક્ષ રૂપીઆ અર્પણ કરવા હતા, તેથી તેણે યુક્તિ રચી. એક નાળીએર લઇ તેને બરોબર કાણું પડાવ્યું, અને તે કાણાવાટે નાળીએરના પોકળમાં લક્ષ રૂપિયાનુ જવાહીર ભરી દઇ, તુકારામ મહારાજને અર્પણ કર્યું. તુકારામ મહારાજને કે તેમના શિષ્યોને તે વાતની ખબર નહોતી, તેથી તે નાળીએર આવતાજ બીજાં નાળીએરો ભેગુ નાખી દીધું. તુકારામ મહારાજે તેજ નાળીએર પેલા જ્ઞાન-પિપાસુ બ્રાહ્મણને આપ્યું હતું. નાળીએર ફોડી જોતાં તે બ્રાહ્મણના જોવામા પેલું જવાહિર આવ્યું. તે તુકારામ મહારાજને તે પાછું આપવા ગયો, પરંતુ તેમણે તેનો સ્વીકાર કર્યો નહિ. તે સમયથી કોંડોબા તુકારામ મહારાજની પાસેજ નિવાસ કરવા લાગ્યા. અને તેમના સત્સંગથી પાછળથી એક સિદ્ધ પુરૂષ થઇ ગયા

પ્રકરણ ૮ મું.

તુકારામ મહારાજનું સંકીર્તન અને હરિકથા કેવા હૃદયગ્રાહી હતાં, તેનું અમે પહેલાંજ વર્ણન કરી ગયા છીએ. દેહુની આસપાસના અનેક ગામડાંઓમાંથી લોકો તુકારામ મહારાજનુ હરિકીર્તન શ્રવણ કરવાને તેમને વારંવાર નિમંત્રણ કરવા લાગ્યા. હરિકથા-કીર્તન કરવામાંજ તુકારામ મહારાજને પરમ આનંદ થતો હતો. લોકમાં આગ્રહપૂર્વક તેમનું હરિકીર્તન સંભળાય, તેના જેવા આનંદનો-સૌભાગ્યનો વિષય બીજો કયો હોય ? આવા વિચારથી તુકારામ મહારાજ પણ લોકનું નિમંત્રણ આવતાંજ આનંદિત ચિત્તે હરિકથા કરવાને

તેમને ગામ જતા હતા. ધીમે ધીમે અનેક લોકો તેમને પૂજ્યદૃષ્ટિથી જોવા લાગ્યા અને તેમના શિષ્ય થવા લાગ્યા. પરંતુ જેમ જેમ સાધારણ લોકો તેમને એક પ્રકૃત હરિભક્ત તરીકે માન આપવા લાગ્યા, તેમ તેમ દ્વેષીલા, અને અહંકારી ધર્મવ્યવસાયીઓ તેમની ઉપર અત્યાચાર કરવા લાગ્યા. મહીપતિ કહે છે કેઃ "જેમના હૃદયમાં વિદ્યા, વય, રૂપ, જાતિ અને કુળનું અભિમાન પ્રબળ હોય છે, તેમને સાધુઓની પ્રાસાદિક વાણીની મહત્તાનું ભાન થતું નથી; અને કોણ કયા કુળમાં જન્મ્યો છે, તે કયા મતનો છે, અને તેને શાસ્ત્રાદિનુ જ્ઞાન કેટલું છે, તેનોજ તેઓ વિચાર કર્યા કરે છે; અને એવા બાહ્ય વિચારો ઉપરથીજ તેને માટે પોતાનો મત બાંધે છે. પરંતુ ધર્મ કેવી રીતે સંપાદન કરી શકાય, તેનો તેઓ લેશ માત્ર પણ વિચાર કરતા નથી." તુકારામ મહારાજ શૂદ્ર થઇને બ્રાહ્મણોને પણ ધર્મોપદેશ આપે, અને શાસ્ત્રના જ્ઞાન વિનાજ લોકોમાં શાસ્ત્રના મર્મનો પ્રચાર કરે તે બીજા એ શ્રેણીના લોકોને અસહ્ય થઇ પડયુ. તેથી તેઓ જે તે પ્રકારે તુકારામ મહારાજને હલકા પાડવા અથવા તો દુઃખી કરવાનો પ્રયત્ન કર્યા કરતા હતા. દેહુના મંબાજી બાબાએ તુકારામ મહારાજ ઉપર કેટલો અત્યાચાર વર્ત્તાવ્યો હતો, તેનુ વર્ણન અમે અગાઉ કરી ગયા છીએ, મંબાજી બાબાની પેઠે રામેશ્વર ભટ્ટ નામના એક બ્રાહ્મણે પણ તેમની ઉપર ખૂબ જુલમ વર્ત્તાવ્યો છે. મંબાજી બાબા તો પોતાની પ્રતિષ્ઠા ઓછી થતી જોઇને તુકારામ મહારાજ ઉપર ગુસ્સે થયા હતા. પરંતુ રામેશ્વરને અત્યાચાર કરવાનું કારણ જૂદુંજ હતુ. વળી એ ઉપરાંત તે સમયમાં રામેશ્વર ભટ્ટ એક મોટા ધુરંધર પંડિત મનાતા હતા. તેમણે ચારે વેદ અને ષટ્ શાસ્ત્રનું અધ્યયન કર્યું હતું. વળી રાજદરબારમાં પણ તેમની પ્રતિષ્ઠા સારી હતી. તેઓ પોતાને સનાતન ધર્મના રક્ષક

કહીને અભિમાન કરતા હતા. તેઓ અતિશય અભિમાની હતા. તુકારામ મહારાજ જે ભક્તિમાર્ગનો ઉપદેશ આપતા હતા, તેને તેઓ અનુમોદન આપી શક્યા નહિ. સાધારણ શાસ્ત્રાભિમાની પંડિતોની પેઠે તેઓ પણ તુકારામ મહારાજને મૂર્ખ અને ઉપદેશ કરવાને અનધિકારી ગણવા લાગ્યા. તુકારામ મહારાજને બ્રાહ્મણોને વંશ પરંપરાથી પ્રાપ્ત થએલા, ધર્મપ્રચાર કરવાના અધિકારમાં હાથ નાખતા માનીને તેના હૃદયમા ઇર્ષ્યાગ્નિ પ્રજ્વલિત થયો. બ્રાહ્મણ સિવાય અન્ય કોઇને ઉપદેશ આપવાનો કે હરિકથા કરવાનો અધિકારજ નથી" એવી રામેશ્વર ભટ્ટની દૃઢ માન્યતા હતી વણિક્ પુત્ર તુકારામ, બ્રાહ્મણની પેઠે, લોકોને ઉપદેશ કરી પરમપદની પ્રાપ્તિનો માર્ગ બતાવે, એ તેમ માટે બહુજ અસહ્ય થઇ પડ્યુ. તેથી તેમણે તુકારામને યોગ્ય શિક્ષા કરવાનો નિશ્ચય કર્યો. આ પ્રમાણે નિશ્ચય કરી તેઓ દેહુના દીવાનજી પાસે ગયા, અને તેમને ફરીઆદ કરી કે "તુકારામ શૂદ્ર થઇને શ્રુતિના અર્થનો પ્રચાર કરે છે. શાસ્ત્રોક્ત ક્રિયાકલાપમા લોકોને પ્રોત્સાહિત ન કરતાં મધુર અને મોહોત્પાદક સગીતાદિથી સરળ ચિત્તના ભોળા લોકને ભક્તિમાર્ગનું અવલંબન કરવાને લલચાવે છે. વળી શૂદ્ર કુળમાં જન્મેલો છતાં બ્રાહ્મણ સતાનોને પણ પગે લગાડે છે; સનાતન ધર્મની નિદા કરીને "નામ મહિમા 'નો પ્રચાર કરી પોતાના "ભક્તિ માર્ગ"નું સ્થાપન કરવાની ચેષ્ટા કરે છે. માટે અમારા મત પ્રમાણે તુકારામ ધર્મદ્રોહી, બ્રાહ્મણ અને વેદશાસ્ત્રની અવગણના કરનાર તથા પાખંડ મતનો પ્રચાર કરનાર છે. માટે ધર્મ અને સમાજ બંધનની રક્ષા કરવાને તેને યોગ્ય શાસન કરવાની આવશ્યક્તા છે." રામેશ્વર ભટ્ટ દેશમાન્ય પુરૂષ હતા, રાજદરબારમાં પણ તેમની પ્રતિષ્ઠા સારી હતી. તેથી દીવાનજીએ તેમની ફરીઆદ સાંભળીને તુકારામ મહારાજને દેહુનો ત્યાગ કરી ચાલ્યા જવાનો હુકમ કર્યો; અને એક

સીપાઇને તે સમાચાર તુકારામ મહારાજને કહેવાને મોકલ્યો. સીપાઇએ આવીને તુકારામ મહારાજને દીવાનજીની આજ્ઞા કહી સંભળાવી, અને જેમ બને તેમ જલદીથી દેહુનો ત્યાગ કરી બીજે કોઇ સ્થળે ચાલ્યા જવા કહ્યું. નિરૂપાય તુકારામ મહારાજ વિષમ વિપદમાં આવી પડયા. તેઓ ઉંડા વિચારમાં પડી ગયા. જે ગામમાં પોતે આટલાં વર્ષ કાઢયાં હતા, અને અનેક લોકોનો સ્નેહ અને પ્રેમ સંપાદન કરી મન વાણી અને કર્મથી તેમનું હિત કરવાનો નિશ્ચય કર્યો હતો, તેનો ત્યાગ કરીને જવું પડે એના જેવું બીજું દુઃખ કયું હોઇ શકે? વળી તે સિવાય પોતાના વડિલોએ બંધાવેલા વિઠ્ઠલ મંદિરનો–કે જેમા બાલ્યાવસ્થાથી તે અત્યાર સુધી વિઠોબાની પૂજા કરી તેમને પ્રસન્ન કર્યા હતા તેનો ત્યાગ કરીને જતાં તેમનો જીવ ચાલ્યો નહિ. તેથી તેમણે રામેશ્વર ભટ્ટને શરણે જવાનો નિશ્ચય કર્યો. પોતાના નિશ્ચય પ્રમાણે જ્યારે તુકારામ મહારાજ રામેશ્વર ભટ્ટને મળવા ગયા, ત્યારે તેઓ સ્નાન–સંધ્યાદિક નિત્ય કર્મ કરવામાં ગુથાયલા હતા. તેથી તુકારામ મહારાજે તેમને દૂરથીજ દંડવત્ કરીને કીર્તન કરવા માંડયુ. તુકારામ મહારાજે વિચાર્યું કે "હરિકથાથી પાષાણ પણ પીગળી જાય છે, તો તે પ્રમાણે રામેશ્વર ભટ્ટનું મન પણ પીગળશે, અને તેમનો રોષ ઉતરી જશે." પરંતુ રામેશ્વરનું હૃદય પીગળ્યું નહિ. ઉલટા તેઓ વધારે ગુસ્સે થયા; અને તુકારામ મહારાજને કહેવા લાગ્યા કેઃ "તુકારામ તું જાતનો શૂદ્ર છે, અને કીર્તનમાં ત્હારી રચેલી જે કવિતાઓ બોલે છે, તેમાં વેદ વચનોના ગૂઢાર્થો સાભળવામાં આવે છે. વેદનો અધિકાર ફક્ત બ્રાહ્મણનેજ છે. વેદ વચનોનો અનુવાદ કરવાનો તને અધિકાર નથી. માટે ત્હારૂં આ કર્મ શાસ્ત્રવિરૂદ્ધ છે, અને તેથી શ્રોતા વક્તા બન્ને રૈરવ નરકના અધિકારી થાય છે. માટે હવેથી તું કદિ પણ કવિતા કરીશ નહિ." એ સાંભળીને તુકારામ

મહારાજે કવિતા રચવાને થએલા સ્વપ્નનું વર્ણન કરીને કહ્યું કે: "મહારાજ! વિઠોબાના આદેશથીજ મ્હેં કવિતા રચવા માંડી છે. છતાં તેમાં જો કોઇ પણ રીતે શાસ્ત્રની મર્યાદાનો લોપ થતો હોય તો આપ કહેશો તે પ્રમાણે વર્તીશ." તુકારામનુ વચન સાંભળીને રામેશ્વર ભટ્ટે તેમનો પરિહાસ કરતાં કહ્યુ કે: "વેદ, શાસ્ત્ર અને પુરાણોમાં શુ ધર્મકથાઓનો અભાવ છે કે વિઠોબાએ તે ત્હારી કવિતાઓથી પૂર્ણ કરવાનો આદેશ કર્યો? ત્હારી કવિતાથી પૂર્વવર્તી સાધુઓના મહદ્ ઉપદેશ વિલુપ્ત થઇ જવાનો ભય છે. ત્હારી કવિતાનો સુમિષ્ટ આસ્વાદ લીધા પછી લોકોને તે મહાપુરૂષોના બોધ વચનોનો પાઠ કરવાની રૂચિ થતી નથી અને તેથી ત્હારાથી પ્રકૃત ધર્મને હાનિ પહોંચે છે. માટે હવેથી તું આ પ્રમાણે સંકીર્તન અને કવિતા રચીશ નહિ." બ્રાહ્મણભક્ત તુકારામ મહારાજ "જેવી આજ્ઞા" કહીને પાછા અતિ વિનયપૂર્વક બોલ્યા કે "મહારાજ! આપની આજ્ઞા પ્રમાણે હવે ભવિષ્યમા હું કવિતા રચીશ નહિ. પરંતુ અત્યાર સુધીમા મ્હે અનેક કવિતા રચી છે તેનું શુ કરવું?" તે સાંભળીને ધર્માભિમાનમા મદોન્મત્ત થએલા રામેશ્વર ભટ્ટ બોલ્યા કે: "ઈંદ્રાયણીમા નાખી દે." એ સાભળીને તુકારામ મહારાજના હૃદયમા દારૂણ વ્યથા થઇ. પરતુ તે વખતે પોતાનો મનોભાવ ન જણાવતાં "જેવી આજ્ઞા" કહી, રામેશ્વર ભટ્ટને પ્રણામ કરી ત્યાંથી ચાલવા માંડયુ. રચના ઉત્કૃષ્ટ હો વા અપકૃષ્ટ હો, પરંતુ રચનારને તો તે બહુજ અમૂલ્ય લાગે છે. પોતાના સંતાનોની પેઠે રચના ઉપર રચનારનો નૈસર્ગિક પ્રેમ જન્મે છે. તેથી રામેશ્વર ભટ્ટના નિષ્ઠુર આદેશથી તુકારામ મહારાજને આટલી બધી વ્યથા થાય તેમાં આશ્ચર્ય નથી. વળી તુકારામ મહારાજે જે અભંગો રચ્યા હતા, તે કાંઇ લોકોમાં નામના અથવા યશ મેળવવાને અથવા તો દ્રવ્યલોભથી રચ્યા નહોતા. માત્ર પોતાના હૃદયનો ગૂઢભાવ પોતાના

પ્રાણપ્રિય શ્રોતાઓને વિદિત કરવા માટેજ તેમણે એ અભંગો રચ્યા હતા. એ સકળ કવિતાઓજ તેમનું સર્વસ્વ અને વિશ્રામસ્થાન હતું. તેનો નાશ કરવાની આજ્ઞા કરીને રામેશ્વર ભટ્ટે તેમનું સર્વસ્વ નાશ કરવાની આજ્ઞા કરી હતી, તો પણ દારૂણ વ્યથા થતી હોવા છતા સ્વચરિત અભંગો ઇંદ્રાયણીમાં નાખી દેવાને તેઓ તૈયાર થઇ ગયા. પરંતુ નાખતી વખતે તેમનું હૃદય વિદીર્ણ થઇ ગયુ. જે તુકારામે પોતાના બાપદાદાના લેણાના ખતપત્રો નાખી દેતા લેશ માત્ર પણ વિચાર કર્યો નહોતો, તેજ તુકારામ આજે સ્વરચિત અભગો નાખતી વખતે બાળકના જેવા અધીરા બની ગયા છે. તેઓ મનમા ને મનમાંજ વિચાર કરવા લાગ્યા કે "જ્યારથી મ્હેં આ અભગો મ્હારા પ્રિયતમ વિઠોબાને સમર્પણ કરી દીધા છે, ત્યારથી તે તેનાજ છે એની ઉપર મ્હારો બીલકુલ અધિકાર નથી. માટે વિઠોબાની સંપત્તિનો ત્યાગ કરીને હું તેને શુ મ્હો બતાવીશ ?" ઘણા ઘણા વિચારો આવ્યા, ઘણી ઘણી વેદના થઇ પરંતુ આખરે રામેશ્વર ભટ્ટની આજ્ઞાનુ પ્રતિપાલન કરવાને તુકારામ મહારાજે પોતાના સઘળા અભંગો એક લુગડાના કકડામા વીંટી તેની અંદર પથરા બાધી ઇંદ્રાયણીમા જળશાયી કરાવી દીધા. અભગોને ઇંદ્રાયણીમા નાખી દઇને તુકારામ મહારાજ વિઠોબાના મંદિરમાં આવ્યા. આ વખતે તેઓ પોતાના હૃદયાવેગને રોકી શક્યા નહિ તેમની આંખમાથી દડદડ અશ્રુધારા વહેવા લાગી. નવીન અભગો રચીને હૃદયની વેદના ઓછી કરવાનુ પણ બની શકે એમ નહોતુ રામેશ્વર ભટ્ટે તેનો પણ નિષેધ કર્યો હતો. તેથી તુકારામ મહારાજના દુઃખનો પાર નહોતો, તેમનું દુખ અસહ્ય હતું. ભગવાન એજ ભક્તના માતા, પિતા, ભ્રાતા તથા સખા જે કહીએ તે છે તે ભક્તના હૃદયમાં સર્વ રૂપે બિરાજે છે. તેથી બાળક જેમ માતાની પાસે જઇને પોતાનું દુઃખ નિવેદન કરે, તે પ્રમાણે તુકારામ મહારાજ

પણ વિઠોબાને સંબોધીને, અશ્રુપૂર્ણ લોચને, પોતાની વેદના પ્રદર્શિત કરતા કહેવા લાગ્યા કે "હે પ્રભો ! તમેજ સકળના કર્તા છો. તમેજ મને આ સઘળા અભંગો રચવાની પ્રેરણા કરી હતી. આજે તમેજ ઇંદ્રાયણીમાં નાંખી દેવાની બ્રાહ્મણદ્વારા આજ્ઞા કરી છે. હશે. આપની જેવી ઇચ્છા !" તુકારામ મહારાજે પોતાના અભંગો ઇંદ્રાયણીમા નાખી તો દીધા પરંતુ તેમના હૃદયમા અતિશય દુઃખ થવા લાગ્યુ. આ તરફ જ્યારે આ સમાચાર અન્યાન્ય ભાવિક લોકોના સાભળવામા આવ્યા, ત્યારે તેઓ પણ શોક કરવા લાગ્યા, પરંતુ જેઓ કુટિલ અને દ્વેષીલા સ્વભાવના હતા, તેઓના મનને સંતોષ થયો. તેઓ તુકારામ મહારાજની મશ્કરી કરવા લાગ્યા પહેલાં તો તુકારામ મહારાજે તે ઉપર બીલકુલ લક્ષ આપ્યુ નહિ, પરંતુ જ્યારે તેમનો જુલમ વધી ગયો, ત્યારે તેમને બહુજ ખેદ થવા લાગ્યો. દ્વેષી લોકો રામેશ્વર ભટ્ટની પ્રશંસા કરતા કહેવા લાગ્યા કે "તુકારામ પોતે સાધુપણાનો ડોળ કરી, અધિકાર ન હોવા છતા મહત્તા મેળવવાને પ્રયત્ન કરતો હતો, ઠીક થયુ કે તેને રામેશ્વર ભટ્ટ જેવા વિદ્વાન મળી ગયા, અને સીધો દોર બનાવી દીધો. રામેશ્વરભટ્ટે પણ ઠીક યુક્તિ લગાડી. તેમના સિવાય એ પાંસરો પડતજ નહિ." એ પ્રમાણે જેમ જેની નજરમા આવે તેમ બોલવા લાગ્યા. વળી બીજી તરફ તેમના કેટલાક સગાસબંધીઓ અને વ્યવહાર-દક્ષ પુરૂષો આવીને તુકારામ મહારાજને કહેવા લાગ્યા કેઃ "તુકારામ તમે પહેલાં પોતાની ધન સંપત્તિના સઘળાં ખતપત્રો ઇંદ્રાયણીમાં નાખી દઇને, તમારા ઐહિક સુખને તિલાંજલિ આપી હતી; અને આ વખતે લોકોપકાર માટે રચેલા અભંગોનો ત્યાગ કરીને દૈવીસંપત્તિને પણ વિસર્જન કરી દીધી છે. હવે તમારી શી ગતિ થશે ? હવે તો **अतोभ्रष्टस्ततोभ्रष्टः** જેવા થઇ ગયા. સંસારમાં રહીને સંસારસુખ પણ ભોગવી શક્યા

નહિ, તેમ વૈરાગ્ય લઇને દૈવી સુખ પણ સંપાદન કરી શક્યા નહિ." જ્યારે સઘળા લોકો આ પ્રમાણે કહેવા લાગ્યા ત્યારે તુકારામ મહારાજ ધૈર્ય ધારણ કરી શક્યા નહિ. તેમને પોતાના કૃત્ય માટે પશ્ચાત્તાપ થવા લાગ્યો તેથી તેઓ ગમે તે પ્રકારે પોતાના જીવનનો અંત લાવવાનો વિચાર કરવા લાગ્યા. એકાએક તેમને આત્મઘાત કરવાનો વિચાર થઇ આવ્યો પરંતુ તેજ સમયે "આત્મઘાતી મહાપાપી" એ કહેવતનું સ્મરણ થઇ આવ્યુ. વળી એક વખત આત્મઘાત કરવાથી સાત સાત જન્મો એવા ને એવા જાય એવો પણ વિચાર થયો, તેથી તે વિચાર પણ માંડી વાળ્યો, અને અન્ન-જળનો ત્યાગ કરી વિઠ્ઠલભક્તિ કરતાં કરતાં દેહ વિસર્જન કરવાનો નિશ્ચય કર્યો. આ પ્રમાણે નિશ્ચય કરીને તેમણે વિઠોબાના મંદિરમાં એક તુળસીમંડપ હતો, તેમાં એક પથ્થર ઉપર બેસીને વિઠોબાનુ ધ્યાન ધરવા માંડયુ. એમ કહેવાય છે કે તુકારામ મહારાજ લાગલાગટ તેર દિવસ સુધી આ પથ્થર ઉપરજ બેસી રહ્યા હતા. તે દરમ્યાન તેઓ કોઇની પણ સાથે બોલ્યા ચાલ્યા નહોતા. તેમ કાંઇ ખાધુપીધુ પણ નહોતું. કેવળ વિઠ્ઠલ-સ્મરણમાંજ તેઓ નિમગ્ન રહ્યા હતા. તેમના શિષ્યોએ અને ભક્તોએ આવીને તેમને ઘણા ઘણા કાલાવાલા કર્યા પણ તેમણે પોતાના ઉપવાસ કરીને આપોઆપ પ્રાણ વિસર્જન કરવાના નિશ્ચયનો ત્યાગ કર્યો નહિ. આખરે તેમનુ શરીર છેક સૂકાઇ ગયુ. શ્વાસોશ્વાસ પણ ધીમો પડી ગયો. શરીર હલાવવાની પણ શક્તિ રહી નહિ. પરંતુ મ્હોં ઉપરનું અપૂર્વ તેજ જેમનું તેમ કાયમજ રહ્યું હતું, અને તેમનું મુખ વિઠ્ઠલ-સ્મરણમાથી વિરામ પામ્યુ નહોતું. તે જોઇને અનેક ભાવિક લોકો કહેવા લાગ્યા કે "વિઠોબાજ તુકારામની રક્ષા કરે છે, આટલા આટલા ઉપવાસ કર્યા છતાં તેમના તેજમાં લેશ માત્ર પણ ન્યૂનાધિકતા થઇહોય એમ લાગતું નથી. વિઠોબાની કૃપા વિના જીવી પણ કેમજ શકે? વળી હજી

પણ નામસ્મરણનો ધ્વનિ તો જેવો ને તેવો સ્પષ્ટજ સંભળાય છે. અહા! એમના જેવા ભગવદ્ભક્તને ધન્ય છે!" એ પ્રમાણે કહીને તેઓ દૂરથી તેમની સેવા-શુશ્રૂષા કરવા લાગ્યા. 'તુકારામ મહારાજ અન્ન પાણી કાંઇ પણ ગ્રહણ કરતા નહોતા, એટલે તેમને માટે તો એ લોકને કાંઇ પણ કરવાનું હતું નહિ. પરંતુ તેઓ દૂરથી તેમની સ્થિતિ જોઇને ખેદ કરતા હતા, અને તેમની પ્રત્યે પોતાનો ભક્તિભાવ પ્રદર્શિત કરતા હતા."

છેવટે તેરમે દિવસે તુકારામ મહારાજને સ્વયં વિઠોબા પોતાની પાસે બાળરૂપ ધારણ કરીને આવેલા હોય એવો ભાસ થયો. તુકારામ મહારાજને પોતાના ઇષ્ટદેવના દર્શનથી કાંઇક ચૈતન્ય આવ્યું. તેમણે વિઠોબાને સુતા સુતાંજ પ્રણામ કર્યા. એટલે વિઠોબાએ તેમના મસ્તક ઉપર હાથ મૂકીને કહ્યું કેઃ "તુકારામ તું લેશ માત્ર પણ ચિંતા કરીશ નહિ. ત્હારા અભંગોની મ્હેં સંપૂર્ણ રીતે રક્ષા કરી છે. તે મને બહુજ પ્રિય છે, હું તેનો નાશ કેમ થવા દઇશ?" જે વખતે તુકારામ મહારાજને આ પ્રમાણે ભાસ થયો, તેજ વખતે ગામના કેટલાક ભગવદ્ભક્તોને પણ સ્વપ્નમાં વિઠોબાનાં દર્શન થયાં અને તે લોકોને તેમણે આજ્ઞા કરી કેઃ "મ્હેં તુકારામના અભંગોની જળમાં યત્નપૂર્વક રક્ષા કરી છે, માટે તમે જઇને તેનો ઉદ્ધાર કરો.' બીજે દિવસ પ્રાતઃકાળ થતાંજ લોકો ઇંદ્રાયણી ઉપર ગયા, તો તુકારામ મહારાજના અભંગો નદીમાં તરી આવેલા જણાયા. લોકોના આનંદનો પાર રહ્યો નહિ. તેમણે સંભાળથી અભંગો બહાર કાઢી લીધા અને પોટલી છોડીને જોયું તો સઘળા અભંગો જેવી ને તેવી સુરક્ષિત સ્થિતિમાં માલમ પડયા. આ વખતે તેમના હર્ષનો પાર રહ્યો નહિ. તેઓ તરતજ તુકારામ મહારાજ પાસે દોડી પહોંચ્યા, અને તેમને આ શુભ સમાચાર કહી સંભળાવ્યા. અભંગોની પુનઃ

પ્રાપ્તિના સમાચાર સાંભળતાંજ તુકારામ મહારાજની આંખો ખુલી ગઈ; અને પોતાના અભંગોને સુરક્ષિત સ્થિતિમાં જોઇને તેમને અનહદ આનંદ થયો. આ વખતે એકાએક હર્ષમાં આવી જઇને તેમણે સાત અભંગો રચીને વિઠોબાની સ્તુતિ કરી.

આ તરફ રામેશ્વર ભટ્ટ, તુકારામ મહારાજને પોતાની કવિતાઓ ઇંદ્રાયણીમાં નાંખી દેવાની આજ્ઞા કરીને પોતાના શિષ્યો સાથે "નાગનાથ" નામના પ્રસિદ્ધ શિવલિંગની પૂજા કરવાને જતા હતા. રસ્તામાં તેમણે એક બાગમાં ઉતારો કર્યો. આ બાગ અનગડશા પીરનો હતો. તે બાગમાં એક જળાશય હતું. જળાશય જોઇને રામેશ્વર ભટ્ટે તેમાં સ્નાન કરી પોતાના નિત્ય કર્મથી પરવારી જવાનો વિચાર કર્યો, અને તે પ્રમાણે સ્નાન કરીને સંધ્યા કરવાને બેઠા. આણી તરફ અનગડશા પીરને આ વાતની ખબર પડી. પોતાને નીમાજ પડતી વખતે હાથ પગ ધોવાના હોજમા સ્નાન કરી રામેશ્વર ભટ્ટે હોજનુ સઘળુ પાણી અપવિત્ર કરેલુ ધારીને તેમને ક્રોધ ચડયો, અને રામેશ્વર ભટ્ટને "મ્હારૂં પાણી જેણે ખરાબ કર્યું હોય, તેના આખા અગમાં એક સરખો દાહ લાગજો !" એવો શાપ દીધો. અનગડશા પીરના શાપથી રામેશ્વર ભટ્ટના સમસ્ત અંગમા દાહ લાગવા માંડયો. તેમનુ શરીર બળ્યુ બળ્યું થઈ ગયું. તેમને નિરતિશય પીડા થવા લાગી. તેમના શિષ્યોએ તેમને તે પીરને શરણે જવાની સલાહ આપી પરંતુ અભિમાની રામેશ્વર ભટ્ટને તે વાત રૂચી નહિ. "હું બ્રાહ્મણ થઇને એવા યવનને શરણે કદિ પણ જનાર નથી." એમ કહીને તેમણે આગળ ચાલવા માંડયુ અને મહામહેનતે પોતાને ઘેર આવી પહોંચ્યા. ઘેર આવીને તેમણે અનેક ઉપાયો કરી જોયા, પરંતુ કોઇ પણ રીતે તેમનો દાહ શમ્યો નહિ, દાહની દારૂણ વેદનાથી તેઓ રાત્રિદિવસ તરફડીઆં મારવા લાગ્યા. 'હવે જીવ બચવાનો

નથી ' એમ તેમની ખાત્રી થઈ. આ તરફ રામેશ્વર ભટ્ટની દશા જોઇને લોકો જૂદા જૂદા મત બાંધવા લાગ્યા. ઘણાનુ કહેવું એમજ થયુ કે " એમણે તુકારામ મહારાજનો અપરાધ કર્યો છે, તેનુજ આ ફળ ભોગવવુ પડે છે." લોકોનું આ વચન કાંઈ ખોટું નહોતું. બિચારા તુકારામ મહારાજ ઉપર નિરર્થક અત્યાચાર કરવાનુજ આ ફળ હતું. પરંતુ રામેશ્વર ભટ્ટને તેની ખબર પડી નહિ. આખરે તેઓ એક ડોળીમા બેસીને આલંદી ગયા; અને ત્યાં આગળ જ્ઞાનદેવ મહારાજની ઉપાસના કરવા માંડી. એમ કરતા કરતા એક દિવસ રાત્રે તેમને સ્વપ્નમા જ્ઞાનદેવજી મહારાજે કહ્યું કે " મહાભગવદ્ભક્ત નામદેવના અવતાર તુકારામ મહારાજની નિંદા અને દ્વેષ કરવાથી ત્હારા સુકૃત નષ્ટ થઇ ગયાં છે, અને તેને પરિણામેજ આ વ્યથા પ્રાપ્ત થઈ છે. માટે આમાથી મુક્ત થવું હોય તો ખરા ભક્તિભાવપૂર્વક તે મહાપુરૂષને શરણે જા, તેમની કૃપાથી ત્હારી પીડા દૂર થશે." આ પ્રમાણે સ્વપ્ન થયા પછી તરતજ રામેશ્વર ભટ્ટની આંખ ઉઘડી ગઇ. તેઓ ઉઠીને બેઠા થયા, અને પોતાના કૃત-કર્મને માટે પશ્ચાત્તાપ કરવા લાગ્યા. તુકારામ મહારાજે તેર દિવસ સુધી ઉપવાસ કર્યા પછી પોતાના ઇંદ્રાયણીમા નાખી દીધેલા અભંગો પ્રાપ્ત કર્યા છે, એ વાતની તો તેમને પહેલાંથીજ ખબર પડી હતી. આજે જ્ઞાનદેવજી મહારાજે સ્વપ્નમાં તેજ મહાપુરૂષને શરણે જવાનું કહ્યું: તેથી " તુકારામ મહારાજ એક પરમ ભગવદ્ભક્ત અને સિદ્ધ પુરૂષ છે " એવી તેમને ખાત્રી થઇ. તેમણે બ્હીતાં બ્હીતાં તુકારામ મહારાજ ઉપર એક પત્ર લખ્યો, અને તે પોતાના એક શિષ્યને આપીને દેહુ તરફ રવાને કર્યો. આ પત્રમાં તેમણે તુકારામ મહારાજની સ્તુતિ કરી પોતે કરેલા અપરાધ માટે ક્ષમા માગી હતી. પેલો શિષ્ય દેહુ ગયો અને તુકારામ મહારાજને પેલો પત્ર આપી રામેશ્વર ભટ્ટની સઘળી હકીકત

નિવેદન કરી. આ દુઃખકારક વૃત્તાંત સાંભળીને તેઓ બહુજ વિચારમાં પડી ગયા, અને "રામેશ્વર ભટ્ટ જેવા સુશીલ બ્રાહ્મણ ઉપર આવું સંકટ શા માટે આવી પડયું હશે ?" તેનો વિચાર કરવા લાગ્યા. તેજ વખતે તેમને રામેશ્વર ભટ્ટે કરેલા અત્યાચારનું સ્મરણ થઇ આવ્યુ. પરંતુ તેમને તો શત્રુ મિત્ર સઘળા સમાનજ હતા તેથી રામેશ્વર ભટ્ટના દુઃખની વાત સાંભળીને તેઓ બહુજ દીલગીર થયા વળી તે સાથે રામેશ્વર ભટ્ટના પત્રમાં તેમના કરૂણાજનક શબ્દો વાચીને તેમનુ અંતઃકરણ પીગળી ગયુ. ત્યાર પછી તે પત્રના ઉત્તરમા તુકારામ મહારાજે પેલા શિષ્યને નીચેનો એક અભંગ લખી આપ્યો.

चित्तशुद्ध तरी शत्रु मित्र होती ॥ व्याघ्रहे नखाती सर्पतया ॥१॥
विष ते अमृत आघाततें हित ॥ अकर्तव्य नीत होय त्यामा ॥२॥
दुःख तें देईल मर्व सुखफल ॥ होतील शीतल अग्नि ज्वाळा ॥३॥
आवडेल जिवां जीवाचिये परी ॥ सकळां अंतरी एक भाव ॥४॥
तुकाह्मणे कृपा केली नारायणे ॥ जाणिजे तें येणें अनुभवं ॥५॥

આ અભંગ લઇને શિષ્ય રામેશ્વર ભટ્ટ પાસે ગયો. રામેશ્વર ભટ્ટને હવે તુકારામ મહારાજ પ્રત્યે પૂજ્ય-બુદ્ધિ ઉત્પન્ન થઇ હતી, તેથી તેમણે તે અભંગને વારંવાર વાંચવા માંડયો. ચમત્કાર એવો થયો કે જેમ જેમ રામેશ્વર ભટ્ટ ઉપર્યુક્ત અભંગ વાંચતા ગયા, તેમ તેમ તેમનો દાહ શાન્ત પડતો ગયો. રામેશ્વર ભટ્ટ પણ આ અદ્‌ભુત ચમત્કારથી આશ્ચર્યચકિત થઈ ગયા. તેઓ મનમા ને મનમા વિચાર કરવા લાગ્યા કે "મ્હેં વેદ, શાસ્ત્ર, પુરાણ અને ઉપનિષદાદિ અનેક મહાગ્રંથોનું અધ્યયન કર્યું છે. પરંતુ તુકારામમાં જે કાંઈ ચમત્કાર છે તે તો અલૌકિક અને કળી ન શકાય તેવોજ છે. અહા ! જેણે પોતાના અભંગો ઈંદ્રાયણીમાં નાંખી દઇ તેર દિવસ પછી પાછા

જેવી ને તેવી સ્થિતિમાં પ્રાપ્ત કર્યા તેનામાં કેટલુ સામર્થ્ય હશે ?" આ પ્રમાણે રામેશ્વર ભટ્ટ તુકારામ મહારાજની સ્તુતિ કરવા લાગ્યા. તુકારામ મહારાજનાં દર્શન કરવાને તેમનો જીવ અધીરો થઇ ગયો. તેથી તેઓ તેજ વખતે દેહુ જવા નીકળી પડયા. જ્યારે તુકારામ મહારાજે તેમના આવાગમનની વાત સાભળી ત્યારે તેઓ તેમની સામે ગયા. રસ્તામાજ બન્નેનો મેળાપ થયો. રામેશ્વર ભટ્ટ તેમની પુષ્કળ સ્તુતિ કરીને કહેવા લાગ્યા કે "મહારાજ ! આપ પરમ વૈરાગ્યશીલ, ભગવદ્‌ભક્ત છો, તે નહિ જાણી શકવાથી મ્હે પામરે આપની ઉપર આટલો બધો અત્યાચાર કર્યો છે. મહારાજ ! હવે મ્હારો અપરાધ ક્ષમા કરો. અને મ્હારી ઉપર કૃપા કરીને મ્હારા સંકટનુ નિવારણુ કરો." રામેશ્વર ભટ્ટનાં આવાં નમ્ર વચનો સાભળીને તુકારામ મહારાજે કહ્યુ કે "મહારાજ ! હુ ગમે તેવો પણ જાતિનો શૂદ્ર છું. મ્હારી ઉપર સદા સર્વદા કૃપા રાખવી એટલુંજ મ્હારે જોઇએ છે." તુકારામ મહારાજનાં આવા નિષ્કપટ અને ગરિબાઇના નમ્ર વચનો સાંભળીને રામેશ્વર ભટ્ટનુ મન તદ્દન પીગળી ગયુ તેમના હૃદયમાંથી અહંકાર સમૂળો નષ્ટ થઇ ગયો, અને તેઓ તુકારામ મહારાજને પ્રણામ કરીને ફરીથી કહેવા લાગ્યા કે ! "મહારાજ ! આપના હાથનો લખેલો એકજ અભંગ વાંચવાથી મ્હારો દાહ શમી ગયો છે, અને મ્હારી ચિત્તવૃત્તિમા પણ એકાએક બેહદ ફેરફાર થઇ ગયો છે. એ બધો આપનોજ—આપની કૃપા પ્રસાદીનોજ પ્રતાપ છે. માટે હવે હું આપનો સમાગમ મૂકીને પાછો ઘેર જવાનો નથી. કૃપા કરીને આ પામરને આપના ચરણુમાંજ રહેવા દો." એમ કહીને રામેશ્વર ભટ્ટ તુકારામ મહારાજના ચરણુકમળમાં પડયા. આ પ્રમાણે રામેશ્વર ભટ્ટ કે જેમણે પોતાની વિદ્વત્તા અને ઉચ્ચ વર્ણોત્પત્તિના મિથ્યા અહંકારથી તુકારામ મહારાજ ઉપર વિના કારણ અત્યાચાર

કર્યો હતો, તેમનો ગર્વ ઉતરી ગયો અને તેઓ તુકારામ મહારાજના અનુયાયી–શિષ્ય બન્યા. આ પછી રામેશ્વર ભટ્ટ તુકારામ મહારાજના અન્યાન્ય શિષ્યોની પેઠે સકીર્તન વખતે હાથમા તાલ લઇને તેમની પાછળ ઉભા રહેતા હતા, અને સગીતમા સહાય કરતા હતા. શ્રીયુત્ સત્યેન્દ્ર બાબુએ રામેશ્વર ભટ્ટનુ આ પરિવર્ત્તન અતિ સુંદર ભાષામા વ્યક્ત કર્યું છે. વાચક વર્ગની જાણને માટે તેમના ઉલ્લેખમાથી થોડોક ભાગ ઉદ્ધૃત કરવાનુ યોગ્ય ધારીએ છીએ. "આ વખતથી રામેશ્વર ભટ્ટ તુકારામ મહારાજના એક પરમભક્ત–શિષ્ય બન્યા. વિદ્વેષ અનુતાપમાં પરિણુત થઇને–પ્રથમ શૂદ્ર કહીને જેની અવગણના કરતા હતા, તેનીજ તેઓ દેવતારૂપે પૂજા કરવા લાગ્યા." હવે તેમને ખબર પડી કે "ભગવત્પરાયણ ભક્તોની કોઇ જાતિ નથી. જેવી રીતે શાલી–ગ્રામ પથ્થર હોવા છતા પણ પૂજાય છે, તેજ પ્રમાણ ઈશ્વરાનુરાગી પુણ્યાત્માને નીચ જાતિમાં જન્મ થયાનો દોષ સ્પર્શ કરી શકતો નથી. દશગ્રથી વૈદિક પડિતો વેદ, શાસ્ત્ર, પુરાણ અને ભગવદ્‌ગીતાદિનો નિત્ય પાઠ કરે છે, પરતુ તે સકળનો સાર–અર્થ ગ્રહણ કરી શકતા નથી. આ કલિયુગમા બ્રાહ્મણો કર્મકાંડના કાળચક્રથી, અને મિથ્યા જાત્યાભિમાનથી દુર્દશાગ્રસ્ત થઇ ગયા છે. તુકારામ મહારાજ કાંઇ સામાન્ય વ્યવસાયી વણિક નહોતા–તેઓ વિઠોબાના દાસ હતા. તેઓ તેમનેજ આધીન હતા. તેમના જેવા જ્ઞાની ભક્ત અને ત્યાગી પુરૂષ હજી સુધી પણ જોવામાં આવ્યા નથી.* આ

* ગોપાલબાબા–કૃત તુકારામ ચરિત્રમા લખ્યા પ્રમાણે રામેશ્વર ભટ્ટ પ્રત્યે જ્ઞાનેશ્વર મહારાજનો આદેશ થયો તે પહેલાજ તુકારામે પોતાનો અભગ મોકલી આપ્યો હતો. તે દરમ્યાન રામેશ્વરને જ્ઞાનેશ્વર મહારાજનો આદેશ થયો આદેશ થયા પછી તુકારામ મહારાજના શિષ્યો ત્યા જઇ પહોચ્યા, અને તેમને અભંગ આપીને તેદ્વારા તેમનો દાહ

પ્રમાણે તુકારામ મહારાજ પ્રતિ રામેશ્વરનો ભાવ આશ્ચર્યરૂપે પરિવર્તન થયા પછી તેમણે જે સકળ કવિતાઓને ઇંદ્રાયણીમા જળશાયી કરવાની આજ્ઞા કરી હતી, તે કવિતાઓને પાછી પોતાનેજ હાથે લખવા માડી."

આ ઉપરાંત તુકારામ મહારાજને બીજી પણ કેટલીક વિટંબનાઓ સહન કરવી પડી છે. શિવજી નામનો એક કંસારો તુકારામ મહારાજનો પરમભક્ત હતો. તે લોહગામમાં રહેતો હતો. એ ગામના લોકો તુકારામ મહારાજને બોલાવી વારવાર હરિકીર્તન કરાવતા હતા. શિવજી પહેલાં અત્યંત સંસારાસક્ત અને કૃપણ સ્વભાવનો હતો, તેથી તે તુકારામ મહારાજની અને તેમના બીજા શિષ્યોની નિંદા કરતો હતો, અને જ્યારે ત્યારે હરિકીર્તનમાં વિઘ્ન નાખતો હતો. એક સમયે તુકારામ મહારાજ લોહગામમા આવ્યા હતા. તે વખતે આલંદીથી એક બ્રાહ્મણ તેમની શોધ કરતો કરતો ત્યાં આવી પહોચ્યો. તેણે આવીને તુકારામ મહારાજને પ્રણામ કર્યા, અને અતિશય વિનયપૂર્વક કહેવા લાગ્યો કે: "મહારાજ! મ્હારે માથે પુષ્કળ દેવું થઇ ગયુ છે, તેથી કોઇ પણ રસ્તે તેનો નિકાલ

શાન્ત કર્યો. ત્યાર પછી રામેશ્વર ભટ્ટ તુકારામ મહારાજના શિષ્યો સાથેજ દેહુ આવવાને નીકળી પડયા આ તરફ રામેશ્વર ભટ્ટનો દાહ શાન્ત કરવાને પોતાના શિષ્યને અભંગ આપીને મોકલવા છતા પણ તુકારામ મહારાજને શાન્તિ વળી નહિ. પોતાના ગયા સિવાય 'રામેશ્વર ભટ્ટનુ દુઃખ દૂર થશે નહિ' એવો વિચાર થઈ આવવાથી તેઓ પણ તેમની પાસે જવાને નીકળ્યા. રસ્તામાજ તે બન્નેનો મેળાપ થયો તુકારામ મહારાજની ઉદાર વૃત્તિ જોઇને રામેશ્વર ભટ્ટનો ગર્વ ઉતરી ગયો; અને તેઓ તેમના ચરણકમળમાં આળોટી પડયા. તુકારામ મહારાજે પોતાને એટલા બધા માનને અયોગ્ય જણાવીને પોતાનું નિરભિમાનપણું પ્રદર્શિત કર્યું, અને પરમ પ્રીતિથી રામેશ્વર ભટ્ટને ઉભા કરીને આલિંગન કર્યું.

કરવાને હું આલંદીમાં જ્ઞાનેશ્વર મહારાજનું ધ્યાન ધરીને બેઠો હતો. ત્યાંથી મને આપની પાસે આવવાનો આદેશ થયો છે. જ્ઞાનેશ્વર ભગવાનની આજ્ઞા પ્રમાણે હુ આપની પાસે આવ્યો છું. હું ગરીબ બ્રાહ્મણ છું. માટે મ્હારી ઉપર દયા લાવીને મને ઋણમાંથી મુક્ત કરો." બ્રાહ્મણનાં વચન સાંભળીને તુકારામ મહારાજને દયા આવી. તેઓ પોતે લોકો પાસેથી એક પાઇ પણ અંગીકાર કરતા નહિ. છતા પણ તેમણે પોતાના શિષ્યોને આ બ્રાહ્મણ માટે ઉઘરાણું કરવાની આજ્ઞા કરી. તુકારામ મહારાજની આજ્ઞા થતાજ ગામ લોકોએ ઉઘરાણું કર્યું, અને તે મળેલા પૈસા પેલા બ્રાહ્મણને આપી દઇ તેને ઋણમાથી મુક્ત કરાવ્યો. તુકારામ મહારાજની આવી નિઃસ્વાર્થ વૃત્તિ જોઇને શિવજીને તેમની પ્રત્યે જરા પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન થઇ. ધીમે ધીમે તેણે તુકારામ મહારાજના કીર્તનમાં આવવા માંડ્યુ. એવામા વહેપારમાં તેને બહુ લાભ થવાથી* તુકારામ મહારાજ ઉપર તેને બહુ શ્રદ્ધા થઇ. શિવજીએ આ વાત તુકારામ મહારાજને કહી સંભળાવી, ત્યારે તેમણે કહ્યુ કે "એ માલનો સદુપયોગ કર." તુકારામ મહારાજની આજ્ઞા પ્રમાણે શિવજીએ લોહગામમાં એક ધમશાળા બંધાવી; અને પુષ્કળ બ્રહ્મભોજન કર્યું. તેણે અન્ય સાંસારિક કર્મોનો ત્યાગ કરી તુકારામ મહારાજની પાસેજ રહેવા માંડયું. પરંતુ આ વાત તેની સ્રીને રૂચી નહિ. તેથી તે તુકારામ મહારાજનો દ્વેષ કરવા લાગી. છેવટે તેણે ગમે તે પ્રકારે પોતાના પતિને તુકારામ મહારાજનો સંગ

---

* બંગાળી પુસ્તકમા લખ્યું છે કે શિવજીએ મુંબઈથી છત્રીશ પોઠી ભરીને કલાઇ મગાવી હતી તે આવી પહોચતા માલ ખોલીને જોતાં તેમાથી કલાઇને બદલે ચાદી નીકળી હતી. શિવજીએ આ વિષે મુબઈના પોતાના આડતીઆને પૂછાવતાં તેણે પણ કલાઈજ મોકલી હોવાનો ઉત્તર આપ્યો હતો. મંત્રી. સ. સા.

છોડવવાનો નિશ્ચય કર્યો. અને તેમ કરવા તેણે તુકારામ મહારાજને દુઃખ દેવાનો વિચાર કર્યો. એક દિવસ તેણે તુકારામ મહારાજને પોતાને ઘેર જમવાનું નિમંત્રણ કર્યું; અને જ્યારે તુકારામ મહારાજ જમવાને આવ્યા, ત્યારે તેમને એવા તો ગરમ પાણીથી સ્નાન કરાવ્યું કે તેમનુ સર્વ શરીર બળી ગયુ—ચામડી બાળી થઇ ગઇ. આ પ્રમાણે વેદના થતાંજ તુકારામ મહારાજ વિઠોબાની સ્તુતિ કરવા લાગ્યા. આ વખતે તેમણે પોતાની વેદનાનું વર્ણન કરતાં નીચેનો અભંગ રચ્યો છે.

जळे माझी काय लागला ओणवा ॥ धांवरे केशवा मायबापा ॥१॥
पेटली सकल कांति रोमावळी ॥ नावरे हे होली दहन झालें ॥२॥
फुटोनियां दोन्ही भाग होऊं पाहे ॥ पाहतोसी काय हृदय माझे ॥३॥
घेऊनि जीवन धांधे लवलाहीं ॥ कवणाचें कांहीं न चले यथें ॥४॥
तुकाह्मण तूं माझी होसी जननी ॥ आणिक निर्वाणी कोण राखी ५

મહીપતિ લખે છે કે આ વખતે પણ વિઠોબાએ તુકારામ મહારાજની રક્ષા કરી હતી; અને તેમને લેશ માત્ર પણ ઈજા આવવા દીધી નહોતી. આ તેમજ આ ચરિત્રમાં વર્ણવાયલા બીજા ચમત્કારો મહીપતિની ચમત્કારવર્ણન-પ્રિયતાને આભારી હો, કિંવા તેમણે તુકારામના જીવનની માહિતી મેળવતી વખતે આ વાત બીજાઓ પાસેથી જેવી સાભળી હોય તેવીજ લખી લીધી હો, પરંતુ તેઓ પ્રભુના એક મહાન અને કૃપાપાત્ર ભક્ત હતા એમ તો આપણે માનવુંજ પડશે. ચમત્કારની વાતોને બાજુએ રાખતા પણ આ માન્યતાની સબળતા ખંડિત કરી શકાય તેમ નથી. એ બાબતનું એક પ્રકરણ લખવાનું છે તે વખતે આ વિષય વધારે સ્પષ્ટતાથી લખાશે.

તુકારામ મહારાજની સહનશીલતાનું યથાર્થ વર્ણન કરવામાં

આવ્યુ છે. હવે તેમના આત્મસંયમનું એક દૃષ્ટાંત આપી આ પ્રકરણ પુરૂં કરીશુ. તુકારામ મહારાજનું કીર્તન સાંભળવાને પુરૂષોની પેઠે અનેક સ્ત્રીઓ પણ આવતી હતી. તેમાની એક સુંદર સ્ત્રીના મનમાં એક દિવસ વ્યભિચાર–બુદ્ધિ ઉત્પન્ન થઇ. તેથી તેણે લાગ જોઇને તુકારામ મહારાજ પાસે પોતાનો વિચાર નિવેદન કર્યો. તેમ કરતી વખતે તેણે પ્રેમ–કટાક્ષો અને મોહક ભાષણ કરવામા લેશ માત્ર પણ ન્યૂનતા રાખી નહોતી. પરંતુ તુકારામ મહારાજે તેને નાના પ્રકારનો ઉપદેશ આપી તેની પાપવાસના કાઢી નાખી, અને તેને પુનઃ સન્માર્ગે ચઢાવી. આ પ્રસંગે તે સ્ત્રીને સંબોધીને તુકારામ મહારાજે જે અભંગો રચ્યા છે, તેમાના બે અહિયાં આપવા યોગ્ય ધારીએ છીએઃ–

स्त्रियांचा तो संग नको नारायणा। काष्ठा या पाषाण मृत्तिकेच्या १
नाठवे हादेव न घडे भजन । लाचावले मन आवरेना ॥ २ ॥
दृष्टिमुखे मरण इंद्रियांच्या द्वारे । लावण्यतें खरे दुःखमूल ॥३॥
तुका ह्मणे जरी अग्नि झाला साधु । परीबांधू संघटणे ॥ ४ ॥
पराविया नारी रखुमाई समान । हें गेलें नेमून ठायींचेचि ॥१॥
जाईयो तूं माते न करीं सायास । आह्मी विष्णुदास नव्हों तैसे २
नसाहावे मज तुझे हे पतन । नकोहें वचन दुष्ट वदों ॥ ३ ॥
तुका ह्मणे तुज पाहिजे भ्रतार । तरीकां इतर लोक थोडे ॥ ४ ॥

ઉપર્યુક્ત અભંગો ઉપરથી તુકારામ મહારાજે પોતાના મન અને ઇંદ્રિયો ઉપર કેટલો કાબુ મેળવ્યો હતો તે સ્પષ્ટ જણાઇ આવે છે. વળી તે ઉપરાંત એમાં એમના એકપત્નીવ્રતનું પણ યથાર્થ દર્શન થાય છે.

પ્રકરણ ૯ મું.

તુકારામ મહારાજ જે સમયે આવિર્ભૂત થયા હતા. તે સમય મહારાષ્ટ્રીય જાતિના ઇતિહાસમાં વિશેષરૂપે સ્મરણીય છે. એક તરફ બાહુબળ અને જ્ઞાનબળ અને બીજી તરફ ભક્તિબળ, એ ત્રણેના સમ્મિલનથી મહારાષ્ટ્ર દેશ તે સમયે અપૂર્વ ગૌરવથી ગૌરવાન્વિત થયો હતો. બાહુબળના અવતાર સ્વરૂપ શિવાજી, જ્ઞાનબળના અવતાર સ્વરૂપ રામદાસ સ્વામી+ અને ભક્તિ અને પ્રેમબળના અવતાર સ્વરૂપ તુકારામ મહારાજ, એ ત્રણે મહાપુરૂષોએ, એકજ સમયે મહારાષ્ટ્રમા જન્મ લીધો હતો. સમસ્ત હિંદુ જાતિમા નવીન શક્તિનો સંચાર કરવાનેજ જાણે વિધાતાએ એ ત્રણેને એકજ સમયે મોકલી આપ્યા હતા. મનુષ્યને તેમના વ્યક્તિગત જીવનની પેઠે જાતીય જીવનમાં પણ સમયે સમયે એક એવો "શુભયોગ" ઉપસ્થિત થઇ આવે છે કે, તે સમયે પ્રત્યેક વિષયમા તેમની ઉન્નતિ અને કલ્યાણ થએલાં જોવામાં આવે છે. સત્તરમી સદી‡ મહારાષ્ટ્રીય જાતિના ઇતિહાસમાં એ પ્રકારના

+ રામદાસ સ્વામી છત્રપતિ શિવાજી મહારાજના દીક્ષાગુરૂ હતા. શિવાજી મહારાજ, પોતાના સાંસારિક તેમજ રાજદ્વારી દરેક કાર્યો તેમની અનુમતિ લઇનેજ કરતા હતા. તે સર્વ શાસ્ત્રને જાણનારા અને અપૂર્વ કાર્ય-કુશળ હતા; અને તેથી લોકો તેમને "સમર્થ રામદાસ સ્વામી" કહીને બોલાવતા હતા.

‡ આ સમયનો ઇતિહાસ લખતાં એક મહારાષ્ટ્રીય ઇતિહાસકાર લખે છે કે, "રાજનીતિ-ક્ષેત્રમા મહારાજા શાહાજી અને સાહિત્ય-ક્ષેત્રમા એક-નાથ સ્વામી જે સંપૂર્ણ કરી શક્યા નહોતા. તે આ યુગમા રામદાસ સ્વામી વગેરે સાધુ પુરૂષોએ, અને શિવાજી, તાનાજી, મયૂર પંથ વગેરે રાજનીતિજ્ઞ પુરૂષો સુસંપન્ન કરી ગયા છે. આ સમયે મહારાષ્ટ્રવાસીઓના

શુભયોગને માટે ચિરસ્મરણીય થઇ છે. વીરવર શિવાજી મહારાજના બળ ઉપર ઝઝુમીને મહારાષ્ટ્ર સૈનિકો જે સમયે પોતાના વિજયનાદથી દશે દિશાઓ ગજાવી મૂકતા હતા, તેજ સમયે તુકારામ મહારાજના અભંગો ઘરેઘરમાં સંકીર્તિત થઇને હજારો મહારાષ્ટ્રીય નરનારીમાં ભક્તિ અને પ્રેમ ઉત્પન્ન કરી તેમનાં પવિત્ર અંતઃકરણ વિગલિત કરી નાખતાં હતાં. 'શિવાજી મહારાજે કેવળ કુશળતા અથવા બાહુબળથીજ મહારાષ્ટ્રીય રાજ્યની પ્રતિષ્ઠા કરી છે,' એમ ધારવામાં લોકો મોટી ભૂલ કરે છે. એક પગે સમસ્ત સંસાર–યાત્રા કરવી જેવી રીતે અશક્ય છે. તેજ પ્રમાણે કેવળ બાહુબળ ઉપરજ આધાર રાખીને જાતીય જીવનની પ્રતિષ્ઠા કરવી તદ્દન અસંભવિત છે. મુસલમાન જાતિનો ઇતિહાસ એને માટે પ્રત્યક્ષ પ્રમાણરૂપ છે. એકજ સૈકામાં મુસલમાનો આટ્લાંટિક સમુદ્રથી હિંદી સમુદ્ર સુધી રાજ્ય વિસ્તાર કરી શક્યા હતા, તેનું મુખ્ય કારણ તેમનું બાહુબળ નહિ, પરંતુ ધર્મબળજ હતું, ધર્મના અભિમાનને–ઝનુનને–લીધેજ મુસલમાનો સર્વ કાળમા અને સર્વ દેશમા એક મતના રહીને સર્વત્ર વિજય મેળવવાને ભાગ્યશાળી થયા છે, મુસલમાનોની પેઠે મહારાષ્ટ્રવાસીઓમાં

સર્વ ગુણોનો સંપૂર્ણ વિકાસ થયો હતો તે પછી એક શતાબ્દીમા મહારાષ્ટ્રમાં જેટલા પુરૂષરત્નો એક સાથે આવિર્ભૂત થયા છે, તેટલા પૃથ્વીના કોઈ પણ દેશમા, કોઈ પણ વખતે થયાં નથી. જો આવા આવા પુરૂષરત્નોનો આવિર્ભાવ ન થયો હોત તો, ઔરંગઝેબ જેવા સમર્થ મોગલ પાદશાહે મહારાષ્ટ્રવાસીઓનું નામ નિશાન પણ રહેવા દીધુ ન હોત, અને સમસ્ત હિંદુસ્તાનમાંથી હિંદુ ધર્મનો વિનાશ કરી, મુસલમાન ધર્મ સ્થાપી દીધો હોત. શિવાજી મહારાજના જેવા વીર પુરૂષોના પ્રતાપથીજ મહારાષ્ટ્રવાસીઓ ઔરંગઝેબના બાર લાખ સૈન્યની સાથે ૨૧ વર્ષ સુધી યુદ્ધ કરી હિંદના ઇતિહાસમાં અક્ષય કીર્તિ પ્રાપ્ત કરી પોતાના ધર્મની અને સ્વાતંત્ર્યની રક્ષા કરી શક્યા છે."

પણ બાહુબળની સાથે ધર્મબળનું સંમિલન થયું હતું, અને તેથીજ તેમનું એકસંપી સૈન્ય અજીત થઈ પડયું હતું. એ સમિલનના ગુણમાં મહારાષ્ટ્રીય જાતિ હજુ પણ ભારતની અન્યાન્ય હિંદુ જાતિમા પોતાનુ ઉચ્ચપદ જાળવી રહી છે. શિવાજી અને રામદાસ સ્વામીની પેઠે દરિદ્ર તુકારામ મહારાજે પણ પોતાની સ્વજાતિનુ મહત્વ સ્થાપવામા કેટલી સહાયતા કરી છે, તે દેખાડવા માટેજ અમારે આ સકળ વાત લખવી પડી છે.

તુકારામ, શિવાજી અને રામદાસ–સ્વામી, કેવળ એકજ સમયમા આવિર્ભૂત થયા હતા, એટલુજ નહિ પણ તેમને એક બીજા સાથે બહુ સારો સબધ હતો; અને તેથી તેઓ પોતપોતાની પ્રકૃતિ અને સામર્થ્ય પ્રમાણે એક બીજાના કાર્યમાં સહાયતા કરતા હતા. તુકારામ મહારાજ સાથે શિવાજી મહારાજનો પ્રથમ સાક્ષાત્કાર, તેમના બન્નેના જીવનની એક વિશેષ ઉલ્લેખયોગ્ય ઘટના છે; અને તે ઘટના ઉપરથી તે બન્ને જણની પ્રકૃતિ સારી રીતે પરિસ્કુટ થાય છે શિવાજી મહારાજ પોતાના વીરત્વ કરતાં, બુદ્ધિ અને ચાતુર્યમા વધારે ખ્યાતિ મેળવી ગયા છે, તેમના વીરત્વ અને બુદ્ધિ–ચાતુર્યની અનેક ઘટનાઓથી લોકો પરિચિત છે. પરંતુ તેઓ કેવા ધર્માનુરાગી અને વૈરાગ્યશીલ પુરૂષ હતા, તે બહુ થોડાનાજ જાણવામાં છે. જો તેઓ રાજાને બદલે એક સન્યાસી હોત તો તે સ્થિતિમા પણ તેઓ સારી ખ્યાતિ મેળવી શકત; અને પોતાના દેશ–બંધુઓનો ઉદ્ધાર કરી શકત; એમાં લેશ માત્ર પણ સશય નથી. રાજપદને તુચ્છ ગણીને શિવાજી મહારાજ એક મુનિજનોચિત કઠોરતા અને આત્મનિગ્રહનો અભ્યાસ કરવાને કેવા તૈયાર થઇ ગયા તે તથા દરિદ્રતાના કઠોર ઘર્ષણથી ચૂર્ણપ્રાય થવા છતાં પણ તુકારામ મહારાજે સાંસારિક સંપદ અને ઐશ્વર્યનો કેવો ત્યાગ કર્યો હતો, તેનું જ્વલંત

દૃષ્ટાંત તે ઉભયના પ્રથમ સાક્ષાત્કારમાંથી મળી આવે છે. બાલ્યાવસ્થાથીજ શિવાજી મહારાજને પુરાણ અને કથા વાર્તા વાંચવાનો અને સાંભળવાનો શોખ હતો. તેથી તેઓ પરમ પ્રીતિપૂર્વક પોતાના શિક્ષા–ગુરૂ દાદાજી કોંડદેવ પાસે પુરાણની કથા વાર્તાઓ શ્રવણ કરતા હતા. તેમને બાલ્યાવસ્થાથીજ સાધુ–મહાત્માઓની સંગતિ કરવાની અને તેમનું પૂજન અર્ચન કરીને તેમનો આશીર્વાદ મેળવવાની ટેવ પડી હતી. રાજત્વ પ્રાપ્ત કર્યા પછી પણ શિવાજી મહારાજ સાધુસંગનો સુયોગ જવા દેતા નહિ. તુકારામ મહારાજની કીર્તિ સાભળીને તેમને તેમના દર્શન કરવાની ઉત્કંઠા થઇ. તુકારામ મહારાજનાં દર્શન કરવાને તેમનું મન એકદમ ઉત્સુક થયું. એક વખત તુકારામ મહારાજ કીર્તન અને હરિકથા કરવાને લોહ ગામમાં આવ્યા હતા. શિવાજી મહારાજને તે વાતની ખબર પડી એટલે તેજ વખતે તેમણે તુકારામ મહારાજને તેડી લાવવાને એક છત્ર અને અશ્વ સાથે એક રાજ–કર્મચારીને લોહગામ મોકલ્યો. તુકારામ મહારાજ શિવાજી મહારાજને સારી રીતે ઓળખતા હતા. તેમના ધર્માનુરાગ અને સ્વજાતિવત્સલતાને માટે તેમને ઘણું માન હતું. પરંતુ ઐશ્વર્ય, આડંબર અને અનેક લોકોથી પરિપૂર્ણ એવી તેમની રાજસભામા જવાની તેમને ઇચ્છા નહોતી. ધર્મ જીવનનો પ્રારંભ થયો ત્યારથીજ તુકારામ મહારાજને એકાંતવાસ બહુ ગમતો હતો. તેથી જ્યા આગળ ઘણા લોકો એકઠા થયા હોય, ત્યા જવું તેમને ગમતુ નહિ. વળી ધનાઢ્ય લોકો પાસે જવાથી તેમની ભેટ વગેરે ગ્રહણ કરવું પડે તેથી તેમની પાસે પણ જવાનું તેમને રૂચતું નહિ. આથી તેઓ શિવાજી મહારાજના આમંત્રણનો સ્વીકાર કરી શક્યા નહિ. જ્યારે શિવાજી મહારાજના મોકલેલા માણસે તુકારામ પાસે આવીને “ મહારાજ આપના દર્શનની આતુરતાથી વાટ જોઈ રહ્યા છે,

માટે તેમને દર્શન આપીને કૃતાર્થ કરો." એ પ્રમાણે કહ્યું, ત્યારે તેઓ વિષમ સંકટમાં આવી પડ્યા. એક તરફ ધર્માનુરાગી શિવાજી છત્રપતિનું વ્યાકુળ આમંત્રણ અને બીજી તરફ ઐશ્વર્યની પ્રલોભનમયી મૂર્તિ; એ બન્નેના વિચારમાં તેમનું ચિત્ત સંશયાકુળ થઈ ગયું તુકારામ મહારાજનો સંશય કાંઇ ખોટો પણ નહોતો. તે સમયના પ્રચલિત રીત રીવાજ પ્રમાણે સાધુ સંન્યાસીઓને મળતી વખતે, ઐશ્વર્યશાળી પુરૂષો તેમને એટલું બધું ધન સમર્પણ કરતા કે કોઇ પક્કા નિસ્પૃહી મહાપુરૂષ સિવાય કોઈકજ તેના પ્રલોભનથી બચી શકતું હતું. સુખ તેમજ દુ:ખની સકળ અવસ્થામાં તુકારામ વિઠોબા પાસે પોતાના હૃદયના ભાવ નિવેદન કરતા હતા. આ પ્રસંગે પણ તેમણે વિઠોબાની સ્તુતિ કરી પોતાને આવા આવા ધર્મ-સંકટોમાંથી બચાવવાને વિનંતિ કરવા માંડી. આ વખતે તુકારામ મહારાજના ચિત્તની અવસ્થા કેવી હતી, તે તેમના નીચેના અભંગો ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે.

नावडे जे चिता । तेंचि होसी पुरविता ॥ १ ॥
कांरे पुरविली पाठी । माझी केली जीवें साठी ॥ २ ॥
न करावा संग । वाटे दुरावावें जग ॥ ३ ॥
सेवावा एकांत । वाटे न बोलावी मात ॥ ४ ॥
जन धन तन । वाटे लेखावें वमन ॥ ५ ॥
तुकाह्मणे सत्ता । ह्मातीं तुझ्या पंढरिनाथा ॥ ६ ॥

दिवत्यां छत्री घोडे । हें तो क्यां तन पडे ॥ १ ॥
आतां येथे पंढरिराया । मजगोविसी कासया ॥ २ ॥

मानदंभ चेष्टा । हे तो शूकरांची विष्ठा ॥ ३ ॥
तुकाह्मणे देवा । माझे सोडवणेद्यावा ॥ ४ ॥

પોતાના ઇષ્ટદેવ વિઠોબાને આ પ્રમાણે વિનવીને શિવાજી મહારાજના આમંત્રણના પ્રત્યુત્તરમા તુકારામ મહારાજે ચાર અભંગો લખી મોકલ્યા. તેમા તેમણે શિવાજી મહારાજને તેમના સહધર્મ સંબંધી કેટલોક ઉપદેશ આપ્યો છે સંસારથી વિરક્ત હોવા છતા પણ તુકારામ મહારાજમાં વ્યવહારિક જ્ઞાનનો અભાવ નહોતો, એ તેમના એ અભંગો વાંચતાં સહજ જણાઇ આવે છે. તુકારામ મહારાજના એ અભંગો ઘણાજ ઉપદેશ પૂર્ણ હોવાથી તેનો ઉલ્લેખ કરવો યોગ્ય ધારીએ છીએ.

विरंचीनें केले ब्रह्मांड सकल । तपा माजी खेल नानायुक्ति ॥१॥
युक्तिचा बाळक ब्रह्मनिष्ठ ज्ञानी । गुरु भक्ति मनी विश्वासेसी॥२॥
एसा तुझा प्रेमा कले कांही एक । पाहुनियां लेख पत्रिकांचे॥३॥
शिव तुझे नाम ठेविलें पवित्र । छत्रपति सुत्र विश्वाचे कीं ॥ ४॥
व्रत नेम तप ध्यानयोग कला । करुनी मोकला जालासी तूं॥५॥
हेत लागला आमुचीये भेटी । पत्रामाजी गोष्टी हेचि थोर ॥६॥
याचे हें उत्तर एकगा भूपति । लिहिली विनंती हेताची हे ॥७॥
अरण्यवासी आह्मी फिरो उदासीन । दर्शनही हीन अमंगळा॥८॥
वस्त्रा विणकाया जालीसे मळीन । अन्न रहित हीन फलाहारी ॥९॥
रोकडे हात पाय दिसे अवकला । काय तो सोहला दर्शनाचा ॥१०॥
. काह्मणे माझी विनंती सलगीची । वार्ता हे भेटी ची करुंनका ११

एसी माझी वाणी दीनरूप पाहें। हेत्या करुणा आहे हृदयस्थाची १
नहो किविलवाणे नाहीं आह्मी दीन । सर्वदा शरण पांडुरंगी २
पांडुरंग आह्मां पाळिता पोसिता। आणि कांची कथा काथतेथें ३
तुझी भेट घेणें काय हे मांगणे । आशेचें हे शून्य कले आह्मी४
निराशेचा गांव दिधला आह्मांसी । प्रवृत्ति भागासी सांडियेलें ५
पतिव्रतेचें हें मन पति भेटो । तैसे आह्मी विठोमाजी नांदो॥६॥
विश्वहें विठ्ठल नाहीं दुजे कांही । देखणे तुझेंही तयामाजी ॥७॥
तुजही विठ्ठल ऐसें ची वाटलें । परिएक आलें आडवें हें ॥ ८ ॥
सद्गुरु श्री रामदासाचें भूषण । तेंथें घाली मन चलों नको ९
बहुतां ठायीं वृत्ति चावळली जेव्हां । रामदास्य तेव्हां घडे कैसें१०
तुका ह्मणे बापा चातुर्य सागरा । भक्ति भावतारा भाविकां सी११

तुह्मांपाशीं आह्मी येउनियां कांय । वृथासीण आहे चाळण्याचा१
मांगावें हें अन्नतरी भिक्षा थोर। वस्त्रासी हे थोर चिंध्याबिदी२
निद्रेसी आसन उत्तम पाषाण । वरी आवरण आकाशाचें ॥३॥
तेथें कायकरणे [illegible] आस । वायां होय नाश आयुष्याचा४
राजगृहा यावें मानाचि ये आसे । तेथें काय वसे समाधान॥५॥
राया चिये घरीं भाग्यवंता मान । इतरां सामान्यां मान नाहीं६
देखो नियां वस्त्रे भूषणां चे जन । तत्काळ मरण येतें मज ॥ ७
एकोनियां मानाळ उदासता जरी । तरी आह्मां हरि उपेक्षीना८
आतां हें चि तुह्मां सांगणे कौतुक । भिक्षे ऐसें सुख नाहीं नाहीं९

तपव्रत याग महा भले जन । आशाबद्ध दीन वर्तताती ॥१०॥
तुका ह्मणे तुह्मी श्रीमंत मानाचे । पूर्वीच दैवाचे हरिभक्त॥११॥

आतां एक योग साधावा ह्यानीट । भल्या चातोर्धाट मानूंनये १
जणे योगें तुह्मां घडों पाहे दोष । ऐसाहा सायास करुंनये ॥२॥
निंदक दुर्जन संग्रही असती । त्यांची युक्ति चित्तीं आणूं नका॥३॥
परीक्षावे कोण राज्याचे रक्षक । विवेकाविवेक पाहोनियां ॥४॥
सांगणे न लगे सर्वज्ञ तूं राजा । अनाथांच्याकाजा साह्य व्हावें५
हें चि ऐकोनियां चित्त समाधान । आणीक दर्शने चाड नाहीं६
घेउनियां भेटी हा संतोष । आयुष्याचे दीस गेले गेले ॥ ७ ॥
एक दोनी कर्मे जाणो नियां वर्में । आपुलिया भ्रमे राहूं आतां८
कल्याणकारण अर्थ याचा एक । सर्वाभूतीं देख एक आत्मा॥९॥
आत्मारामी मन ठेवूनीयां राहें । रामदासीं पाहें आपणेयां॥१०॥
तुका ह्मणे राया धन्य जन्म क्षिती। त्रैलोकीं हे ख्याति कीर्तितुझी॥११।

राया छत्रपति ऐकावें वचन । रामदासीं ध्यान लावा वेगीं ॥१॥
रामदास स्वामी सोयरा सज्जन । यासि तूं नमन अर्पी बापा २
मारुती अवतार स्वामी प्रगटला । उपदेश केला तुज लागीं ॥३॥
रामनाम मंत्र तारक केवल । झाला सेसीतळ उमाकांत ॥ ४ ॥
उफराहीं नामें जपतां वाल्मीक । झाला पुण्यश्लोक तात्कालिक ५
तेंच बीजत्यासि वशिष्ठ उपदेश । त्याहूनि विशेष काय आहे ॥६॥
आतां धरूं नका भलत्याचा संग। राम पांडुरंग कृपा करी ॥७॥

धरूं नको आस आमुची भूपाला। रामदासीं डोळा लावीवेंगी॥८॥
तुझी चाड नाहीं आह्मां छत्रपति। आह्मी पत्रपति लोकांचे॥९॥
चारी दिशीं आह्मां भिक्षेचा अधिकार। न मिळे भाकर भक्षावया १०
पांडुरंगों आमुची झाली पूर्णभेटी। हातांत नरोही दिधली देवें ११
आतां पडूं नको आमुचियाकाजा। पवित्र तूं राजा रामभक्त॥१२॥
विठ्ठलाचे दास केवल भिकारी। आह्मां लागीं हरि उपेक्षीना १३
शरण असावें रामदासा लागीं। नमन साष्टांगी घालीं त्यासी॥१४॥
तुका ह्मणे राया भुला असो कल्याण। सद्गुरु शरण असें बापा १५

શિવાજી મહારાજને આ પ્રમાણે લખીને તુકારામ મહારાજ છત્રપતિના નોકરેલા રાજકર્માચારિને સબોધીને કહેવા લાગ્યા કેઃ—

आतां हे विनवणी प्रधान अष्टक। प्रभूसी विवेक समजावा॥१॥
प्रतिनिधि मानरक्षक चतुर। सात्विकाचें घर तुह्मां पाशी॥२॥
मजुमुचे धणी लेखनकारक। पत्रीचा विवेक समजावा॥ ३ ॥
पेशवे सुरनिस चिटनिसउबीर। राजाज्ञा सुमंत सेनापति॥४॥
भूषण पंडितराय विद्याधन। वैद्यराजा नमन माझें असें॥ ५ ॥
पत्राचा हा अर्थ अंतरीं जाणोनी। विवेचोनी श्रवणीं घाला तया ६
सात्विक प्रेमळ द्रष्टांताच्या मतें। बोलिलों बहुत कलावया॥७॥
यथास्थित निरोप सांगणे हा राया। अर्थपाहा वांयां जाऊं नेदा ८
भिडे साठीं बोलां गाळूनी अर्थाते। अनर्थकारी तुह्मांते होईलतया॥
तुकाह्मणे तुह्मां नमन अधिकार्‍यां। सांगणें तें राया पत्र माझे १०

ઉપર્યુક્ત અભંગો વાંચવાથી તુકારામ મહારાજ ઐહિક સુખ-સંપત્તિ અને માન માટે કેટલી બેપરવાઈ રાખતા હતા તે સ્પષ્ટ જણાઇ આવે છે. તેમનામાં વૈરાગ્ય-વૃત્તિનો સંપૂર્ણ વિકાસ થએલો હોવાથી, તેઓ કદિ પણ મોહપાશમાં સપડાતા નહિ. તે સાથે પોતાનામાં કાંઇ વિશેષ યોગ્યતા કિંવા સામર્થ્ય છે, એવું પણ તેઓ વિચારતા નહિ. ઉક્ત અભંગોની પ્રત્યેક લીટીમાં તેમની લીનતા, સરલતા, નિરપેક્ષતા ઇત્યાદિ ઉજ્જવળ વૃત્તિઓ, સંપૂર્ણ રીતે પ્રતિબિંબિત થઇ છે. વળી તેમણે શિવાજી મહારાજને જે ઉપદેશ કર્યો છે, તેમા પણ તેમની વાસ્તવિક યોગ્યતા જણાઇ આવે છે. તુકારામ મહારાજ જેવા નિઃસીમ વિરક્ત પુરૂષ આ પૃથ્વી ઉપર આજ પર્યંત બહુ થોડાજ થઇ ગયા છે. મોક્ષમાર્ગનો એક વખત સ્વીકાર કર્યા પછી તેને કેવળ અનન્ય હેતુથી અનુસરીને તેમાંથી ચળાવનાર અનેક મોહક પ્રસંગો આવી પડવા છતાં પણ પોતાના આચરણની શુદ્ધતા જાળવી રાખવી, એ કાંઈ નાનીસુની વાત નથી. તુકારામ મહારાજે પણ આવા અનેક મોહક પ્રસંગોને વટાવીને પોતાના વ્રતમાં લેશ માત્ર પણ ખામી આવવા દીધી નહોતી.

કહેવાય છે, કે એક સમયે પ્રસિદ્ધ વીરવર અલેકઝાંડરે, સુપ્રસિદ્ધ ગ્રીક તત્વવેત્તા દાયોજીનિસની ખ્યાતિ સાંભળી, તેને પોતાની પાસે તેડી લાવવા એક દૂતને મોકલ્યો હતો. પરંતુ દાયોજીનિસે તેમનું આમંત્રણ સ્વીકાર્યું નહિ તેથી અલેકઝાંડર પોતે તેમની સામા ગયા હતા. તુકારામ અને શિવાજી મહારાજના સંબધમાં પણ તેમજ બન્યું. તુકારામ મહારાજના અભંગો શ્રવણ કરીને અને તેમની નિસ્પૃહતાથી ચકિત થઇને તેઓ તે મહાપુરૂષનાં દર્શન કરવાને વધારે આતુર થઇ ગયા; અને 'એ મહાપુરૂષ મ્હારી પાસે આવનાર નથી' એવો વિચાર કરીને પોતેજ તેમનાં દર્શન કરવાને જવાનો નિશ્ચય કર્યો.

તે પછી એક સમયે તુકારામ મહારાજ પુનઃ લોહગ્રામ ગયા હતા, અને ત્યાંના ભાવિક ભક્તોના આગ્રહથી કેટલાક દિવસ સુધી ત્યાંજ નિવાસ કરીને દરરોજ રાત્રે હરિકીર્તન કરતા હતા. આ સમાચાર શિવાજી મહારાજના જાણવામાં આવ્યા, તેથી તેમણે ત્યાં જઇને તેમનાં દર્શન કરી અલૌકિક ઉપદેશામૃતનું પાન કરવાનો નિશ્ચય કર્યો; અને વસ્ત્ર, અલંકાર તથા પૂજાની અન્યાન્ય સામગ્રી લઇને પોતાના પ્રધાન અને આપ્ત વર્ગને સાથે લઇને લોહગ્રામ આવી પહોચ્યા. ત્યાં આગળ તેમણે તુકારામ મહારાજની પરમ ભક્તિપૂર્વક પૂજા કરી, અને સુવર્ણમુદ્રા ભરેલો એક તાટ ભેટ કર્યો. "શિવાજી મહારાજ પોતાને કોઇપણ પ્રકારનો ઉપહાર આપ્યા વિના નહિ રહે" એવો વિચાર આવવાથીજ તુકારામ મહારાજ તેમની પાસે ગયા નહોતા. આ વખતે શિવાજી મહારાજે તેમને આવી અમૂલ્ય ભેટ કરેલી હોવાથી તેઓ બહુ દીલગીર થયા, અને શિવાજી મહારાજને સંબોધીને કહેવા લાગ્યા કે,

जाणोनी अंतरा । टाळिसील करकर ॥ १ ॥
तुझ लागी हे खोडी । पांडुरंगा बहु कुडी ॥ २ ॥
उठ विसीदारीं । धरणें एखा दिया परी ॥ ३ ॥
तुका ह्मणे पाया कैसे सोडीनतें पाहें ॥ ४ ॥

नाहीं विचारीत । मेघ हागणदारी सेत ॥ १ ॥
नये पाहो त्याचा अंत । ठेवी कारणापें चित्त ॥ २ ॥
वर्जीत गंगा । नाहीं उत्तम अधम जगा ॥ ३ ॥
तुका ह्मणे मळ । नाहीं अग्निसी विटाळ ॥ ४ ॥

काय दिला ठेवा । आह्मां विठ्ठलची व्हावा ॥१॥
तुह्मी कळ लेती उदार । सार्टी परिसाची गार ॥२॥
जीव दिलातरी । वचना माझ्या नयेसरी ॥ ३ ॥
तुका ह्मणे धन । आह्मां गोमांसा समान ॥ ४ ॥

पिकवावे धन । ज्याची आस करी जन ॥ १ ॥
पुढें उरे खातां देतां। नव्हे खंडण मवितां॥ २ ॥
खोली पडे ओली बीज । तरी चहार्ती लागे निज ॥३॥
तुका ह्मणे धनी । विठ्ठल अक्षरे ही तिन्हीं ॥ ४ ॥

मुंगी आणि राय । आह्मां सारखाचि जीव ॥ १ ॥
गेला मोह आणि आशा। कलिकालाचा हा फांसा ॥२॥
सोने आणि मोति । आह्मां समान हें चित्तीं ॥ ३ ॥
तुका ह्मणे आले । धरा वैकुंठ सगळें ॥ ४ ॥

तिहीं त्रिभुवनीं । आह्मी वैभवाचे धनी ॥ १ ॥
हातां आले घावडाव । आमचा मायबाप देव ॥ २ ॥
काय त्रिभुवनी बल । अंगी आमुचा सकल ॥ ३ ॥
तुका ह्मणे सत्ता । अवधी आमुचीच आतां ॥ ४ ॥

आह्मी तेणें सुखी । ह्मणा विठ्ठल विठ्ठल मुखीं ॥ १ ॥
तुमचें येर वित्तधन । तेमज मृत्तिक समान ॥ २ ॥
कंठी मिखा तुळसी । व्रत करा एकादशी ॥ ३ ॥
ह्मणवा हरिचे दास । तुका ह्मणे मज हे आस ॥ ४ ॥

અલેકઝાંડર સાથે ડાયોજીનિસના વ્યવહારને સકળ ઇતિહાસ પ્રેમી વાચકોને સુવિદિત હશે. ડાયોજીનિસનો જે વ્યવહાર ઇતિહાસના સોનેરી પૃષ્ઠોમાં ઉંડે અક્ષરે કોતરાઇ રહ્યો છે, તેની સાથે તુકારામ મહારાજની નિસ્પૃહતા અને દૃઢચિત્તતાની તુલના કરો. મહારાષ્ટ્રાધિરાજ શિવાજી છત્રપતિ તુકારામની પાસે હાથ જોડીને ઉભા રહે, અને ચીરધારી તુકારામ તેમણે ભેટ કરેલી સુવર્ણમુદ્રા તરફ નજર સરખી પણ કરે નહિ, એ દૃશ્ય વાસ્તવિક રીતે યથાર્થ અવલોકન કરવા જેવુ, અને કવિની કલ્પના અને ચિત્રકારની કલમથી અમર થવાનેજ યોગ્ય છે.

શિવાજી મહારાજ તુકારામનો ઉપદેશ સાભળીને અને તેમની અપૂર્વ નિસ્પૃહતા જોઇને આશ્ચર્યચકિત થયા. ત્યારપછી તુકારામ મહારાજને અર્પણ કરેલુ ધન બ્રાહ્મણોને આપી દઇને તેમનુ સકીર્તન સાભળીને કેટલાક દિવસ સુધી લોહગ્રામમાજ રહ્યા. તુકારામ મહારાજ દરરોજ પોતાના શિષ્યો સાથે સકીર્તન કરતા હતા. ભક્તગણના આનદથી અને મધુર વીણા અને મૃદગધ્વનિથી દશે દિશાઓ પરિપૂર્ણ થઇ જતી હતી. શ્રોતાની સપ્રેમ એકાગ્રતાથી અને તુકારામ મહારાજના ભક્તિ–પ્રધાન મધુર ઉપદેશથી સકીર્તન અતિશય મધુર અને હૃદયસ્પર્શી થઇ શ્રોતાઓના મન ઉપર સજ્જડ છાપ પાડતું હતું. શિવાજી મહારાજ પણ તેમના ઉપદેશથી વિમોહિત થઇ ગયા. તુકારામ મહારાજ પોતાના સંકીર્તનમાં ભક્તિમાર્ગનુ પ્રતિપાદન કરી, વૈરાગ્યવૃત્તિના મહત્ત્વ અને લક્ષણનું વર્ણન કરી, અનેક અનેક દાખલાઓ આપી એવો બોધ આપતા હતા કે: “આ સસારમા વિઠોબા સિવાય બીજું કાઇ છેજ નહિ; માટે જેને આ પૃથ્વી ઉપર જન્મ લીધાનું સાર્થક કરવું હોય તેણે તેનેજ શરણે જવુ.” વળી મધ્યે મધ્યે તાત્કાલિક સ્ફુરી નીકળતા અભંગોથી ઐહિક વૈભવ અને

ઐશ્વર્યની અસ્થિરતા, સુખની અસારતા, અને જીવનની ક્ષણભંગુરતા શ્રોતૃવર્ગના મનમાં બરોબર ઠસાવતા હતા. તેમનો બોધ સાંભળીને શિવાજી મહારાજની ચિત્તવૃત્તિમા પણ વિલક્ષણ ફેરફાર થઇ ગયો. તેઓ મૂળથીજ ભાવિક અને સદાચારી હતા, એટલે તુકારામ મહારાજના ઉપદેશથી તેમની ચિત્તવૃત્તિ તલ્લીન થઇ ગઇ, અને તેમનો ઉપદેશ ખરેખરો કૈવલ્યપ્રદ છે એમ તેમના પ્રેમાળ અને ઋજુ અંતઃકરણને ખાત્રી થઇ. પોતાના રાજપદ કરતાં તુકારામ મહારાજનુ સંન્યાસીપદ તેમને વધારે શ્રેષ્ઠ લાગ્યું. તુકારામ મહારાજની પેઠે તેમણે પણ નિર્જન–એકાંતમાં હરિભજન કરી શેષ જીવન વ્યતીત કરવાનો નિશ્ચય કર્યો. આખી રાત સંકીર્તન સાંભળ્યા પછી, અરૂણોદય પહેલા મંગળ આરતિના દર્શન કરી સૌ પોતપોતાને ઘેર ગયા. પરંતુ શિવાજી મહારાજ ઘેર ન જતાં, તુકારામ મહારાજને પ્રણામ કરી, પોતાના રાજવેશનો પરિત્યાગ કરીને પાસેના અરણ્યમાં ચાલ્યા ગયા; અને પોતાના કર્માચારીઓને "ગમે તેવું કાર્ય હોય તોપણ પોતાની પાસે આવવું નહિ" એવી આજ્ઞા કરી દીધી. શિવાજી દિવસે એકાતમાં રહીને રાત્રિએ તુકારામ મહારાજનુ સંકીર્તન સાભળવાને ગામમા આવતા હતા અને વળી પાછા અરણ્યમાં ચાલ્યા જતા હતા. આ પ્રમાણે કેટલાક દિવસો નીકળી ગયા. શિવાજી મહારાજની આવી અવસ્થા જોઇને પ્રધાનોને તેમની ચિંતા થવા લાગી. તેમણે મહારાજાને પોતાની પૂર્વસ્થિતિમાં લાવવાને ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ સઘળા વ્યર્થ ગયા. આખરે એક દિવસ શિવાજી મહારાજે પોતાના પ્રધાનોને બોલાવીને કહી દીધું કે, "હવે તમે કોઇ પણ મ્હારી પાસે આવશો નહિ. તમારી ધ્યાન પહોંચે તે પ્રમાણે મ્હારા રાજ્યની વ્યવસ્થા કરી લેજો. હવે હું રાજકાર્યમાં લક્ષ આપનાર નથી; આ દેહ ક્ષણભંગુર છે. ક્યારે છુટી જશે તે કાંઈ

નક્કી નથી; માટે હવે જે થોડું ઘણું આયુષ્ય બાકી રહ્યું હોય, તેમાં મ્હારે મ્હારા જન્મનું સાર્થક કરી લેવું જોઇએ. હવે હું રાજ્યાદિ ઐહિક જંજાળોમાં પડીને મ્હારા ભાવિ મોક્ષસુખમાં અંતરાય આવવા દઇશ નહિ." આ પ્રમાણે કહીને તેમણે ફરીથી કોઇ પણ નિમિત્તે પોતાની પાસે નહિ આવવાની તેમને તાકીદ આપી. શિવાજી મહારાજના વચન સાભળીને તેમના સકળ પ્રધાનો વિચારમાં પડી ગયા. તેઓ નિરતિશય ચિંતામાં પડી ગયા. આખરે સઘળાએ વિચાર કરીને લોહગ્રામમા બનેલી સઘળી હકીકત રાજમાતા જીજાબાઇને લખી મોકલી. જ્યારે આ સમાચાર રાજમાતાના જાણવામાં આવ્યા, ત્યારે તેઓ પણ શોકસાગરમાં ડૂબી ગયાં, અને તેજ વખતે લોહગ્રામ આવવાને નીકળી પડયા. લોહગ્રામમા આવીને તેઓ પોતાના પ્રધાનોને મળ્યા, અને તેમની પાસેથી સઘળી હકીકત સાંભળી લઇને તુકારામ મહારાજનાં દર્શન કર્યા. પછી તેમણે પોતાનો ખોળો પાથરી તુકારામ મહારાજને પગે લાગી કહ્યુ કે "મહારાજ! શિવાજી મ્હારો એકનો એક પુત્ર છે તે આપનો ઉપદેશ સાભળી રાજપાટનો ત્યાગ કરી વનમાં જઇ બેઠો છે. હવે તેના રાજ્યની સંભાળ કોણ રાખશે? મહારાજ! જો તે પુન યવનોના હાથમાં જશે તો ગરીબ હિંદુ પ્રજાને તે વિધર્મીઓના હાથથી બહુજ સહન કરવું પડશે. વળી શિવાજીને કાંઈ સંતાન હોત, તો પણ મને આટલો ખેદ થાત નહિ. પરંતુ તે પણ નથી, એટલે છતે દિકરે મ્હારે ઘેર તો તાળાંજ વસાવાનાં. મહારાજ! મ્હારી ઉપર **અને ગરીબ હિંદુ પ્રજા ઉપર દયા કરીને મને મ્હારા પુત્રની ભિક્ષા આપો,** અને તેને પુનઃ રાજપાટ ધારણ કરવાનો ઉપદેશ કરો." જીજાબાઇનાં આવાં નમ્ર અને વિનય-યુક્ત વચનો સાંભળીને તુકારામ મહારાજને દયા આવી. તેમણે જીજાબાઇને આશ્વાસન આપીને કહ્યું કેઃ "નિયમ પ્રમાણે શિવાજી આજે રાત્રિના કીર્તન

સાંભળવા આવશે, ત્યારે તેને બે ચાર વાતો કહીશ; અને તેને પુનઃ સંસાર-કાર્ય કરવાનો ઉપદેશ આપીશ. તમે લેશ માત્ર પણ ફીકર ચિંતા કરશો નહિ. નિશ્ચિંતે વિઠોબાનું ભજન કરો. તે સર્વ શક્તિમાન પ્રભુજ તમારૂં દુઃખ દૂર કરશે."

આ પ્રમાણે ગોઠવણ કરીને રાજમાતા જીજાબાઇ રાત્રિના હરિકીર્તનમાં જઇને બેઠાં. આ તરફ પોતાના નિત્ય નિયમ પ્રમાણે શિવાજી મહારાજ પણ કીર્તન સાંભળવાને આવી પહોંચ્યા. પ્રસંગ જોઇને તુકારામ મહારાજે કર્મકાંડની આવશ્યક્તાનું પ્રતિપાદન કરીને, પોતાના ધર્મનું પ્રતિપાલન કરવામાંજ શ્રેય છે, એમ સિદ્ધ કરી બતાવ્યું હરિભજન કરવાને સંસારનો ત્યાગ કરીને અરણ્યમાં ચાલ્યા જવાની કાંઇ જરૂર નથી. સંસારમાં રહીનેજ પોતાના સમસ્ત વ્યવહારો, નેકી અને માણસાઇથી ચલાવી, પોતાના બંધુ, બાંધવો અને દેશવાસીઓનું યથાશક્તિ કલ્યાણ કરવામાંજ ખરી મર્દાઈ છે. **પોતાનાં દુઃખી બાંધવોનો અને પીડાતાં દેશવાસીઓનો પરિત્યાગ કરી કેવળ મોક્ષ મેળવવા માટે ગિરિગુફામાં જઇને બેસવામાં કાંઇ પુરૂષાર્થ નથી.** વળી પોતાના સ્વજનોના કલ્યાણને માટે સંસારમાં ગૃહસ્થાશ્રમ જેવો બીજો એકે હિતપ્રદ આશ્રમ પણ નથી વળી સાંસારિક ઉપાધિઓથી કંટાળીને, પોતાના સ્ત્રીબાળકોનો ત્યાગ કરી, અંગે વિભૂતિ ચોપડી વિરક્ત થવા છતાં પણ, જ્યાં સુધી પોતાની સમસ્ત ઇંદ્રિયોનું દમન કરવાની શક્તિ પ્રાપ્ત થતી નથી—જ્યાં સુધી ઇંદ્રિયો ઉપર સંપૂર્ણ કાબુ મેળવી શકાતો નથી—ત્યાં સુધી અનેક પ્રકારના મોહમાં ફસાઇ પડવાની શંકા રહે છે; અને તેમ થવાથી માણસ **अतो भ्रष्टः ततो भ्रष्टः** થઇ જાય છે. તેનાથી સંસારમાં રહીને પોતાના સ્વધર્મોચિત ગૃહસ્થાશ્રમ ધર્મનું પાલન કરી શકાતું નથી, પોતાના બંધુ, બાંધવો અને દેશજનનું પણ કલ્યાણ થતું નથી, તેમ

અર્ધદગ્ધ અવસ્થામાં સંસારનો ત્યાગ કરવાથી મોક્ષની પ્રાપ્તિ પણ થતી નથી. માટે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી ગોસાંઇ કે સાધુ બની આમ તેમ રખડવા કરતા નીતિપૂર્વક સંસારમાંજ નિવાસ કરીને પરોપકાર અને હરિભક્તિ કરવામાંજ આયુષ્ય ગાળવુ વધારે શ્રેયસ્કર છે. વળી આપણા ધર્મશાસ્ત્રકારોએ પણ કહ્યું છે કે: "સ્વધર્મ-પ્રતિપાલન સિવાય મોક્ષ મેળવવા અન્ય ઉપાય નથી. બીજાનો ધર્મ ગમે તેવો ઉત્કૃષ્ટ હોય તોપણ તે પ્રમાણે આચરણ કરવાથી કાંઇ પણ ફળ મળતું નથી. વિધાતાએ માનવ સમાજની રચના કરીને દરેકને માટે જૂદા જૂદા ધર્મનો નિર્દેશ કર્યો છે; અને સર્વે માણસોએ પોતપોતાના ધર્મનુજ પ્રતિપાલન કરવું એવો શ્રુતિ ભગવતીનો આદેશ છે જે માણસ શ્રુતિવાક્યનો અનાદર કરે છે, અથવા તેનુ પ્રતિપાલન કરતો નથી તેની અધોગતિ થાય છે. "આ પ્રમાણે સર્વ સાધારણ બોધ આપીને તુકારામે બ્રહ્મણાદિ જાતિના ધર્મનુ નિરૂપણ કરીને શિવાજી મહારાજને ક્ષાત્ર-ધર્મનુ વિવેચન કરતા કહ્યુ કે "યુદ્ધમા સન્મુખ રહી શત્રુના પરાજય કરી પ્રજા પાલન કરવુ એજ ક્ષત્રિયનો ધર્મ છે. જેમ ભોગ-સુખાભિલાષી પુરૂષ પોતાના અંગ પ્રત્યંગો પુષ્ટ થએલા જોઇને તૃપ્ત થાય છે, તેજ પ્રમાણે રાજાઓ પણ પોતાની પ્રત્યેક પ્રજાને સુખી જોઇને આનંદિત થાય છે. સદ્વિવેકથી પ્રજાનુ પ્રતિપાલન કરવુ એજ ક્ષત્રિયનો ધર્મ છે. જો રાજા સદાચારી, સત્યનિષ્ઠ, દયાળુ અને પોતાની પ્રજાના સુખે સુખી થનાર હોય તો તેનાથી લોકોનું ઘણું કલ્યાણ થઇ શકે છે તેને પછી રાજપાટનો ત્યાગ કરી અરણ્યમાં જવાની જરૂર રહેતી નથી. આ સંસારમાંજ તે ભગવાનનાં દર્શનનો અધિકારી થાય છે; અને સ્વયં ભગવાન તેને દર્શન આપી જાય છે." આ પ્રમાણે કહીને અંબરીષ, જનક, યુધિષ્ઠિર આદિ અનેક રાજર્ષિઓનાં ઉદાહરણ આપીને "હરિભક્તિ અને સદ્વર્તન સાધ્ય કરવાને રાજાઓને પણ સ્વરાજ્ય ત્યાગ

કરવાની જરૂર નથી" એમ સિદ્ધ કરી બતાવ્યું. તુકારામ મહારાજના ઉપદેશથી શિવાજી મહારાજનું મન ફરી ગયું. "તુકારામ મહારાજનો ઉપદેશ સત્ય છે; અને તે પ્રમાણે વર્તવામાંજ વાસ્તવિક હિત સમાયલું છે." એવી તેમની ખાત્રી થઇ, અને તેજ વખતે તુકારામ મહારાજને અને પોતાની માતાને સાષ્ટાંગ પ્રણામ કરીને છત્ર ચામરાદિ સમસ્ત રાજચિહ્નો ધારણ કર્યાં. ત્યાર પછી રાજમાતા જીજાબાઇ સાથે કેટલોક સમય લોહગ્રામમાંજ રહીને શિવાજી મહારાજે તુકારામના અનેક સંકીર્તનો શ્રવણ કરી પોતાનુ મન તૃપ્ત કર્યું. શિવાજી મહારાજે પુનઃ રાજ-પાટ ગ્રહણ કર્યું, તેથી જીજાબાઇનુ અંતઃકરણ પણ કૃતજ્ઞતાથી ભરાઇ ગયુ. તેઓ તુકારામ મહારાજને વારવાર ધન્યવાદ આપવા લાગ્યા, અને તેમના સંકીર્તનનો અલભ્ય લાભ લઇને પોતાને કૃતાર્થ થએલાં માનવા લાગ્યાં. આ પ્રમાણે કેટલોક સમય લોહગ્રામમા નિવાસ કરી શિવાજી મહારાજ, તુકારામની આજ્ઞા લઇ પોતાની રાજધાનીમાં પધાર્યા.

આ ઉપરથી તુકારામ મહારાજની વાણીનું સામર્થ્ય કેટલુ અપ્રતિમ હતું, અને તેમની બોધ કરવાની શક્તિ કેટલી ઉત્કૃષ્ટ હતી તે સ્પષ્ટ જણાઇ આવે છે. આ પ્રમાણે શ્રોતાઓની ચિત્તવૃત્તિ ગમે તેવી હોય; છતાં પણ તેને પોતાના સદુપદેશથી શુદ્ધ કરી યથાર્થ માર્ગે વાળવાની જે મહાપુરૂષમા શક્તિ હોય, તેજ અપરમિત જન-હિત કરી શકે છે. જેનામાં પોતાના આચરણોને અત્યંત શુદ્ધ રાખીને લોકોને બોધ કરવાને આવું અલૌકિક સામર્થ્ય હોય તેને જગદ્ગુરૂ કહેવામાં કાંઇ પણ હરકત નથી. વળી આ ઉપરાંત તુકારામ મહારાજમાં બીજો એક ગુણ એ પણ હતો કે, તેમને પોતાનો શિષ્ય-પરિવાર વધારવાની ઇચ્છા નહોતી; અને તેથીજ તેમણે શિવાજી મહારાજને સદ્ગુરૂ રામદાસનો પરિત્યાગ ન કરવાનો નિસ્પૃહતાભરેલો ઉપદેશ આપ્યો હતો.

આ પ્રમાણે શિવાજી મહારાજની તુકારામ પ્રત્યે પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન થવાથી, અને તેમના સદુપદેશથી તેમનું મન શ્રી હરિનું ભજન કરવામાં ચોંટેલું હોવાથી તેઓ તુકારામ મહારાજનુ સંકીર્તન સાભળવાની એક પણ તક જવા દેતા નહિ. એક સમયે કેટલાક ભાવિક લોકોએ તુકારામ મહારાજને પૂના તેડી લાવીને પોતાને ઘેર હરિ–કીર્તન કરાવવા માંડયાં. આ વખતે શિવાજી મહારાજ સિંહગઢ ઉપર નિવાસ કરતા હતા. તુકારામ મહારાજનુ સંકીર્તન સાભળવાને તેઓ એટલા બધા આતુર હતા કે, જ્યાં સુધી કીર્તન ચાલ્યાં, ત્યાં સુધી તેઓ દરરોજ સિંહગઢથી પૂના આવતા હતા. એક દિવસ કોઇ યવનને આ વાતની ખબર પડી. ઔરંગઝેબના હુકમથી શિવાજી મહારાજને પકડવાને મોગલ સૈન્ય ઠેરેઠેર ફરતું હતું. પેલા યવને જઇને ચાકણના સુબાને આ વાતની ખબર આપી. ખબર મળતાંજ સુબાએ તેની બરોબર બાતમી મેળવવાને પોતાના ગુપ્ત સિપાઇઓને પૂને મોકલી આપ્યા. તે દિવસે એક વાણીઆને ત્યાં હરિ–કીર્તન થવાનું હતું, અને ત્યાં શિવાજી મહારાજ પણ પધારવાના હતા. સુબાના ગુપ્ત બાતમીદારોએ આ સમાચાર ચાકણ મોકલી આપ્યા, તેથી તે રાત્રે સુબો બે હજાર પઠાણનું સૈન્ય લઇને એકાએક પૂને આવી પહોંચ્યો, અને જે ઘરમાં કીર્તન થતું હતું તેને ઘેરો ઘાલ્યો. શિવાજી મહારાજ ન મળે તો તેમને બદલે કીર્તનમાં બેઠેલાં સઘળાં માણસોને પકડી જવાનો તેણે વિચાર કર્યો. આ તરફ કીર્તનમાં બેઠેલાં માણસોને આ વાતની ખબર પડી, તેથી તેઓ ગભરાવા લાગ્યાં, અને કીર્તનમાં ગડબડાટ થઇ ગયો. જ્યારે તુકારામ મહારાજે આ પ્રમાણે ગભરાઇને ગડબડ કરવાનું કારણ પૂછયું ત્યારે લોકો, તેમને પોતાના અને શિવાજી મહારાજ ઉપર આવી પડેલું સંકટ નિવેદન કરીને, શિવાજી મહારાજને નાસી છુટવાની રજા

આપવા વિનંતિ કરવા લાગ્યા. ત્યારે તુકારામ મહારાજે તે સઘળાને આશ્વાસન આપતા કહ્યું કે: "કીર્તન ચાલતું હોય તે વખતે વચ્ચેથી ઉઠીને જવાય નહિ. વળી આજે એકાદશી છે, તેથી જો આજેજ આપણા સઘળાંનુ મરણ નિપજે તો આપણું મોટું ભાગ્યજ સમજવું. વિઠ્ઠલની ભક્તિ કરતાં કરતાં આપણું મૃત્યુ થશે તો કૈવલ્યપદને પામી જન્મ–મરણની ઘટમાળમાથી મુક્ત થઇશુ; માટે કોઇ પણ ચાલ્યા જશો નહિ." આ પ્રમાણે કહીને તેમણે વિઠ્ઠલ નામની ધૂન મચાવી, અને ગદ્ગદિત કંઠે તેમની સ્તુતિ કરવા માંડી શિવાજી મહારાજ પણ કીર્તનમાંથી ચાલ્યા ન જવાનો નિશ્ચય કરીને ત્યાંને ત્યાંજ બેસી રહ્યા, અને તુકારામ મહારાજની સાથે તેઓ પણ વિઠ્ઠલ–નામોચ્ચારણ કરવા લાગ્યા. એટલામાં શિવાજી મહારાજના એક વિશ્વાસુ માણસે પોતાના ધણી ઉપર અને કીર્તનમાં બેઠેલા લોકો ઉપર આવી પડેલા સંકટનું નિવારણ કરવાની યુક્તિ શોધી કાઢી. તેણે શિવાજી મહારાજનો શિરપેચ અને પોષાક પહેરીને એક ઘોડા ઉપર બેસી તેને યવન–સૈન્યની વચમાંથી દોડાવી મૂક્યો. તેને નાસતો જોઇને 'સ્વયં શિવાજી મહારાજજ નાસી જાય છે' એમ ધારીને યવન સૈન્ય તેની પાછળ પડ્યુ. પરંતુ ચાંદની રાતમાં મરાઠા–સ્વાર મોગલ સૈન્યની નજર ચૂકાવીને ક્યાં નીકળી ગયો, તેનો પત્તો લાગ્યો નહિ. એટલામા ચંદ્રનો અસ્ત થયો, અને સઘળે અંધકાર છવાઇ ગયો. વળી મરાઠા–સ્વારની પાછળ દોડી દોડીને મોગલ સૈન્ય થાકી ગયું હતું તેથી તે પાછું ફર્યું; અને ફરીથી લાગ જોઇને આક્રમણ કરવાનો વિચાર કરી ચાકણ તરફ રવાને થયું.

આ તરફ મોગલ સૈન્યને પાછું ગએલું જોઇને લોકોનાં મન સ્વસ્થ થયાં. તેઓ જયજયકાર કરવા લાગ્યા; અને કીર્તન સંપૂર્ણ થયું એટલે પરમ આનંદપૂર્વક પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. ત્યાર-

પછી શિવાજી મહારાજ પણ તુકારામની આજ્ઞા લઇને નિર્વિઘ્ને સિંહગઢ ચાલ્યા ગયા. "તુકારામ મહારાજની પ્રાર્થનાથી સ્વયં વિઠોબાએ આવીને શત્રુ સૈન્યનો સંહાર કર્યો હતો" એમ પણ કેટલાક ભાવિક લોકોની માન્યતા છે. પરંતુ મહીપતિ પોતાના તુકારામ ચરિત્રમાં મલ્હારરાવ ચિટણીસ નામના શિવાજી મહારાજના વિશ્વાસુ નોકરે આ યુક્તિ શોધી કાઢી હતી એમ જણાવે છે. વસ્તુસ્થિતિ ગમે તે હો, પરંતુ આવા કટોકટીના પ્રસંગમાં કેવળ વિઠ્ઠલકૃપાથીજ શિવાજી મહારાજ સહીસલામત સિંહગઢ પહોંચી શક્યા હતા, એમાં લેશ માત્ર પણ શંકા નથી.

આ પ્રમાણે યવનોના હાથમાંથી બચી જવાથી શિવાજી મહારાજને તુકારામ મહારાજ ઉપર અપૂર્વ શ્રદ્ધા બેઠી. તે સમયથી તેઓ તુકારામ મહારાજનું સંકીર્તન સાંભળવાની એક પણ તક જવા દેતા નહિ. તેમને તુકારામ પ્રત્યે દૃઢ અનુરાગ ઉત્પન્ન થયો હતો, "તેથી કોઇ પણ પ્રકારે તેમની સેવા કરી તેમને પોતાની શક્તિ પ્રમાણે ભેટ આપવી જોઇએ" એવા વિચારો તેમના મનમાં નિરંતર આવ્યા કરતા હતા. પરંતુ તુકારામ મહારાજ જેવા વિરક્ત પુરૂષ તેમની પાસેથી એક પાઇ પણ ગ્રહણ કરે એમ નહોતું. તેથી એક વખત જ્યારે શિવાજી મહારાજનો મુકામ દેહુમાં હતો ત્યારે તેમણે એક એવી યુક્તિ રચી કે, એક બળદ ઉપર બે મણ ઘઉંની ગુણ નાખી, પોતે એક ગરીબ માણસનો વેશ ધારણ કરી સંધ્યાકાળ વખતે તે બળદને તુકારામ મહારાજના ઘર આગળ હાંકી ગયા. આ વખતે તુકારામ મહારાજ પોતાના આંગણામાં વાવેલા તુલસી-મંડપમાં બેસીને નામ-સ્મરણ કરતા હતા. પેલા વેશધારી પુરૂષે તેમની પાસે જઇ, પ્રણામ કરીને કહ્યું કે: "સ્વામી મહારાજ! હું આ ધાન્ય જાત મહેનતથી મેળવીને આપને અર્પણ કરવા લાવ્યો છું. માટે તેને ખાલી

કરી લઇ આ દાસને કૃતાર્થ કરો." એમ કહીને તેણે બળદની પીઠ ઉપરથી ઘઉંની ગુણ ઉતારી નાંખી; તુકારામ મહારાજને પુન. સાષ્ટાંગ પ્રણામ કર્યા. તુકારામ મહારાજ વેશધારી શિવાજી મહારાજને ઓળખી ગયા હતા. પરંતુ 'આ વખતે ઓળખાણ આપવાથી તેનો પ્રેમ ભાંગી જશે" એવો વિચાર કરીને મૌન ધારણ કર્યું. ત્યાર પછી થોડીવારે અબળાઇને બુમ પાડીને કહ્યુ કે, "આ ઘઉં શિવાજી મહારાજને ત્યાંથી આવ્યા છે. માટે આવતી કાલે ચાલે એટલા રાખીને બીજા ગરીબ લોકોને આપી દો. જો એ બધા આપણેજ રાખીશુ, તો આપણું સુકૃત નષ્ટ થઇ જશે." તુકારામ મહારાજના વચન સાંભળીને અબળાઇને બહુજ ક્રોધ ચડયો. તે કપાળમા હાથ મારીને કહેવા લાગ્યા કે: "હાય! કેવી અવદશા આવી પડી છે? વિના માગે ઘેર બેઠા ઘઉંની ગુણ આવી. છતાં પણ ઘરમાં છોકરાંઓને ખાવા ન દેતા બીજાઓને આપી દેવાનુ કહો છો?" અબળાઇએ આ પ્રમાણે કહીને ઘઉં ઘરમાં રાખવાને બહુ પછાડા માર્યા; પરંતુ તેથી શુ વળે? છેવટે તુકારામ મહારાજની આજ્ઞા પ્રમાણે તે ઘઉં ગરીબોને વહેંચી દેવા પડયા.

પ્રકરણ ૦ મું.

છત્રપતિ શિવાજી મહારાજ તુકારામની અનન્ય ભગવન્નિષ્ઠા અને સાધુતાથી ચકિત થઇને તેમને એક મહાન સાધુ તરીકે ગણવા લાગ્યા. તેઓ તેમના કીર્તનનો અલભ્ય લાભ લેવાનું કદિ પણ ચૂકતા નહિ, અને જ્યાં તુકારામ મહારાજનું કીર્તન થતું ત્યાં જવામાં લેશ માત્ર પણ અચકતા નહિ. વળી તુકારામ મહારાજના ઉપદેશની પણ

તેમના ઉપર સચોટ છાપ પડતી હતી. તે સઘળું આગલા પ્રકરણમાં અમે જણાવી ગયા છીએ. પ્રસ્તુત પ્રકરણમાં શિવાજી મહારાજના દીક્ષાગુરૂ શ્રી સમર્થ રામદાસ સ્વામી અને તુકારામ મહારાજના પરસ્પરના સંબંધ વિષે ઉલ્લેખ કરવામાં આવશે.

જો કે શિવાજી મહારાજના ચિત્તમાં તુકારામ મહારાજના સબધમા આદરબુદ્ધિ ઉત્પન્ન થઇ હતી અને તેઓ તેમને એક પ્રકૃત મહાન સાધુ પુરૂષ તરીકે સન્માન આપતા હતા તે છતાં પણ પોતાના દીક્ષાગુરૂ શ્રી રામદાસ સ્વામી ઉપરની શ્રદ્ધામાં કાંઇ પણ ન્યૂનાધિકતા થઇ નહોતી. રામદાસ સ્વામી પણ તે સમયે એક મોટા દેવભક્ત અને મારૂતિનો અવતાર ગણાતા હતા. તેઓ નિરતિશય, કાર્યકુશળ અને અપૂર્વ બુદ્ધિશાળી હતા. શિવાજી મહારાજ દરેક કાર્યમાં તેમની સલાહ લેતા હતા, અને તેમની આજ્ઞા લીધા પછીજ દરેક કાર્ય કરતા હતા, અને સદ્ભાગ્યે એમની આજ્ઞાથી આરંભેલાં સઘળાં કાર્યો સિદ્ધ થતાં હતાં. વળી રામદાસ સ્વામી એક ચુસ્ત રામ-ભક્ત હતા. તેઓ રામ સિવાય અન્યદેવોને તુચ્છ ગણતા હતા અને તે પણ એટલે સુધી કે રામ સિવાય અન્ય દેવને મસ્તક પણ નમાવતા નહિ. એમ કહેવાય છે કે, એક દિવસ કોઇએ તેમને પંઢરપુરમાં વિઠોબાનાં દર્શન કરવાને બોલાવ્યા, પરતુ રામદાસ સ્વામીએ " મ્હારા રામ સર્વત્ર બિરાજે છે, તેથી પઢરપુર આવવાની કઇ આવશ્યકતા નથી " એવો ઉત્તર આપ્યો અને પોતાનો ટેક સાચવવાને પઢરપુર ગયા નહિ, પરંતુ એક સમયે તુકારામ મહારાજનો એક શિષ્ય તેમને ઘણા ઘણા કાલાવાલા અને વિનંતિ કરીને પંઢરપુર તેડી લાવ્યો. તે વખતે ત્યાંનું*દેવસ્થાન—વિઠ્ઠલ મંદિર અને ગામ પરગામના અનેક માણસોનો જમાવટ થએલો જોઇને તેઓ ચકિત થઇ ગયા. વળી તે સકળ માણસોનો ભક્તિભાવ જોઇને અને ત્યાં થતાં ભજન, કીર્તન

વગેરે સાંભળીને તેઓ પ્રસન્ન થયા. વળી ત્યાં આગળ આવેલા જૂદા જૂદા સંત સાધુઓને, પોતાના જાતિ અને ધર્મના ભિન્નત્વનો ત્યાગ કરી, બન્ધુભાવથી પરસ્પર નમન કરી પ્રેમપૂર્વક આલિંગન કરતા જોઇને તેમના મનમાં પોતાના જાતિ ધર્મનુ જે થોડું ઘણું અભિમાન હતું તે સમૂળું નષ્ટ થઇ ગયુ. તેઓ પણ અન્યાન્ય સંત સાધુઓ સાથે મળીને વિઠોબાના ઉત્સવમાં પ્રેમપૂર્વક ભાગ લેવા લાગ્યા, અને જ્યાં સુધી ઉત્સવ થયો ત્યાં સુધી ત્યાંજ રહ્યા. એકાદશીને દિવસે જૂદા જૂદા સંત સાધુ અને ભકતોનુ કીતન હતું, તે સાભળવાને રામદાસ સ્વામી પણ ગયા, આ વખતે તેમને પહેલવહેલાં તુકારામ મહારાજના દર્શન થયા. તે દિવસે તુકારામ મહારાજનુ કીર્તન પણ હતું, તેથી તે સાભળવાને ગામ પરગામથી હજારો યાત્રાળુઓ આવ્યા હતા. રામદાસ સ્વામી ગયા તે વખતે તુકારામ મહારાજનુ કીર્તન ચાલતુ હતું; અને સઘળા માણુસો એકચિત્ત તેમનો ઉપદેશ શ્રવણ કરતા હતા. રામદાસ સ્વામી પણ ત્યાં જઇને લોકોના ટોળામાં બેસી ગયા. તુકારામ મહારાજનુ અપ્રતિમ વકતૃત્વ અને આબાલ વૃદ્ધ સમજે એવી રીતે બોધ આપવાની અલૌકિક શૈલી જોઇને તેઓ આશ્ચર્યચકિત થયા. વળી કીર્તનમા જ્યારે જ્યારે નામ–ધૂન થતી ત્યારે તો લોકો પોતાનુ આત્મભાન પણ ભૂલી જતા અને ભક્તિપૂર્વક મોટેથી વિઠ્ઠલ નામોચ્ચારણ કરતા હતા; એ જોઇને રામદાસ સ્વામી સ્તબ્ધ થઇ ગયા. કીર્તન ત્રણ પહોર સુધી ચાલ્યુ, પરંતુ તે દરમ્યાન શ્રોતૃ વર્ગમા કાંઇ પણ ગડબડ થઇ નહિ, એટલુજ નહિ પરંતુ કોઇને એક ઝોકુ સરખું પણ આવ્યું નહિ. તુકારામ મહારાજનો અપૂર્વવાક્ પ્રભાવ જોઇને રામદાસ સ્વામીના મનમાં તેમને વિષે આદર બુદ્ધિ ઉત્પન્ન થઇ, અને તેમનુ કીર્તન સાભળવાનો અમુલ્ય લાભ લેનાર દરેક મનુષ્યને કૃતાર્થ થએલા માનવા લાગ્યા. આ પ્રમાણે રામદાસ સ્વામીના મનમાં

પંઢરપુરના દેવસ્થાનના અને સાધુ શિરોમણી તુકારામ મહારાજના સંબંધમાં પૂજ્ય-બુદ્ધિ ઉત્પન્ન થઇ. તુકારામ મહારાજનું કીર્તન થઇ રહ્યા પછી બીજા સંતસાધુઓએ રામદાસ સ્વામીનું સન્માન કર્યું, અને બીજે દીવસે કીર્તન કરવાનો આગ્રહ કર્યો. બારસને દિવસે રામદાસ સ્વામી કીર્તન કરવાને ઉભા થયા. તે વખતે પંઢરપુરના મોટા મોટા વૈદિક બ્રાહ્મણો પણ આવ્યા હતા. રામદાસ સ્વામી મહાન બુદ્ધિશાળી અને વેદાંતિ હતા તેથી તેમણે ઘણીજ વિદ્વત્તાપૂર્ણ ઉત્કૃષ્ટ ભાષામાં વેદાંત મતનું સમર્થન કર્યું; પરંતુ શ્રોતૃવર્ગને તેમાં તુકારામ મહારાજના કીર્તન જેવો રસ પડયો નહિ. તુકારામ મહારાજનાં ભક્તિ રસનાં કીર્તનો, સાભળનારાઓને વધારે સુગમ અને બોધપ્રદ લાગતા હતાં. તેમના કીર્તનમાં દરેકને સમજણ પડતી હતી. રામદાસ સ્વામીનું વેદાંત મતનુ ઉત્કૃષ્ટ કીર્તન કેટલાકના તો સમજવામા પણ આવ્યુ નહિ.

આ પછી વળી એક વખત રામદાસ સ્વામી પોતાના શિષ્યો સાથે પઢરપુર ગયા હતા. તે વખતે શિવાજી મહારાજ પણ તેમની સાથે હતા. દેવદર્શન કર્યા પછી સર્વ તુકારામ મહારાજનું કીર્તન થતું હતું ત્યા ગયા. રામદાસ સ્વામીને જોઇને સઘળી સંતમંડળી તેમનુ સન્માન કરવાને ઉભી થઇ. પરસ્પર આલિંગન અને નમસ્કારાદિ થયા પછી રામદાસ સ્વામી તુકારામ મહારાજનુ કીર્તન સાંભળવાને બેઠા. તુકારામ મહારાજે પણ તેમને સાષ્ટાંગ પ્રણામ કરીને પ્રેમથી આલિંગન કર્યું, એટલામાં શિવાજી મહારાજ પણ આવી પહોંચ્યા; અને સર્વે સાધુસંતોને નમસ્કાર કરીને પોતાના પ્રધાનાદિ પરિવાર સાથે કીર્તન સાભળવાને બેઠા. સકળ શ્રોતૃવર્ગ નિશ્ચિંતથી તુકારામ મહારાજનો ઉપદેશ શ્રવણ કરવા લાગ્યા. સર્વ તેમાં એવા તો તલ્લીન થઇ ગયા કે, તેમને પોતાની જાતનું પણ ભાન નહોતું. તુકારામ મહારાજના ઉપદેશની તેમના નિર્મળ અંતઃકરણ ઉપર સચોટ

છાપ પડતી હતી. આ વખતે રામદાસ સ્વામીના દર્શનથી એકાએક આનંદમાં આવી જઇ તુકારામ મહારાજે નીચેના અભંગો ગાયા હતા, એમ મહિપતિ સંતવિજયમાં લખે છેઃ—

उजळले भाग्य आतां । अवघी चिंता वारली ॥ १ ॥
संतदर्शने हा लाभ । पद्मनाभ जोडला ॥ २ ॥
संपुष्ट हें हृदय पेटी । करूनि पोटी साठवूं ॥ ३ ॥
तुका ह्मणे होता ठेवा । तोया भावा सांपडला ॥ ४ ॥

— — —

करूं एसे पाठांतर । करूणापर भाषणें ॥ १ ॥
जिहीं केला मूर्तिमंत । ऐसा संत प्रसाद ॥ २ ॥
सोज्वल केला पाठ । आइत्या निद्दा भागिल्या ॥ ३ ॥
तुका ह्मणे घेऊं धांवा । करो हावा ते जोडी ॥ ४ ॥

———

पृथक मी सांगुं किती । धर्मनीति सकलां ॥ १
अवधियांचा एकठाव । शुद्धभाव विठ्ठलीं ॥ २ ॥
क्षरक्षरांचा भाग । करालाभ पंढरी ॥ ३ ॥
तुका ह्मणे आगमींचे । मथिले साचें नवनीत ॥ ४ ॥

— — —

अंतरींचे बीज प्रकाशलें ज्योति। मुर्ळींची जे ज्योति आच्छादिली॥१॥
तणे हा आनंद आनंदी न समाये । उपमा यासी काय देऊं सुखा२
भावाचें बोलिलें निर्गुण संचले । तेंहें उभेंकेलें विटेवरी ॥ ३ ॥
तुका ह्मणे आह्मा विसावा पंढरी । प्रेमाचीहे थोरी सांठवण ॥४॥

તુકારામ મહારાજનું કીર્તન સાંભળીને રામદાસ સ્વામીનું મન બહુજ પ્રફુલ્લિત થઇ ગયુ, અને અનહદ આનંદ થયો. તે પ્રદર્શિત કરતાં "આજે તુકારામ મહારાજનું કીર્તન સાંભળીને હું કૃતાર્થ થયો છું" એમ કહેવા લાગ્યા. તુકારામ મહારાજની કીર્તન કરવાની શૈલીથી તેઓ પ્રસન્ન થયા હતા. તેઓ પોતાની અલૌકિક કીર્તન શૈલીના પ્રભાવથી દરેક શ્રોતાના અંતઃકરણમાં પ્રેમવારિનું સિંચન કરતા હતા. તેમના ઉપદેશથી પાષાણ જેવું કઠિન હૃદય પણ પીગળી જતું હતું. અનેક દુરાચારીઓ સન્માર્ગે વળતા હતા, અને હડહડતા નાસ્તિકો પણ આસ્તિક બની જતા હતા. રામદાસ સ્વામીના મનમા પણ તેમણે સચોટ છાપ પાડી હતી. કેવળ રામનેજ નમનારા રામદાસ સ્વામી પોતાના ધર્માભિમાન અને જાત્યાભિમાનનો ત્યાગ કરી, એમની કીર્તન શૈલીના પ્રભાવથીજ પંઢરપુર આવ્યા હતા. તુકારામ મહારાજના કીર્તનથી તેમના હૃદયમા પણ પ્રેમરસ ઉત્પન્ન થયો તેઓ પણ પ્રેમમય બની ગયા, અને પોતાની પ્રેમભરિત ચિત્તવૃત્તિ પ્રદર્શિત કરતા કહેવા લાગ્યા કેઃ—

सुखें वाढिती ते मुखें संत साधु ।
असंभाव्य हा ज्ञान बोधू अगाधू ॥
रुची भोजनाची मिठी प्राप्त झाली ।
भले जेविती वृत्ति त्यांची मुराली ॥ १ ॥
किती एक ते स्वाद नाना प्रकारें ।
महा योग्यते जेविती श्रोत्रद्वारे ॥
मनामाजि संतोषतो भोजनाचा ।
गळाल्या महामौन चत्वारि वाचा ॥ २ ॥

किती एकतीं सारिलीं स्थूल भक्षे ।
बहुतां परींचीं बहुतीं सलक्षे ॥
वरावेळिला भाततो सुक्ष्मेचा ।
सुवासेंच भावीतसें साधनाचा ॥ ३ ॥
बहु वृत्तिच्या किती एक शाखा ।
किती एक मंत्रावली लोण शाखा ॥
वराम्ने क्षिरी वाढिल्या कामनेच्या ।
किती एक तीर्थावली राय त्याच्या ॥ ४ ॥
रूर्चा चीकढी सद्यदध्योदनें ते ।
सुवासें जलें निर्मळें घेति स्त्रांते ॥
अशा भोजनें पालटे सर्व काया ।
ह्मणे दास कल्याण हे रामराया ॥ ५

બીજે દિવસે તુકારામ મહારાજ અને અન્યાન્ય સંતોના આગ્રહથી રામદાસ સ્વામીએ કીર્તન કર્યું, આ પ્રસંગે તેમણે ભક્તિમાર્ગનું એવી તો સરસ રીતે પ્રતિપાદન કર્યું કે. તે સાંભળીને સઘળા છક થઈ ગયા. બારશને દિવસે શિવાજી મહારાજે વિઠોબાની મહા પૂજા કરીને પુષ્કળ બ્રાહ્મણો જમાડયા. ત્યાર પછી સાંજની કથાવાર્તા ચાલી. રામદાસની શિષ્યા આકાબાઈએ તેમના રચેલા દાસબોધમાંથી એકેક શ્લોક વાચવા માંડયો, અને રામદાસ સ્વામી તેનું સ્પષ્ટીકરણ કરતા ગયા. વચમાં જો કોઈને શંકા થતી તો તેનું પણ સમાધાન પણ કરતા હતા અને પછીજ આગળ ચલાવતા હતા. તુકારામ મહારાજ પણ કથા સાંભળવાને આવ્યા હતા તેમના આનંદની પણ સીમા નહોતી. આ

પ્રમાણે એક વખત ફરીથી પંઢરીનુ મહાત્મ્ય નીરખીને અને તુકારામ મહારાજનાં કીર્તનો સાંભળીને રામદાસ સ્વામી અને શિવાજી મહારાજ પોતાની રાજધાની પ્રત્યે વિદાય થયા.

આ પ્રમાણે તુકારામ અને રામદાસ સ્વામી વચ્ચે ગાઢ પરિચય થયા પછી એક દિવસ રામદાસ સ્વામીએ રામનવમીના ઉત્સવ પ્રસંગે તુકારામ મહારાજને નિમંત્રણ કર્યું હતું. તુકારામ મહારાજ તેમનું આમંત્રણ સ્વીકારી તે ઉત્સવમાં ગયા હતા અને ત્યાં આગળ પણ કીર્તન કર્યુ હતું.

ત્યાર પછી તુકારામ મહારાજ અને રામદાસ સ્વામીનો મેળાપ પરલીગઢ ઉપર થયો. શિવાજી મહારાજે પરલીગઢ ઉપર એક મોટો રામમઠ બંધાવી રામદાસ સ્વામીને અર્પણ કર્યો હતો. આ મઠની પ્રતિષ્ઠા કરતી વખતે શિવાજી મહારાજે સવાલક્ષ બ્રાહ્મણોને જમાડવાનો સંકલ્પ કર્યો હતો. તેથી મહારાષ્ટ્રના અને તેની આસપાસના અનેક બ્રાહ્મણો અને સંતસાધુઓને આગ્રહપૂર્વક નિમંત્રણ કરવામાં આવ્યાં હતા; તેમ તે સકળનો આદરસત્કાર કરવાની પણ યોગ્ય વ્યવસ્થા કરી હતી. આ પ્રસંગે તુકારામ મહારાજને પણ નિમંત્રણ મોકલવામાં આવ્યુ હતું, પરંતુ શિવાજી મહારાજ તુકારામના વિરક્ત સ્વભાવથી સારી રીતે વાકેફ હતા નિસ્પૃહી તુકારામ મહારાજ આવા આડંબરવાળા ઉત્સવમા આવશે નહિ એમ ધારીને શિવાજી મહારાજે ફરીથી એક પાલખી અને પોતાના ખાસ નોકરોને મોકલ્યા. નોકરોએ જઇને તુકારામ મહારાજને સાષ્ટાંગ પ્રણામ કરી શિવાજી મહારાજનો સંદેશો કહી સંભળાવ્યો; અને સાથે સાથે "સ્વામી મહારાજે પણ આપને આગ્રહપૂર્વક બોલાવ્યા છે" એમ પણ કહ્યું. ઉત્સવના સમાચાર અને રામદાસ સ્વામીના નિમંત્રણની વાત સાંભળતાંજ તુકારામ મહારાજને પરમ સંતોષ થયો. તેઓ તેજ વખતે પરલીગઢ જવાને નીકળી પડયા.

શિવાજી મહારાજના માણસોએ તેમને પાલખીમાં બેસવાનો બહુજ આગ્રહ કર્યો; પરંતુ તુકારામ મહારાજ પાલખીમાં બેઠા નહિ. તેઓ પોતાના ચૌદ શિષ્યો સાથે પગે ચાલીનેજ પરલીગઢ જઇ પહોંચ્યા. તેમના આવાગમનના સમાચાર સાંભળીને રામદાસ સ્વામી અને શિવાજી મહારાજના આનંદનો પાર રહ્યો નહિ. શિવાજી મહારાજ તરતજ ઉભા થયા અને તેમનો આદરસત્કાર કરવાને સામા ગયા. તુકારામ મહારાજનાં દર્શન થતાંજ શિવાજીએ તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યા, અને પરમ સન્માનપૂર્વક ગઢ ઉપર તેડી લાવ્યા. ગઢ ઉપર આવ્યા પછી તુકારામ મહારાજ અને રામદાસ સ્વામીનો સાક્ષાત્કાર થયો. આ સમયે એ બન્ને મહાપુરૂષોના આનંદની સીમા રહી નહિ પરસ્પર પ્રણામાદિ કરીને આલિંગન કર્યું. તુકારામ મહારાજે તેજ વખતે નીચેનો અભંગ રચીને પોતાનો આનંદ પ્રદર્શિત કર્યો:—

देशावरासी आलों आतां । लाभ कोणता पाहूनी ॥१॥
प्रेमचित्तीं आनंद झाला । जीवधाला दर्शनें ॥ २ ॥
भाग्ये झाली संत भेट । आवङ पोटीं दुणावे ॥ ३ ॥
तुका ह्मणे श्रम केला । तितुका आला फलासी ॥ ४ ॥

આ ઉત્સવમાં શિવાજી મહારાજે મોટા મોટા પંડિતોને બોલાવ્યા અને તેમની મોટી સભા ભરી તેમાં નાના પ્રકારની જ્ઞાનચર્ચા કરતા હતા. દિવસે ભોજનાદિ કાર્યથી પરવારી જઇ દરરોજ રાતના કીર્તન થતું હતું. રામદાસ સ્વામીની આજ્ઞાથી ખુદ શિવાજી મહારાજે પગે ઘુઘરા બાંધીને કીર્તન કર્યું. ત્યાર પછી રામદાસ સ્વામીના બીજા પણ કેટલાક શિષ્યોનું કીર્તન થયું. બીજે દિવસે કેટલાક મોટા મોટા સંત પુરૂષોનાં કીર્તન થયાં અને રામદાસ સ્વામીના આગ્રહથી તુકારામ મહારાજ પણ કીર્તન કરવાને ઉભા થયા. લોકોએ તેમની ખ્યાતિ

પહેલેથીજ સાભળી હતી, તેથી તેમનું કીર્તન સાંભળવાને સઘળા ઉત્સુક થઈ રહ્યા હતા. ઉત્સવમાં આવેલા સઘળા લોકો તુકારામ મહારાજનુ કીર્તન સાંભળવાને એકઠા થઇ ગયા. શિવાજી અને રામદાસ સ્વામીને પણ પરમ આનંદ થયો, અને તેઓ બરોબર ધ્યાનપૂર્વક કીર્તન સાંભળવા લાગ્યા. આ પ્રસંગે તુકારામ મહારાજના કીર્તનનો ખરેખરો રંગ જામ્યો, અને સતો તેમજ પંડિતો આશ્ચર્યચકિત થયા. તુકારામ મહારાજ એક અપ્રતિમ કીર્તનકાર છે એમ દરેકની ખાત્રી થઈ. સઘળા તેમને પૂજ્ય બુદ્ધિથી નમન કરવા લાગ્યા. આ પ્રસંગે તુકારામ મહારાજે તાત્કાલિક સ્ફુરી નીકળેલા કેટલાક અભંગો ગાઇને શ્રોતૃવૃંદ ઉપર પોતાના ઉપદેશની સજ્જડ છાપ પાડી હતી.

આ પ્રમાણે કીર્તનનો રંગ ખરેખરો જામ્યો હતો. સઘળા શ્રોતાઓ તુકારામ મહારાજનો મહદુપદેશ સાંભળવામાં તલ્લીન થઇ ગયા હતા; પરંતુ ગાગા નામના એક પંડિતે તેમાં વિક્ષેપ નાંખ્યો. તુકારામ મહારાજની ઉપદેશ કરવાની અલૌકિક શક્તિ જોઇને તેને જરા ઇર્ષ્યા થઇ. એક શૂદ્ર મોટા મોટા વેદાન્તિ બ્રાહ્મણો અને મહાન સંત સાધુઓમાં આવું માન પામી જાય એ તેને ગમ્યુ નહિ તેથી તેણે કીર્તનની વચમાંજ તુકારામ મહારાજને "હરિકીર્તનનો મહિમા કઇ શ્રુતિમાં વર્ણવ્યો છે?" એવો પ્રશ્ન કર્યો. "તુકારામ મહારાજ જાતીના શૂદ્ર છે, તેમને શ્રુતિનું જ્ઞાન નથી તેથી તેઓ જે કાંઇ કહે છે તે સઘળું સત્ય નથી" એમ કહીને તે સકળ સભામાં તર્જન ગર્જન કરવા લાગ્યો. આ શંકાનું સમાધાન વામન પંડિતે નીચે લખેલા શ્લોક કહીને કર્યું છેઃ—

वेदींहि हरिकीर्तनींच महिमा केला असे आदरें ।
कोठेंसा तरी विष्णुसूक्त अवघें शोधोनि पाहा बरें ॥

त्यामध्येच तृतीय वर्गीहि भवान् मित्रो असे त्यापद्दा ।
त्यामध्ये तिसरी ऋचा तंव तमुस्तोर नामे पद्दा ॥ १ ॥

*　　*　　*　　*

जयाचीवदे पूर्ण वेदांत वाणी । ह्मणावे कसेंह्मो तया लागी वाणी ॥
परब्रह्मरुपीं असा ह्मा तुकावा । तयाचे तुकी कोण ऐसा तुकावा १

વામન પંડિતનું ઉપર્યુક્ત વચન સાંભળીને ગાગાપંડિત કુદ્ધિત થઇ ગયા. તેઓ એકાએક ક્રોધાવેશમાં આવી જઇને કહેવા લાગ્યા કેઃ "આ તો મૂર્ખ માણસોની સભા છે, એમાં સઘળા એકજ મતના અને 'હા એ હા' કરવાવાળા છે," એ સાંભળીને તુકારામ મહારાજે કહ્યું કેઃ—

शास्त्रांचे जो सार वेदाची हे मूर्ति । तो माझा सांगाती प्राण सखा॥१॥
ह्मणवोनिनाहीं आणिकाचा पांग । सर्व झाले सांग नाम एका ॥२॥
सगुण निर्गुण हीं जयाची अंगें । तोची आत्मासंगे क्रीडा करी ॥३॥
तुका ह्मणे आह्मी विधीचे जनिते । स्वयं मआयिते केले नोहे ॥४॥

આ પ્રમાણે ગાગા પંડિતના મનનું સમાધાન કરવા જતાં કીર્તનમાં થોડો વિરસ પડયો. ઉપરનો અભંગ કહ્યા પછી તુકારામ મહારાજે પુનઃ પોતાનું કીર્તન શરૂ કર્યું; અને વચ્ચે અચાનક આવી પડેલા વિક્ષેપને દૂર કરી શ્રોતાઓની ચિત્તવૃત્તિ પુનઃ ભક્તિ પરાયણ કરવાને તેમણે પોતાનું રસાળ અને પ્રેમાળ વાક્સામર્થ્ય એવા તો ઉત્તમ પ્રકારે પ્રકટ કર્યું કે, સઘળાંના હૃદયનો વિક્ષેપ પીગળી ગયો, અને ત્યાં બેઠેલા વૈદિક અને કર્મઠ બ્રાહ્મણોની આંખોમાંથી પણ પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં. આ વખતે બોલતાં બોલતાં તુકારામ મહારાજનું અંતઃકરણ પ્રેમથી ભરાઇ ગયું. તેમનો કંઠ ગદ્દગદિત થઇ ગયો, અને મ્હોંમાંથી

એક પણ શબ્દ નીકળી શક્યો નહિ. આવી સ્થિતિમાં તેઓ ફક્ત તાલ વગાડતાં વગાડતા નાચવા લાગ્યા. તેમને નાચતા જોઇને શિવાજી મહારાજ, રામદાસ સ્વામી અને ઇતર સંત મહંતો પણ પ્રેમપૂર્વક નાચવા લાગ્યા. રાજાના પ્રધાન અને અન્યાન્ય સેવકો, અને સઘળા વૈદિક બ્રાહ્મણ અને પંડિતો પણ તાલ વગાડતા વગાડતા નાચવા લાગ્યા. બીજા તો ઠીક પરંતુ શિવાજી મહારાજનો એક વિશ્વાસુ મુસલમાન નોકર પણ નાચવા લાગ્યો ! આ પ્રમાણે કેટલીકવાર સુધી કેવળ ઇશ્વરના–વિઠોબાના–ધ્યાનમાં નિમગ્ન રહીને છેવટે તુકારામ મહારાજે પોતાનું કીર્તન પુરૂં કરી સભામાં બેઠેલા સાધુ સંતોને પ્રણામ કર્યા. ત્યાર પછી રીતિ રીવાજ પ્રમાણે પ્રસાદ લઇને તુકારામ મહારાજનો જય-જયકાર કરતા સૌ પોતપોતાને ઘેર ગયા

બીજે દિવસે પણ બ્રાહ્મણ ભોજન થઇ રહ્યા પછી રાત્રિના કીર્તનની તૈયારી કરવામાં આવી. તે દિવસે ખુદ રામદાસ સ્વામીએ કીર્તન કર્યું. સ્વામીજીનું કીર્તન ઘણુંજ ઉપદેશપ્રદ અને ગભીર હોવા છતાં; પણ તેમની ભાષા ઘણી ઉત્કૃષ્ટ હોવાથી અને તેમાં તુકારામ મહારાજ જેવી મીઠાશ નહિ હોવાથી શ્રોતૃવર્ગને બરોબર રસ પડયો નહિ. રામદાસ સ્વામી પણ શ્રોતાઓનું મન કળી ગયા, અને પોતાનું કીર્તન થઇ રહ્યા પછી કહેવા લાગ્યા કે: " આવા મોટા સમારંભમાં કીર્તન કરવા ઉભા થઇ શ્રોતાઓનો વખત ગુમાવવો દુરસ્ત નથી. મ્હારા વિચાર પ્રમાણે જ્યાં સુધી આપણે અહિયાં રહીએ ત્યાં સુધી જો તુકારામ મહારાજજ કીર્તન કરશે, તો આપણી ઉપર તેમનો મહદ્ ઉપકાર થશે. તેમની પ્રાસાદિક ઉપદેશ–વાણી શ્રવણ કરીને આપણે આપણી આધ્યાત્મિક ઉન્નતિ મેળવી શકીશું. " સઘળા સંતસાધુઓએ સ્વામીશ્રીના વચનને અનુમોદન આપ્યું, અને તે સઘળાઓએ એકત્ર થઇને તુકારામ મહારાજને દરરોજ કીર્તન કરવાનો શ્રમ લેવાની

વિનંતિ કરી. સઘળા સંતસાધુઓના આગ્રહથી તુકારામ મહારાજે દરરોજ કીર્તન કરવાનું કબૂલ કર્યું. ત્યાર પછી લગભગ એક મહિના સુધી દરરોજ દિવસના બ્રાહ્મણ ભોજન અને રાત્રિના તુકારામ મહારાજનું કીર્તન થતું.

પોતાના સંકલ્પ પ્રમાણે સવાલક્ષ બ્રાહ્મણો એકત્ર થયા પછી શિવાજી મહારાજે તે સર્વેની સંભાવના કરવા માંડી. પોતે જાતે દરેક સાધુના પગ ધોઇને તેમનું પૂજન કરી તેમને યથાયોગ્ય વસ્ત્ર તથા દક્ષિણા આપવા માંડી. શિવાજી મહારાજે સઘળી સંતમંડળીની સંભાવના કરવા માંડી છે; એવી જ્યારે તુકારામ મહારાજને ખબર પડી ત્યારે તેઓ છાનામાના ત્યાંથી ચાલ્યા ગયા. જ્યારે આ સમાચાર શિવાજી મહારાજના જાણવામાં આવ્યા ત્યારે તેઓ બહુજ દીલગીર થયા. તેમણે તુકારામ મહારાજને શોધવાને માણસો દોડાવ્યા, પરંતુ તેમનો પત્તો લાગ્યો નહિ. આથી શિવાજીનું મન બહુજ ઉદાસ થયું, અને તેઓ રામદાસ સ્વામી પાસે જઇને કહેવા લાગ્યા કે: “ મહારાજ, આજ કાલ કરતા ઘણા લાંબા સમયથી તુકારામ મહારાજનો યોગ્ય આદરસત્કાર કરવાની મને તિવ્ર અભિલાષા હતી. આ પ્રસંગે મ્હારી તે અભિલાષા પૂર્ણ થશે એમ ધારીને હું મ્હારા મનમાં ને મનમાંજ બહુજ આનંદ પામતો હતો. પરંતુ તપાસ કરતાં તુકારામ મહારાજ અહિંયાં માલૂમ પડતા નથી. મ્હેં એમને આપવા માટે જે ચાર ગામની સનંદ તૈયાર કરી રાખી છે, તે આપવાનો અવસર સમીપ આવેલો જોઇને હું બહુજ હરખાતો હતો, પરંતુ આજે મ્હારી સઘળી આશાઓ ભાગી ગઇ છે. મ્હારો ઉત્સાહ પણ પડી ભાંગ્યો છે. મહારાજ! મ્હારા જેવા અભાગીના ભાગ્યમાં એવો પ્રસંગ ક્યાંથી લખ્યો હોય! શિવાજી મહારાજને આ પ્રમાણે પશ્ચાત્તાપ કરતા જોઇને રામદાસ સ્વામીએ તેમને સાન્ત્વન કરતાં કહ્યું: “ શિવરાયા! આમ વૃથા શોક

કરવાનુ કાંઇ કારણુ નથી. સંતો ત્રૈલોક્યના રાજ્યની પણુ પરવા રાખતા નથી, તો ત્હારાં ચાર ગામો શા હિસાબમાં ? તુકારામ ખરેખરા વિરક્ત ભગવદ્ ભક્ત છે. તે અષ્ટસિદ્ધિ અને નવે નિધિ આવી મળે તોપણુ તેને ગ્રહણુ કરે એમ નથી. તેમની ભક્તિ કેવળ નિષ્કામ છે. તુકારામ મહારાજ જેવા સંત મહાત્માઓ કેવળ આ વિશ્વનો ઉદ્ધાર કરવાનેજ આ પૃથ્વી ઉપર જન્મ ધારણુ કરે છે. તેઓ આ પૃથ્વીના નશ્વર પદાર્થોથી કદિ પણુ લોભાતા નથી. તેમને ઐહિક સુખ સંપત્તિની લેશ માત્ર પણુ ઇચ્છા થતી નથી; અને તેથી તેઓ તેનાથી દૂરજ રહે છે. તુકારામ મહારાજ તેથીજ અહિંથી ચાલ્યા ગયા હશે માટે તે માટે તું લેશ માત્ર પણુ શોક કરીશ નહિ."

આ પ્રમાણે રામદાસ સ્વામીએ શિવાજી મહારાજને શાંત પાડયા. તે પછી શિવાજી મહારાજે અન્યાન્ય સંત, સાધુ અને બ્રાહ્મણોનો આદરસત્કાર કરીને પરલીગઢના રામમઠની પ્રતિષ્ઠા કરી રામદાસ સ્વામીને સ્વાધીન કર્યો. શિવાજી મહારાજે તુકારામ મહારાજને આપવાને જે સનદ તૈયાર કરી હતી, તે તુકારામ મહારાજના મરણુ પછી જ્યારે તેઓ દેહુ ગયા, ત્યારે તેમના પુત્ર નારાયણુરાવને આપી; અને તે હજુ પણુ તેમના વંશજોના નામ ઉપર ચાલે છે, તે અમે પહેલાંજ વિદિત કરી ગયા છીએ.

પ્રકરણ ૧૧ મું.

પ્રથમ દશ પ્રકરણુમાં તુકારામ મહારાજના જીવનની મુખ્ય મુખ્ય ઘટનાઓનો ઉલ્લેખ કર્યો છે. પ્રસ્તુત પ્રકરણુમાં તેમના દેહ વિલયનું નિરૂપણુ કરવામાં આવશે.

તુકારામ મહારાજને દરેક અષાડી અને કાર્તિકી એકાદશીને દિવસે પંઢરપુર જવાનો નિયમ હતો; પરંતુ એક સમયે તેમને શીતજ્વર લાગુ પડયો હતો, અને તેથી તેમનામાં ઉઠવાની પણ શક્તિ રહી નહોતી—ખોરાક પણ લેશ માત્ર લેવાતો નહિ, અને શરીર તદ્દન જીર્ણ થઇ ગયુ હતું. તેઓ કેટલાક વર્ષથી નિયમિત રીતે પઢરપુર જતા હતા, પરતુ આ વખતે 'જવાશે નહિ' એમ ધારીને તેઓ મનમા ને મનમા બહુજ પશ્ચાત્તાપ કરવા લાગ્યા. તેઓ વારવાર વિઠોબાને સબોધીને કહેવા લાગ્યા કે: "હે પ્રભો! અહા! હુ કેવો અધમ, કે આવા પવિત્ર દિવસે પણ આપનાં દર્શન કરી શકતો નથી!! એકાદશીને હવે બે ચાર દિવસો બાકી રહ્યા હતા. પઢરપુર જવાની તૈયારીઓ થવા માંડી, અને નક્કી કરેલે દિવસે તુકારામ મહારાજના શિષ્યો અને અન્યાન્ય ભગવદ્ ભક્તો સપૂર્ણ ઠાઠમાઠથી હાથમાં ધ્વજાપતાકા લઇને તુકારામ મહારાજના ઘર આગળ આવી પહોચ્યા. તેમને જોઇને તુકારામ મહારાજ બહુજ અધીરા થઈ ગયા. તેઓ મહાન કષ્ટે પોતાના ઘરમાંથી બહાર ઓટલા સુધી આવ્યા અને પોતાના શિષ્યોને સંબોધીને કહેવા લાગ્યા કે: "તમે જઇને વિઠોબાને કહેજો કે મ્હેં એવો તે શો અપરાધ કર્યો છે, કે તેમણે મને આ વખતે પોતાના દર્શનથી વંચિત કર્યો છે. તેઓ જો હજુ પણ મને શક્તિ આપશે તો હું પરમ પ્રેમપૂર્વક તેમના દર્શનાર્થે આવીશ, અને અનેક ભક્તો સાથે પરમ આનંદપૂર્વક નૃત્ય કરી તેમને પ્રસન્ન કરીશ. તમે વિઠોબાને મ્હારો આ પત્ર આપી મ્હારાવતી અતિ નમ્ર વચને મ્હારી આ વિનંતિ કહી સંભળાવજો." એમ કહીને તુકારામ મહારાજે તેમને છત્રીસ અભગોનો એક પત્ર લખી આપ્યો. તે સમયે તુકારામ મહારાજના મનની અવસ્થા કેવી હતી. તેનું દર્શન કરાવવા માટે તેમાંના સોળ અભંગો અત્રે ઉદ્ધૃત કરવા યોગ્ય ધારીએ છીએ.

जायाचें शरीर जाईल क्षणांत । कां हा गोपीनाथ पावे विना ॥१॥
तुह्मी संतसारे कृपेचे सागर । माझा निरोप फार सांगा देवा॥२॥
अनाथ अज्ञान कोणी नाहीं त्याला। पायांवे विठ्ठलाठेवीं मज ॥३॥
तुका ह्मणे जाणे ऐसी करा निखण । मगतो रक्षण करील माझें ॥४॥

नव्हें धीर कांहीं पाठवां निरोप । आला तरीकोप येऊं सुखे ॥१॥
कोपोनियां तरी देईल उत्तर । जैसें तैसेंपर फिरावूनि ॥ २ ॥
नाहीं तया तरीकाय एक पारे । मज तो माहेक आणीक नाहि ॥३॥
तुका ह्मणे असे तया मध्येंहित । आपण निवांत असों नये ॥४॥

विनवी जे ऐसें भाग्य नाहीं देवा ।
पायांशीकें शवास लगी केली ॥ १ ॥
धीटपणें पत्र लिहिले आवडी ।
पार नेणें थोडी मति माझी ॥ २ ॥
जेथें देवातु ज्ञान कळेची पार ।
तेथेंमी पामर काय वाणूं ॥ ३ ॥
जैसे तैसे माझे बोल अंगीकारी ।
बोबड्या उत्तरीं गौर वितों ॥ ४ ॥
तुका ह्मणे विटेवरिजी पाऊलें ।
तेथेंम्यां ठेवियले मस्तक हें ॥ ५ ॥

सीण भागहरे तेथींच्या निरोपें । देखि लिया रूप उरा नुरे ॥१॥
इंद्रियांची धांव होईल कुंठित । पावेल हें चित्त समाधान ॥२॥

माहेर आहेसें लौकिकी कलावें। निढलबरवें शोभा नेदी ॥ ३ ॥
आस नाहीं परी उरी बरी वाटे।आपलें ते भेटे आपणासी ॥४॥
तुका ह्मणे माझी अविट आवडी। खंडण तांतडी होऊंनेदी ॥५॥

कांमाझे पंढरी न देखती डोळे। कायहें न कळे पापा यांचे ॥१॥
पाय पंथे कांहे न चालती वाट। कोणहे अदृष्ट कर्म बळी ॥२॥
कांहे पायां वरी न पडे मस्तक। क्षेमकां हस्तक न पावती ॥३॥
कांया इंद्रियां चिनपुरे वासना। पवित्र होई ना जिव्हा कीर्ति ॥४॥
तुका ह्मणे कंई जाऊनि भोटले। पडेनहा लाळें महाद्वारीं ॥ ५ ॥

निरोपा सविंचे। काय बोलतां फुकाचें ॥ १ ॥
परीहेंनेघेवे चियश। भेओंनको सुखीआस ॥ २ ॥
सुख समाधाने। कोण पहिदेणे घेणे ॥ ३ ॥
न लगे निरोपासीमोल। तुका ह्मणे वेचे बोल ॥ ४ ॥

पुढेतरी चित्ता। काययेईल तें आतां ॥ १ ॥
मज सांगोनियां धाडीं। वाट पाहतो बराडी ॥ २ ॥
कंठी धरिला प्राण। पायांपाशीं आलेमन ॥ ३ ॥
तुका ह्मणे चिंता बहु वाहलसे आतां ॥ ४ ॥

येती वारकरी। वाट पाहतों तोवरीं ॥ १ ॥
घालूनियां दंडवत। पुसेम निरोपाची मात ॥ २ ॥
पत्ररातीं दिले। जयाजेथें पाठविलें ॥ ३ ॥
तुका ह्मणे येती। आइन सामोरा पुढती ॥ ४ ॥

रुले महाद्वारीं । पायां खालील पायरी ॥ १ ॥
तैसे माझे दंडवत । निरोप सांगतील संत ॥ २ ॥
पडे दंड काठी । देह भलती सवा लोटी ॥ ३ ॥
तुका ह्मणे बाळ । लोळे न धरितां सांभाळ ॥ ४ ॥

माहेरासी जैसा धाडीना सुनेला । मनीजावयाला आवांकीते ॥१॥
माझाहेत असे जावें पंढरीसी । परीयाज्वरासी काय करूं ॥२॥
सासूती सासरा चांडाल माहेरा । धाडीना दातारा काय करूं ॥३॥
तुका ह्मणे विठो गरुड आहेद्वारी । न्यामज पंढरी कृपावंता ॥४॥

तुह्मी संतजनीं । माझी करावी विनवणी ॥ १ ॥
काय तु क्याचा अन्याय । त्यासी अंतरले पाय ॥ २ ।
भाका बहुतां रीती । माझी कींव काकुळती ॥ ३ ॥
न देखे पंढरी । तुका चरण विटेवरी ॥ ४ ॥

होईल कृपादान । तरीमी येईन धांवोन ॥ १ ॥
होती संतांचिया भेटी । आनंदे नाचों वाळवंटी ॥ २ ॥
रिघेन माते पुढें । स्तनपान करी न कोडें ॥ ३ ॥
तुका ह्मणे ताप । हरती देखोनियां बाप ॥ ४ ॥

परिसोनी उत्तर । जाव देइजें सत्वर ॥ १ ॥
जरी तूं होसी कृपावंत । तरिहा बालावीपतित ॥ २ ॥
नाणी कांहीं मना । करू निपापाचा उगाणा ॥ ३ ॥
तुका ह्मणे नाहीं । कायशक्ति तुझे पायीं ॥ ४ ॥

आतांहे सेवटीं । माझी आइकावी गोष्टी ॥ १ ॥
आतां धावावचनाचा । जावकळे तैसायाचा ॥ २ ॥
आतां करकर । पुढं नकरी उत्तर ॥ ३ ॥
तुका ह्मणेठसा । तुझा आहे राखें तैसा ॥ ४ ॥

पंढरीसजाते निरोप आयका । वैकुंठनायका क्षेमसांगा ॥१॥
अनाथांचा नाथ हें तुझें वचन । धांवेंनको दीनगांजोदेऊं ॥२॥
ग्रासिले भुजंगे सर्पे महाकाळे । नदिसे हें जाळें उगवतां ॥३॥
कामक्रोध सुनींश्वापदीं बहुतीं । वेढलों आवर्तीमायेचिये ॥४॥
मृगजळ नदी बुडविना तरी । आणूनियांवरी तळानेते ॥५॥
तुका ह्मणे तुवां धरिलें उदास । तरीपाहों तासकवणाची ॥६॥

कृपाळू सज्जनतुह्मी संतजन । हेंचि कृपादान तुमचें मज ॥१॥
आठवण तुह्मीद्यावी पाडुरंगा । कींवमाझी सगाकाकुलती ॥२॥
अनाथ अपराधी पतित आगळा । परिपायां वेगळा नकाकरूं ॥ ३ ॥
तुका ह्मणे तुह्मी निरविल्यावरि । मगमजहरि उपेक्षीना ॥ ४ ॥

ઉપર્યુક્ત સઘળા અભંગોમા તુકારામ મહારાજના હૃદયની વ્યાકુળતા સુસ્પષ્ટ રીતે વ્યક્ત થાય છે. આ અભગો લઇને તુકારામ મહારાજના શિષ્યોએ પોતાના ગુરૂને પ્રણામ કરી પંઢરપુર તરફ ચાલવા માંડયુ. તુકારામ મહારાજ થોડીવાર ત્યાંજ ઉભા રહ્યા. પોતાના શિષ્યોનો સંગાત છોડતાં તેમને બહુજ ક્લેશ થયો, તેથી તેઓ એવી પીડિત અવસ્થામાં પણ ધીરે ધીરે તેમની પાછળ પાછળ ગયા. તેમને આવતા જોઇને તેમના શિષ્યો ઉભા રહ્યા. તેમને પણ તુકારામ

મહારાજનો સાથ છોડીને જવું ગમતું નહોતું, તેથી તેમણે તુકારામ મહારાજની સાથે ધીમે ધીમે ચાલવા માંડ્યુ. પરંતુ તુકારામ મહારાજમાં ચાલવાની લેશ માત્ર પણ શક્તિ નહોતી. વિઠોબા ઉપર તેમની અનન્ય ભક્તિ હોવાથીજ તેઓ આટલુ પણ ચાલી શક્યા હતા. હવે તેમનાથી ચાલી શકાયુ નહિ. તેમના શિષ્યો તેમને પાછા ફરવાની વિનતિ કરવા લાગ્યા. પોતાના શિષ્યો અને અન્યાન્ય સંતસાધુઓના આગ્રહથી તુકારામ મહારાજે ઘર તરફ ચાલવા માંડ્યુ. આ સમયની તેમની સ્થિતિનુ વર્ણન કરતાં મહીપતિ લખે છે કે: “ માતા જેમ સાસરે જતી પુત્રીને વિદાય કરીને જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી સજળ નેત્રે તે દિશા તરફ જોઇ રહે, અને પુત્રી પણ પોતાની આંસુ સારતી માતા તરફ અને પિતૃભવન તરફ વારંવાર પાછું ફરીને જોતી જાય, તેજ પ્રમાણે તુકારામ અને તેમના શિષ્યો અતિશય વ્યગ્ર ચિત્તે એક બીજાથી જૂદા પડયા. ”

તુકારામ મહારાજના શિષ્યો અને અન્યાન્ય સંતસાધુઓ તેમનાથી જૂદા પડીને પંઢરપુર આવી પહોંચ્યા. ત્યાં આવીને તેમણે વિઠોબા સમક્ષ તુકારામ મહારાજના અભંગો વાંચી સંભળાવ્યા, અને તેમની વતી અતિ નમ્રવચને તુકારામ મહારાજના સમાચાર નિવેદન કર્યા.

આ તરફ શિષ્ય મંડળથી વિખુટા પડીને તુકારામ મહારાજ તરતજ ઘેર આવ્યા નહિ. તેઓ ત્યાંજ આગળ વિઠોબાનું ધ્યાન ધરવા લાગ્યા—પંઢરપુરમાં થનારા ઉત્સવની પ્રત્યેક ઘટનાઓ તેમના મનમાં ઘોળાવા લાગી. આ સમયે વળી બીજા ઓગણીસ અભંગો રચીને તેમણે વિઠોબાની સ્તુતિ કરી, તેમના ધ્યાનમાં લીન થઇ ગયા. ત્યાર પછી જે દિવસે પોતાના શિષ્યો પંઢરપુરથી પાછા આવવાના હતા તે દિવસે પાછા પોતે જે જગ્યાએથી જૂદા પડયા હતા, ત્યાં

જઇને તેમની વાટ જોવા લાગ્યા; અને તેમને દૂરથી આવતા જોઇને તેમની સામે ગયા. તુકારામ મહારાજને સામા આવતા જોઇને તેમના શિષ્યોના આનંદનો પાર રહ્યો નહિ. જોતજોતામાં સર્વ એકઠા થઇ ગયા, તથા પ્રણામ અને આલિંગન વગેરે કરીને ઉત્સવના આનંદની વાતો કરવા લાગ્યા. વળી તુકારામ મહારાજના શિષ્યો તેમને માટે પંઢરપુરથી શ્રી વિઠોબાનો પ્રસાદ લાવ્યા હતા તે તુકારામ મહારાજે પરમ પ્રેમપૂર્વક ગ્રહણ કર્યો. પ્રસાદ ગ્રહણ કરતી વખતે તેઓ બહુજ આનંદમા આવી ગયા. આ વખતે તેમણે બીજા અગિયાર અભંગો રચ્યા છે, તેમાંથી છ અભંગો વાચકવર્ગને તેમની તે સમયની સ્થિતિનુ દિગ્દર્શન કરાવવાને અત્રે આપ્યા છે.

भागलोंती देवा । माझा नमस्कार ध्यावा ॥ १ ॥
तुह्मी क्षेमकीं सकळ । बाळअवघे गोपाळ ॥ २ ॥
मारगीं चालतां । श्रमलेतींयेतां जातां ॥ ३ ॥
तुका ह्मणे कांहीं । कृपा आहे माझ्याठायीं ॥ ४ ॥

वाट्ानिया ज्योति । वाटपाहे दिवसराती ॥ १ ॥
बहु उतावीळ मन । तुमचे व्हावें दरुषण ॥ २ ॥
आलों बाळवीत । तैसेंयाचिपंथें चित्त ॥ ३ ॥
तुका ह्मणे पेणी । येतां जाता दिवस गणीं ॥ ४ ॥

आजि दिवस धन्य । तुमचे झाले दरुषण ॥ १ ॥
सांगा माहेरींची मात । अवघा विस्तारीं वृत्तांत ॥ २ ॥
आइकती मन । करूनी सादर श्रवण ॥ ३ ॥
तुका ह्मणे नाम । माझा सकल संभ्रम ॥ ४ ॥

आजीचियालाभे ब्रह्मांड ठेंगणे । सुखी झालें मन कल्पवेना ॥१॥
आर्तभूत माझा जीवजयां साठीं । त्याच्या झाल्या भेटी पायांसवे २
बाटुली पाहतां सिणले नयन । बहु होते मन आर्तभूत ॥ ३ ॥
माझ्या निरोपाचे आणिले उत्तर । होईल समाचार सांगतीतो ॥४॥
तुकाह्मणे भेटीं निवारला ताप । फळले संकल्प संतआले ॥ ५ ॥

आ जीवखें झालें । माझें माहेर भेटले ॥ १ ॥
डोळां देखिले सज्जन । निवारला भागसीण ॥ २ ॥
धन्य झालो आतां । क्षेम देऊनिया संतां ॥ ३ ॥
इच्छेचें पावलों । तुका ह्मणे धन्य झालो ॥ ४ ॥

आलें तें आधीं खाईं नभातुकें । मगकवतुकें गाईन ओंध्या ॥१॥
सांगितला आधीं आइको निरोप । होईल माझा बाप पुसेतो तें ॥२॥
तुका ह्मणे माझे सरवे वारकरी । आलेहे माहेरींहून आजी ॥३॥

ત્યાર પછી તુકારામ મહારાજે પોતાના શિષ્યોને પંઢરપુરના ઉત્સવનુ સવિસ્તર વર્ણન કરવાને કહ્યુ. તુકારામ મહારાજની આજ્ઞા થતાંજ તેમના શિષ્યોએ તેનુ સવિસ્તર વર્ણન કર્યું, અને તેમણે મોકલેલા અભંગો શ્રી વિઠોબાએ પરમ પ્રીતિપૂર્વક ગ્રહણ કર્યા છે, એમ વિદિત કર્યું. આ સમાચાર સાંભળીને તુકારામ મહારાજના આનંદની સીમા રહી નહિ. તેઓ પરમ પ્રેમપૂર્વક વિઠ્ઠલ નામોચ્ચારણ કરવા લાગ્યા; અને થોડીવાર પછી પોતાના સકળ શિષ્યો સાથે આનંદિત ચિત્તે ઘર તરફ પાછા ફર્યા.

હવે દિવસે દિવસે તુકારામ મહારાજની ખ્યાતિ બહુજ પ્રસરવા માંડી. અનેક દેશદેશાંતરના માણસો આવીને તેમની પાસે શિષ્યત્વ ગ્રહણ

કરવા લાગ્યા. તેમની નિષ્કામ ભક્તિ અને અલૌકિક શક્તિ જોઇને સઘળા તેમને પૂજ્યદૃષ્ટિથી જોવા લાગ્યા. ઘણા દૂર દેશોમાથી પણ આર્ત, પીડિત અને ધર્મપિપાસુ મનુષ્યો તેમનાં દર્શન કરવાને આવવા લાગ્યા. તેમના કીર્તન અને ઉપદેશે સમસ્ત મહારાષ્ટ્ર દેશને રસમય ભક્તિધારાથી અભિષિક્ત કરી નાખ્યો. તેમનાં વૈરાગ્ય-પૂર્ણ અભંગો નગરો તેમજ ગામડાઓમા સર્વત્ર પ્રસરી ગયા. એક ખેડુતથી તે રાજા, રાજકર્મચારી અને સભાસદ પંડિતો પણ પરમપ્રેમપૂર્વક તેનું ગાન કરવા લાગ્યા. તેના શ્રવણથી અનેક પાખંડીઓ પણ ઠેકાણે આવી ગયા. પોતાનુ વ્રત આ પ્રમાણે સિદ્ધ થએલુ જોઇને તુકારામ મહારાજ પણ પ્રસન્ન થવા લાગ્યા, અને જ્ઞાનેશ્વરાદિ તેમના પૂર્વગામી સાધુ પુરૂષો જે સગુણ ભક્તિનાં બીજ વાવી ગયા હતા, તેને સફળ થએલા જોઇને પોતાને કૃતાર્થ થએલા માનવા લાગ્યા. જેવી રીતે જન-સમાજથી તદ્દન અપરિચિત રહેવું ક્લેશકર છે, તેવીજ રીતે તેનો વધારે પરિચય પણ દુઃખદાયકજ નીવડે છે. વળી મુખ્યત્વે કરીને સાધુ મહાત્માઓના સંબંધમા તો જનસમાજનો તેમની ઉપરનો આદર-ભાવ તેમની ધર્મચર્યામા વિઘ્નોત્પાદકજ નીવડે છે. જનસમાજના વધારે પરિચયમાં આવવાથી તેમની સ્વાધીનતા નષ્ટ થઇ જાય છે; અને આહાર વિહાર અને નિયમિત પૂજા, પાઠ વગેરેમાં પણ વિક્ષેપ આવી પડે છે. તુકારામ મહારાજના સંબંધમાં પણ તેમજ થયું. જેમ જેમ જનસમાજમાં તેમની કીર્તિ ફેલાતી ગઇ તેમ તેમ તેમની ધર્મચર્યામાં પણ અનેક અંતરાયો આવવા લાગ્યા. કોઇ તેમની ઉપર બહુ મૂલ્યવાન્ ઉપહાર મોકલાવતુ, તો કોઇને સુમિષ્ટ ભોજન કરા-વવાની ઇચ્છા થતી હતી. વળી કેટલાક તેમને દેવાંશી અથવા દેવાનુ-ગૃહીત પુરૂષ ધારીને તેમનું પૂજન અર્ચન કરવાનો સમય શોધતા હતા. નિસ્પૃહી અને વિનયી તુકારામ મહારાજને આમાંનું કાંઈ પણ

ગમતું નહિ. તેઓ દરેક પ્રકારના સાંસારિક સંપદ્ અને ગૌરવથી બને તેટલા દૂર રહેવાનો પ્રયત્ન કરતા હતા. પરંતુ લોકોને પાછા કાઢવાથી તેમનું મન દુભાશે, એમ વિચારીને તેઓ સંપૂર્ણ રીતે પોતાની ઇચ્છા પ્રમાણે વર્તી શકતા નહિ. વળી આ સિવાય તેમને બીજી પણ અનેક જાતની ઉપાધિઓ આવી પડતી હતી. જેને છોકરાં જીવતા ન હોય એવાં સ્ત્રીપુરૂષો તેમની પાસે સન્તાનને માટે પ્રાર્થના કરતા હતા. વળી કેટલાક નિર્ધન આવીને તેમની પાસે ધનની યાચના કરતા હતા. આ પ્રમાણે રાત્રિ દિવસ લોકોનાં ટોળેટોળાં તુકારામ મહારાજ પાસે આવીને પોતપોતાનું દુઃખ નિવેદન કરતા હતા. આથી જેવા સંયમ અને વિરાગથી જીવન વ્યતીત કરવાની તેમની ઇચ્છા હતી, તે બરોબર પાર પડતી નહિ. તેથી કંટાળીને તેઓ કેટલીક-વાર વિઠોબા પાસે હાથ જોડીને કહેતા કે; "પ્રભો હવે મને વૈકું-ઠમા લઇ જાઓ." ઘણા ઘણા વ્રત, ઉપવાસ અને જાગરણથી તુકારામ મહારાજનું શરીર પણ ધીમે ધીમે ક્ષીણ થઇ ગયું હતું. તેમા વળી તેમના મનને તો બીલકુલ આરામજ મળતો નહિ. ભક્તવૃંદને જોતાજ તેઓ એકદમ આનંદમાં આવી જતા, અને કીર્તન કરવા માંડતા. આ વખતે તેઓ પોતાના શરીર સામુ બીલકુલ જોતા નહિ. દિવસે દિવસે તેમની શક્તિ ઘટવા માંડી; અને હવે થોડા સમ-યમાજ આ પૃથ્વીનો પ્રવાસ સંપૂર્ણ થશે, એમ તુકારામ મહારાજની ખાત્રી થઇ. ધીમે ધીમે ધર્મ—જીવનની પ્રારંભાવસ્થાની પેઠે તેમના જીવનમાં પુનઃ વૈરાગ્ય અને ઉદાસીનતા જણાવા લાગી. તેમનું મન બહુજ અસ્થિર થઇ ગયું. જ્યાં બેઠા હોય ત્યાંથી "હુ તો વૈકુંઠમાં જાઉં છું" એમ કહીને તેઓ ઉઠીને ચાલવા માંડતા; અને કોઇ નિર્જન સ્થાનમાં જઇને કલાકોના કલાકો સુધી બેસી રહેતા. તેમના શિષ્યો તેમની શોધ કરી તેમને જેમ તેમ કરીને પાછા તેડી લાવતા હતા.

આ પ્રમાણે તેમને પોતાના શરીરનું બીલકુલ ભાન રહ્યું નહિ. રાત્રિ દિવસ, ખાતાં, પીતાં, ઉઠતાં, બેસતાં, હરકોઇ કામ કરતાં વિઠોબાનું નામસ્મરણ–પ્રતિનિશ્વાસમાં હરિનામોચ્ચારણ કરવા લાગ્યા. પોતાની શારીરિક શક્તિ એકાએક ઘટતી જોઇને તેમને બહુ ખેદ થવા લાગ્યો. તેઓ વિઠોબાનુ ધ્યાન ધરીને તેમને વારંવાર કહેવા લાગ્યા કે: " હે પ્રભો ! ત્હારે આ જીવનનો અંત લાવવો હોય તો ખુશીથી લાવજે, પરંતુ જ્યાં સુધી જીવમાં જીવ હોય, ત્યાં સુધી ત્હારૂં પૂજન અર્ચન થયા કરે એટલી શક્તિ રાખજે. હે દિનદયાળ ! હવે અંતઅવસ્થામા મને ત્હારા ભજનકીર્તનથી વંચિત કરીશ નહિ." આહા ! કેવો મધુર પ્રેમ ! કેવી નિષ્કામ ભક્તિ ! આવી અનન્ય ભક્તિ સિવાય ભગવાનની કૃપાના અધિકારી થવાયજ કેમ ?

આ પ્રમાણે તુકારામ મહારાજની વૃત્તિ તદ્દન ઉદાસ થઇ ગઇ હતી તેમા વળી એક બનાવ એવો બન્યો કે તેથી આ સંસાર ઉપરથી તેમનું મન તદ્દન ફીટી ગયુ. અમે પહેલાંજ જણાવી ગયા છીએ કે લોહગ્રામના લોકો તુકારામ મહારાજ ઉપર નિરતિશય પ્રેમ રાખતા હતા અને તેમને વારવાર પોતાને ગામ બોલાવી જઇને કીર્તન કરાવતા હતા. તુકારામ મહારાજને પણ લોહગ્રામ ઉપર બહુજ પ્રેમ હતો, અને તેથી તેઓ મહિનાના મહિના સુધી ત્યાં આગળ રહેતા હતા. તુકારામ મહારાજના સત્સંગથી લોહગ્રામના લોકો ધર્માનુરાગી અને ઇશ્વર–નિષ્ઠ થયા હતા, તથા પ્રકૃત ધર્માનુરાગ જનિત સદાચરણથી તેમની પાર્થિવ સુખ સંપત્તિમાં પણ ઉત્તરોત્તર વૃદ્ધિ થઇ હતી. જે પ્રમાણે લોહગ્રામના લોકો તુકારામ મહારાજ ઉપર શ્રદ્ધા રાખતા હતા, તેજ પ્રમાણે તુકારામ મહારાજ પણ તેમની પ્રત્યે બહુજ સ્નેહવાન અને અનુરક્ત હતા. એક સમય તુકારામ મહારાજ લોહગ્રામ ગયા હતા અને ત્યાં આગળ ગામના અન્યાન્ય સંસ્કારી પુરૂષો સાથે

ભજન કીર્તન કરવામાં નિમગ્ન રહેતા હતા. આ પ્રમાણે પ્રાયઃ એક માસ સુધી તેઓ લોહગ્રામમાંજ રહ્યા, અને કીર્તનાદિ કરીને પરમાનંદ ભોગવવા લાગ્યા. આ સમયે શિવાજી મહારાજ અને મોગલો વચ્ચે સર્વદા યુદ્ધ ચાલતું હતું; અને લુંટ, હત્યા અને વિનાશ આદિ નિષ્ઠુર કાર્યો મહારાષ્ટ્રમાં સ્થળે સ્થળે થતાં જોવામા આવતાં હતાં. તુકારામ મહારાજ જ્યારે લોહગ્રામમાં હતા ત્યારે તેમની ઉપર પણ કાળચક્ર આવી ચડયું, અને મોગલોએ એકાએક ધસી આવી આખું ગામ લૂટી લીધું. આ ઘટના જોઇને તુકારામ મહારાજના હૃદયને વજ્રઘાત લાગ્યો. આ બનાવથી તેમનું હૃદય બહુજ દુઃખિત થઇ ગયુ. એકાએક દુઃખી થઇ ગએલા ગામના લોકને જોઇને તુકારામ મહારાજને બહુજ દયા આવી. તેઓ અનેક પ્રકારે તેમને સાન્ત્વના આપવા લાગ્યા; અને તેમને પુષ્કળ બોધ કર્યો. આ વખતે પણ એમણે કેટલાક અભંગો રચ્યા છે. તેમાંનો એક વાચકવર્ગની જાણને માટે આ સ્થળે આપવો યોગ્ય ધારીએ છીએ.

गेलीयाची हळ हळ कोणी । नकामनीं धरूं कांहीं ॥१॥
पावलें ते ह्मणो देवा । सहज सेवा या नाव ॥ २ ॥
जळतां अंगी पडता खाण । नारायण भोगिता ॥३॥
तुकाह्मणे न लगे मोल । देव बोले आवडती ॥ ४ ॥

અર્થાત્ “ જે કાંઇ ધન ગયું છે તે સઘળું ભગવાનની ઈચ્છાથીજ ગયું છે. તેને માટે લેશ માત્ર શોક કરવો યોગ્ય નથી. વિઠોબાની–ભગવાનની–સેવામાંજ તે સઘળું વપરાઇ ગયું છે એમ ધારીને મમતા–શોકને દૂર કરો.”

“ભગવાન કેવળ દ્રવ્યથીજ પ્રસન્ન થતા નથી–તે તો ભક્તિથીજ પ્રસન્ન થાય છે. ભક્તિથીજ આપણે તેમના દર્શન કરી શકીએ છીએ તો પછી ધનનો નાશ થયો તેમાં શું થયું ? ”

આ પ્રમાણે તુકારામ મહારાજે લોહગ્રામવાસીઓને તેમની સ્થિતિ અનુસાર સાન્ત્વન કર્યું ખરૂં, પરંતુ આ બનાવથી તેમનુ કોમળ હૃદય અત્યંત વિચલિત અને ઉદાસ થઇ ગયું. જો કે તુકારામ મહારાજને પોતાને કોઇ પણ જાતનુ નુકશાન અથવા તો દુ:ખ થયું નહોતું, તે છતાં પણ બીજાનુ દુ:ખ પણ તેમનાથી સહન થતું નહિ. બીજાના દુ:ખને તેઓ પોતાનુંજ દુ:ખ ગણી લેતા હતા અને તેમને દુ:ખી થતા જોઇને તેમનું હૃદય કંપી ઉઠતું હતું. આ હૃદયભેદી દૃષ્યથી તુકારામ મહારાજ આ સંસારની અનિત્યતાની સ્પષ્ટ રીતે ખાત્રી કરી શક્યા. તેઓ વારંવાર વિઠોબાને સંબોધીને કહેવા લાગ્યા કે:—"પ્રભો ! આ મૃત્યુલોકમાં મ્હેં ઘણો વખત નિવાસ કર્યો છે, હવે મને વૈકુંઠમા તેડી જાઓ." તુકારામ મહારાજના ઉપદેશથી લોહગ્રામના લોકો પહેલાંથીજ સાંસારિક સુખમાં વિરક્તિ બતાવતાં શિખ્યા હતા, તેથી આ અકસ્માત્ આવી પડેલી વિપત્તિએ ઘણાનાં મન ફેરવી નાખ્યાં. આ સંસાર ઉપરથી તેમનુ મન ઉઠી ગયું, પાર્થિવ સંપત્તિનુ અસારપણું સુસ્પષ્ટ રીતે સમજી લઇને લોહગ્રામના અનેક લોકો પોતાનુ શેષ જીવન ધર્મ ચિંતનમાંજ વ્યતીત કરવાનો નિશ્ચય કરી તુકારામ મહારાજની સાથે દેહુ આવ્યા; અને ત્યાં આગળ તુકારામ મહારાજ સાથે ભજન કીર્તનનો યથેષ્ટ લાભ લઇને પરમ આનંદપૂર્વક નિવાસ કરવા લાગ્યા.

તુકારામ દેહુ આવ્યા, ત્યાર પછી થોડે દિવસે દોલ–ઉત્સવ આવ્યો. સાધારણ રીતે દોલ–ઉત્સવમાં અનેક પ્રકારના બીભત્સ આમોદ–પ્રમોદ કરવામાં આવે છે. તુકારામ મહારાજે તે સર્વેનો ત્યાગ કરી સઘળાને કેવળ હરિ–કીર્તન કરવાનો ઉપદેશ કર્યો. તુકારામ મહારાજની ઇચ્છાનુસાર "હોળી" ના કુત્સિત આનંદને બદલે દેહુના સઘળા લોકો, શ્રી વિઠોબાની ભક્તિથી ઉત્પન્ન થતા પરમ આનંદનો

અનુભવ કરવા લાગ્યા. અગિયારસથી ઉત્સવ શરૂ થયો. તુકારામ મહારાજે આ વખતે બહુજ સારી રીતે સકીર્તન કર્યું. આ એમનું છેલ્લુંજ કીર્તન હતું. પૂર્ણિમા ગયા પછી પડવાને દિવસે તુકારામ મહારાજે આખી રાત સંકીર્તન કર્યું. એ વખતે તેમણે ૨૪ અભંગો રચ્યા છે, અને તે "કાયા બ્રહ્મકરણુ" અથવા "બ્રહ્મમાં આત્મ સમર્પણુ' એ નામથી ઓળખાય છે. તુકારામ મહારાજના એ અંતિમ મધુર હૃદયોદ્‌ગારમાંથી કેટલાક વાચકને ઉપહાર કરીએ છીએ.

जरा कर्णमुली सांगो आली गोष्टी। मृत्युचीये भेटी जवळी आली॥१॥
आतां माझ्या मना होंई सावधान। हे पुण्याची जाण कार्यसिद्धि॥२॥
सेवटील घडी बुडतां न लगे वेळ। साधावातो काळ जवळी आला॥३॥
तुका ह्मणे चिति कुळीची देवता। वारावा भोंवता मिथ्या शब्द॥४॥

संताचे उपदेश आमुचे मस्तकीं। नाहीं मृत्यु लोकी राहणेंसा॥१॥
म्हण ऊनिबहु तलमली चित्त। येईवो धांवत पांडुरंगा ॥ २ ॥
उपजली चिंता लागला उसीर। होतनाही धीर निढळ वाटे॥३॥
तुका ह्मणे पोटीं रिघालेंसे भय। करूं आतां काय ऐसें झालें॥४॥

धर्माचि तूं मूर्ति। पाप पुण्य तुझे हातीं ॥ १ ॥
मज सोडवी दातारा। कर्मापासूनि दुस्तरा ॥ २ ॥
करिसी अंगिकार। तरीकाय माझा भार ॥ ३ ॥
जिवींच्या जीवना। तुका ह्मणे नारायणा ॥ ४ ॥

आतां बरे झालें। सकाळींच कळों आले ॥ १ ॥
मज नठेवी इह लोकीं। आलो तेव्हां झाली चुकी ॥२॥

गमाहिमा ठावा । नव्हता ऐसा पुढे देवा ॥ ३ ॥
तुका ह्मणे ठेवीं । भोगासाठीं निरयगांवी ॥ ४ ॥

तुह्मी सनकादिक संत । ह्मणवितां कृपावंत ॥ १ ॥
एवढा करा उपकार । देवा सांगा नमस्कार ॥ २ ॥
माझी भाकुनी करुणा । विनवा वैकुंठीचा राणा ॥ ३ ॥
तुका ह्मणे मज आठवा । मूळ लवकरी पाठवा ॥ ४ ॥

आपुल्या माहेरा जाईन मी आतां । निरोपया संता हातीं आला १
सुख दुःख माझे ऐकियलें कानीं । कळवळला मनी करुणेचा ॥२॥
करूनि सिद्ध मूळ साउलें भातुकें । येती दिवसें एकें न्यावयासी ३
त्याची पंथ माझे लागलेंसे चित्त । वाट पाहे नित्य माहेराची ॥४॥
तुका ह्मणे आतां येतील न्यावया । अंगे आपुलिया मायबापा ॥५॥

संताचे उपदेश आमचे मस्तकीं । नाही इह लोकी रहाणे आतां १
ह्मणुनी बहु तळमले चित्त । येईहो धांवत पांडुरंगे ॥ २ ॥
उपजलि चितां लागला उशीर । होत नाहीं धीर निढल वाढे ३
तुका ह्मणे पोटीं रिघालेंसे भय । करू आतां काय ऐसे झाले ॥४॥

ऐका ऐका भाविकजन । कोण कोण व्हालते ॥ १ ॥
तार्किकांचाकाटा संग । पांडुरंग स्मराहो ॥ २ ॥
नका शोधू मतांतरे । नुमगे खरें बुडाल ॥ ३ ॥
फळी मध्ये दास तुका । जातो लोका सांगत ॥ ४ ॥

सरवे सज्जनहो स्मरानारायणा । संगें येतें कोण सत्यसांगा ॥१॥
आमुचे गावींचे जरी रत्नगेलें । नाहीं सांगितलें म्हणोंनये ॥२॥
ह्मणोनी सकळां केलें जरी ठावें । नाइकलें जावे पुण्यवाटे ॥३॥
इतुकिथावरी तुह्मी राहो नका । विनवितो तुका विठोबासी ॥४॥

माहेरींचामज आलासे मुळारी । उद्यां प्रातःकाळी जाणेंमज ॥१॥
बहुकाल माझांकेलासें सांभाळ । पांडुरंगे मूळ पाठविलें ॥२॥
हीच आह्मां भेटी लोभ असोंद्यावा । पुन्हामी केशवा नयेंयेथें ॥३॥
तुका ह्मणे बहु नबोलो उत्तर । दया आतां फार असोंद्यावी ॥४॥

ઉપર્યુક્ત અભંગોમા તુકારામ મહારાજનો વૈકુંઠ જવાનો દૃઢ નિશ્ચય સાભળીને સઘળા લોકો ઉદાસ થઇ ગયા. પડવાને દિવસે હરિકીર્તન કરી રહ્યા પછી તુકારામ મહારાજે પરમ પ્રેમથી વિઠોબાની છેલ્લી આરતી કરી, અને તેમને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી મંદિરની બહાર નીકળ્યા. બહાર આવીને તેઓ અબળાઇને બોલાવીને કહેવા લાગ્યા કેઃ " હવે હું વૈકુંઠમા જાઉં છુ ત્હારી ઇચ્છા હોય તો તું પણ ચાલ." આ પહેલા કેટલાક દિવસથી તુકારામ મહારાજ વૈકુંઠનુંજ રટણ કર્યા કરતા હતા, કોઇ તીર્થ સ્થળે જતા, તોપણ " હું વૈકુંઠમાં જાઉં છુ " એમ કહેતા. તેથી અબળાઇએ " મહારાજ કોઇ તીર્થમા જતા હશે અને પોતાની ટેવ પ્રમાણે આ પ્રમાણે બોલતા હશે " એમ ધારીને કહ્યુ કેઃ–"હું સગર્ભા છુ વળી ઘરમા બાળબચ્ચાંઓને એકલાં મૂકીને કેવી રીતે તમારી સાથે આવી શકું !" એ સાંભળીને તુકારામ મહારાજે પોતાના શિષ્યોને "હવે હું વૈકુંઠમાં જાઉં છું. અને પાછો ઘેર આવીશ નહિ. " એમ કહી પોતાની પત્નીને આશીર્વાદ આપ્યો કેઃ–

स्त्रियेसी हो तुका जातो सांगोनियां । वैकुंठा म्हणोनियां जातों आम्ही १
सडासंमार्जन तुळसी वृंदावन । देवाचे पूजन करीत जावें ॥२॥
तुझीये गर्भी आहे नारायण । तो तुज लागाने उद्धरील ॥३॥
ऐसें बोळोनियां तुका पुढें आले । सगद्गादित झालें हृदयातिचे॥४॥

આબળાઇ તુકારામ મહારાજના કહેવાનો અર્થ બીલકુલ સમજ્યાં નહિ. તેમણે જાણ્યુ કે "તુકારામ મહારાજ કોઇ લાંબી યાત્રા કરવા જતા હશે અને તેથી આમ કહેતા હશે." આ સમયે તેઓ ખરે-ખરા વૈકુંઠમાં જાય છે, એવો તેમને વિચાર સરખો પણ આવ્યો નહિ. તુકારામ મહારાજે તેમનો પ્રત્યુત્તર સાભળી ઉપર પ્રમાણે આશીર્વાદ આપી ત્યાથી ઇંદ્રાયણી તરફ ચાલવા માડયુ. તેમના શિષ્યો અને બીજા જે લોકો તે રાત્રે કીર્તનમાં હતા, તે સઘળા તેમની પાછળ પાછળ ગયા. ઇંદ્રાયણી ઉપર જઇને તુકારામ મહારાજે કેટલાક અભંગો રચીને પોતાના શિષ્યોને છેવટનો બોધ આપીને તેમને આશીર્વાદ આપ્યો કેઃ—

सकळही माझी बोलवण करा । परतोनघरा जावे तुम्ही ॥ १ ॥
कर्म धर्म तुम्हां असावे कल्याण । घ्यामाझें वचन आशीर्वाद २
वाढवूनि दिले एकाचिये हातीं । सकल निश्चिन्ति झाली येथें ॥३॥
आतां भज प्राणें प्राणेश्वरा सर्वें । मी माझीया भावे अनुसरलो॥४॥
[illegible] लोभ होईल उशीर । अवघीच स्थिर करा ठायीं ॥५॥
धर्म अर्थ काम झालें एकठावीं । मेळविला तिहीं हाता हात ॥६॥
तुका म्हणे आतां झालीयाची भेटी । उरल्या त्या गोष्टी बोलावया॥७।

પોતાના શિષ્યોને આ પ્રમાણે આશીર્વાદ આપી પોતાની પત્નીને કહાવી મોકલ્યું કેઃ—

घरचीं दारची भजा पांडुरंगा । वडिलांसी सांगा दंडवत ॥१॥
मधाचिये गोडी माशी टांकी उडी । मोडलिया घडी पुन्हानये २
गंगेचा हाओघ सागरीं मिळाला । नाहीं मार्गे आला कदाकाली॥
ऐशिया शब्दांची बरी करा सोय । गेला तुकानये मागुता तो॥४॥

ત્યાર પછી ઈંદ્રાયણી ઉપર આવેલા સઘળા માણસો પાસેથી છેવટની રજા લેતાં કહ્યું કેઃ-

आम्ही जातों आपुल्या गांवा । आमुचा राम राम ध्यावा ॥१॥
तुमची आमुची हेचि भेटी । येथुनियां जन्म तुटी ॥ २ ॥
आतां असों द्यावी दया । तुमच्या लागतसे पायां ॥ ३ ॥
येतां नीजधामी कोणी । विठ्ठल विठ्ठल बोला वाणी ॥ ४ ॥
रामकृष्ण मुखीं बोला । तुका जातो वैकुंठाला ॥ ५ ॥

આ પ્રમાણે સકળ પાસે વિદાય ગ્રહણ કરીને વિઠોબાને પ્રણામ કરી તેમના નામની ઘોષણા કરતા કરતા ત્યાથી આગળ ચાલ્યા. તુકારામ મહારાજના "હવે હું પાછો આવીશ નહિ" એ વચનોથી કેટલાકને બહુજ દુખ થયુ, પરંતુ સઘળા તેઓ કોઇ મોટી યાત્રાએ જાય છે, એવા ભ્રમમાંજ રહી ગયા. ત્યાર પછી ઈંદ્રાયણી ઉપર આવીને સઘળા વિઠોબાનુ નામ સ્મરણ કરવા લાગ્યા. તુકારામ મહારાજે પરમ પ્રેમથી વિઠોબાનું ભજન કર્યું. તેમનો છેવટનો હૃદય દ્રાવક નિરોપ સાંભળીને તેમના શિષ્યોની આંખોમાં પ્રેમાશ્રુ ભરાઇ આવ્યાં. સઘળા વિઠ્ઠલ–ભજનમાં એવા તો તલ્લીન થઇ ગયા કે પોતાના દેહનું પણ ભાન રહ્યું નહિ. તે સમયે તુકારામ મહારાજ

એકાએક ગુપ્ત થઇ ગયા* થોડી વારે જ્યારે સઘળા શુદ્ધિમાં આવ્યા, ત્યારે તુકારામ મહારાજને અદૃષ્ય થએલા જોઇને શોક કરવા લાગ્યા. હવે તેઓ સદેહે વૈકુંઠમાંજ સિધાવ્યા છે, એમ તેમની ખાત્રી થઇ. તુકારામ મહારાજે પોતાના વૈકુંઠ-ગમનના સમાચાર છેવટના અભં-ગમાં વ્યક્ત કરી દીધા હતા. તેમણે પોતાના શિષ્યોને છેવટનુ નિરૂ-પણ કરતી વખતે કહ્યું હતું કે:-

कुडी साहित तुका जाईल वैकुंठासी। तें गुज तुम्हांसी कळले नाहीं ॥
पुढेजें होईल ते जाणे विठ्ठल। लौकिकां कळेलकायतेथें ॥ २ ॥
तुका ह्मणे आतां काया ब्रह्म झाली। विमाने उतरली आम्हां लागीं ३

तुका उतरला तुकीं। नवल झालें तिहीं लोकीं ॥ १ ॥
नित्य करितो कीर्तन। हेची त्याचे अनुष्ठान ॥ २ ॥
तुका बैसला विमानीं। संतपाहती लोचनीं ॥ ३ ॥
देव भावाचा भुकेला। तुका वैकुंठासी गेला ॥ ४ ॥

આ પ્રમાણે તુકારામ મહારાજ દિવ્યવિમાનમા બેસીને વૈકુંઠમા ચાલ્યા ગયા. સાધારણ મનુષ્યો એક અપૂર્વ જ્યોતિ સિવાય અન્ય કાંઇ જોઈ શક્યા નહિ. પરંતુ ભક્ત વૈષ્ણવોએ અંતરિક્ષમાથી એક દિવ્ય વિમાનને ઉતરતું જોયુ. આકાશમાં શંખ અને ઘંટના મધુર નાદો અને ગંધર્વોની નામ-ઘોષણા સંભળાવા લાગી, અને તુકારામ મહારાજ વિમાનમાં આવેલા દેવતાઓ સાથે, વિમાનમા બિરાજીને

*शालिवाहन शके पंधराशे एकाहत्तर। विरोधी नाम संवत्सर उत्तरायणी ॥१॥
फाल्गुन वद्य द्वितिया दिवस सोमवार। प्रथम प्रहर प्रातःकाल ॥२॥
तये दिवशी शेवट कीर्तन करितां। म्हणे मज आतां निरोपद्यावा ॥३॥
तुका ह्मणे नमन साधु संतपायां। एसें बोलो निर्यां गुप्तझाले ॥४॥

સદેહે વૈકુંઠમાં ચાલ્યા ગયા. ભારતના અન્યાન્ય સાધુ પુરૂષોની પેઠે તુકારામ મહારાજનો તિરોભાવ પણ આવો અલૌકિક છે. કેટલાક જ્યારે તુકારામ મહારાજના શિષ્યો તેમનુ શેષ સંકીર્તન શ્રવણ કરવામાં વિભોર થઇને બ્રહ્મજ્ઞાન શૂન્ય થઇ ગયા હતા, તે વખતે તુકારામ મહારાજે ઈંદ્રાયણીમાં "જળ સમાધિ" લઇ લીધી હતી, એમ ધારે છે. તે સમયમાં મહારાષ્ટ્ર દેશમાં જળ સમાધિ લેવાનો રિવાજ પ્રચલિત હતો, અને તે પ્રમાણે તુકારામ મહારાજે પણ જળ સમાધિ લીધી હોય તો તે માનવા જેવું છે. વળી તુકારામ મહારાજ જે સ્થાનમાંથી અંતર્ધ્યાન થયા છે તે સ્થાન ઇન્દ્રાયણીથી છેક નજીકમાં આવેલું છે, અને તે જગ્યાએ પાણી પણ ઘણું ઉંડુ અને મત્સ્યાદિ જીવજંતુઓથી પરિપૂર્ણ છે. તેથી ઉંડા પાણીને લીધે અગર મત્સ્યાદિકથી વિનાશ થએલો હોવાથી તુકારામ મહારાજનો દેહ હાથ લાગ્યો નહિ હોય; અને તેથી પણ કદાચ તુકારામ મહારાજના શિષ્યો "તેઓ સદેહે વૈકુંઠ ગયા છે" એમ ધારતા હશે. આ સઘળાં કારણો જોતા ઉપરનો મત સર્વાંશે અસંગત હોય એમ લાગતું નથી તુકારામ મહારાજના તિરોભાવ સંબંધી એક બે બીજી પણ અલૌકિક દંતકથાઓ સાંભળવામાં આવે છે. એ સકળ દંતકથાઓની આલોચના કરવાથી કોઈ લાભ થાય એમ ન હોવાથી તેનો ઉલ્લેખ કરવો નિરર્થક છે. વળી દેહુમાં તુકારામ મહારાજના વંશધરોએ તેમના અભંગોની મૂળ પ્રતો સાચવી રાખી છે, અને જેને લોકો ઇંદ્રાયણીમાંથી પુનપ્રાપ્ત થએલા અભંગો તરીકે પૂજે છે, તેમાં પણ કોઇ જાતની અલૌકિક ઘટનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. તેથી આનેજ તેમના પરલોક ગમન સંબંધી અમિશ્ર સત્ય તરીકે ગ્રહણ કરવું યોગ્ય છે.

જોતજોતામાં તુકારામ મહારાજના તિરોભાવના સમાચાર આખા ગામમાં પ્રસરી ગયા. તેમના શિષ્યો અને અબળાઇ હાહાકાર કરતાં

ઇંદ્રાયણી ઉપર આવી પહોંચ્યા. તુકારામ મહારાજ ઇંદ્રાયણીના ગંભીર જળમાંથી અગર મહા યાત્રાએથી પાછા ફરશે એવી આશા-માંને આશામાં સઘળા ઇંદ્રાયણી ઉપર બેસી રહ્યા. પરંતુ સંધ્યાકાળ થવા આવી તોપણ તુકારામ મહારાજ પાછા આવ્યા નહિ. આથી લોકો નિરાશ થઇને પોતાને ઘેર ચાલ્યા ગયા. કેવળ રામેશ્વર ભટ્ટ અને તેમના બીજા કેટલાક ભક્તિમાન શિષ્યો તુકારામ મહારાજનાં પુનઃ દર્શન ન થાય ત્યાં સુધી તે સ્થાનનો ત્યાગ નહિ કરવાનો નિશ્ચય કરીને ત્યાંજ બેસી રહ્યા. તેઓ પાંચમ સુધી બેસી રહ્યા. પરંતુ તુકા-રામ મહારાજનાં દર્શન થયાં નહિ. આથી તેઓ બહુજ નિરાશ થઇ ગયા. મહીપતિ લખે છે કે:-" આ વખતે તુકારામ મહારાજે પોતાની તાલ અને પીછોડી નાંખીને પોતાના સ્વર્ગગમનના સમાચારવાળા કેટલાક અભંગો મોકલી આપ્યા. આ લખવું ખરું હો કે પછી ઇંદ્રા-યણીમાંથી એ વસ્તુઓ પ્રાપ્ત થઇ હો. જે હોય તે ખરું. આ પ્રમાણે પીછોડી અને તાલ મળી એટલે સર્વનો નિશ્ચય થયો કે: " તુકારામ મહારાજ પોતે કહેતા હતા તે પ્રમાણે વૈકુંઠમાં સિધાવ્યા છે, અને હવે પાછા આવશે નહિ." ત્યાર પછી સઘળા ઇંદ્રાયણીમાં સ્નાન શુદ્ધિ કરી તુકારામ મહારાજની તાલ અને પીછોડી લઇને ગામમાં આવ્યા, અને વિઠોબાનું પૂજન અર્ચન કરીને પોતપોતાને ઘેર ગયા.

ત્યાર પછી સ્વામીની પ્રયાણતિથિ કઇ ગણવી તેને વિષે બહુ વાદવિવાદ થયો. છેવટે રામેશ્વર ભટ્ટે એવો નિર્ણય કર્યો કે: " સ્વામીની પીછોડી અને તાલ આપણને પાંચમને દિવસે મળી છે, માટે તેમની પુણ્યતિથિ તેજ ગણવી. વળી તુકારામ મહારાજ વૈકુંઠમાં ગયા છે, માટે તેમની પાછળ ક્રિયા કર્માંતર કરવાની કાંઇ પણ જરૂર નથી." રામેશ્વર ભટ્ટનો નિર્ણય તુકારામ મહારાજના સર્વે શિષ્યોએ માન્ય રાખ્યો. અને તેજ દિવસે બ્રાહ્મણભોજન કરીને, સાતમ સુધી હરિ-

કીર્તન કર્યું. તુકારામ મહારાજના સ્મરણાર્થે દર ફાગણ વદ ૫ ને દિવસે દેહુમાં મોટા મેળો ભરાય છે, અને વિઠોબાના મંદિરમાં પૂર્ણ ઠાઠમાઠથી ઉત્સવ કરવામાં આવે છે.

તુકારામ મહારાજના તિરોભાવ સમયે અબળાઇ સગર્ભા હતાં. તુકારામ મહારાજે ઘેરથી નીકળતી વખતે તેમને કહ્યું હતું કે "ત્હારા ગર્ભમાંથી આ વખતે જે સંતાન ઉત્પન્ન થાય તેનું નામ નારાયણ પાડજે. તે બહુજ ભક્તિમાન અને સદાચારી નીવડશે અને ત્હારો ઉદ્ધાર કરશે." તુકારામ મહારાજની આ ભવિષ્યવાણી ખરી પડી છે. નારાયણ ખરેખર સ્વાભાવિક ભક્તિમાન, અને ધર્મપરાયણ નિવડી આવ્યા હતા. તેમના રચેલા અનેક અભંગો હજુ પણ મહારાષ્ટ્ર દેશમા પ્રચલિત છે; અને પ્રત્યેક મહારાષ્ટ્રીય પરમ આનંદ અને ભક્તિપૂર્વક તુકારામ મહારાજના અભગોની પેઠેજ તેનું ગાન કરે છે, તુકારામ મહારાજના મરણ પછી શિવાજી મહારાજે નારાયણની મુલાકાત લીધી હતી. તે વખતે નારાયણનો ભક્તિભાવ જોઇને તેઓ પ્રસન્ન થયા હતા, અને તેમના ભરણપોષણ માટે અને દેહૂના વિઠ્ઠલ મંદિરમાં નિયમિત રીતે પૂજન અર્ચન થયા કરે તેટલા માટે તેમને એક મોટી જાગીર આપી હતી. જેનો અમે આગલા પ્રકરણમાં ઉલ્લેખ કરી ગયા છીએ.

વાચક! તુકારામ મહારાજનું જીવનચરિત્ર પૂર્ણ થયું. સાધારણ રીતે સાધુ પુરૂષનું જીવન જેવું ઘટનાશૂન્ય હોવું જોઇએ તેવું આ જીવનચરિત્ર નથી. તુકારામ મહારાજનું જીવનચરિત્ર અનેક અનેક અલૌકિક, કૌતૂહલ અને શિક્ષાપ્રદ વિષયોથી પરિપૂર્ણ છે.

તુકારામ મહારાજને સુખ દુઃખ બન્ને ભોગવવાં પડયાં છે. તેઓ ઉચ્ચ કુળમાં જન્મેલા હોઇને પિતા માતાના પરમ પ્રીતિપાત્ર હતા.

વળી સામાજિક રીત રિવાજ પ્રમાણે બાલ્યાવસ્થામાં લગ્ન-ગાંઠથી જોડાઇને યુવાવસ્થા પ્રાપ્ત થઇ ન થઇ એટલામાં તો તેમણે સંસારમાં પ્રવેશ કર્યો હતો. તે વખતે તેમની આર્થિક સ્થિતિ પણ સારી હતી. વળી ત્યાર પછી તેઓ પોતાના બાપદાદાના ધંધામાં જોડાયા, તેમાં પણ તેમની યથેષ્ટ ઉન્નતિ થઇ હતી. તેથી માતાપિતાનો સ્નેહ, પત્નીનો પ્રેમ, નવજાત પુત્રની માયા અને અર્થનો મોહ વગેરે સકળ પ્રકારના સાંસારિક પ્રલોભનોએ તેમને ચોગરદમથી ઘેરી લીધા હતા. પૃથ્વીના અન્યાન્ય અનેક જીવોની પેઠે તેઓ પણ આશાના પાશથી સંપૂર્ણ રીતે બંધાયા હતા. પરંતુ જે પરમાત્મદેવની કૃપાએ રાજપુત્ર સિદ્ધાર્થને જગતના પદાર્થોથી નિર્મોહી બનાવી જગતની દૃષ્ટિએ એક ભટકતા ભિક્ષુક બનાવી દીધા હતા, અને શચી માતાના સર્વસ્વ ધનરૂપ શ્રી ગૌરાંગને તેમના ખોળામાંથી ઝુંટવી લીધા હતા, તે પરમાત્માની કૃપાદૃષ્ટિ તુકારામ મહારાજ ઉપર પણ પડવાથી પૃથ્વીના શોક, તાપ, હિંસા વગેરે સાથે સંગ્રામ કરી શાંતિરાજ્ય સ્થાપવાને માટે તેણે, તુકારામ મહારાજને પોતાના સૈનિક તરીકે ગ્રહણ કર્યા.

પરમ કૃપાળુ વિશ્વપતિની રણભેરી સાંભળતાંજ તેઓ રણક્ષેત્રમાં કૂદી પડયા. તેમનાં બંધનો એક પછી એક છિન્નભિન્ન થઇ ગયાં; તેમનાં માતા, પિતા અને ભોજાઇ એક પછી એક પરલોકમાં ચાલ્યાં ગયાં; વડીલ બંધુએ સંસારસુખને તિલાંજલિ આપી, સંન્યસ્ત ધારણ કર્યું; અને સ્નેહાસ્પદ પુત્ર પણ બાલ્યાવસ્થામાંજ પિતા માતાનો ત્યાગ કરી પલાયન કરી ગયો. વળી વેપાર-વાણિજ્યમાં પણ તેમને અનેક વિઘ્નો આવવા લાગ્યાં. ઘણો ઘણો પ્રયત્ન કરવા છતાં પણ તુકારામ મહારાજ પોતાનો વ્યાપાર બરોબર ચલાવી શકયા નહિ. ધન, વડિલોનું ગૌરવ અને પ્રતિષ્ઠા વગેરે સર્વ ક્રમે ક્રમે અંતર્ધ્યાન થઇ ગયાં; અને આખરે ભુખમરાથી પોતાની પત્નીનો પણ જીવ ગયો. ભગ-

વાનનો એવો વિચિત્ર નિયમ છે કે, કેટલાકોના મનથી જે સંયોગ વિષતુલ્ય થઇ પડે તેજ સંયોગ અન્યને માટે અમૃતતુલ્ય થઇ પડે છે. તુકારામ મહારાજના જેવી દશા થવાથી ઘણાખરાઓની ધર્મ ઉપરથી શ્રદ્ધા ઉઠી જાય છે, અને તેઓ કદા નાસ્તિક બની જાય છે. પરતુ જેમ બાળક, માતાથી હજારોવાર તરછોડાયા છતાં પણ તેનો ત્યાગ ન કરતા તેની પાસેજ જવાનો પ્રયત્ન કરે છે, તેજ પ્રમાણે તુકારામ મહારાજ પણ વિશ્વપતિથી વારંવાર તરછોડાયા છતા પણ તેમનેજ શરણે રહ્યા.

સુવર્ણકાર સુવર્ણને શુદ્ધ કરવાને જેમ વારંવાર અગ્નિમાં તપાવે છે તેમ ભગવાન પણ પોતાના પ્રિયતમ પુત્રોને તદ્દન નિર્મળ બનાવવાને તેમને આ સસારરૂપી પ્રચંડ દાવાનળમા દગ્ધ કરે છે. એ ભીષણ અગ્નિ–પરિક્ષાથીજ ભગવદ્ભકતોના ચરિત્રની વિશુદ્ધતા સિદ્ધ થાય છે, તુકારામ મહારાજના સમસ્ત જીવનને એક દીર્ઘ અગ્નિ–પરીક્ષા રૂપે કહીએ તો, તે અસગત ગણાશે નહિ. સસારની અસારતાનુ જ્ઞાન થયા પછી, તેમણે વૈરાગ્ય ધારણ કર્યો હતો. પરતુ તેમાં પણ તેઓ પાર પડયા નહિ. તેમને રોકવાને માટે તેમના અનેક બધુ બાંધવો દોડી આવ્યા. કેટલાક તેમને ઉન્મત્ત, કેટલાક મૂર્ખ તો કેટલાક શઠ ગણીને તેમનો તિરસ્કાર કરવા લાગ્યા. તેમ છતા પણ જ્યારે તુકારામ મહારાજ પોતાના માર્ગમાંથી ચલ્યા નહિ; ત્યારે ઉપહાસ, નિદા અને ઉત્પીડનની શરૂઆત થઇ, લાકડીઓના પ્રહારથી તેમનુ આખું અગ ક્ષતવિક્ષત થઇ ગયું. અને તેમના સર્વસ્વ–ધનરૂપ વિઠોબાને અર્પણ કરેલા ઉત્કૃષ્ટ અભંગો ઇંદ્રાયણીમાં નાખી દેવામાં આવ્યા. ઘરમા જો શાંતિ હોય તો માણસ બહારના દરેક પ્રકારના અત્યાચારો સહન કરી શકે, પરંતુ તુકારામ મહારાજને ઘરમાં પણ લેશ માત્ર સુખ કે શાંતિ નહોતી. એક દોરડાથી બાંધેલા પરંતુ જૂદી જૂદી દિશાઓમાં જવાની

ઇચ્છા કરવાવાળા એ પશુઓની પેઠે તેમને* અને તેમની પત્નીને ઘણા સમય સુધી કઠિન વેદના સહન કરવી પડી હતી. ઉત્તરાવસ્થામાં જ્યારે તુકારામ મહારાજને પોતાના કુટુંબ પરિવાર તરફથી કાંઇક શાંતિ મળી, તો તે સમયે તેમને સાધુઓની અતિ કઠોર પરીક્ષામાથી પસાર થવું પડયું હતું. જેમ એકાદ ઉત્તમ પુષ્પ ખીલતાંજ મધુમક્ષિકાઓનાં ટોળે ટોળાં આવીને તેની મધુરતા લૂટી જાય છે, અને છેવટે પોતાનાં મલિન રજકણોથી તેને કલુષિત કરી નાખે છે. તેમ સાધુ પુરૂષોના સદ્‌ગુણોની વાત સાંભળીને લોકોનાં પણ ટોળેટોળાં તેમની પાસે આવે છે, અને અતિશયોક્તિ ભરેલી પ્રશસા કરીને તેમના હૃદયમાં અભિમાન ઉત્પન્ન કરી તેને મલિન કરી નાખે છે. તુકારામ મહારાજના માહાત્મ્યની વાત લોકોના જાણવામાં આવતા તેઓ પાસે

---

* તુકારામ મહારાજની સાસારિક અશાતિ સંબધી અમે આગળ લખી ગયા છીએ. અબળાઇના વાકયબાણથી પહેલા તો તુકારામ મહારાજ ક્ષતવિક્ષત થઇ ગયા હતા પરતુ અબળાઇ કેવળ તુકારામ મહારાજનો તિરસ્કાર કરીનેજ શાંત પડતા નહિ. મહીપતિ લખે છે કેઃ-એક વખતે તુકારામ મહારાજને કોઈ ભાવિક પુરૂષે શેરડીના સાંઠા અર્પણ કર્યાં હશે તુકારામ મહારાજ બનતા સુધી કોઈ પાસેથી કાઈ ગ્રહણ કરતા નહિ, તે વાચક સારી રીતે જાણે છે. આથી તુકારામ મહારાજે તે સકળ સાઠા દરિદ્ર બાળકોને આપી દીધા. જ્યારે આ વાતની અબળાઇને ખબર પડી ત્યારે તેના ક્રોધની સીમા રહી નહિ. તેઓ તે સમયે એટલાં બધાતો આવેશમા આવી ગયાં કે, તેમણે એક શેરડીનો સાઠો લઈને તે ભાંગતા સુધી તુકારામ મહારાજને પ્રહાર કર્યા. આ વખતે તુકારામ મહારાજે ફક્ત એટલુંજ કહ્યું કેઃ-"આહા! અબળાઇનો મ્હારી ઉપર કેટલો બધો પ્રેમ છે કે, તેણે મ્હારે માટે સાંઠાના કડકા કરી આપ્યા." આહા! કેવી અપૂર્વ સહન શીળતા? તુકારામ મહારાજે સહનશીળતામાં સૉક્રેટીસને પણ પરાસ્ત કર્યો છે, એમાં લેશ માત્ર પણ સંશય નથી.

પણ હજારોની સંખ્યામાં લોકો તેમની પાસે આવવા લાગ્યા. મહારાષ્ટ્રના સર્વશ્રેષ્ઠ પુરૂષ છત્રપતિ શિવાજી મહારાજથી માંડીને એક પુત્રહીન દરિદ્ર વિધવા પર્યંત સર્વે મનુષ્યો તેમના દર્શનાર્થે આવતાં હતાં. તેમના શિષ્યો, સેવકો અને અનુરક્ત જનોના તો સીમાજ નહોતી. તુકારામ જ્યારે આ સ્થિતિએ પહોંચ્યા, ત્યારે તેમનાપર ધન અને પ્રશંસાનો વરસાદ વરસવા માડયો, પરંતુ તેઓ તેમાં મોહિત થયા નહિ. પ્રશંસારૂપ મદિરાની કેફથી બચવાને તેમણે તેનો વિષવત્ પરિત્યાગ કર્યો હતો. એકાદ **લક્ષાધિપતિની અનર્ગળ સંપત્તિ કરતાં એક ભિક્ષુકની જીર્ણ કંથા તેમને વધારે ગમતી હતી.** વિપત્તિમાં ગભરાઈ ન જતાં, અને પ્રશંસા તથા ઐશ્વર્યથી ફૂલાઇ ન જતાં ભગવાનની ભક્તિનો પ્રચાર કરીને તેઓ સ્વદેશ અને સ્વજાતિને કૃતાર્થ કરી ગયા છે. તેઓ જે પ્રમાણે જીવન વ્યતીત કરી ગયા છે, તે આદર્શ દરેકને માટે ઉપયોગી અને વાંચ્છનીય ન હોવા છતાં પણ તેમનો વિનય, તેમની સહનશીળતા, તેમનો સ્વાર્થત્યાગ અને તેમની ભગવદ્‌ભક્તિ સર્વને માટે અનુકરણીય છે. એક સ્વાભાવિક સાધુ પુરૂષમાં આત્મસંયમ, દયા અને નિષ્કામ ભક્તિ વગેરે ગુણો હોવા જોઇએ તે સર્વ લક્ષણો તેમનામાં સંપૂર્ણ રીતે પ્રતીત થતાં હતાં. હજારો લોકોના શ્રદ્ધાસ્પદ હોવા છતાં પણ તેઓ પોતાને એક તૃણથી પણ નીચ માનતા હતા અને ઘોર અત્યાચારી મનુષ્યોને પણ પ્રેમાલિંગનથી વશીભૂત કરી હરિનામામૃતનું પાન કરાવી કૃતાર્થ કરતા હતા. **મનુષ્યોના બહિર્ધર્મ દેશ, કાળ અને પાત્ર પ્રમાણે ભિન્ન ભિન્ન હોઈ શકે, પરંતુ આંતર ધર્મમાં દેશગત, વ્યક્તિગત, કે કાળગત કોઈ પણ પ્રકારની ભિન્નતા હોતી નથી. આંતર ધર્મમાં દરેક દેશના, દરેક સંપ્રદાયના દરેક સમયના સાધુ પુરૂષોનો એકજ મત રહ્યો છે ને રહેશે.** તુકારામ મહારાજે

આંતર ધર્મમાં જે ઉન્નતિ મેળવી હતી, તે હરકોઇ સાધુ પુરૂષને માટે ગૌરવજનક છે. વિમૂઢ મનુષ્યસમાજમાં પ્રવર્તતી બાહ્ય બુદ્ધિ, અને મતમતાંતરોને ભૂલી જઇને જો પ્રકૃત સાધુ પુરૂષોનો સમાદર કરવા બેસીએ તો, તુકારામ મહારાજની ગણના પણ આર્યભૂમિના સર્વદેશીય અને સર્વજાતીય "સાધુ"માંજ આવશે.

તુકારામ મહારાજનું જીવન ચરિત્ર મરાઠીમાં લખનાર શ્રીયુત્ કેળુસ્કર લખે છે કેઃ—"અકૃત્રિમતા, સરળતા, અને સ્વાભાવિક સ્ફૂર્તિને માટે તુકારામ મહારાજની કવિતાઓ શ્રેષ્ઠ ગણાય છે. તુકારામ મહારાજે કોઇ કોઇ ઠેકાણે શબ્દાલંકારથી પોતાની કવિતા સુશોભિત કરવાનો પ્રયત્ન કર્યો છે, પરંતુ તેથી લેશ પણ નીરસતા આવેલી જણાતી નથી. કર્મકાંડની પ્રાધાન્યતાથી પ્રકૃત ધર્મ ઉપર એક પ્રકારનું આવરણ ચઢી જાય છે, તે આવરણને દૂર કરીને મહારાષ્ટ્ર વાસીઓને શુદ્ધ સાત્વિક ભક્તિનુ માધુર્ય બતાવવાને તેમણે પોતાના અભંગોમાં સારો પ્રયત્ન કર્યો છે, અને તેમનો એ પ્રયત્ન ઘણે અંશે સફળ નીવડયો છે. તુકારામ મહારાજના મત પ્રમાણે સપ્રેમ ભક્તિ એ ઇશ્વરપ્રાપ્તિનો સરળ ઉપાય છે. વિશુદ્ધ ચિત્તે ભગવાન ઉપર સંપૂર્ણ આધાર રાખવો અને મનને વિષયવાસનામાથી ખેંચી લઇને તેમને શરણે જવું એજ ખરો મુક્તિ—માર્ગ છે. આ સરળ માર્ગનો પરિત્યાગ કરીને આડ બરવાળા કર્મમાર્ગનું અવલંબન કરવાથી મુક્તિ મળતી નથી. આ સનાતન માર્ગ વિલુપ્ત થઇ ગએલો જોઇને તુકારામ મહારાજે તેને પુનઃ સ્થાપિત કરવાનો યત્ન કર્યો હતો. પોતાની હીનતા, પાર્થિવ સુખ—સંપત્તિનુ ક્ષણભંગુરપણું, ક્ષણિક સુખને માટે ચિર સુખમાં જીવની ઉદાસીનતા, પાપાચરણમાં માનવની સ્વાભાવિક પ્રવૃત્તિ, મનુષ્યની દુર્બળતા અને પરતંત્રતા વગેરે વિષયના તેમના અભંગો ઘણાજ હૃદય-સ્પર્શી છે. એક મહાન સાધુનાં સકળ લક્ષણો તુકારામ મહારાજમાં

સંપૂર્ણપણે દૃષ્ટિગોચર થાય છે. ગૃહસ્થાશ્રમમાં રહેવા છતા પણ સ્વાર્થ ત્યાગમાં અને કષ્ટ ભોગવવામાં તેઓ અરણ્યવાસી ઋષિમુનિઓ કરતાં પણ આગળ વધી ગયા છે. અહંકાર, ઈર્ષા અને અભિમાન તો તેમનામાં મૂળથીજ નહોતાં, પરંતુ તે ઉપરાત તેમનામા મુખ્ય અને સર્વથી પ્રશંસનીય ગુણ તો એજ હતો કે તેઓ **લોકોને જે પ્રમાણે વર્તવાનો ઉપદેશ કરતા હતા, તે પ્રમાણે પોતે પણ વર્તતા હતા; અને તેથીજ તેમના ઉપદેશની શ્રોતાઓ ઉપર સારી છાપ પડતી હતી.**"

તુકારામ મહારાજની કવિતાઓના સાધારણ રીતે પાંચ વિભાગો પાડી શકાય છે. તેમની ઘણીખરી કવિતાઓ એક સહૃદય કવિની વૃત્તિને અનુસરીને પોતાની જાત સબધીજ છે. સસારમાં જે નાનાવિધ પ્રસગોમાથી તેમને પસાર થવું પડયુ હતું. તેનો ઉલ્લેખ તેમા કરવામા આવ્યો છે. વળી તે ઉપરાંત કીર્તન-ભજનાદિ પ્રસગે પણ તેમણે અસખ્ય અભગો રચ્યા છે. તુકાગમ મહારાજના પ્રત્યેક અભગને એક સ્વતંત્ર વચન તરીકે ગ્રહણ કરી શકાય છે; અને તેનુ વર્ગીકરણ [1] કરતાં તેમાં (૧) પોતાની જાતસંબંધી, (૨) વૈરાગ્ય, (૩) ભક્તિ, (૪) જ્ઞાન અને (૫) આખ્યાનો, એમ પાચ વિષયો જોવામાં આવે છે. પહેલા પ્રકરણમાં તેમણે પોતાના જીવનમાં બનેલી ઘટનાઓનો ઉલ્લેખ કર્યો છે. એમાંના કેટલાક અભંગો અમે પ્રસ્તુત પુસ્તકમાં પ્રસંગાનુસાર આપ્યા છે; અને તેથી તેનો પુનઃ ઉલ્લેખ કરવો અસ્થાને ગણાશે. બીજો વિભાગ વૈરાગ્ય પ્રકરણનો છે એમા સંસાર વિપત્તિ વર્ણન, સંસારનો ત્રાસ, વૈરાગ્ય, સસારમાંથી મુક્ત

૧ આ વર્ગીકરણ રા. રા. તુકારામ તાત્યા, કે જેમણે તુકારામ મહારાજના ૮૪૪૧ અભંગો શોધી કાઢી પ્રસિદ્ધ કર્યા છે, તેમને આધારે લખવામાં આવ્યું છે.

કરવાને વિઠોબાને વિનંતિ, સંસારમાંથી મુક્ત થવાનો પ્રયત્ન, ભક્તિ-રસ ઉત્પન્ન થયા પછીની સંસાર સ્થિતિ, સંકલ્પ, મનને ઉપદેશ, સગુણ ઉપાસના, સ્તવન, કરૂણા, પોતાનું હીણપણ, મનની ઉપાધિ દૂર કરવાને વિઠોબાનું સ્તવન, અને દૈવી કૌતુકોના ઉત્તર વગેરે વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ત્રીજો વિભાગ ભક્તિવિષયક પ્રકરણનો છે, તેમા ભાવ, ભક્તિ અને પ્રેમનું સામર્થ્ય, ભજન, કીર્તન, ચિંતન, ધ્યાન અને પૂજન, નામમહિમા, સંતો ઉપરનો પ્રેમ, સત્સંગ, સંત અને ભકતોનો મહિમા, ભકતવાત્સલ્ય, પ્રતિમા—પૂજન, વિઠોબાને કાલાવાલા, દેવદર્શનની ઉત્સુકતા, દેવપ્રાપ્તિ, સદ્‌ગુરૂપ્રાપ્તિ, શિષ્ય-પ્રાપ્તિની ઇચ્છા, સિદ્ધિ, જ્ઞાન, મોક્ષ મેળવવાને ભક્તિની આવશ્યકતા, પંઢરીનો મહિમા, હરિપાઠ વગેરેનો સમાવેશ કરવામા આવ્યો છે. ચોથો વિભાગ જ્ઞાન સંબંધી પ્રકરણનો છે. તેમાં ભક્તિથી જ્ઞાનપ્રાપ્તિ, ભક્તિ જાગ્યા પહેલાની સ્થિતિ, માનસિક પૂજન, ધ્યાન, ભક્ત અને દેવનું ઐક્ય, ગુરૂ ઉપર પ્રેમ અને ગુરૂની આવશ્યકતા, સાધના, પ્રારબ્ધ અર્થાત્ કર્મનાં ફળ, લોકોને ઉપદેશ, લોકોને શિક્ષા, દાંભિકોને શિક્ષા, બ્રાહ્મણોને શિક્ષા, શાકતોને શિક્ષા, જ્ઞાતિ અથવા વર્ણ-વિચાર, કલિયુગનો મહિમા, કન્યાવિક્રય, હિંસાનિષેધ, અભાવિક, નાસ્તિક અને તાર્કિક, લોકોને ઉપદેશ, વ્રતોનો મહિમા, ક્ષુદ્ર દેવતાઓનો ઉપહાસ, જ્ઞાન, બોધ, ઇત્યાદિ વિષય ઉપરના અભંગોનો સમાવેશ થાય છે. પાંચમો વિભાગ આખ્યાનોનો છે. તુકારામ મહારાજે લોકોને સરળ રીતે ઉપદેશ કરવાને કેટલાક આખ્યાનો પણ રચ્યાં છે, એ આખ્યાનોનાં પદ દુહા વગેરે ઘણાંજ શિક્ષાપ્રદ છે. એ સિવાય રામચરિત્ર, હનુમંત સ્તુતિ, પંઢરપુર, એકનાથ સ્તુતિ વગેરે પણ તેમણે રચેલાં છે. આ સિવાય શ્રીમદ્ ભગવદ્‌ગીતા ઉપર પણ કેટલાક અભંગો તેમણે રચ્યા છે, તેમ પ્રાચીન અર્વાચીન અનેક સાધુ પુરૂષોનાં જીવન-

ચરિત્રોમાંથી કેટલીક મુખ્ય મુખ્ય ઘટનાઓનું વર્ણન પણ તેમણે કર્યું છે. આ ઉપરાંત તુકારામ મહારાજે આરતી, પદ, પારણા, દુહા, વગેરે પણ રચ્યાં છે.

ઉપરની યાદી વાંચવાથી અમારા ચરિત્ર નાયકની કવિત્વ શક્તિ વાચકના ધ્યાનમા આવશે. અત્યાર સુધીમાં તુકારામ મહારાજની ફક્ત ૮૪૪૧ કવિતાઓ બહાર પડી છે. દંતકથા પ્રમાણે તેમણે નામદેવજીના બાકી રહેલા અભગોની સંખ્યા પૂર્ણ કરવાને સાડા છ કરોડ અભંગો રચ્યા છે. વાચકના મનનું સમાધાન કરવાને અમે તુકારામ મહારાજનું એક વચન અત્રે આપવું યોગ્ય ધારીએ છીએ એમા તુકારામ મહારાજે કયા કયા વિષયો ઉપર કેટકેટલા અભંગો રચ્યા તેનો ઉલ્લેખ કરવામા આવ્યો છેઃ—

वेदाचे अभंग केले श्रुतिपर । द्वादश सहस्र संहितेचे ॥ १ ॥
निरुक्त निघंट आणि ब्रह्मसूत्र । अवतार सहस्र उपग्रंथ ॥ २ ॥
अभंग ते कोटी भक्तिपर केले । ज्ञानपर केले तितुकेंचि ॥ ३ ॥
पंचाहत्तर लक्ष वैराग्य वर्णिले । नामतें गाइलें तितुकेंचि ॥ ४ ॥
साठी लक्ष केला बोधक जनांसी । वर्णिले रूपासी तितुकेंचि॥५॥
द्वादश सहस्र आत्मबोध केला । अनुभव घेतला एक सर्व ॥६॥
चौतीस सहस्र लक्षकोटी पांच । सांगोनिया साच तुका गेला॥७॥

આ જોતાં જણાય છે કે તુકારામ મહારાજની ઘણી કવિતાઓ હજુ સુધી હાથ આવી નથી; અને તેમ ન થવાનું પણ એક કારણ છે. તુકારામ મહારાજે કીર્તન અથવા ભજન કરતી વખતે ઘણાખરા અભંગો રચ્યા છે. તે બધા લોકોએ સાંભળેલા ખરા, પરતુ તેમના જે શિષ્યોને તે કામ સોંપવામાં આવ્યું હતું, તેઓ તેમના સઘળા

અભંગો ઉતારી લેવાને શક્તિમાન થયા નહિ હોય; ને થોડા ઘણા અભંગો આજે પણ આપણે મેળવી શક્યા છીએ, તેને માટે આપણે તેમના અનુયાયી ભાવિક સજ્જનોનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. તુકારામ મહારાજના વંશજોએ, અને અન્યાન્ય શિષ્યોએ પોતાની પાસેના હસ્તલિખિત અભંગોને સાચવી રાખ્યા છે, પરંતુ જો તેની યોગ્ય સંભાળ લેવામાં ન આવી હોત તો તે પણ કાળે કરીને નષ્ટ થઇ જાત, અને આવા ભક્તશિરોમણિ તુકારામ મહારાજનુ એક પણ વચન આપણા હાથમાં રહેત નહિ. પણ સદ્‌ભાગ્યે આપણા ઇલાકાના ભૂતપૂર્વ ગવર્નર નેક નામદાર સર બાર્ટલ ફ્રીઅર સાહેબે, પોતાની દેહુ, આળંદી વગેરે સ્થળોની મુલાકાત વખતે તુકારામ મહારાજનું માહાત્મ્ય સાંભળીને, ઉક્ત મહાત્માના વચનામૃતનો સંગ્રહ કરી છપાવવાને તે સમયના ડાયરેક્ટર મહેરબાન ગ્રાંટ સાહેબને સૂચના કરી. તુકારામ મહારાજ પ્રત્યે મહારાષ્ટ્રીય લોકોનો અપૂર્વ પ્રેમ જોઇને ગ્રાંટ સાહેબે તે કામ પોતાના હાથપર લીધુ, અને પોતાના રા. રા. વિષ્ણુ પરશુરામ શાસ્ત્રી, રા. રા. શંકર પાંડુરંગ. પંડિત એમ, એ, અને જનાર્દન સખારામ ગાડગીલ બી એ. વગેરે શિષ્યોને તુકારામ મહારાજના જેટલા મળે તેટલા અભંગો એકઠા કરાવાને કહ્યું. ઉક્ત ગૃહસ્થોએ દેહુ, આળંદી, તળેગામ, પંઢરપુર વગેરે સ્થળોએ ફરીને તુકારામ મહારાજના અભંગોની હસ્તલિખિત પ્રતો એકઠી કરી. તેમના અપૂર્વ શ્રમથી તુકારામ મહારાજના ૪૬૦૩ અભંગો અને ૨૩૧ બીજી કવિતાઓ સરકાર તરફથી પ્રસિદ્ધ થઇ. આ કાર્યમાં સરકારને ૨૪૦૦૦ રૂપિયા ખર્ચ થયા અને તેથી તેની કીંમત પણ વધારે રાખવામાં આવી. ત્યાર પછી તુકારામ તાત્યાએ અથાગ શ્રમ ઉઠાવી લગભગ એથી બમણા અભંગો સસ્તી કીંમતે પણ પ્રસિદ્ધ કરી મહારાષ્ટ્રવાસીઓ ઉપર મોટો ઉપકાર કર્યો છે.

તુકારામ મહારાજે જો કે પોતાના અભંગોમાં અનેક સ્થળોએ વેદોક્ત ધર્મ ઉપર શ્રદ્ધા બતાવી છે, જાતિ ધર્મ પ્રમાણે આચરણ કરવાનો ઉપદેશ આપ્યો છે અને આત્મજ્ઞાન થયા છતાં પણ સ્વધર્માનુસાર કર્મનો ત્યાગ કરવાનો નિષેધ કર્યો છે, તથાપિ હરિસંકીર્તન અને નિષ્કામ ભક્તિને તેમણે સર્વોપરી સ્થાન આપ્યું છે, અને તેનો પ્રચાર કરવાનેજ પોતે વૈકુંઠમાંથી આવ્યા છે, એમ જણાવ્યું છે. તુકારામ મહારાજના મત પ્રમાણે ઈશ્વરપ્રાપ્તિના માર્ગમા જાતભેદાદિ કોઈ બહારના અને કૃત્રિમ અંતરાય આડે આવતા નથી. તેમણે કહ્યું કે: "વૈષ્ણવ ગમે તે જાતનો હોય, પરંતુ તે મોક્ષનો અધિકારી છે," પરંતુ તેજ સાથે "આત્મસ્થિતિ" પ્રાપ્ત ન થાય ત્યાં સુધી વર્ણાશ્રમ–ધર્મનું પાલન કરવાનો બોધ આપ્યો છે।

તુકારામ મહારાજ સ્વભાવમાં ઘણાજ શાંત અને ક્ષમાશીળ હોવા છતાં પણ અન્યાય અને દુરાચાર માટે પોતાનો તીવ્ર રોષ દર્શાવવામાં પાછા હઠયા નથી. તેમણે અનેક અભંગોમાં દ્યૂતક્રીડા, લાંપટ્ય, બાળલગ્ન, વૃદ્ધાવસ્થામાં લગ્ન, સાધુનિંદા, કન્યા વિક્રય વગેરે સામાજિક દુષ્ક્રિયાઓ સામે પોતાનો આંતરિક તિરસ્કાર પ્રદર્શિત કર્યો છે. મહારાષ્ટ્રમાં તે સમયે પણ કેટલાક દાંભિક અને ધર્મને નામે ધૂતી ખાનારા શાક્ત સાધુઓ હતા. તેઓ અનેક ભોળા માણસોને ભરમાવીને તેમને પોતાના શિષ્યો બનાવતા હતા, અને અનેક સ્થળોએ મઠ બાંધીને અતિશય વિષયી અને દુરાચારી થઇ પડયા હતા. તુકારામ મહારાજે આવા સાધુઓ પ્રત્યે ઘણો તિરસ્કાર બતાવ્યો છે. તેમના મત પ્રમાણે કંઠમાં તુલસીની માળા ઘાલનાર, મોટી જટા વધારનાર, કે વિભૂતિ ચોળનારજ સાધુ નથી; પરંતુ જેનાં વચન મધુર અને હૃદય નિર્મળ હોય, જે પરમેશ્વરની નિષ્કામ ભક્તિ કરતા હોય, પરનારીને પોતાની માતા સમાન અને પરદ્રવ્યને લોષ્ટવત્ લેખતા હોય

અને પરનિંદાને ધિક્કારતા હોય, તેજ ઉત્તમ સાધુ છે. આજકાલ ધર્મને નામે ધૂતી ખાનારા નામધારી સાધુઓ જગતમાં ઠેર ઠેર જોવામાં આવે છે, અને તુકારામ મહારાજે કહેલા ગુણવાળા સાધુઓ તો ક્વચિત્જ મળી આવે છે;

બંગાળાની પેઠે મહારાષ્ટ્રમાં પણ ધર્મ–સાહિત્યમાંથીજ જાતિય–સાહિત્યનો વિકાસ થયો છે. એ ધર્મ–સાહિત્યના લેખકોમાં તુકારામ મહારાજનું નામ અગ્રગણ્ય છે. તેમના રચેલા પ્રાયઃ સાડા આઠ-હજાર અભંગો છપાઇને બહાર પડેલા છે. તુકારામે પ્રથમ કેવી રીતે અભંગો રચવાની તૈયારી કરી હતી, તે અમે પહેલાંજ જણાવી ગયા છીએ ભગવત્–પ્રસાદથી અને અભ્યાસથી અભંગો રચવામાં તેમણે ધીમે ધીમે એવી તો દક્ષતા મેળવી હતી કે, તેઓ ગદ્યની પેઠે અનાયાસે– બીલકુલ વિચાર કર્યા સિવાયજ–નવીન નવીન અભંગો બોલવા માંડતા હતા. આથીજ તેઓ રોગ, વિપદ, વગેરે સકળ અવસ્થામાં અભંગો દ્વારા પોતાનો મનોભાવ વ્યક્ત કરવાને સમર્થ થયા છે. તેમના રચેલા અનેક અભંગો લુપ્ત થઇ ગયા છે, અને ઘણા નવીન અભંગો એમને નામે દાખલ થઇ ગયા છે. અભંગો સિવાય બીજા પણ કેટલાક ગ્રંથો તેમણે રચ્યા છે, વાચક બંધુની જાણને માટે તેની યથાપ્રાપ્ત યાદી અત્રે આપી છે.

વિષય.	શ્લોકની સંખ્યા.	
૧ ભગવદ્‌ગીતાના ૧૮ અધ્યાયોનો અનુવાદ		
૨ નૃસિંહાવતાર ચરિત્ર	૩૫	શ્લોક
૩ પ્રહ્‌લાદ ચરિત્ર	૪૮	,,
૪ વામનાવતાર	૧૩૮	,,
૫ પરશુરામ ચરિત્ર	૧૨	,,
૬ શ્રી રામ જન્મ–કથા	૬૭	,,

૭	શ્રી રામ ચરિત્ર	૫૨	શ્લોક
૮	સીતાશોક (અશોક વનમાં)	૫	,,
૯	શ્રી કૃષ્ણ જન્મ	૧૬૦	,,
૧૦	શ્રી કૃષ્ણ ચરિત્ર (ગોષ્ઠ અને બાળલીલા)	૫૧૪	,,
૧૧	કલ્કી અવતાર	૧૭	,,
૧૨	કાલ યવનવધ	૬૧	,,
૧૩	રૂકમાગદ ચરિત્ર	૮૧	,,
૧૪	અંબરીષ ચરિત્ર	૧૨૩	,,
૧૫	ભાનુદાસ ચરિત્ર	૮૬	,,
૧૬	શ્રીપાલ ચરિત્ર	૫૨	,,
૧૭	દ્રૌપદીની કૃષ્ણ-સ્તુતિ-(દુર્વાસાના આતિથ્ય સમયે)	૨૫	,,
૧૮	મયૂરધ્વજ ચરિત્ર	૨૧	,,
૧૯	સુદામા ચરિત્ર	૫૯	,,
૨૦	દામાજીપંતનું ચરિત્ર	૩૩	,,
૨૧	ચોખામેલા ચરિત્ર	૧૨	,,
૨૨	દ્રૌપદીવસ્ત્રહરણ	૧૦૦	,,
૨૩	સાવંતમાલી ચરિત્ર	૧૫	,,
૨૪	હારપાલ ચરિત્ર	૭૫	,,
૨૫	શ્રી કૃષ્ણની સમગ્ર બાળલીલા પ્રાયઃ	૮૦૦	,,
૨૬	હિન્દી કવિતા.	૧૩૩	,,

તુકારામ મહારાજની કવિતાઓ એક તરફ જેમ ભક્તિ-ભાવથી પૂર્ણ છે, તેવીજ રીતે બીજી તરફ નીતિધર્મની પ્રવર્તક છે. તેમના અભંગોના ઉચ્ચ આદર્શો અને નીતિશિક્ષાથી મુગ્ધ થઇને મુંબઇ ઇલાકાના શિક્ષા વિભાગના અન્યત્તમ ડિરેક્ટર સર અલેક્ઝાંડર ગ્રાંટે કહ્યું છે કેઃ "**જેમણે તુકારામ મહારાજના અભંગો વાંચ્યા છે,**

તેમની પાસે ઈસુખ્રીસ્તની નીતિકથાની પ્રશંસા કરવી નિરર્થક છે." ઉચ્ચ આધ્યાત્મિક ભાવની સાથે ઇન્દ્રિયોના વિકારોને વધારનારી ભાવનાઓથી મિશ્રિત ભારતવર્ષના કોઇ કોઇ વૈષ્ણવ કવિઓની કવિતાઓ અનિષ્ટોત્પાદક થઇ પડી છે. પરંતુ તુકારામ મહારાજની કવિતામાં કોઇ પણ સ્થળે એવો ભાવ જોવામાં આવતો નથી. તેમની કવિતા ભાગીરથીના જળની પેઠે સ્નિગ્ધ, પવિત્ર અને તૃપ્તિકર છે. તેનુ પાન કરવાથી તૃષ્ણા દૂર થાય છે, અને ઉન્મત્તપણું કે દુર્બળતા ઉત્પન્ન થતી નથી. જો કે કલ્પનાના લાલિત્યમાં તુકારામ મહારાજ ભારતવર્ષના એક શ્રેષ્ઠ કવિ નથી. પરંતુ સુનીતિ અને સદ્ભાવ–પ્રચારક ભારત કવિઓમાં તો નિઃસંશય તેઓનુ પદ ઉચુ જ છે. એમાં સંદેહ નથી.

તુકારામ મહારાજનુ ચરિત્ર અહીં સંપૂર્ણ થાય છે. વૈરાગ્ય, વિનય, અને ભગવત્પ્રેમ, એ ત્રણજ તુકારામ ચરિત્રનો સારાંશ છે. એ ત્રણ ગુણને માટેજ તેઓ હજુ પણ લાંબા સમય સુધી તેમના સ્વદેશવાસીઓના આદર્શરૂપ રહેશે. તુકારામ મહારાજના કાર્યકલાપનો પહેલાજ ઉલ્લેખ કરવામા આવ્યો છે, એટલે તેની પુનરાલોચના કરવાની જરૂર નથી. જે સમયે મહારાષ્ટ્ર દેશે આડંબરપૂર્ણ કર્મકાડના પ્રાબલ્યથી શુષ્ક સ્વરૂપ ધારણ કર્યું હતું, તે સમયે તુકારામ મહારાજે ઉત્પન્ન થઇને મહારાષ્ટ્રવાસીયોમા ભક્તિરસ ઉત્પન્ન કર્યો છે. જ્ઞાનાભિમાની પંડિતો જ્યારે તર્કબળથી "સપ્ત બ્રહ્મસ્થાપન" અને "સપ્તબ્રહ્મનિરસન" કરવામાં રોકાયા હતા તેજ સમયે નિરાભિમાની તુકારામ મહારાજે, આવિર્ભૂત થઇને, વિનીત ભાવે ભક્તિ–કથાનો પ્રચાર કરવાનો આરંભ કર્યો હતો. શાસ્ત્રજ્ઞાન, તર્કશક્તિ, કે વિદ્યા, એમાંનું એક પણ તેમનામાં હતું નહિ, પરંતુ તેમના કીર્તનના પ્રભાવથી વિષયીની વિષયવાસના દૂર થઇ જતી હતી; જ્ઞાનાભિમાનીનો

જ્ઞાનગર્વ નાશ પામતો હતો, અને શુષ્ક હૃદય તાર્કિક ભક્તિનાં અમૃતાશ્રુથી અભિષિક્ત થતું હતું. એક માત્ર ભક્તિબળથીજ તેઓ લોકોનાં હૃદય વિગલિત કરી નાખતા હતા. નવીન ધર્મ-સંપ્રદાય કાઢનારમાં જે જે કળા અને મહેચ્છા હોવી જોઇએ; તે તુકારામ મહારાજમાં હતાં નહિ, અને તેથી પૃથ્વીના થોડા માણસોજ તેમનું નામ જાણી શક્યા છે, પરંતુ તેમની ભક્તિ, નિર્ભરશીળતા, જીવદયા, વૈરાગ્ય અને વિનય વગેરે ગુણો પૃથ્વીના દરેક સાધુ મહાત્માને માટે સ્પૃહણીયજ છે. ખરૂં છે કે આ પૃથ્વી ઉપરના અનેક નાના નાના ઝરણાઓ મોટી નદીઓમા મળી જાય છે, અને પૃથ્વીના નકશામા તેમનાં નામ નિશાન પણ દૃષ્ટિગોચર થતા નથી, પરંતુ તેથી કાઇ તેમની કાર્યકારિણી શક્તિનો નાશ થતો નથી. જેમ ખેડુતોના અનેક ધાન્ય-ક્ષેત્રોને ફળદ્રૂપ કરતે કરતે અને અનેક તૃષાતુરોને પોતાનાં અમૃતસમ જળથી તૃપ્ત કરતાં કરતા તેઓ પણ ધીમે ધીમે વહ્યા કરે છે. તેમ તુકારામ મહારાજનુ અસ્તિત્વ પણ ભારતના શ્રેષ્ઠતર ધર્મપ્રચારકોના અસ્તિત્વમાં મળી ગયું છે, પરંતુ તેથી તેમની કાર્યકારિણી શક્તિ વિલુપ્ત થઇ નથી. પૃથ્વીના અનેક તપ્ત-હૃદયવાળા મનુષ્યો અને અનેક શુષ્ક-હૃદયના નરનારીઓ હજુ પણ તેમની ભક્તિરસ-પૂર્ણ કવિતાઓથી તૃપ્ત થાય છે. હાલમા હિંદુ જાતિ, પુરૂષાર્થ અને બળવીર્યમાં જગતની બીજી કેટલીક જાતિ કરતાં અધમ થઇ ગઇ છે. તથાપિ દયા, સહૃદયતા અને ભક્તિમત્તા વગેરે ગુણોમાં તેણે હજુ પણ પોતાની ઉચ્ચતા સાચવી રાખી છે. નિર્ધન અને અધઃપતિત થવા છતાં પણ ઉપર્યુક્ત સકળ ગુણોએ હિંદુ જાતિનું ગૌરવ સાચવી રાખ્યું છે, અને એમાંજ હિન્દુનું પ્રકૃત હિન્દુપણું સમાએલું છે. જેમની શિક્ષા અને દૃષ્ટાંતથી હિન્દુ જાતિ પોતાના પૂર્વપુરૂષોની પ્રકૃતિગત આ સકળ ગુણોની રક્ષા કરી શક્યું છે, તેમાં તુકારામ મહારાજનું સ્થાન ઉંચું છે. જો

હિન્દુના પ્રકૃત હિંદુત્વની રક્ષા કરવી એ ગૌરવજનક અને પ્રાર્થનીય હશે, તો તુકારામ મહારાજ અવશ્ય પ્રત્યેક હિંદુ સંતાનની કૃતજ્ઞતા પ્રાપ્ત કરશેજ; અને જ્યાં સુધી આ પુણ્ય-ભૂમિ ભારતવર્ષમાં લોકોના મનમાંથી ભક્તિ-કથા પ્રત્યેનો અનુરાગ વિલુપ્ત નહિ થાય, ત્યાં સુધી તેમનું નામ પણ અજર અમર રહેશેજ.

પ્રકરણ ૧૨ મું.

છેવટમા તુકારામ મહારાજના અવલંબિત અને પ્રચારિત ધર્મ સંબંધી બે ચાર વાતો કહેવી આવશ્યક છે જે કે તેમણે કોઈ નવીન ધર્મ-મતનો પ્રચાર કર્યો નથી, પરંતુ તેઓ મહારાષ્ટ્રમાં એક નવીન કાર્ય કરી ગયા છે. ધર્મનું જ્ઞાન મેળવવાની કઠિનતા દૂર થાય અને સાધારણ મનુષ્યો પણ તેનું રહસ્ય જાણી શકે, તેટલા માટે તેમણે અથાગ પરિશ્રમ કર્યો છે. બ્રાહ્મણથી તે ચાંડાલ પર્યંત સર્વે ભક્તિપૂર્વક ભગવાનનું ભજન કરવાથી મોક્ષના અધિકારી થાય છે. અને ભગવત્ પ્રાપ્તિ થયા પછી ભક્તને બહારના આચારોની ખાસ આવશ્યકતા રહેતી નથી, એ વાત તેઓ સ્પષ્ટ રીતે સમજાવી ગયા છે. તેમના પોતાનાજ દૃષ્ટાંતથી તેમણે સર્વની ખાત્રી કરી આપી છે કે સાધુતા એ કંઇ માત્ર બ્રાહ્મણોનીજ સંપત્તિ નથી, પરંતુ દરેકની સંપત્તિ છે દરેકને તે પ્રાપ્ત કરવાનો અધિકાર છે. જેવી રીતે ઘોર અંધારી ખાણોમાંથી અમૂલ્ય રત્નો નીકળી આવે છે, તેજ પ્રમાણે અતિ નીચ કુળમાંથી પણ ઉત્તમ સાધુ પુરુષનો આવિર્ભાવ થઇ શકે છે. તુકારામ મહારાજે મરણ પર્યંત સ્વધર્મનું પાલન કરીને શાસ્ત્રના

ઉપદેશમાં શ્રદ્ધા બતાવી છે, છતાં પણ ધર્મનો બાહ્યાડંબર તુચ્છ છે, અને ધર્મ-પ્રાપ્તિમાં જાતિભેદાદિ કોઇ પણ અંતરાય આડે આવતો નથી તે સિદ્ધ કરી બતાવ્યું છે.

જ્ઞાનદેવ મહારાજના સમય પછી સુમારે પાંચસો વર્ષમાં મહારાષ્ટ્રમાં પુષ્કળ સંતમહાત્માઓ થઇ ગયા છે. તેમાંના આશરે પચાસેકના જીવનચરિત્રો મહીપતિએ પોતાના ગ્રંથમાં આપેલા છે. મહીપતિની સંતમાળામાં બ્રાહ્મણ અને બીજા કેટલાક ઉચ્ચનીચ જાતિમાં ઉત્પન્ન થએલા સંતો અને કેટલીક સ્ત્રીઓના વૃત્તાંતો ગુંથવામાં આવ્યાં છે, એટલુંજ નહિ પરંતુ કેટલાક મુસલમાનોએ પોતાના મૂળ ધર્મનો ત્યાગ કરી સનાતન આધ્યાત્મિક માર્ગ ગ્રહણ કર્યો હતો, તેમના વૃત્તાંતો પણ તેમાં આલેખવામાં આવ્યા છે. મહીપતિ જેવા એક વિદ્વાન બ્રાહ્મણે આ પ્રમાણે જાતિભેદનો વિચાર ન કરતાં સઘળા મહાત્માઓને સરખા ગણીને પોતાનું સાધુત્વજ પ્રકાશિત કર્યું છે. આ જોતાં તે સમયની સંતમંડળીમાં એક એવો સિદ્ધાંત સ્થાપિત થએલો જણાય છે કે હરકોઇ મનુષ્ય ગમે તે જાતિમાં જન્મ્યો હોય, અને તે ભણેલો હોય કે ન પણ હોય, તોપણ તેને ઇશ્વર-ભક્તિનો અત્યુત્તમ માર્ગ ગ્રહણ કરવાનો અધિકાર છે. ઇશ્વરની દૃષ્ટિમાં સકળ મનુષ્યો સરખાં હોવાથી સઘળાં ઉપર તે મહાન પ્રભુની એક સરખી કૃપા રહે છે. સ્ત્રી, પુરૂષ, પંડિત, મૂર્ખ, હિંદુ અગર મુસલમાન એવો કોઇ પણ જાતનો ભેદ ઇશ્વરના દરબારમાં છેજ નહિ, અને તેવો બાહ્ય અથવા કૃત્રિમ ભેદભાવ તેમને ભક્તિ કરવામાં લેશ માત્ર પણ આડે આવી શકે તેમ નથી. કર્મઠ બ્રાહ્મણોએ પુણ્ય અથવા મોક્ષ-પ્રાપ્તિના માર્ગમાં લાંબા કાળથી જાતિ-ભેદાદિનો જે જબરજસ્ત અંતરાય નાખી દીધો હતો, તેને જ્ઞાનદેવ, નામદેવ, એકનાથ અને તુકારામ વગેરે સંતોએ દૂર કરીને, પોતાનાં આચરણ અને ઉપદેશથી મોક્ષપ્રાપ્તિનો સર્વથી સુગમ

ભક્તિમાર્ગ લોકોને પ્રદર્શિત કર્યો હતો. પોતાનો આ મહદ્ ઉદ્દેશ સ્થાપિત કરવામાં ઉક્ત મહાત્માઓને કષ્ટ, છળ, કપટ વગેરેનાં અનેક વાવાઝોડાંઓ સહન કરવાં પડયાં છે. પરંતુ તે છતાં તેમની જ્ઞાન–જ્યોતિને લેશ માત્ર પણ આંચ લાગી નહોતી. તેમણે જ્ઞાન જ્યોતિથી પોતાના માર્ગને પ્રકાશિત કરી અત્યંત સામાન્ય મનુષ્યોને પણ તેનુ દિગ્દર્શન કરાવ્યુ હતું. તુકારામ મહારાજે ઇશ્વિર ભક્તિમાં, અને કૈવલ્ય-પ્રાપ્તિમાં જાતિ ભેદ કોઇ પણ રીતે આડે આવી શકતો નથી, એવુ પોતાના અનેક અભંગોમાં પ્રદર્શિત કર્યું છે. અતિ ઉચ્ચ ગણાતા બ્રાહ્મણો સંબંધી તુકારામ મહારાજનો મત નીચે પ્રમાણે હતો:—

ब्राह्मण तरी एक नरहरि सो नार। ज्यासाठीं शंकर माथां रहे ॥१॥
ब्राह्मण तरी एक सजना कसाई। चक्रधारी गृहीं मांस विकी ॥२॥
तुका ह्मणे अम्हे जाणे तो ब्राह्मण। यरातें नमन करा परतें ॥३॥
जरीजो ब्राह्मण झाला कर्मभ्रष्ट। तुका ह्मणे श्रेष्ठ तिहीं लोकी॥४॥

આ પ્રમાણે જ્ઞાનદેવ અને તુકારામ મહારાજ આદિ મહાત્માઓના ઉપદેશથી દરેકની ખાત્રી થઇ હતી કે, મનુષ્યોમાં જે આત્મા બિરાજે છે, તેમા આ જડ દેહથી અથવા અન્ય કોઇ કૃત્રિમ ભેદભાવથી કોઇ પણ જાતનો વિકાર થતો નથી, આત્મામાં ઉચ્ચ નીચપણાનો આરોપ મૂકવો તદન અયુક્ત છે, અને ઇશ્વિરભક્તિ કરવાનો અધિકાર સર્વેને હોવાથી સદાચાર, સદ્ભાવ અને સત્સંગથી મોક્ષપદને પામી શકાય છે.

યોગાદિ સાધનોની કઠિનતા જોઇને અને તે આચરવામાં અનેક પ્રતિબંધો આવતા જોઇને, તુકારામ મહારાજે મોક્ષ પ્રાપ્તિના સરળ અને સુગમ ભક્તિમાર્ગનો લોકોને ઉપદેશ કર્યો છે. તુકારામ મહારાજે પોતાનો આવો અભિપ્રાય અનેક સ્થળોએ વ્યક્ત કર્યો છે, તેમના

નીચે લખેલા અભંગમાં પણ તેમનો એ સિદ્ધાંત સુસ્પષ્ટ રીતે જણાઇ આવે છે:—

नलाहिजे जपें नलाहिजे तपें । आह्मांसीहे सोपें गीतीं गाता ॥१॥
न करिता ध्यान न करितां धारणा । तो नाचे कीर्तनामाजी हरि॥२॥
ज्यासी नाहीं रूप नाहीं आकार । तोचि कटी कर उभा विटे॥३॥
अनंतब्रह्मांडे जयाचिया पोटी । तो आह्मां संपुर्ष्टी भक्ति भावे॥४॥
तुका ह्मणे वर्म जाणती लडिवाळें । जै होतीं निर्मळें अंतर्बाहीं ॥५॥

युक्ताहार न लगे आणिक साधनें । अल्प नारायणें दाखविलीं॥१॥
कलियुगा माजीं करावें कीर्तन । तेणें नारायण देईल भेटी ॥ २ ॥
न लगे हा लौकिक सोडावा वेव्हार । व्यावें वनांतर भस्मदंड॥३॥
तुका ह्मणे मज आणिक उपाय । दिसती ते वाव नामा वीण॥४॥
सुखें संसार करावा ! माजीं विठ्ठल आठवावा ॥ ५ ॥

સુપ્રસિદ્ધ વચનથી સર્વેનો તોડ નીકળી જાય છે. સર્વ જાતિના અને સર્વ પ્રકારના લોકોને મોક્ષ મેળવવામાં અત્યંત સુલભ થઇ પડે એવું સાધન જે ભક્તિ, તેનો સર્વત્ર પ્રચાર કરવો એજ પોતાનો ધર્મ છે, એમ તુકારામ મહારાજ માનતા હતા

મુકુંદરાજ, જ્ઞાનદેવ, એકનાથ મુકનેશ્વર અને વામન પંડિત આદિ સંત પુરૂષો મહારાષ્ટ્રમા આવિર્ભૂત થયા, તે પહેલા ધર્મનુ સર્વ જ્ઞાન વેદાદિ સંસ્કૃત ભાષાઓમાં સંગૃહીત થએલું હોવાથી, માત્ર દ્વિજને તે મેળવવાનો અધિકાર છે એવી માન્યતા જન સાધારણના અંતઃકરણમાં ઘર કરી બેઠી હતી. મનુસ્મૃતિ ઇત્યાદિ ગ્રંથોમાં પણ એવોજ નિર્બંધ કરવામાં આવેલો છે, તેથી દ્વિજ સિવાય અન્ય સઘળા

માણુસો તદ્દન અજ્ઞાનાંધકારમાંજ રહ્યા હતા. આ દુઃખદ સ્થિતિનો વિચાર કરી ઉપર્યુક્ત સાધુ પુરૂષોએ અતિશય પરિશ્રમ ઉઠાવી સામાન્ય વ્યવહારૂ ભાષામાં ઉત્તમ આધ્યાત્મિક વિષયના ગ્રંથો રચીને લોકોને યોગ્ય માર્ગે દોરવાનો જે અથાગ શ્રમ લીધો છે, તેને માટે આપણે તેમનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. આપણા ચરિત્રનાયક તુકારામ મહારાજે પણ જ્ઞાનદેવ આદિ સંતોના મતને મળતા થઇને આ પ્રમાણેના અધિકારની પ્રાપ્તિ માટે પોતાનો સંતોષ અનેક અભંગોમાં પ્રગટ કર્યો છે. ઉદાહરણ તરીકે તેમાંનુ એક વચન અત્રે આપવુ યોગ્ય ધારીએ છીએ:—

वेदांचें जिव्हार वदवी चक्रपाणी । नव्हे माझी वाणी पदरची॥१॥
बुडविल्या वह्यां न भिजवी पाणी । नव्हे माझी वाणी पदरींची॥२॥
गीतेच्चिया तुके तुकविले अभंग । तुका ह्मणे संग विठोबाचा ॥३॥

સર્વ વેદ, શાસ્ત્ર અને પુરાણોનો સાર કેવળ ભગવન્નામોચ્ચારણ છે, એવો તેમનો દૃઢ નિશ્ચય થયો હતો. તુકારામ મહારાજે પોતાનો એ નિશ્ચય નીચેના અભંગમાં સ્પષ્ટ રીતે વ્યક્ત કર્યો છે.

वेद अनंत बोलिला । अर्थ इतकाची साधिला ॥ १ ॥
विठोबासी शरण जावें । निज निष्ठा नाम गावें ॥ २ ॥
सकळ शास्त्रांचा विचार । अंती इतकाची निर्धार ॥३॥
अठरा पुराणीं सिद्धांत । तुका ह्मणे हाची हेत ॥४॥

આ પ્રમાણે સુકઠિન સંસ્કૃત ગ્રંથોનું દીર્ઘ કાળ પરિશીલન કર્યાં છતાં પણ જે જ્ઞાન મળે નહિ, તે ઉપર્યુક્ત સાધુઓની કૃપાથી સર્વને સુલભ થઇ પડયું છે, અને પૂર્વ કાળના પાંડિત્ય આદિની લેશ પણ જરૂર રહી નથી. તુકારામ મહારાજના ઉપદેશથી અને જ્ઞાનદેવાદિ

સતપુરૂષોના આધ્યાત્મિક ગ્રંથોથી વૈદિક ધર્મનુ પરમ રહસ્ય લોકોના જાણવામાં આવ્યુ અને 'નીતિપરાયણતા' એજ ખરેખરી આધ્યાત્મિક ઉન્નતિ છે, એમ તેમની ખાત્રી થઇ; ધર્મશીળ બનવામા શરીરબળની કે કઠિન ભાષાઓના જ્ઞાનની આવશ્યકતા હોતી નથી. તેને માટે તો કેવળ ચિત્તશુદ્ધિનીજ આવશ્યકતા છે. એને માટે તુકારામ મહારાજે કહ્યુ છે કેઃ—

आळस मत्सर नागवितीमला । नसोडीच घाला क्रोध घाली॥१॥
निर्बल जाणोनी हातपाय नाही । अवधीया पाही पांगुळामी ॥२॥
काम दंभ मज अहंकार तीन्ही । बैसले धरूनि आडमार्ग ॥३॥
लज्जा भय द्वेष किल्मिष संसारीं । क्रोध षड्विकारी जाऊँनेदी॥४॥
लटिकें कुचर अविचारी शंका । अविद्यां कुतर्का सांडवलों ॥५॥
मनीं उच्चाठणे पुरविली पाठी । अभेद ते दृष्टि ओढवले ॥ ६ ॥
तुका ह्मणे येथें सांडवलों हातीं । सोडवीं श्रीपति अपंगासी॥७॥

संगे वाढे शीण न घडे भजन । त्रिविध हे जन बहु देवा ॥१॥
याचिमुळें आला संगाचा कंटाळा । दिसताती डोळां नाना छंद ॥२॥
एकविध भाव रहावया ठाव । नेदीहा संदेह राहो चित्ती ॥३॥
शब्द ज्ञानी हित नेणती आपुले । आणीक देखिलें नावडत्यां॥४॥
तुका ह्मणे आतां ऐकलेंची भलें । बैसोनि उगलें रहावेंते ॥५॥

આ અભંગ વાંચતાં તુકારામ મહારાજ ચિત્તશુદ્ધિને કેટલી આવશ્યક ગણુતા હતા, તે સહજ ધ્યાનમાં આવે છે ઇશ્વરની સંપૂર્ણ કૃપા થયા સિવાય ચિત્ત શુદ્ધ થતું નથી, એમ તેમને દૃઢ નિશ્ચય

થએલો હોવાથી તેમણે અનેક વખત પોતાનું ચિત્ત શુદ્ધ કરવાને વિઠોબાની પ્રાર્થના કરી છે.

આ પ્રમાણે કર્મકાંડીઓએ મોક્ષપ્રાપ્તિ માટે વર્ણભેદાદિના જે જબરજસ્ત બંધ બાંધી દીધા હતા તેને દૂર કરીને તેમાં વેદશાસ્ત્રાદિના અધ્યયનની પણ ખાસ આવશ્યકતા નથી, એવું જ્ઞાનદેવ, એકનાથ અને તુકારામ આદિ સાધુ મહાત્માઓએ સ્થાપિત કર્યું છે. પરંતુ તેમણે તેમ કરવામાં માત્ર ગુરૂની આવશ્યકતા જણાવી છે. આ સતમંડળીનો એવો અભિપ્રાય હતો કે, સદ્‌ગુરૂને શરણે ગયા સિવાય ખરેખરૂં આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થતું નથી. તુકારામ મહારાજે પણ ગુરૂ મહાત્મા ઉપર પુષ્કળ અભંગો રચ્યા છે; તેમાંનો એક નીચે પ્રમાણે છે.

सद्‌गुरु वांचो न प्रेत्त रूपवाणी। बोलती पुराणीं व्यासऋषि॥१॥
ह्मणोनि तयाचें पाहूं नये तोंड। निगुरा अखंड सुतकाळा॥२॥
कोणे परीतया नव्हेची सुटका। देहेत्याचा लटिका जाणा तुह्मी॥३॥
तुका ह्मणे ऐसीं वाल्रती पुराणें। संताचीं वचनें मागिला हो॥४॥

ગુરૂ કર્યા સિવાય ધર્મનું ખરેખરૂ રહસ્ય સમજાતું નથી, એમ દૃઢ નિશ્ચય થવાનું મુખ્ય કારણ એ છે કે, ધર્મ સબંધી કેટલુક જ્ઞાન સંપાદન કર્યા છતા પણ તેનુ મૂળ સ્વરૂપ–બીજ સમજવું બહુજ કઠિન છે. વળી જૂદા જૂદા ગ્રંથોનુ, અને મતોનુ જ્ઞાન પ્રાપ્ત કરવા જતા, સાધારણ–મનુષ્યો કોઇ પણ જાતનો નિશ્ચય કરી શકતા નથી, અને સાધક બાધક સમસ્ત મતોનું જ્ઞાન મેળવી, તેનુ શાતપણાથી અને નિષ્પક્ષપાત બુદ્ધિથી મનન કરી, સત્યનો નિર્ણય કરવાની શક્તિ અથવા યોગ્યતા ઘણા થોડામાજ હોય છે. તેથી સાધારણ પુરૂષોને માટે તો અનેક મતમતાંતરોના પુસ્તકો વાંચવાની કડાકુટ મૂકી દઇ ખરૂં રહસ્ય ગુરૂસમાગમવડે સંપાદન કરવું ઇષ્ટ છે. તેજ પ્રમાણે સગુણ બ્રહ્મની

ઉપાસના કરવાથી મનુષ્યમાં સદ્‌ભાવ અને સદ્‌ભક્તિ ઉત્પન્ન થાય છે; અને આખરે ચિત્તશુદ્ધિ થતાંજ નિર્ગુણ બ્રહ્મનું જ્ઞાન સંપાદન કરવાને અધિકારી થાય છે. આવો અધિકાર પ્રાપ્ત કરવાને સદ્‌ગુરૂની પરમ આવશ્યકતા છે. એમ તુકારામ મહારાજ અને જ્ઞાનદેવાદિ સંતોનો દૃઢ નિશ્ચય હતો. મહીપતિએ જે સાધુ પુરૂષોના ચરિત્રો લખ્યાં છે, તેમા આ પ્રમાણે શ્રી સદ્‌ગુરૂને શરણે જવાના ઉપક્રમનુ પુષ્કળ વર્ણન કર્યું છે.*

દેવનુ પૂજન અથવા સ્તુતિ કરતી વખતે સંસ્કૃત ભાષામાં અમુકજ સ્તોત્ર બોલવા જોઇએ એમ નથી પણ ગમે તે ભાષામાં કેવળ શુદ્ધ અંતઃકરણથી સ્તુતિ કરવાથી ઇશ્વર પ્રસન્ન થાય છે, એમ તેમણે ઘણે ઠેકાણે જણાવ્યુ છે. **वेडेंवांकडे गाईन ॥ परीमी आपला-ल्पणवीन** । તુકારામ મહારાજનું એ વચન બરોબર સમજવા જેવુ અને ધ્યાનમાં રાખવા જેવું છે. આ પ્રમાણે તુકારામ મહારાજે શુદ્ધ અંતઃકરણથી ઇશ્વરનું ભજન કરવાનો ઉપદેશ આપ્યો છે. ઇશ્વર સર્વના માતપિતા છે, તેથી તેને સંતુષ્ટ કરવાને જે કાંઇ કર્મ કરવુ હોય તે અમુકજ વર્ગના માણસો અમુક એક ભાષાના મંત્રોથી કરે, તોજ ઇષ્ટ હેતુ સિદ્ધ થાય, એ તદ્દન અસ્વાભાવિક અને અયુક્ત દેખાય છે. પોતાના મનના ઉદ્‌ગારો ચોક્કસ મંત્રો દ્વારા કહીએ તોજ દેવ તે સાંભળશે, એમ જેઓ ધારે છે, તેઓ દેવનું ખરૂ સ્વરૂપ જાણી શક્યાજ નથી, એમ કહેવુ અસંગત ગણાશે નહિ. ખરૂં જોતાં ઇશ્વર પોતાનાજ છે એમ ધારીને પોતાના મનના ઉદ્‌ગારો જે ભાષામા વધારે સ્પષ્ટતા અને સરળતાથી દર્શાવી શકાય, તે ભાષામાજ ઇશ્વર-સ્તુતિ કરવી જોઇએ, અને તેજ સ્તુતિ ઇશ્વરને વિશેષ પ્રિય થઇ

---

* આ વિષય ઉપર આ ચરિત્રના નિવેદનમા કેટલુક લખેલું છે તે તરફ વાચકોનું ધ્યાન ખેંચવામાં આવે છે. મંત્રી. સ. સા.

શકે. વળી ઈશ્વિર અંતર્યામી છે. તે દરેક મનુષ્યના હૃદયના વિચાર ભાવ જાણવાને શક્તિમાન છે, એટલા માટેજ આપણા ઋષિ મુનિ અને સંતસાધુઓએ માનસિક-પૂજનને સર્વથી ઉચ્ચ સ્થાન આ છે. તુકારામ મહારાજે પણ માનસિક પૂજન ઉપર કેટલાક અભ રચ્યા છે. **मद्भक्ता यत्र गायन्ति । तत्रातिष्ठामिपांडवाः ॥** કૃષ્ણ ભગવાનનું એ વચન સુપ્રસિદ્ધ છે. આ પ્રમાણે જ્ઞાનદેવ, ના દેવ, તુકારામ વગેરે સાધુઓનો નિશ્ચય થવાથી તેમણે સર્વે લોકે તેનો ઉપદેશ કર્યો છે, અને તેમના બોધથી મહારાષ્ટ્રના સમસ્ત લો ખરેખરું મતસ્વાતંત્ર્ય અને આચારસ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું, જેથી પૂ નિરર્થક બંધનો શિથિલ થઇ 'મોક્ષપ્રાપ્તિના ખરા માર્ગનુ અવલ કરવાનો અધિકાર સર્વેને સરખો છે' એવી ખાત્રી થવાથી તેમન એક નવીન ચૈતન્ય આવ્યુ. તેમનામાં ઉમેદ અને ઉત્સાહ ઉત્પન્ન અને તેઓ ઉપર્યુક્ત સંતોએ બતાવેલા ભક્તિમાર્ગનુ સંપૂર્ણ આસ્થા અવલંબન કરવા લાગ્યા. આ પ્રમાણે મહારાષ્ટ્રવાસીઓને આધ્યાત્ ઉન્નતિનુ પરમ શ્રેષ્ઠ સાધન બતાવીને સંત મંડળીએ સમસ્ત મહા ઉપર મોટો ઉપકાર કર્યો છે. આપણા ચરિત્રનાયક તુકારામ મહાર પણ તેને માટે કેટલો શ્રમ ઉઠાવ્યો છે તે વાચકોને સુવિદિતજ છે.

વારુ; હવે તુકારામ મહારાજના ઈશ્વિર સંબંધી મતનું થો વિવેચન કરીએ. આ વિષયમાં ઘણો મતભેદ જોવામાં આવે છે, પ જેણે તુકારામ મહારાજના અભંગો બરોબર શોધક બુદ્ધિથી વાં હશે, તેને તો આ પ્રકરણમાં બીલકુલ સંશય ઉઠશેજ નહિ. પહેલા મતને દિગ્દર્શન કરાવીને પછીજ સિદ્ધાંત જણાવીશું. કેટલાકનો મત એ છે કે તુકારામ મહારાજ દ્વૈતવાદી હતા. તેઓ આત્મા અને પરમાત્મ ભિન્નત્વને માનતા હતા અને તેમણે નવધા ભક્તિનો સ્વીકાર નથી. બીજા કેટલાકનો મત એવો છે કે, તુકારામ મહારાજ અદ્વૈતવા

જીવાત્મા અને પરમાત્મા જૂદા નથી, અને આ સમસ્ત વિશ્વ બ્રહ્મરૂપ છે એમ માનનારા હતા. તેમના અનેક અભંગો જોતાં આ તુકારામ મહારાજ અદ્વૈતવાદી હોવાનો-મતજ યથાર્થ લાગે છે અમે પહેલાંજ જણાવી ગયા છીએ કે જ્ઞાનદેવ મહારાજ પછી જે જે સંતસાધુઓ મહારાષ્ટ્રમા થઇ ગયા છે, તે સઘળા વેદાન્તી હતા. 'વેદાન્તી હોવા છતા તેમણે મરણ પર્યંત નવધા ભક્તિ શા માટે અંગીકાર કરી હશે?' એ પ્રશ્ન સહજ ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે. અમારી અલ્પ મતિ પ્રમાણે એ શંકાનુ સમાધાન એ છે કે, સાધારણ મનુષ્યો નિર્ગુણ નિર્વિકારી બ્રહ્મનુ સ્વરૂપ એકદમ સમજી શકે તેમ નહિ હોવાથી તેમને માટે સગુણ બ્રહ્મની ઉપાસનાની પરમ આવશ્યકતા છે આપણાં પુરાણોમા ઇશ્વરના અવતારો સબંધી જે કથાઓ લખાએલી છે, તેની ઉપર જેમની દૃઢ શ્રદ્ધા ચોટી હોય છે. તેઓ તે અવતારોની પ્રતિમા કરીને પરમભાવથી તેનું ભજનપૂજનાદિ કરે છે. વેદાન્ત મતના પ્રવર્તકોએ, પ્રાચીન ગ્રીક તત્ત્વવેત્તાઓની પેઠે જનસમાજની માન્યતા કાયમ રાખી, પોતાનો ઇષ્ટ ઉદ્દેશ પાર પાડવાને, આવા અવતારોને માટે એવો નિર્ણય કર્યો છે કે, બ્રહ્મ, ચરાચર વિશ્વમા વ્યાપેલો હોવાથી તે આ અવતારોમાં પણ વ્યાપેલો છે. પરંતુ ભેદ માત્ર એટલોજ છે કે, અન્ય સાધારણ મનુષ્યો કરતાં તેમનાં ચિત્ત વધારે શુદ્ધ હોવાથી તેમનામાં બ્રહ્મનો પ્રકાશ વધારે પ્રમાણમાં હોય છે, અને તેથી તેઓ ધર્મનું સંસ્થાપન કરવાને માટે અનેક અલૌકિક કર્મો કરી શકે છે. તેથી આવા અવતારી મનુષ્યોને પણ બ્રહ્મ ગણવામા કાંઇ હરકત જેવું નથી અને તેથી સામાન્ય લોકોને, તેઓ જે ભાવથી તેમનુ પૂજન કરે છે, તે ભાવથી પૂજન કરતા ન અટકાવતાં, જ્યાં સુધી તેમનાં ચિત્ત શુદ્ધ થાય ત્યાં સુધી સગુણ બ્રહ્મની ઉપાસના કરવા દઇ પછીજ નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરવાનો બોધ આપે છે. ગીતામાં પણ

શ્રીકૃષ્ણ પરમાત્માએ એમજ જણાવ્યું છે, અને ચિત્તશુદ્ધિ દ્વારા જ્ઞાનનો અધિકાર પ્રાપ્ત થાય ત્યાં સુધી કર્માચરણ કરવાનુ વારંવાર કહ્યું છે. જે મહા વિભૂતિઓ આ પૃથ્વી ઉપર અવતરીને લોકોન્નતિ માટે મરણ પર્યંત મહાન્ પરિશ્રમ ઉઠાવી ગઇ છે, તેમની પ્રતિમાને સગુણ બ્રહ્મની પ્રતિમા તરીકે ગ્રહણ કરીને નવધા ભક્તિથી ચિત્ત-શુદ્ધિ સંપાદન કરવી, એ યજ્ઞાદિ કર્માનુષ્ઠાનની ખટપટ કરવા કરતા વધારે સારૂં, સરળ અને સુલભ છે; એમાં લેશ માત્ર પણ સંશય નથી. વળી જે પાષાણાદિ મૂર્તિનું એ લોકો ભજન પૂજન કરતા હતા તે વિષયમા તુકારામ મહારાજનો મત કેવો હતો, તે તેમના નીચેના અભંગથી સુસ્પષ્ટ જણાઇ આવે છે.

केला मातीचा पशुपति । परिमाती सकाय ह्मणती ॥
शिवपूजा शिवासि पावे । माती माती माजी ममावे ॥१॥
केला पाषाणाचा विष्णु । परीपाषाण नव्हे विष्णु ॥
विष्णुपूजा विष्णुसी अर्पे । पाषाण राहे पाषाणरूप ॥ २ ॥

अवघें ब्रह्मरूपरिता नाहीं ठाव । प्रतिमातो देव कैमा नव्हे ॥१॥
नाहीं भावतया सागावेंतें किती । आपुल्यामतीं पाखांडिया ॥२॥
जयाभावे संत बालिले वचन । नाहीं अनुमोदन शाब्दिकांसी॥३॥
तुका ह्मणे संतीभाव केलाबळी । न कळतां खळीं दुषिलादेव ॥४॥

તુકારામ મહારાજના ઉપર્યુક્ત બે અભંગો વાચતા મૂર્તિપૂજા સંબંધી વેદાંતવાદી સંતમંડળીનો દોષ કાઢવા જેવું નથી એમ સ્પષ્ટ જણાય છે. હવે જ્ઞાનદેવ અને તુકારામ જેવા સાધુ પુરૂષોએ ભક્તિથી પોતાનુ ચિત્ત શુદ્ધ કર્યા છતાં પણ મરણ પર્યંત તે ક્રમ શા માટે જારી રાખ્યો હશે એવો સહજ વિચાર થઇ આવે છે; તો તેનું સમાધાન

નીચે પ્રમાણે છે. સત મહાત્માઓએ ભક્તિને બે પ્રકારની માની છે, એક આરંભ ભક્તિ, અને બીજી જ્ઞાનોત્તર ભક્તિ. જે ભક્તનું ચિત્ત શુદ્ધ થયું નથી, તે આરંભ ભક્ત, અને ચિત્તશુદ્ધિ દ્વારા જ્ઞાનના અધિકારી થઇ, જ્ઞાનપ્રાપ્તિ થયા પછી પણ જે ભક્તિ છોડે નહિ, તે જ્ઞાનોત્તર ભક્ત કહેવાય છે. જ્યારે ભક્તનો ભક્તિભાવ વિશેષરૂપે દૃઢ થઇને તેની વૃત્તિ તદ્રૂપ થઇ જાય, ભજન પૂજનાદિ નવ પ્રકારની ભક્તિ કેવળ તેના સ્વભાવરૂપ બની જાય અને તેના સિવાય તેને કોઇ પણ રીતે ચેન પડે નહિ ત્યારે તે ભક્ત, 'જ્ઞાનોત્તર ભક્ત' થએલો કહેવાય છે. સત્ય જ્ઞાન પ્રાપ્ત થતાજ ભક્તનુ હૃદય પ્રેમથી ભરાઇ જાય છે, અને તે પોતાના ઇષ્ટદેવમાં વારંવાર તન્મય થઇને દેહભાન પણ ભૂલી જાય છે આથીજ તેઓ આવો સાક્ષાત્ બ્રહ્માનંદ કરાવનારી ભક્તિનો સહસા ત્યાગ કરી શકતા નથી. તુકારામ મહારાજે આનંદનો જાતિ-અનુભવ વારવાર પ્રદર્શિત કર્યો છે. ઉદાહરણ તરીકે તેમનું એક વચન અત્રે આપવુ યોગ્ય ધારીએ છીએ.

सिद्धीचादास नव्हें श्रुतीचा अंकिला । होईन विठ्ठला सर्व तुझा ॥१
सर्वकाल सुख आमच्या मानसीं । राहिले जयासी नास नाहीं॥२
नेणें पुण्यपाप न पाहें लोचनीं । आणिका वांचूनि पांडुरंगा ॥३॥
न करीं आसमुक्तीचे सायास । भक्ति प्रेमरस सांडूनियां ॥ ४ ॥
गर्भवासीं धाकनाहीं येतां जातां । हृदयीं राहतां नाम तुझें ॥५।
तुका म्हणे झालों तुझाचि अंकिला । नमेंमी विठ्ठला कळिकाळासी

मोक्षाचें आम्हांस नाहीं अवघड । तो असे उघड गांठोलीस ॥१
भक्तीचे सोहळे होतील जीवासी । नवलते विशीं पुरवितां ॥२॥

ज्याचे त्यासी देणें कोणतें उचित । मानूनियां हित घेतों सुख ॥३॥
तुका ह्मणे सुखे देई संवसार । आवडीसी थार करीं माझे ॥४॥

સારાંશ કે આરંભ ભક્ત બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ ભક્તિ-રસનુ પાન કર્યા કરે તો તે કાંઇ અસ્વાભાવિક નથી. વળી આ શંકાનું બીજું સમાધાન શ્રી કૃષ્ણ ભગવાને શ્રીમદ્ ભગવદ્ગીતાના ત્રીજા અધ્યાયમાં કરેલુ છે. જ્ઞાનપ્રાપ્તિ થાય તોપણ જ્યાં સુધી જડ દેહ સાથે સંબંધ હોય ત્યાં સુધી પ્રારબ્ધ પ્રાપ્ત સર્વે કર્મો મનુષ્યને ભોગવવાં પડે છે, અને તેને પોતાના સ્વભાવ પ્રમાણે મરણ પર્યંત વર્તવું પડે છે. ભગવદ્ભક્તોની સ્થિતિ પણ એવીજ હોય છે. વળી બીજું એ કે,—

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
सयत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥

भ. गी. अ. ३, श्लो. २१

આ શ્લોકનું તુકારામ મહારાજે નીચે પ્રમાણે ભાષાંતર કર્યું છેઃ—

जैसे आचरती श्रेष्ठ । तो परनिष्ठ पडे मार्ग ॥ १ ॥
तैसे इतर लोक । हा विवेक चालिती ॥ २ ॥
श्रेष्ठ निर्णया सारिखे । जगया सुखें मनावें ॥ ३ ॥
तुका ह्मणे सुफळ । न्याय वेदराय सभेचा ॥ ४ ॥

અર્થાત્ શ્રેષ્ઠ જનો જે પ્રમાણે વર્તે છે, તેજ પ્રમાણે અન્ય લોકો પણ વર્તવાનો નિશ્ચય કરે છે. આ મનુષ્યસ્વભાવની કળ જાણીનેજ જ્ઞાનદેવ, તુકારામ આદિ સંતપુરુષો જ્ઞાનપ્રાપ્તિ થયા પછી પણ ભક્તિ માર્ગમાં આસક્ત રહ્યા હતા કારણ કે જો જ્ઞાન થયા પછી તેમણે

ભક્તિનો ત્યાગ કર્યો હોત તો, તેમના શિષ્યો પણ તે અવસ્થા એકદમ પ્રાપ્ત કરવાના હેતુથી ચિત્તશુદ્ધિ કરનાર ભક્તિમાર્ગનો અકાળે ત્યાગ કરત. શ્રીમદ્ ભગવદ્‌ગીતાના બીજા અધ્યાયમા તેમણે કહ્યુ છે કે, ચિત્ત–શુદ્ધિ થયા પહેલા કર્મ–સંન્યાસ લેવો–કર્મોનો ત્યાગ કરવો ઉચિત નથી, કારણ કે તેમ કરવાથી હાનિ થાય છે. પરંતુ આ નિયમ–મહદ્ ઉપદેશ ધ્યાનમાં ન રાખતાં આજકાલ અનેક સન્યાસીઓ કેવળ દુરાચારી બની રહ્યા છે. આવો દુરાચાર પોતાનામાં, તેમજ પોતાના અનુયાયીઓમાં દાખલ ન થાય, તેટલા માટે તુકારામ મહારાજ જેવા જીવન્મુક્ત પુરૂષ મરણ–પર્યંત ભક્તિપરાયણજ રહ્યા હતા. આ વાસ્તવિક સ્થિતિ ધ્યાનમાં લેતા તુકારામ મહારાજ દ્વૈતવાદી હતા, એમ કહેવું કોઇ પણ રીતે યોગ્ય લાગતું નથી.

વળી જ્ઞાનદેવ, રામદાસ, તુકારામ વગેરે ભગવદ્‌ભક્તો અનેક દેવની પૂજા કરનારા હતા, એમ કહેવું પણ યોગ્ય નથી. પુરાણોમાં વર્ણવેલી અવતાર કથા ખરી માની, તેમાં દર્શાવેલી જૂદી જૂદી વિભૂતિઓને દેવ તરીકે ગ્રહણ કરીએ, તોપણ તેનું રહસ્ય એજ છે કે, એ સકળ સગુણ બ્રહ્મની લીલા છે. જૂદી જૂદી જે વિભૂતિઓ, જૂદા જૂદા કાળમા, આ લોકમાં પ્રગટ થઇ છે, તે સઘળી બ્રહ્મના અંશ રૂપજ છે, માટે તેમાંની કોઇ પણ વિભૂતિમા પોતાની નિષ્ઠા દૃઢ કરવાથી કલ્યાણ થાય છે, એમ અમારા સંતોની બુદ્ધિનો નિશ્ચય થયો હતો, અને તેથીજ તેઓ ગમે તે એક વિભૂતિ ઉપર દૃઢ શ્રદ્ધા રાખી, કોઇ રામની, કોઈ કૃષ્ણની, કોઇ શિવની, તો કોઇ વિઠ્ઠલની ભક્તિ કરતા હતા. વળી તેમને પોતપોતાના ઈષ્ટદેવ ઉપર એટલી દૃઢ શ્રદ્ધા હતી કે, કેટલાક સાધુઓ તો, અન્ય દેવના દર્શન કરતી વખતે પોતાના ઇષ્ટ દેવનું નામ દઇ તેને નમસ્કાર કરતા હતા. આ સંબંધી કેટલાક ચમત્કારો મહીપતિએ પોતાના ચરિત્રરૂપ ગ્રંથમાં

વર્ણવેલા છે. તેમાંથી એકાદનો ઉલ્લેખ કરવો યોગ્ય ધારીએ છીએ. રામદાસસ્વામી શ્રી રામચંદ્રજીના પરમ ભક્ત હતા. તેમને તુકારામ મહારાજના કેટલાક અનુયાયીઓ એક વખત અતિશય આગ્રહ કરીને પંઢરપુર લઇ ગયા. ત્યાં આગળ વિઠોબાની સામે જઇને તેમણે હાથ જોડયા તો વિઠોબાને ઠેકાણે શ્રી રામચંદ્રજીની મૂર્તિ દેખાવા લાગી! રામચંદ્રજીમા તેમનો ભાવ આટલો બધો દૃઢ થયો હતો. આપણા ચરિત્રનાયકના સંબંધમા પણ એવીજ દંતકથા ચાલે છે. તેમની નિષ્ઠા પંઢરપુરના વિઠ્ઠલનાથ ઉપર ચોટી હતી. ઇતર દેવની સ્તુતિ કરતી વખતે તેમણે પણ ઉપર્યુક્ત સિદ્ધાંતનેજ સ્વીકાર્યો છે, અને તે નીચેના અભંગમાં સ્પષ્ટ રીતે જણાઇ આવે છે:—

बिठ्ठला वाचोनि त्राता त्रिभुवनीं । दीन उद्धरणीं दुजा नाहीं ॥१॥
दया क्षमा शांति आहे ज्याचे मनीं । वर्णिती पुराणीं गुण ज्याचे॥२॥
मज अनाथासीं साह्यकारी झाला । कृपेनें छेदिला भवपाश ॥३॥
तुका ह्मणे हरिकांसेसी लागावें । होतो मी शिणलो बहु जन्मी ॥४॥

विठ्ठला वाचोनि ब्रह्म जे बोलती । वचन ते संतीं मानूं नयें ॥१॥
विठ्ठल वांचोनि जे जे उपासना । अवधाची जाणा संभ्रमुतो ॥२॥
विठ्ठला वांचूनि सांगतील गोष्टी । वांया ते हिंपटी होत जाण ॥३॥
विठ्ठला वांचूनि जें कांहीं जाणती । तितुक्या वित्पत्ति वाऊगिया॥४॥
तुका ह्मणे एक विठ्ठलचि खरा । येरतो पसारा वाउगाचि ॥५॥

ઇષ્ટ દેવતા ઉપર નિઃસીમ નિષ્ઠા રાખી મોક્ષપ્રાપ્તિની અપેક્ષા કરવાનો આ રીવાજ ઘણો પ્રાચીન છે. આર્ય ધર્મના સમસ્ત મતમતાંતરોના મૂળ રૂપ ઋગ્વેદમાં આ રીતિનું બીજ છે. તેમાં ઇંદ્ર, વરૂણ વગેરે

દેવી શકિતઓની સ્તુતિ કરવા માટે જે મંત્રો આપેલા છે, તેમાં તે તે શક્તિ સમસ્ત વિશ્વની ઉત્પાદક અને નિયામક છે, એવું વર્ણન કરેલું છે. તેમાં ઋષિ એક દેવની સ્તુતિ કરતી વખતે બીજા દેવતા છેજ નહિ એવું માનતા દેખાય છે. પરંતુ વાસ્તવિક રીતે જોતાં આ વિશ્વની જે સકળ દૈવીશકિત આપણા ચર્મચક્ષુથી ભિન્ન ભિન્ન જણાય છે, તે સઘળી એક રૂપજ છે. તે એક મહા–શકિતનાં વિવિધ દર્શનો છે, એમ તે સમયના જ્ઞાની પુરૂષો માનતા હતા એમાં કાંઇ પણ સંશય નથી. ઉપનિષદ્‌માં અને તેને આધારે રચાએલા વેદાંત-દર્શનમાં પણ આજ સિદ્ધાંત સ્થાપિત કર્યો છે. પ્રાચીન ઋષિમુનિઓએ વિશ્વનું પ્રત્યક્ષ અવલોકન કરીને આ વિશ્વવિષયક જે સિદ્ધાંત કર્યો છે, તેજ સિદ્ધાંત અર્વાચીન કાળમાં જ્ઞાનદેવ, નામદેવ, એકનાથ અને તુકારામ વગેરે મહાપુરૂષોએ, પુરાણમાં વર્ણવેલી ઇશ્વિરાવતારની કથાઓના શ્રવણ અને મનનથી ગ્રહણ કર્યો છે. વેદકાળમાં જે પ્રમાણે દૈવી શકિતઓને મુખ્યતઃ બ્રહ્માના અંશરૂપે માનેલી છે, તેજ પ્રમાણે પુરાણ કાળમાં ધર્મનુ સંસ્થાપન કરવાને આ લોકમાં જે ઇશ્વરાવતારો થવાની વાત સર્વત્ર પ્રસરેલી છે તે સઘળાને સગુણ બ્રહ્મના અંશરૂપે માનવાની પ્રવૃત્તિ થઇ છે. તુકારામ મહારાજ પણ આ સર્વસાધારણ પ્રવૃત્તિને અનુસરીને વર્ત્યા હતા, તેઓ પુરાણમાં કહેલા દેવાવતારોને માનતા હતા અને તેમને પૂજ્યદૃષ્ટિથી જોતા હતા; એટલુંજ નહિ પરંતુ તેમાંના કેટલાક દેવતાઓનાં સ્તોત્ર પણ તેમણે રચ્યાં છે. તે સિવાય તુકારામ મહારાજ અન્ય ક્ષુદ્ર દેવતાને બીલકુલ માનતા નહિ; ઉલટા તેમના ઉપહાસપર તેમણે અભંગ રચ્યા છે. વાચક વર્ગની જાણને માટે તેમાંનો એક અભંગ અત્રે ઉતારો કરવો યોગ્ય લાગે છેઃ—

नव्हे जाखाई जोखाई । मायराणी मेसाबाई ॥ १ ॥

बळिया माझा पंढरीराव । जोया देवांचाही देव ॥२॥

रंडी चंडी शक्ति । मद्यमांसा ते भक्षिती ॥ ३ ॥
बहिरव खंडेराव । रोटी सुटी सांटीं देव ॥ ४ ॥
गणोबा विक्राळ । लाडूमोदकांचा काल ॥ ५ ॥
मुंज्या झैसासुरें । हेंतों कोण लेखी पोरें ॥ ६ ॥
वैताळें फेताळें । जळो त्यांचे तोंडकाळें ॥ ७ ॥
तुका ह्मणे चित्तीं । धरा रखुमाईचा पती ॥ ८ ॥

ઉપર્યુક્ત દેવતાઓ સંબંધી આપણા પુરાણોમાં કાંઇ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, પરંતુ તુકારામ મહારાજે ગણપતિને પણ ઇતર ક્ષુદ્ર દેવોની પંક્તિમાં શા માટે ગણ્યા હશે, તેની કાંઇ સમજ પડતી નથી. કારણ કે શંકર અને તેમના પુત્ર ગણપતિ, એ બે દેવોને આર્યો પોતાના ઉપાસ્ય દેવતાઓમાં ઘણા પ્રાચીન કાળથી ગણતા આવ્યા છે, અને તેમના પરાક્રમના વર્ણન ઉપર પુરાણો પણ રચવામાં આવ્યાં છે. ખરૂં જોતા ગણપતિને આવા ક્ષુદ્ર દેવોની પંક્તિમાં ન ગણતાં, અન્ય ઉપાસ્ય દેવતાઓની પંક્તિમાં ગણવા જોઇએ.

તુકારામ મહારાજ વેદાન્ત મતવાદી હતા, એમ તેમના નીચેના વચનો ઉપરથીજ સિદ્ધ થાય છે.

अवघें ब्रह्मरुपरिता नाहीं ठाव । प्रतिमातो देव कैसा नव्हे ॥१॥
नाहीं भाव तया सांगावें तें किती । आपुल्यामतीं पाखंडिया ॥२॥
जयाभावे संत बोलिले वचन । नाहीं अनुमोदन शाब्दिकांसि ॥३॥
तुका ह्मणे संती भाव केला बळी । न कळतां खळीं दुषिला देव॥४॥

कवणा पाषाणासी धरूनि भाव । कवणावरि पाप ठेवुं आतां ॥१॥
.णऊनि निश्चित राहिलोमनीं । तूंचि सर्वा खाणीं देखोनियां॥२॥

कवणाचें कारण नलगेचि कांहीं । सर्वी सर्वो ठायीं तूमज एक ॥३॥
कायावाचा मन ठेविले तुझ्या पायीं । आतां उरलें कायी न दिसे देवा४
जलें जलकाय धोविलें एक । कवण तें पातक हरले तेथें ॥ ५ ॥
पापपुण्य हे वासना सकळ । ते तुज समूल समर्पिली ॥ ६ ॥
पितर स्वरूपीं तूंचि जनार्दन । सव्यते कवण अपसव्य ॥ ७ ॥
तुका ह्मणे जितपिंड तुझाहातीं । देऊनि निश्चिती मानियेली ॥८॥

आह्मी न देखो अवगुणां । पापी पवित्र शाहाणा ॥ १ ॥
अवघींरूपे तुझी देवा । वंदूं भावे करूं सेवा ॥ २ ॥
मज भक्ती सवेंचाड । नेणें पाषाण धातुवाड ॥ ३ ॥
तुका ह्मणे घोटीं । विष अमृत तुजसाठीं ॥ ४ ॥

આ વચન જોતાં તુકારામ મહારાજ મૂર્તિપૂજક હોવા છતાં પણ, મૂર્તિપૂજા સંબંધી તેમની કલ્પના કાંઇ વિલક્ષણજ હોવી જોઇએ. અમને તો એમાં વેદાન્ત મતના ખરા રહસ્યનો બોધ થાય છે. જીવાત્મા અને પરમાત્મા ભિન્ન નહિ, પણ એકરૂપજ છે, એવું વેદાન્તના મહા સિદ્ધાંતનું નિરૂપણ નીચેના અભંગમાં કરેલું જોવામાં આવે છે.

तुजमज नाहीं भेद । केला सहज विनोद ॥ १ ॥
तुज माझा आकार । मीतो तूंच निर्धार ॥ २ ॥
मी तुज माजी देवा । घेसी माझ्या अंगें सेवा ॥ ३ ॥
मी तुज माजी अचल । मज माजी तूं सबळ ॥ ४ ॥
तूं बोलसी माझ्या मुखें । मी तो तुज माजी सुखे ॥५॥
तुका ह्मणे देवा । विपरीत ठायीं नावा ॥ ६ ॥

तुजमज ऐसी परी । जैसे तरंग सागरी ॥ १ ॥
दोहीं माजी एक जाणा । विठ्ठल पंढरीचा राणा ॥२॥
देवभक्त ऐसी बोली । जव भ्रांति नाहीं गेली ॥३॥
तंतुपट जेवीं एक । तैसा विश्वेसीं व्यापक ॥ ४ ॥

સમુદ્ર અને તરંગ, તંતુ અને પટ એ દૃષ્ટાંતો વેદાન્તના ગ્રંથોમાં વારંવાર આપવામાં આવ્યાં છે; અને તુકારામ મહારાજે ઉપર્યુક્ત ભાષામાં તેનોજ અનુવાદ કર્યો છે. સમગ્ર વિશ્વ બ્રહ્મરૂપ છે, એ વેદાન્તના સિદ્ધાતનુ દિગ્દર્શન નીચેના અભંગમાં થાય છે.—

रक्त श्वेत कृष्ण पीत प्रभा भिन्न । चिन्मय अंजन सुदलें डोळां ॥१॥
तेणें अंजनगुणे दिव्यदृष्टि जाली । कल्पना निमाली द्वैताद्वैत ॥२॥
देशकाल वस्तुभेद मावळला । आत्मा निर्वाळला विश्वाकार ॥३॥
न झाला प्रपंच आहे परब्रह्म । अहंसोहं ब्रह्म आकळलें ॥ ४ ॥
तत्वमसि विद्या ब्रह्मानंद सांग । तेंचि झाला अंगे तुका आतां ॥५॥

पयदधि घृत आणि नवनीत । तैसें दृश्यजात एकपणें ॥ १ ॥
कनकाचे पाहीं अलंकार केले । कनकत्वा आलें एकपणें ॥ २ ॥
मृत्तिकेचे घटझाले नानापरी । मृत्तिका अवधारीं एकपणें ॥३॥
तुका ह्मणे एक एकते अनेक । अनेकत्वीं एकपणा ॥ ४ ॥

આ ચરાચર વિશ્વ અથવા સંસાર મૃગજળવત્ મિથ્યા છે, એ વેદાંતનો સિદ્ધાંત તુકારામ મહારાજે નીચેના અભંગમાં સ્પષ્ટ રીતે કહ્યો છે:—

गजळा काय करावा उतार । पाषावया पार पैल थडी ॥१॥
खपराच होन खेलती लेंकुरे । कोणत्या वेव्हारे लाभहानी ॥२॥

मंगळदायक करिती कुमारी । काय त्याची खरी सोयरीक ॥३॥
स्वप्नीचे सुख दुःख झाले कांहीं । जागृतीं तो नाहींसाच भाव ॥४॥
सारीं झालीं लटिके वचन । बद्धमुक्त शीण तुका ह्मणे ॥ ५ ॥

रज्जु ध[illegible]थां हाती । भेडसाविलीं नेणतीं ॥
कळो येतां चित्तीं । दोरी दोघां सारिखी ॥ १ ॥
तुह्मां आह्मां मध्ये हरी जाली होती तैसी परी ॥
मृग जळाच्या पुरीं । ठाव पाहो तारवाया ॥ २ ॥
सरी चिताक भोंवरी । अळकारा चिवापरी ॥
नामें जाली दुरी । एकसोने आहितां ॥ ३ ॥
पिसांचीं पारवीं । करोनि बाजागिरी दावी ॥
तुका ह्मणे तेवीं । मज नको चालवूं ॥ ४ ॥

गंधर्वनगरीं क्षण एक रहावे । तेंचिपैं करावे मूळ क्षेत्र ॥ १ ॥
खपुष्पाची पूजा बांधानि निगुणी । लक्ष्मीनारायणा तोषवावें॥२॥
वंध्यापुत्राच्या लग्नाचा सोहळा । आपुलिया डोळां पाहोवेगीं ॥३॥
मृगजळ पोही घालुनि सज्ञाना । आपलिया जना निववावें ॥४॥
तुका ह्मणे मिथ्या देहेंद्रियकर्म । ब्रह्मापर्ण ब्रह्म होय बापा ॥५॥

વેદાંતનો પ્રસિદ્ધ માયાવાદ નીચેના અભંગમાં દર્શાવ્યો છેઃ—

मायेसी पाहुनी लुब्धलेसे प्राणी । नेणतीच कोणी हरी लागीं ॥१॥
मायेचा व्यापार झालासे बहुत । तेथें आत्मज्योत कोणजाणे ॥२॥

मायेने वेष्टिलें अवघें जगत । तेथें तो विचार काय सुचे ॥ ३ ॥
तुका ह्मणे आह्मी मायेसी पाहून । परब्रह्म जाण ओळखिलें ॥४॥

ओंकाराचे पूर्वी निघालें जें फळ । ओतलें सकळ मात्रारुप ॥१॥
ओंविलेवो मणी सुत्रमणी गणी । ओंकाररूपिणी माया होय ॥२॥
वारे लहे माया वागवाचा वदा । ध्यावें या गो विंदा एकाभावें ॥३॥
वेदांचि ये बीज ओंकाराचें निज । तुका ह्मणे मज आवडलें ॥४॥

આ અને એવાં બીજા સેકડો વેદાન્તિક વચનો તુકારામ મહારાજના અભંગોમાંથી મળી આવે છે, અને તે ઉપરથી તેઓ વેદાંતી હતા એમ સિદ્ધ થાય છે. વળી તેઓ વિઠ્ઠલભક્ત હતા, તેનાં બીજ પણુ તેમના અભગોમાં અનેક સ્થળે પ્રકટ થયા છે. દાખલા તરીકે તેમનુ નીચેનુ વચન જૂઓ.

उत्तम चांडाल नरनारी बाल । अवघेचि सकल चतुर्भुज ॥१॥
अवघा विठ्ठल तेथें दुजा नाहीं । भरला अंतर्बाहीं सदोदित ॥२॥

આ પ્રમાણે વેદાંતમતનો સંપૂર્ણ રીતે સ્વીકાર કર્યા પછી, તુકારામ મહારાજની વૃત્તિ નીચે પ્રમાણે થઇ હતી:—

विष्णुमय जग वैष्णवाचा धर्म । भेदाभेद भ्रम अमंगळ ॥ १ ॥
आइकाजी तुह्मी भक्त भागवत । करालतें हित सत्यकरा ॥ २ ॥
कोणाही जिवाचा नघडो मत्सर । वर्म सर्वेश्वर ़जनाचें ॥ ३ ॥
तुका ह्मणे एकादेहाचे अवयव । सुख दुःख जीव भोग पावे ॥४॥

તુકારામ વેદાન્ત વાદી હતા, તોપછી તેઓ મરણુ પર્યંત પંઢરપુર શા માટે જતા હતા? એવો સહજ પ્રશ્ન થાય, તો તેનો ઉત્તર તેમનાજ નીચેના અભંગમાંથી મળી આવે છેઃ—

कायाहे पंढरी प्रेम पुंडलीक । सत्रावी सन्मुख चंद्रभागा ॥ १ ॥
परा ते ची वीट आत्मा पंढरीनाथ । जेथे पाहिजे तेथें ठसावला॥२॥
शांति क्षमा दोन्ही राई रुकमिणी । दोहीं भागीं दोन्ही विराजती॥३॥
विवेक वैराग्य गरुड हनुमंत । जोडोनियां हात तिष्ठताती ॥४॥
तुका ह्मणे आह्मीं पंढरी देखिली । गांठी हे सुटली चौदेहांची ॥५॥

औट हाताची पंढरी । बरवी साधिली साजिरी ॥ १ ॥
स्थूल सूक्ष्म कारण । चौथें जाण महाकारण ॥ २ ॥
अंतीं कारणाची शोभा । मध्यें उन्मनीची प्रभा ॥ ३ ॥
तुका ह्मणे धरा भाव । तुमचा तुह्मां पाशी देव ॥ ४ ॥

તુકારામ મહારાજની ચિત્તવૃત્તિ આ પ્રમાણે હોવા છતાં પણ તેમણે ભક્તિમાર્ગને અત્યંત હિતકર માન્યો છે, એમ તેમના નીચેના અભંગમા ૨૫૯ દેખાઇ આવે છેઃ—

मोक्षाचे आम्हांसी नाहीं अवघड । तो असे उघड गांठोडीस ॥१॥
भक्तीचे सोहळे होतील जीवासी । नवलते विशीं पुरवितां ॥२॥
ज्यांचें त्यासी देणें कोणतें उचित । मानूनियां हितघेतों सुख ॥३॥
तुका ह्मणे सुखें देई संवसार । आवडी सीथारकरी माझे ॥४॥

कासयासीं व्हावें जीतांचि मुक्त । सांडुनियां थीत प्रेमसुख ॥१॥
वष्णवांच दास झाला नारायण । काय त्या मिळोन असे काम॥२॥
कायत्या गांठीचे पडलें सुटोन । उगेचि बैसोन धीर धरूं ॥३॥

सुख आम्हांसाठीं केलें हें निर्माण। निर्दैव तो कोण ह्मणे लाता॥४॥
तुका ह्मणे मज न लगे सायुज्यता। राहेनया संता समागमें ॥५॥

आत्मस्थिति मज न कोटा विचार। देई निरंतर पादसेवा ॥१॥
जन्मोजन्मीं तुझा दास मेघश्यामा। हाचि गौडप्रेमा देई देवा ॥२॥
काय सायुज्यता मुक्ति हाचि गोड। देवभक्त कोड तेथें नाहीं॥३॥
काय तें निर्गुण पाहो वेश्ये परी। वर्णूं तुझी थोरी किती कैसी ॥४॥
गोड पादसेवा देव भक्तपण। मजदेवा जाण दुरा विसी॥ ५ ॥
जाणत्या पासूनि सांडावें त्याजीवा। निरंतर सेवा देई पाद ॥ ६ ॥
तुका ह्मणे गोडनेघे प्रीतिकर। प्रेमतेंहि सार सेवा हेर ॥ ७ ॥

પ્રિય વાચક! તુકારામ મહારાજના મતનું સંક્ષિપ્ત નિરૂપણ આ પ્રમાણે છે. આ સિવાય બીજા પણ અનેક અભંગોમાં તેમણે પોતાના વિચારો દર્શાવ્યા છે, પરંતુ તે સઘળાનો ઉલ્લેખ કરવા બેસીએ તો આ પ્રકરણ અને ગ્રંથ પણ ઘણો મોટો થઇ જાય, તેથી જીજ્ઞાસુ વાચકોને તેમના સમસ્ત અભંગો વાંચવાની સલાહ આપીનેજ તેમના મહદ્ ઉપદેશના સારાંશનો ઉલ્લેખ કરી, પ્રસ્તુત પ્રકરણ સમાપ્ત કરીશું.

તુકારામ મહારાજના સમસ્ત અભંગોનું પૃથક્કરણ કરતાં તેમાં નીચેના ઉચ્ચ ભાવોનો ઉપદેશ વ્યક્ત થાય છે.

૧ સુખ, દુઃખ, સંપદ્, વિપદ્ સકળ અવસ્થામાં શ્રી ભગવાનની ભક્તિ કરવી.

૨ રક્ષક, પોષક અને આશ્રયદાતા તરીકે તેની ઉપર સંપૂર્ણ ભરોસો—આધાર રાખવો.

૩ તે મહાન પ્રભુ કેવળ ભક્તિથીજ—શુદ્ધ પ્રેમથીજ પ્રાપ્ત કરી

શકાય છે. બાહ્યાડંબરથી તેમની પ્રાપ્તિ થતી નથી.

૪ સમસ્ત જીવ તરફ દયા, ચરિત્રની નિર્મળતા અને આત્મામાં નિરંતર ભગવાનના આવિર્ભાવની અનુભૂતિ એ ધર્મનાં અંગો છે. ભસ્મલેપન અને જટાધારણ વગેરે તો ધર્મનાં નિકૃષ્ટ ચિહ્નનજ છે.

૫ દ્વિજ, શૂદ્ર, સ્ત્રી, પુરૂષ, સર્વ ભગવાનની કૃપાનાં અધિકારી છે. જાતિ કે વંશ સાથે ભગવત્કૃપાને કાંઇ પણ સબંધ નથી.

૬ ભગવાન સાથે જીવનો સંબંધ ઘણો નિકટ અને મધુર છે. તે આપણાથી લેશમાત્ર પણ દૂર નથી. વ્યાકુળ ચિત્તે તેમનું આહ્વાન કરવાથી આપણે તેમને પ્રાપ્ત કરી શકીએ છીએ.

તુકારામ મહારાજના પ્રચારિત ધર્મના આ મૂળ મંત્રો છે, અને એનાથીજ તેમણે મહારાષ્ટ્ર દેશનાં આબાલવૃદ્ધ સકળને મોહિત કર્યાં હતાં. તેમના ઉપદેશથી મહારાષ્ટ્રવાસીઓમાં નવીન ચૈતન્ય આવ્યુ હતું, અને તેના પ્રભાવથી તેમણે જે કાંઇ મહત્ કાર્યો કર્યા છે, તે ઇતિહાસપ્રેમી પાઠકોથી અજાણ્યા નથી. તુકારામ મહારાજના સ્વર્ગ-ગમનને આજે અઢીસો વર્ષ થઇ ગયાં છે, તે છતાં પણ તેમના ઉપદેશની અસર લુપ્ત થઇ નથી, અને હજુ પણ સેકડો મહારાષ્ટ્ર-વાસીઓ પરમ પ્રીતિપૂર્વક તેમના અભંગોનું કીર્તન કરે છે; એજ તેમના ઉપદેશની મહત્તા દર્શાવી આપે છે.

ઉપસંહાર.

भगवद्भक्ति कराया बहु जड जीवांसिजो तुका शिकवी ।
याच्या दुसरा धरणीवरि येइल कोण हो तुकासि कवी ॥


मोरोपंत

આ પ્રમાણે તુકારામ મહારાજના ચરિત્રના એકંદર ભાગોનુ નિરૂપણ કર્યું છે, એમાંનો કેટલોક ભાગ અપૂર્ણ હશે. પરંતુ તેનો ઉપાય નથી. આપણા દેશમાં આવા મહાપુરૂષોનો યથાર્થ ઇતિહાસ લખી રાખવાની પ્રથા નહોતી. અનેક મહાત્માઓના પવિત્ર ચરિત્રનો વિશ્વાસપાત્ર ઇતિહાસ આપણને મળી શકતો નથી. પરંતુ જે કેટલાક મહાપુરૂષોનુ કીર્તિતેજ સર્વત્ર પ્રસરીને તેમનાં વખાણ સર્વના મુખે થવા પામ્યા હતા તેમના સબંધમાં પિતૃ–પુત્ર–પરંપરા દંતકથાઓ ચાલી હતી. આ દતકથા અને લોકવાર્તાને આધારે કેટલાક કવિઓએ કવિતારૂપે ચરિત્રો લખ્યા છે. પરતુ તેમાંથી ખરા ઐતિહાસિક ચરિત્રનું શોધન કરવું બહુજ દુષ્કર છે. આપણા ચરિત્ર–નાયકના જીવનવૃત્તાંતની સ્થિતિ પણ એવીજ હોવાથી, અમે જેટલી વિશ્વસનીય માહિતી મળી તેટલીજ પ્રસ્તુત પુસ્તકમાં ગ્રથિત કરી છે.

जगाच्या कल्याणा संताच्या विभूति । देहकष्ट विती उपकारे ॥

એ સ્વોક્તિ પ્રમાણે તુકારામ મહારાજે પોતાનું વર્તન છેવટ પર્યંત એકસરખુ રાખ્યું હતું. પોતાને જે મોક્ષમાર્ગ સત્ય લાગ્યો, તેનો ઉપદેશ પોતાના બાંધવોને કરીને તેમને સન્માર્ગે ચડાવવાને તેમણે જીવનપર્યંત અથાગ પરિશ્રમ ઉઠાવ્યો છે. પોતાનાં આચરણ સદાસર્વદા પરમ શુદ્ધ રાખી, અન્ય મનુષ્યોમાં સદાચાર અને સદ્‌ભાવનાં બીજ રોપી તેમની ઉન્નતિ કરવાનો પ્રયત્ન કરવો એજ પોતાનુ પરમ કર્ત્તવ્ય છે, એવી તેમની દૃઢ માન્યતા હોવાથી તે પ્રમાણે કરવાને

તુકારામ મહારાજે પોતાની શક્તિ પ્રમાણે પરિશ્રમ કર્યો છે. અન્ય વિરાગીઓની પેઠે સંસારનો ત્યાગ કરી એકાદા તીર્થ ઉપર સ્વસ્થ રીતે જ્ઞાનાનંદ ભોગવવાનો માર્ગ તેમણે લીધો નથી. પ્રારંભમાં એક બે વખત તેમની વૃત્તિ એવી થઇ ગઇ હતી, પરંતુ તે કાયમ રહી નહોતી, એ મહારાષ્ટ્રનું મોટું સદ્‌ભાગ્ય સમજવું. કારણ કે જો તેઓ પૂરા વૈરાગી બનીને કોઇ નિર્જન એકાંત સ્થળમાં ચાલ્યા ગયા હોત, તો તેમની ઉપદેશપૂર્ણ પ્રાસાદિક કવિતાઓ મહારાષ્ટ્રવાસિયોને કદિ પણ પ્રાપ્ત થાત નહિ. તુકારામ મહારાજના દેહાવસાન થયાને આજકાલ કરતાં લગભગ અઢીસો વર્ષો થઇ ગયાં છે. પરતુ તેઓ પોતાની અભંગ-વાણીથી હજુ પણ અમરજ છે. તેમનો ખરેખરો આંતરિક અમૃતતુલ્ય સદ્‌બોધ વાંચીને, કિંવા સાભળીને લક્ષાવધિ લોકોની આધ્યાત્મિક ઉન્નતિ થઇ છે, અને હજુ પણ તેજ પ્રમાણે થતી રહેશે એમાં લેશ માત્ર પણ સંશય નથી. સદ્‌ભાવ, સદાચાર, નિરહંકારતા, પરોપકારબુદ્ધિ, વિનય, મનોનિગ્રહ ઇત્યાદિ જે ઉજ્જવલ સદ્‌વૃત્તિ તેમનામાં પૂર્ણરૂપે વિકાસ પામી હતી. તેનું અનુકરણ કરવું સર્વતોભાવે ઇષ્ટપ્રદ છે, અને તેજ આ તુકારામ ચરિત્રનો સારાંશ છે. અમારા સુજ્ઞ વાચકો એવા સદ્‌ગુણો સંપાદન કરવાને યથાશક્તિ પ્રયત્ન કરી કલ્યાણભાગી બનો એવી ભાવના સાથે આ ઉપસંહાર સમાપ્ત કરીએ છીએ.


સમાપ્ત.

स्व० न्यायमूर्त्ति रानडे.



Ranade !

Then in such hour of need
        Of your fainting, disspirited race,
Ye, like angels, appear
        Radiant with ardour divine !
Beacons of hope, ye appear !
        Langour is not in your heart,
Weakness is not in your word,
        Weariness not on your brow,
Ye alight in our van ! at your voice
        Panic, despair, flee away.
Ye move through the ranks, recall
        The stragglers, refresh the outworn,
Praise re-inspire the brave !
        Order, courage, return.
Eyes re-kindling, and prayers
        Follow your steps as ye go.
Ye fill up the gaps in our files,
        Strengthen the wavering line,
Stablish, continue our march,
        On, to the bound of the waste,
On to the City of God.

—*Mathew Arnold*

લેખકના ચાર બોલ.

" બુકર ટી. વૉશિંગ્ટનને ગ્રેજ્યુએટ કરવા સિવાય હૅમ્પ્ટન સંસ્થાએ બીજું કંઈ પણ ન કર્યું હોત તોપણ તે સંસ્થા કૃતકૃત્ય અને ધન્યવાદને પાત્ર થઈ હોત ! "

હૅમ્પ્ટન સંસ્થાના સ્થાપક જનરલ આર્મસ્ટ્રૉંગના આ સત્ય અભિમાનપૂર્ણ શબ્દોનો આપણા ચરિત્રનાયકના સંબંધમાં, વિસ્તારથી લખતાંપૂર્વે, થોડાક ફેરફાર સાથે, આશ્રય લઈશું તો અનુચિત નહિ ગણાય. આપણે એ શબ્દોમાં આવો ફેરફાર કરીશું:—

" ગોપાળ કૃષ્ણ ગોખલેને રાજ્યનીતિ નિપુણ કરવા સિવાય જસ્ટીસ માધવ ગોવિંદ રાનડેએ બીજું કંઈ પણ ન કર્યું હોત તોપણ તેમનું જીવન કૃતકૃત્ય અને ધન્યવાદને પાત્ર થયું હોત ! "

રાનડેનું આ ચરિત્ર વાંચતાં, તે સંક્ષિપ્ત હોવાથી, જો કે તેમનો અને ગોખલેનો એ ગુરુશિષ્ય તુલ્ય, પિતાપુત્ર તુલ્ય, સંબંધ સ્પષ્ટ થતો નથી, છતાં માધવરાવ પોતે સરકારી અમલદાર હોવાથી જે કેટલીક બાબતોનો ઉહાપોહ કરી ન શકતા તે બાબતોનો ઉહાપોહ પોતાના જીવતાં ગોખલે પાસે કરાવતા અને પોતાના મરણ બાદ પણ પોતાની હીલચાલ શિથિલ ન થઇ પડે તે સારૂ તેમને બીજી બાબતોની પણ યોગ્ય તાલીમ આપતા એ સર્વશ્રુતજ છે. આથીજ આપણે અત્યારે નામદાર ગોખલેની સ્વદેશભક્તિ, આત્મભોગ, અર્થશાસ્ત્ર-નિપુણતા, રાજ્યનીતિ–વિશારદતા, ઇત્યાદિ જોઈ તેમના ગુરૂ–તેમના હીરા જેવા મગજને પૅલ પાડી પૉલીસ કરનાર–ન્યાયમૂર્તિ રાનડેનું સ્મરણ કરી તેના આત્માની મહત્તા અનુભવીએ છીએ. આવા સંજોગોમાં જનરલ આર્મસ્ટ્રૉંગના શબ્દોમાં ફેરફાર કરી શરૂઆતમાં જે વચનો ઉચ્ચાર્યાં છે તે શું યથાર્થ નથી ?

પુણ્યચરિત્ર માધવરાવ રાનડેનું ચરિત્ર, "સત્ય" માસિકમાંના મ્હારા લેખપરથી મોટું કરવા જ્યારે પ્રકટકર્ત્રી સંસ્થાના મંત્રીએ મને લખ્યું ત્યારે તેને સંક્ષિપ્તમાં બધી હકીકતની માહિતી આપનારૂં કેમ કરવું, તે માહિતી કેવી રીતે મેળવવી, એ સબંધી મ્હારા મનમાં કંઈક ચિંતા ઉત્પન્ન થતા આપણા દેશના ખરા ઇતિહાસની, ઇતિહાસપ્રસિદ્ધ પુરૂષોનાં ચરિત્રોની, પૂર્ણ અને સત્ય માહિતીથી આપણે શા કારણે અજ્ઞાત રહીએ છીએ–તે ચરિત્રો લખતાં શા સારૂ ચિંતાતુર થવું પડે છે તે વિષે કેટલાક વિચાર ઉદ્ભવ્યા; જે સંક્ષિપ્તમાં વાચકોની જાણ સારૂ નીચે મુજબ સંકલિત કરી નિવેદિત કરૂં છું.

આપણા દેશમાં રોજના બનાવોની નોંધ રાખવાનો રિવાજ પ્રાયઃ નથી. જેમ માત્ર યાદદાસ્ત ઉપરથી ચઢી ગએલું નામુ લખનારનો મેળ બરાબર મળતો નથી તેમ નાયકના ચરિત્રમાંના દિવસાનુદિવસ બનેલા બનાવોની સુસંગતતા પાછળથી લખાતી નથી ઉપરાંત આપણા નાયકો પત્રો લખે છે તેની નકલ કે ટુંકુ ટીપ્પણુ પણુ રાખતા નથી. આવેલા પત્રોનુ પણુ કામ થઇ રહેતાં તેનો નીકાલ કરી નાખે છે સાધુસંતોના ભાવિક ભક્તો સાધુઓનાં ચરિત્રો લખે છે ખરા અને તેમા ભાવિકોની ભક્તિનું, તેમના વિશ્વાસનુ, અને તેમની માન્યતાનુ ઘણે અંશે સત્ય ચિત્ર આપણને દેખાઇ આવે છે ખરૂં; છતાં "શ્રુતિબોધ" ના અધિપતિના મત મુજબ જેમ શ્રીમતી રમાબાઇ રાનડેએ લખેલા પોતાના આત્મ ચરિત્રના પુસ્તકમા "ઇતિહાસત્વ" નો અંશ નજીવો છે તેમ આવા અનન્ય ભક્તો તરફથી લખાએલાં સંત ચરિત્રોમાંથી પણ ઇતિહાસત્વનો અંશ પ્રાયઃ નાબુદ થઇ ગયો હોય છે. બીજા કેટલાકનાં ચરિત્રો તેમના મિત્રો લખે છે ખરા, પણ તેમાં, જન્મ–બાળપણુ–લગ્ન–ધંધો–અપત્ય–કેટલોક સાંસારિક વ્યવહાર –માંદગી–અને છેલ્લે મરણુ:–એટલીજ હકીકત ઘણું ખરૂ હોય છે–જે

વિશિષ્ટ ગુણને લીધે તેનું ચરિત્ર લખેલું જનસમાજને ઉપયોગી થઇ પડવાનો સંભવ હોય છે તેનું તો તેમાં વર્ણનજ હોતું નથી! આવાં ચરિત્રોથી લાભ શો?

ઘણા વિખ્યાત પુરૂષોનાં જૂદે જૂદે સ્થળે ભાષણો થાય છે. તેમાં જો વક્તાએ પોતેજ પોતાનું ભાષણ લખ્યું હોય તો તો ઠીક, નહિ તો વર્ત્તમાનપત્રમાં—અને ગમે તે ગામમાં હોય તોજ—તેમાં એટલો ઉલ્લેખ આવે છે કે "...નું ભાષણ બહુ ઉત્તમ થયું; અને શ્રોતાઓપર તેનો સારો પ્રભાવ પડયો" બહુ બહુ તો તેનો સાર બે ચાર લીટીમાં આપેલો હોય છે! આથી જેઓ સમયસ્ફૂર્ત્તિથી—ટીપ્પણો કર્યા વગર કે લખી લાવ્યા વગર—ભાષણો કરે છે તેમનું ભાષણ બહુ બહુ તો તે ભાષણના શ્રોતાઓનાજ મનપર કંઇક સામયિક અસર કરી શકે છે, જ્યાં ભાષણ થયુ હોય તે ગામની બહારના લોકોને, કે ભાષણમાં હાજરી ન આપી શક્યા હોય તે લોકોને, કે ભાવિ પ્રજાને, તેનાથી કંઇ લાભ થતો નથી. સારા રીપોર્ટરોને અભાવે વિલાયતમાં અરાડમી સદીમાં થઈ ગએલા લૉર્ડ ચૅથમનાં ભાષણો તે પછીની પ્રજાને નામશેષ થયાં એમ લૉર્ડ મૅકૉલેએ જેમ લખ્યુ છે, તેમજ હિંદના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોનાં ભાષણો પણ નામશેષ થયાં છે. મૂળે તો લોકોની એ વિષય તરફ અનાસ્થા અને બીજું આપ્તોની અનાસ્થાની તેને જોડ મળે એટલે તો પછીજ પૂછવુજ શુ? પણ વિલાયતમાં એમ નથી. ત્યાં પ્રસિદ્ધ પુરૂષોનાં ચરિત્રો—ચરિત્રો નહિ તો તે તૈયાર કરવાને સારૂ જોઇતી સર્વ માહિતી—તેમના મિત્ર, પતી, પુત્ર, પુત્રી ઇત્યાદિ છાપી જલદીથી પ્રકટ કરે છે. વળી તે કંઇ ટુંકમાં પણ હોતાં નથી—મોટા મોટા બે ત્રણ ગ્રંથોમાં હોય છે. તેમાં કુલે હકીકત સવિસ્તર આપેલી હોય છે. આથી એકાદ વાર્તામાં જે પ્રસંગ વિવિધતા આવી શકતી નથી તે આવાં ચરિત્રોમાં આવે

છે અને તેથી તે ઉપયોગી થઇ પડવા સાથે મનોરંજક પણ થઇ પડે છે. લૉર્ડ રૅન્ડૉલ્ફ ચર્ચિલના અને ગ્લૅડસ્ટનના ચરિત્રમાં એવા કેટલાક પ્રસંગો છે. સુપ્રસિદ્ધ પ્રો. મૅક્સમુલરની પત્નીએ પોતાના પતિના પત્રોના બે મોટા મોટા ગ્રન્થો પ્રકટ કર્યા છે; જેમાંથીએ ઘણું જાણવાનું મળે છે.

આવા સંજોગોમાં રાનડેના ચરિત્રને લગતી સામગ્રી જ્યાં જ્યાંથી મળી ત્યાં ત્યાંથી એકત્રિત કરી, તેનો અભ્યાસ કરી આ સંક્ષિપ્ત ચરિત્ર તૈયાર કર્યું છે.

આ ચરિત્ર જો કે, હમણાંના આકારમાં સાધારણ રીતે વિસ્તૃત જણાય છે ખરૂં, છતાં તેનું બીજ ઉપર કહ્યું તેમ, એક લેખજ હતો. આથી તે બીજમાંથી ઉત્પન્ન થએલું વૃક્ષ પણ એક લેખ જેવુંજ (પ્રકરણોવાળા પુસ્તક જેવું નહિ) થયું છે. વળી તે બીજરૂપ મૂળ લેખ પણ ચરિત્ર લખવાનો મ્હારો પહેલોજ સાહસ હોવાથી તે સર્વથા ભૂલ રહિત હોય એ સંભવિત નથી. ઉપરાંત એ લખાયા પછી ફરી વંચાયુંએ નથી. તેથી ભાષાદોષ અને એવા બીજા પણ કેટલાક દોષ રહી ગયા હશે; તે વિષે વાચકો પાસે ક્ષમાની યાચના છે.

વાચકો, મુખ્યત્વે કરી સંસારસુધારકો, આ ચરિત્ર વાંચી, તેપર વિચાર કરી પોતાના વ્યવહારમાં તેનો ઉપયોગ કરશે તો પોતાને તેમજ જનસમાજને બહુ લાભકર્ત્તા થઇ પડશે એવી આશા છે.

ગિરગામ મુંબઈ.
વૈશાખ શુક્લ દ્વિતીયા. } મગનલાલ.

स्व० न्यायमूर्ति रानडे.

प्रास्ताविक.

नरपतिहितकर्ता द्वेष्यतां याति लोके ।
जनपदहितकर्ता त्यज्यते पार्थिवेन ॥
इति महति विरोधे विद्यमाने समाने ।
नृपतिजनपदानां दुर्लभः कार्यकर्ता ॥

"રાજાનું હિત કરનાર પર લોક દ્વેષ કરે છે; અને લોકોનું હિત કરનાર પર રાજાની અપ્રીતિ રહે છે. આ મુજબ પરસ્પર મોટો વિરોધ હોવા છતાં રાજા અને પ્રજા એ બન્નેનું હિત કરી બન્નેને પ્રિય થઇ પડનાર મનુષ્ય દુર્લભ છે."

આ દેશના લોકોએ જ્ઞાન સંપાદન કરી જે એક મહત્કાર્ય કરવાનું છે તે એ છે કે, ધર્મ, લોકવ્યાવહાર, વ્યાપાર, કળાકૌશલ્ય, રાજ્યવ્યવસ્થા, ઇત્યાદિ સબંધમાં આ દેશ જે સૌથી પછાત છે, તેની અવનતિનાં કારણો શોધી કાઢી, તે કારણનું નિવારણ થાય એવા ઉપાયો શોધી કાઢી દેશની ઉન્નતિ થાય એવા ઉપાયોની યોજના કરવી. એ કામ જેમ અત્યંત આવશ્યક અને અત્યંત પવિત્ર છે તેમ અત્યંત ગહન પણ છે; અને તેથી એ દિશામાં જે બંધુઓ કામ કરે છે તેજ ખાસ વિદ્વાન હોઇ ધન્યવાદને પાત્ર છે.

હંમેશાં પ્રસિદ્ધ પુરૂષોની કારકીર્દિ જેટલી જાહેર પ્લેટફૉર્મોપર કે વર્તમાનપત્ર કે પુસ્તકોના પાનાંપર આવકારદાયક લેખાય છે, તેટલી તેમના પોતાના સાંસારિક વ્યવહારમાં આવકારદાયક જણાતી નથી!

ઘણુંખરૂં તો ધણીસાહેબ બહાર બીજાઓને તેમના કુટુંબાદિ સારૂ જે ઉપદેશતા હોય છે તેનાથી બીલકુલ વિરૂદ્ધજ તેમનાં પત્નીસાહેબ તેમને ઘેર આચરતાં હોય છે! તેમનો પોતાનો વ્યવહાર પણ બોલવામાં અને આચરણમા એક હોતો નથી!

"બાઇ તો ભૂગોળ ને ખગોળમાં રમે છે ને બાઇ તો ચૂલા માંહ્ય"—એ નવલોક્તિ કંઇ નહિ તો આવા પ્રસિદ્ધ પુરૂષોના સંબધમા તો બરાબર બેસતી આવે છે? એવા પ્લેટફૉર્મ ધ્રૂજાવનારા અને કાગળના સમુદ્રપર કલમનું નાવ સહેલાઇથી ચલાવનારા પુરૂષોનું આંતર્ અને બાહ્ય જીવન એકસરખુ હોવું એ લગભગ અશક્ય માલૂમ પડે છે! સ્ત્રીકેળવણીના હીમાયતીઓમાંથી ઘણા થોડાકોએજ પોતે પોતાની સ્ત્રીને કેળવણી આપવાની માથાકૂટ કરી હશે! આથી આવા પુરૂષોનું આંતર્ જીવન બહુજ થોડુ બોધપ્રદ હોય તો નવાઇ નથી; પણ જસ્ટીસ રાનડેનું ચરિત્ર આપણને ઉપલા નિયમમાં અપવાદ રૂપ લાગે છે અને એ ખાસ વિશેષતાને લીધેજ આપણે તેમના જાહેર ચરિત્રને ગૌણપદ આપી આતર્—જીવનને પ્રમુખપદે સ્થાપીશુ.

માતુશ્રી રમાબાઇના **आमच्या आयुष्यांतील कांही आठवणी** વાળા પુસ્તકની પ્રસ્તાવનામાં પ્રો. મી. ગોખલે લખે છે કેઃ—

"પાશ્ચાત્ય સમાજમાં પુષ્કળ કુટુંબમા પતિપત્નીમાં પરાકાષ્ઠાનો પ્રેમ દેખાઇ આવે છે ખરો, પણ તેમનો પરસ્પર ભાવ ઘણું કરી બરોબરીનો હોય છે; પણ તેવાજ પ્રકારનો પ્રેમ બન્નેમાં હોતાં, પત્નીએ પતિની સેવામાં પોતાનું સર્વસ્વ અર્પી, તેમાંજ ધન્યતા માનવી, એ પૂર્વની—અને ખસુસ કરી હિંદુસ્તાનની—સ્ત્રીઓનો મનોધર્મ છે. આ મનોધર્મ હજારો વર્ષોના સંસ્કારોનું અને પરંપરાનું ફળ છે; અને તેનું અત્યંત મોહક સ્વરૂપ આ પુસ્તકમાં જણાઇ આવે છે. નવું શિક્ષણ, નવી કલ્પના અને નવી પરિસ્થિતિથી વિચાર તેમજ આયુષ્યક્રમને

નવું વલણ આવ્યા છતાંએ રમાબાઇ જેવી સ્ત્રીઓનો જે મનોધર્મ છે તેજ કાયમ રહે છે. એથી પુષ્કળ બોધ લઇ શકાય એમ છે."

"બીજી જે બાબત વાચકોના વિશેષ લક્ષમાં આવશે તે જુના કાળના સંકુચિતહૃદયનાં મનુષ્યો તરફથી સ્ત્રીશિક્ષણ વગેરે સમાજ-સુધારણાની બાબતમાં શોષવી પડતી મુશ્કેલીની છે..."

હિંદ અને યૂરોપની સ્ત્રીઓનો આદર્શ-ભેદ શો છે તે ઉપલા થોડા શબ્દોમાં સ્પષ્ટ થઇ જાય છે; અને તેથી મીસ્ટર રાનડેનું ચરિત્ર જેટલું પુરૂષોને બોધપ્રદ છે, તેટલુંજ મીસીસ રાનડેનું ચરિત્ર-કે જે પણ પરોક્ષ કે અપરોક્ષ રીતે આમાં ગુંથાએલુ છે તે સ્ત્રીઓને બોધપ્રદ છે એટલે કે એ દંપતીનુ ચરિત્ર સ્ત્રીપુરૂષ બન્નેને બોધ લેવા લાયક એક વિષય છે.

મહાત્માઓની જયંતિઓ નામ માત્રને ખાતર ઉજવવા કરતાં તેમને પગલે ચાલવાનો પ્રયત્ન કરી ઉજવવી એ મહાત્માની વિશેષ ભક્તિપૂર્વક પૂજા છે, અને એવા સાર્વજનિક ગુરૂનું, તેના શિષ્યો તરફનું, તે એક સૌથી સરસ અને ભક્તિપૂર્ણ શ્રાદ્ધ કરવા બરોબર છે ! એટલુંજ નહિ પણ સ્થૂળ શ્રાદ્ધો કરતાં એવાં સૂક્ષ્મ શ્રાદ્ધોથી તેઓ વધારે અને જલદી તૃપ્ત થવા પૂર્ણ સંભવ છે.

જસ્ટીસ માધવરાવ ગોવિંદ રાનડે, ઇ. સ. ની ઓગણીસમી સદીના એક મહાન નરરત્ન થઇ ગયા છે, એમ કહેવા કરતાં તે ઓગણીસમી સદીમાં પ્રકટ થઇ પોતાનું નામ બીજી અનેક સદીઓ સુધી કાયમ કરી ગયા છે, એમજ કહેવું યથાર્થ થઇ પડશે. તેમનાં મંતવ્યો માત્ર તેમનાજ જમાનાને લાગુ પડે તેવાં નહોતાં પણ તેમની પછી થનારા તેમના શિષ્યોની કેટલીક પેઢીઓને પણ તેમણેજ આંકેલે માર્ગે જવામાં બીલકુલ હરકત પડે નહિ તેવાં હતાં. તેમનો શાંત માયાળુ સ્વભાવ, કુટુંબવત્સલતા, વ્યવહારચાતુર્ય, સંસારસુધારો કઇ રીતે વ્યવહારમાં આવી શકે તેનું માર્ગ-શોધન, લોકોમાં રહીને કોઇ

પણ સુધારો થઈ શકે: તેમનાથી જૂદા થઈને નહિ—એવું સ્પષ્ટ કરી બતાવનારૂં બીજાને અનુકરણીય આચરણ, અને ઔદ્યોગિક તેમજ સાહિત્ય તથા ઇતિહાસવિષયક બાબતોનુ તેમજ રાજકીય બાબતોનુ ઉંડું જ્ઞાન, એમાનો દરેક ગુણ તેમની મહત્તા સિદ્ધ કરવાને પૂરતો હતો.

પણ માધવરાવમાં તો તે સઘળા ગુણ હતા ! અને તેથીજ તે હિંદના એક નરરત્ન ગણાય છે. આથી તેમનાં ચરિત્રમાંથી દરેકને કાઇ ને કાંઇ શીખવાનુ તો મળશેજ. ખાસ ખૂબી તો એ છે કે જ્યારે તેમનાથી અનેક દરજ્જે હલકી પ્રતિના લોકો પોતાની પછી પોતાના જેવું બીજું કાંઇ ન થાય અને તેથી પોતે આદરેલુ કાર્ય અધુરૂં રહેતા લોકોને પોતાની યાદ આવે એમ ઇચ્છે છે. ત્યારે માધવરાવ પોતાની હીલચાલો પોતાના અવસાન બાદ પણ સતત ચાલુ રહે એવું ઇચ્છતા; અને તે મુજબ બીજાઓને કેળવી તૈયાર રાખતા એ ગુણનુ જે સોથી સરસ પ્રત્યક્ષ પ્રમાણ જોવું હોય તો તે ઑ. મી. ગોખલેનુ જ છે. નામદાર ગોખલે સ્વ૦ માધવરાવના પટ્ટ શિષ્ય છે અને તે સ્વર્ગવાસીને ગુરૂ અને પિતાતુલ્ય માનતા. આથીજ સ્વર્ગવાસીનાં વિદુષી પત્નીએ પોતાના પતિનુ જે ચરિત્ર લખી જનસમાજ આગળ મધુર ભાષામાં રજુ કર્યું છે તેની પ્રસ્તાવના લખવાને સોથી લાયક નર પણ તેજ હતા; અને તેમને તે વિષેની સૂચના આપવામાં આવતાં તેમણે તે એક વડિલની આજ્ઞાની માફકજ ઉપાડી લીધી હતી, તે યોગ્યજ હતું.

આપણા આજના આગેવાનોમાં અને સ્વ૦ રાનડેમાં જે એક મોટો ભેદ જણાઇ આવે છે તે એ છે કે જ્યારે આજના આગેવાનો એકજ વિષય લઇ બેસે છે અને બીજા તરફ કેવળ દુર્લક્ષ કરે છે ત્યારે માધવ-રાવ તે સઘળાને યથાર્થ ન્યાય આપી શકતા. રાજકીય બાબતોમાં

માથું ફોડનાર એક આગેવાન, સાંસારિક કે ધાર્મિક હીલચાલોમાં તેટલી આગેવાની લેતો ભાગ્યેજ જણાશે ! કદાચ કોઇ હોય છે તો સાહિત્ય, ઇતિહાસ, ઉદ્યોગ, આદિ બાબતોમાં તો તે કેવળ 'એક-ડીઓ' જ જણાય છે ! સ્વ૦ રાનડેએ આ બધા વિષયોનુ દોહન કર્યું હતુ અને તેમના દોહનનુ પાન કરવામાં જનસમાજને કંઇ ઓરજ આનંદ આવતો ?

પૂર્વજ.

રત્નાગિરી જીલ્લાના ચીપલુણ તાલુકામા આવેલા ભોબાર પાચુરી નામના ગામમા રાનડે કુટુબનો મૂળ વાસ હતો. મહારાષ્ટ્રમા આવે એ કુટુબને દશ પેઢીજ થઇ હતી. ગોવિંદરાવ રાનડેના દાદાના બાપ પ્રથમ પંઢરપુર પાસે આવેલા કારકબ ગામે આવી વસ્યા, કે જ્યાં ને વખતે પટવર્ધન સરદારોની સત્તા હતી. ગોવિંદરાવના દાદા ભાસ્કરરાવ, કે જે મરાઠા ઇતિહાસમાં અપ્પાજી ભગવત તરીકે સારી રીતે જણાએલા છે, તે સાંગલી રાજ્યના પેશ્વાની દરબારમાં એલચી હતા એમની માને વીસ છોકરાં થયાં, પણ તેમાંથી એકે ન જીવવાથી તેમણે એક બહુજ કડક વ્રત સતત બાર વર્ષ સુધી આચર્યું. અશ્વત્થ-પીપળાના ઝાડની અને ગાયની પ્રદક્ષિણા કરી પોતાની રોટલીનો લોટ ગોમૂત્રમા બાંધી, તેજ તે ભોળી શ્રદ્ધાળુ બાઇ ખાતી. તે સિવાય બીજુ કાંઇ ખાતી નહિ. અતિથિને પૂર્ણ સંતોષતી અને અશ્વત્થના ઝાડ પાસે તેની એજ માગણી હતી કે 'મને પુત્ર થઇ તેનો વેલ વિસ્તાર પણ ત્હારી માફકજ વધો.' ઇશ્વરકૃપાથી તેની એ માંગણી પૂર્ણ થઈ, અને અપ્પાજી ભગવંતનો જન્મ થયો. એમને પુત્ર થયો

તે એ પૂજાના ફળથી કે અશુદ્ધિ દૂર કરવાનો ગુણ ધરાવનાર ગોમૂત્રની અંદર લોટ બાંધી તેનીજ રોટલી ખાવાથી, એ સવાલનું નિરાકરણ કરવાની અત્યારે આપણને જરૂર નથી. અપ્પાજી ભગવંતના પિતા, જો કે જ્યોતિષનો ધંધો કરતા નહોતા, છતાં તેમણે એકવાર નાના ફડણવીસને કહેલું ભવિષ્ય ખરૂં પડયું હતું !

ભાસ્કરરાવ અપ્પાને ચાર પુત્ર હતા અને તે દરેકને પણ ચચ્ચાર પુત્ર હતા. ભાસ્કરરાવનો એક પુત્ર અમૃત અપ્પાજી રાનડે પૂનાની ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં મામલતદાર હતો.

માધવરાવનો જન્મ.

આ અમૃતરાવ રાનડેના એક પુત્ર ગોવિંદરાવ રાનડે, આપણા ચરિત્ર નાયકના પિતા હતા. ગોવિંદ અમૃત કેટલાંક વર્ષ સુધી નાશિક જીલ્લામાં નિફાડ તાલુકામાં ફડનીસ (ઍસીસ્ટન્ટ મામલતદાર) હતા. બાદ કોલ્હાપુર સ્ટેટમાં જઇ ત્યાં તે એક સાધારણ ' જબાબનીસ'થી 'ખાસગી કારભારી'ની જગ્યા સુધી વધ્યા હતા. પણ ગોવિંદરાવને નિફાડમા ઇ. સ. ૧૮૪૨ ના જાનેવારીની ૧૮ મી તારીખે માધવરાવ રૂપી પુત્રરત્નની પ્રાપ્તિ થયા પછીજ તે કોલ્હાપુર રાજ્યની નોકરીમાં જોડાયા હતા.

માધવરાવનો નવો જન્મ.

એક વખતે પોતાનાં માતુશ્રી સાથે જ્યારે માધવરાવ આંબેગાંવથી કોલ્હાપુર બળદગાડીમાં આવતા હતા ત્યારે જે એક બનાવ બન્યો તેમાંથી જો એ બચ્યા ન હોત તો આજે આપણે માધવરાવ રાનડેનું નામ પણ કદાચ સાંભળ્યું નહોત ! ઉનાળાના દિવસ હોવાથી ગાડી સાંજે જોડી આખી રાત્રિ ચલાવવાની હતી. અધુરામાં પૂરૂં રાત્રિ અંધારી હતી. રાત્રે બે વાગ્યાને સુમારે એમની માતા, પોતે, અને

એમની એક બાળક-બ્હેન, ત્રણે ગાઢ નિદ્રામાં પડયાં. નાની પુત્રીને પોતાની સોડમાં લઇ, માધવરાવને જૂદી ગોદડી નાંખી આપી, ત્યાં સુવાડવામાં આવ્યા હતા. પવન ઠંડો વાતો હતો; તેમની સાથે એક સિપાઇ આગળ, અને તેમના એક વિઠ્ઠલ બાબાજી નામે પિત્રાઇ ઘોડા ઉપર પાછળ આવતા હતા. આગળનો સિપાઇ જરા વિશ્રાંતિ સારૂ ગાડીવાળાની જોડે આવી બેસી ગયો. થોડાક વખત પછી ગાડી વાળો અને સિપાઈ બન્ને ઝોકાં ખાવા લાગ્યા.

બળદ ધીમે ધીમે ચાલતા હતા. વિઠુકાકા ઘણાજ પાછળ રહી ગયા હતા. એટલામાં એક સ્થળેથી બળદને ગાડી જોરથી ખેંચી લઇ જવી પડી અને ગાડીવાળો તથા સિપાઇ બન્ને જાગી ઉઠયા; પરંતુ તે સમયે માધવરાવ એકદમ ગાડીને છેડે આવી પડેલા હતા, તેથી જ્યાંથી બળદને જોરથી ઓળંગી જવાનુ હતું તે સ્થળે આવતાંજ તે ભૂમિ-શરણ થયા ! એમનાં માતુશ્રી તો ગાઢ નિદ્રાનો આસ્વાદ લેતા આ વાતથી અજાણ હાલતમાં પડેલાં હતાં. ગાડી દોડતી હતી તેથી તેના અવાજમાં બાળકના પડવાનો અવાજ ગાડીવાળા કિંવા સિપાઇ બન્નેમાંથી કોઇનેએ કાને ગયો નહિ. ગાડી મૈલ દોઢ મૈલ એમજ ચાલી ગઇ. પાછળથી અર્ધા પોણા કલાકે વિઠુકાકાના ઘોડાનો અવાજ સાંભળી તે બાળકે "વિઠુકાકા ! હું અહીં પડયો છું !" એમ કહ્યું; વિઠુકાકાએ અવાજ ઓળખી તુરતજ ઘોડો ઉભો રાખ્યો અને નીચે ઉતરી એમને ઊપાડી લીધા; અને ગાડી પાસે આવતાંજ બૂમ મારી પૂછ્યું, "ગોપિકા ભાભી, જાગો છો ને ? બાળકોને ઓરાઢેલુ તો બરાબર છે ?"

તેમણે ઉંઘમાંજ જવાબ દીધો. "હા બધું બરાબર છે."

વિઠુકાકાએ ફરીથી પૂછ્યું. "તમે હજુ ઉંઘમાંજ છો; બન્ને બાળક તમારી પાસે છે ને ? બરાબર જુઓ."

આ સાંભળી તે ચમકી ઉઠયાં અને ગાડીમાં આમતેમ જોવાં લાગ્યાં. માધવરાવને ન જોતાં અતિશય બ્હીને રડવા લાગ્યાં; પરંતુ વિઠુકાકાએ તુરતજ ઘોડાપરથી પોતાના ઓઢવાનામાંથી માધવરાવને કાઢી આપી તેમની બીક ભાંગી !

બાળસ્વભાવ અને બાળલીલા.

છઠ્ઠે સાતમે વર્ષે એમને એક મરાઠી નિશાળમાં મૂકવામા આવ્યા. ત્રણથી તેર વર્ષ સુધીની ઉંમરના થયા ત્યાંસુધી તેમનું રહેવાનું કોલ્હાપુરમાંજ થયું હતું, કે જ્યાં મરાઠી અભ્યાસ થયો.

કીર્તને નામના એક પાડોસી કુટુંબ સાથે એમના કુટુંબને બહુ ઘરવટ જેવું હતું. કીર્તનેનાં છોકરાં પાસ થતાં ત્યારે બધાંને કહેતાં કે 'અમે પાસ થયાં.' પણ માધવરાવ પોતાનુ કાંઇ કહેતા નહિ; આથી જ્યારે એમને પૂછવામા આવ્યું ત્યારે એમણે શાંતપણે જવાબ દીધો કે–"એમાં તે શુ મોટું કહેવાનું હતુ? અમે અભ્યાસ કરીએ છીએ તો પાસ થઇશુજ–તેમાં નવાઇ તે શી છે?"

એમની માતાને તો એજ બીક હતી કે આ માધવનુ શુ થશે! તે દશ રૂપિયા કમાઈ પોતાની મેળે પેટ ભરશે કે નહીં ! નાનપણથી કાંઇ છપાંચ આવડે નહિ; દાવપેચ ખબરે નહિ, તેમ સમજાએ નહિ ! એક વખત એક વાતનો આરંભ કર્યો કે તે પૂર્ણ કરવીજ–એવો નિશ્ચય ખરો, પરંતુ તેમાં કોઇએ કાંઇ વિઘ્ન નાંખ્યુ કે રડવા બેસવાની ટેવ ! પછી સમજાવતાં બહુ વાર લાગે. એકડેએકની નિશાળમા માધવને મેલ્યો; ત્યાંથી પાછો આવતાં પણ આખો દિવસ તે ત્યાં કાંઇ શીખ્યો હોય તેનોજ બડબડાટ કરતો અને આંગળીથી ભીંત પર અક્ષરો લખતો !

એકમાર્ગીપણું તો એટલું કે નાની વયે જ્યારે દશ વાગે નિશાળ છૂટતી ત્યારે ઘેર આવતાંજ એમની માતા એમને રોટલીપર ઘી નાંખી

ખાવા આપતી. એક દિવસ ઘી કાઢેલું નહોતું. છાશમાંથી માખણ તારવી ઘી કાઢવાનું હતું, તેથી ઘીને બદલે માતાએ માખણ ચોપડી આપ્યુ. માધવરાવે 'રોજના જેવુ પાતળું ઘી મેલ' કહી હઠ પકડી! આખરે જ્યારે માતાએ ઘીની તાંબડીમા એક ચમચો પાણી નાખી ગરમ કરી, રોટલીપર નાખી આપ્યુ ત્યારેજ તે રોટલી ખવાઇ! એક છોકરીએ ઘણુએ કહ્યું કેઃ "માધવા, તને ત્હારી માતાએ ઘીને બદલે પાણી મેલ્યું!" છતાં એકમાર્ગી માધવાએ તેની પરવા ન કરતા રોટલી ખાઇ રસ્તો માપ્યો!!

નહાવાની શરૂઆત થઇ કે પુરૂષસૂકત ભણવાનો આરંભ થતો. કોઇ વચમા બોલતું તો બીલકુલ ગમતુ નહિ. એક દિવસે સંધ્યા કરતા વિઠુકાકાએ સંધ્યામાંનુજ કંઇક પૂછ્યું; તેનો ઉત્તર દઇ પછી માધવાએ હઠ ધરી કે "હવે હું ફરીથી સંધ્યા પહેલેથી નહીં કરૂં. મને ક્યાંથી થોભાવ્યો તે પ્રથમ કહો, પછી હુ સંધ્યા આગળ ચલાવીશ." આમ હઠ ધરી બેઠો! ઉઠીએ જાય નહિ અને સંધ્યાએ કરે નહિ! આખરે વિઠુકાકાએ અર્ધી સંધ્યા કરીને જ્યારે કહ્યું કે "હવે તુ અહીંયા આગળ ચલાવ, મ્હેં તને અહીંથી થોભાવ્યો હતો," ત્યારે સંધ્યા પૂર્ણ કરી!

તોતડાપણું!

માધવરાવ છ વર્ષના થયા ત્યાસુધી શુદ્ધ ઉચ્ચાર કરી શકતા નહિ. તે કને બદલે ટ, ખને બદલે થ, ગને બદલે ડ, ઘને બદલે ઢ, અને જ્ઞને બદલે નનો ઉચ્ચાર કરતા! તેમની માતાને બહુ ચિંતા રહેતી. તેણે પોતાના બાળકમાથી આ ખોડ દૂર કરવા સારૂ અનેક વ્રત ઉપવાસાદિ કર્યા અને સરસ્વતી દેવીની ઘણી ઉપાસના કરી. સાતમે વર્ષે તેના બાળકની આ ખોડ દૂર થઇ. જે દિને માધવરાવે કનો ઉચ્ચાર કજ, અને બીજા અક્ષરોનો ઉચ્ચાર પણ બરાબર

કરવા લાગ્યા તે દિને આખા કુટુંબમાં બહુ ખુશાલી ફેલાઈ રહી હતી.

નાનપણથીજ સાદાઇ અને સચ્ચાઈ.

વાર તહેવારે દાગીના ઘાલવામાં આવતા, તો માધવરાવ બહુજ આગ્રહ કરાવ્યા પછી પ્રથમ તો પહેરતા; અને પહેરતા તો ગળાના દાગીનાને તેની આસપાસ ધોતીયું વીંટાળી, હાથનાંને બદનની બાંહ્યમા સંતાડી, અને વીંટીને આગળ કરી–મુઠ્ઠી વાળી–તેનુ નંગ ન દેખાય તેમ કરી પહેર્યા ન પહેર્યા કરતા ! કોઈ કારણ પૂછતું તો તેને જવાબ મળતો કે 'આપણે ઘેર ભિક્ષાર્થીઓ આવે છે તેમણે ક્યાં દાગીના પહેર્યા હોય છે ?'

દક્ષિણમાં સાગરગોટાથી રમવાનો ચાલ વિશેષ છે. આપણામા છોકરાઓ તો નહિ પણ છોકરીઓ ક્વચિત્ એ રમત રમે છે ખરી. એકવાર બીજું કોઇ રમનાર ન હોવાથી બાળ માધવરાવ એક બાજુ (ચેતન) અને એક થાંભલો (જડ) સામી બાજુ એમ રમવા લાગ્યા ! પણ જડ સાથે ચેતને રમવું અનુચિત જાણી પોતાના બે હાથની વ્હેચણી કરી અને જમણા હાથને થાંભલાનો પ્રતિનિધી લેખ્યો ! સારે નસીબે થાંભલાને જમણો હાથ મળી જવાથી માધવરાવ બન્ને ફેરી હાર્યો ! આથી એમને ચીડવવા જ્યારે એમ કહેવામાં આવ્યુ કે 'એક થાભલાથી પણ હારી ગયો ને ?' ત્યારે પ્રતિઉત્તર મળ્યો કે 'એમાં શું ? જે ખરૂં તે ખરૂંજ. થાંભલાવાળા હાથના દાવ સારા આવ્યા તે જીત્યો, અને મ્હારા વાળાના સારા ન આવ્યા તેથી હું હાર્યો, તેમાં ફજેતી શી છે ?' બીજો છોકરો થાંભલાને ભાગ્યેજ જમણો હાથ આપતે, અને આપતે તો ભાગ્યેજ પોતાની હાર કબૂલતે !

એક વાર માએ બરફી ખાવા આપી અને બીજા હાથમાં એક નાનો ટુકડો આપી ભૂલથી એમ કહ્યું કે 'આ તું ખા અને તે (મોટો) પેલા છોકરા (મજૂરણના)ને આપ.' માધવાએ માની

આજ્ઞાનુસાર તેમજ કર્યું ! આથી નાનો ટુકડો તેને મળ્યો ને મોટો મજૂરણના છોકરાને મળ્યો ! માએ 'પેલા છોકરાને મોટો ટુકડો કેમ આપ્યો ?'–એમ પૂછતાં તેને જવાબ મળ્યો કે 'ત્હેં મને આ હાથમાંનો તેને આપવા કહેલો, તે મુજબ મ્હેં તે તેને આપ્યો' ! માને પોતાની ભૂલ યાદ આવી; પણ એની સાદાઇ અને સરળતાપર આશ્ચર્ય પામી ![1]

એમની સાદાઇનો બીજો એક દાખલો એવો છે કે એકવાર કૉર્ટમાં જતા (પૂનાની સ્મોલકૉઝ કૉર્ટના જજ્જ હતા ત્યારે) બુધવાર પેઠના બાગ પાસે ઉભી રહેલી એક ફેરીઅણે એમને સાધારણ માણુસ જાણી પોતાના ટોપલાને જરા હાથ લગાડવાનું (ઉપડાવવાનું) કહ્યું ! એક હજાર રૂપિયા માસિકના પગારદાર રાવબહાદુર માધવરાવ તેના કહેવા પ્રમાણે ટોપલો ઉપડાવી ચાલતા થયા ! તુરતજ આજુબાજુના લોકોએ કે જેમણે એ બનાવ જોયો હતો તેમણે તે ફેરીઅણને બીવડાવી; પણ માધવરાવે પોતાની પાસે માફી માગવા આવેલી આ ફેરીઅણને બીલકુલ ન ગભરાવાનુ કહી સ્મિત–હાસ્ય કર્યું !

એ કોઇ સભામાં જતા તો ત્યાંપણ સૌથી પાછળ બેસતા અને બોલવાની જરૂર હોય તો સૌથી છેલ્લેજ બોલવાની ઇચ્છા રાખતા.

મરણ સુધી એમની ટકી રહેલી આ સાદાઇનો એક ઉત્તમ દાખલો તો એજ છે કે એમની પાસે જવાની કદિ પણ કોઇને પરવાનગી માગવી પડતી નહિ–'કાર્ડ' મોકલવો પડતો નહિ. એક રાજાથી ભિક્ષુક સુધી ગમે તે, ગમે તે વખતે, એમની પાસે જરાપણ હરકત વગર જઇ શકતો ! પોતાને ત્યાં વધારે ઘોડા હોવા છતાં પણ કદિયે એ બે ઘોડાની ગાડીમાં બેસતા નહિ. અસલથી એકજ ઘોડાની; ગાડીમાં બેસતા તે જજ્જ થયા પછી પણ તેમાંજ બેસતા.

---

૧ એમની આવી સાદાઈ આખર સુધી ટકી રહી હતી.

ચિકિત્સકતા.

એ જ્યારે પ્રોફેસર હતા ત્યારે એમ. એ. નો કલાસ ઘણીકવાર સર અ. ગ્રાંટ પોતે ચલાવતા; પણ જો કવચિત્ તેમનાથી-પોતાનાથી સમયાભાવને લીધે તે ન બને એમ હોતું તો તે કામ તે માધવરાવને સોંપતા. કૉલેજમાં અનેક યૂરોપીયન પ્રોફેસર હોવા છતાં એ કામ એમને સોંપવામાં સર ગ્રાંટ વ્યાજબીજ હતા. કારણ કે એ (માધવ-રાવ) માત્ર "ફ્રેંચ રીવૉલ્યુશન"નો જે ગ્રન્થ એમણે શીખવવાનો હતો તે પરજ આધાર રાખી બેસી રહેતા નહિ પણ તે સબંધી પ્રસિદ્ધ થએલા સર્વે ગ્રન્થોનું એમણે બારીક અવલોકન કરેલું હોવાથી તેપર તે પૂર્ણ સ્વતંત્ર વિવેચન કરી શકતા અને તેમ કરી વિદ્યાર્થીને પણ ચિકિત્સક થવાને ઉત્તેજતા.

અંગ્રેજી કેળવણી.

મરાઠી શાળામાં પ્રાથમિક શિક્ષણ લીધા બાદ મુંબઇની અંગ્રેજી શાળામાં અભ્યાસ કરી ૧૮૫૯માં મેટ્રીક પાસ કરી એલફીન્સ્ટન કૉલેજમાં જવા લાગ્યા. ૧૮૬૨માં બી. એ. થયા, અને ૧૮૬૫માં એમ. એ થયા.[1] બાદ એકજ વર્ષમા ઍલ ઍલ. બી. ની પરીક્ષામાં

---

૧ એજ વર્ષમાં એ મુબઇ યુનિવર્સિટીના 'ફેલૅા' નીમાયા. આ પ્રસંગના વ્યાખ્યાનમા (Convocation Address) તે વખતના ગવ-નંર સર બાર્ટલ ફ્રીઅરે નીચલા શબ્દો એમને વિષે ઉચ્ચાર્યા હતા.—

"To Mr. Mahadev Govind Ranade I would offer a special welcome as the first of what I trust to will be a long and distinguished roll of Fellows. The first of our graduates, who has attained the honours of a Master of Arts, he has well earned the distinction of being the first indigenous Fellow of this University."

ઉત્તીર્ણ થયા. અહીંસુધી અભ્યાસ કરવા છતાં પણ પરીક્ષાઓ આપવાની એમની તૃષ્ણા ઓછી નહિ થવાથી ૧૮૭૧માં તે મુંબઈની હાઈકોર્ટના એડવોકેટ થયા. સારે નસીબે સરકારે કિંવા યુનિવર્સિટીએ વધુ પરીક્ષાઓ રાખી નથી, નહિતો તે પણ પસાર કર્યા સિવાય માધવરાવ જંપત, એમ લાગતું નથી!

બુદ્ધિ.

એમની બુદ્ધિ નાનપણમાંથી ઘણી તીવ્ર હોવાથી એક પ્રસંગે કૉલેજના એક અધ્યાપક મી. હોલીંગ્સે તો ખુલ્લે ખુલ્લું જણાવ્યું કે "આખી કૉલેજમાં વિચાર કરનાર વિદ્યાર્થી તો એકલો રાનડેજ છે." આટલું છતાંએ એમની તે તીવ્ર બુદ્ધિને ખીલવનાર તો કૉલેજના પ્રોફેસરોજ હતા, એ ભૂલવુ જોઇતું નથી. સર એલેકઝાંડર ગ્રાંટ, હાર્કનેસ, અને હાવર્ડ વગેરે પ્રોફેસરોની વિદ્વત્તા આજકાલના પ્રોફેસરોમાથી ભાગ્યેજ મળી આવશે.

સિવાય, વિદ્યાર્થીવર્ગ સાથે પ્રોફેસરોનું સારૂં સંઘટ્ટન હોવાથી તેમના સ્વભાવ–વૈશિષ્ટયનુ પ્રતિબિંબ વિદ્યાર્થીના સર્વગ્રાહી અને અકલુષિત મનોજળમાં અસ્ખલિત પડતું. વિદ્યાર્થીદશામાંજ લખેલા માધવરાવના નિબંધો, દેશી લોકોનું ઇંગ્લીશ કેટલું સારૂં હોય છે તેના નમુના તરીકે હાવર્ડ સાહેબે ખાસ વિલાયત મોકલી આપ્યા હતા! તેજ મુજબ એક પરીક્ષામાંના સવાલ–પત્રકના ઉત્તર એમણે એવી તો અપૂર્વ રીતે લખ્યા હતા કે હિંદના વિદ્યાર્થીઓની વિદ્વત્તાની મર્યાદા કેટલી વિસ્તૃત છે તે બતાવી આપવાના હેતુથી ગ્રાંડસાહેબે તે કાગળ ઑક્સફર્ડના પ્રોફેસરોને મોકલી આપ્યા હતા! આથી સર્વ પદ્વીધરોમાં એજ કેવળ મુકુટશિરોમણિ હતા, એ સહજ જણાઇ આવે છે. કૉલેજના 'ફેલો' હતા તે સમયે એમને વિદ્યાર્થીઓ

સમક્ષ જે વ્યાખ્યાનો આપવાં પડતાં, તે એટલાં તો વિદ્વત્તાપ્રચુર, અને માહિતીથી ઓતપ્રોત ભરેલાં હતાં કે કૉલેજના પ્રોફેસરો સુદ્ધાં તે સાંભળવા આવતા !

નોકરી.

ઈ. સ. ૧૮૬૨–૬૬ સુધી "ઈંદુપ્રકાશ" માં અંગ્રેજી લેખક તરીકે કામ કર્યું. ૧૮૬૬–૬૭ માં વિદ્યાખાતામાં મરાઠી ટ્રાન્સલેટર તરીકે કામ કર્યું. ૧૮૬૭–૬૮ માં અક્કલકોટમાં થોડોક સમય કારભારી અને કોલ્હાપુરમાં ન્યાયાધીશ હતા. ૧૮૬૪ માં મુંબાઇની હાઇકોર્ટમા ઍસીસ્ટન્ટ રીપોર્ટરનુ કામ કર્યું હતું. ૧૮૬૮ થી ૧૮૭૧ સુધી એલ્ફીન્સ્ટન કૉલેજમાં ઇતિહાસના પ્રોફેસર અને ઇંગ્લીશના ઍસીસ્ટન્ટ પ્રોફેસર રહ્યા. ૧૮૭૧ માં એડવોકેટની પરીક્ષા આપ્યા બાદ મુબાઇના ત્રીજા પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અને બાદ સ્મોલકોઝ કૉર્ટના ચોથા જજ્જ તરીકે કામ કર્યા પછી ફર્સ્ટક્લાસ સબોર્ડીનેટ જજ્જ તરીકે એમની પૂનામાં નીમણુક કરવામા આવી. (એ દરમ્યાન એમણે પોતાના હોદ્દાની રૂએ નાશીક, ધુળીઆ અને પૂનામાં કામ કર્યુ હતું.) ઈ સ. ૧૮૭૩ માં પૂનાના મુખ્ય સદર અમીનની જગ્યા મળી જયા એમનુ કામ બહુજ સારૂ જણાતા હાઇકોર્ટે એમને અપીલ પાવર આપ્યો હતો.

ભલામણનો જવાબ !

માધરાવ રાનડેના પિતાશ્રી ગોવિંદરાવ રાનડે કોલ્હાપુરમ પ્રાઇવેટ સેક્રેટરી હોવાથી ત્યાં તેમની ઓળખાણમાં ઘણા જા આવતા. માધવરાવની બદલી કોલ્હાપુરમાં ન્યાયાધીશ તરીકે થવાથ તેઓ પણ ત્યાં ગયા. મહિનો સવા મહિનો ત્યા રહ્યા બાદ કૉર્ટમાં એ કેસ આવ્યો કે જેના પ્રતિવાદી એક મોટા કુળવંત અને પૈસાદા હોઈ ગોવિંદરાવ (માધવરાવના પિતાજી)ના ખાસ પરિચિત હતા

એટલુંજ નહિ પણ કંઇક દૂરનું સગપણ પણ હતું. તેમણે આવી ગોવિંદ-રાવને વિનતિ કરી કહ્યું કે, મ્હારે સારૂ આપે 'ભલામણના' બે શબ્દ માધવરાવને કહેવા. આપને એ કહેવુ ગમશે નહિ એ હુ સારી પેઠે જાણું છુ, પરંતુ આપને તેમ કરતાં કંઇ દુઃખ થાય એમ હુ કહેતોજ નથી. મ્હારે વિષે બે શબ્દ કહેવા એટલે એટલુંજ કે ફુરસદને વખતે મ્હારાં બધા કાગળીઆં એક વખત વાચી જાય અને મ્હારી બધી હકીકત બરાબર સાંભળી ધ્યાનમા લે એ સિવાય બીજુ હું કંઇ ચાહતો નથી. એક વખત આ બધુ સાભળી લે કે પછી જે યોગ્ય હોય તે ચુકાદો આપે; આપે મ્હારે સારૂ બે શબ્દ જરૂર કહેવા.

ગોવિંદરાવ પાસે ઘણી વખતે ઘણા લોક આવી પોતાની કંઇક ભલામણ માધવરાવને કરવા કહેતા, પરતુ તે કદિ માન્ય કરતા નહોતા, કારણ કે તે સારી પેઠ જાણતા હતા કે માધવરાવના બધા કામોમા નિસ્પૃહતા અને ચોખ્ખાપણુ હોવાથી કોઇની પણ ભલામણ તેમને ચાલશે નહિ; પરતુ આવી એક સાદી અને સરળ માગણી તેમને ગળે ઘાલવામા આવેલી હોવાથી તેમણે તે કબૂલ કરી, અને માધવરાવ જે મેડીપર બેસતા હતા, તે મેડીપર પેલા ગૃહસ્થને લઇ ગયા. પિતાજીના આવતાંજ માધવરાવ ઉભા થયા અને તે બને બેઠા પછી બેઠા. ગોવિંદરાવે આગંતુક ગૃહસ્થ તરફ આગળી કરી કહ્યું, "આ કંઇક કહેવા આવ્યા છે; એમનું કહેવું સાંભળી લ્યો."

માધવરાવે કંઇ પણ જવાબ ન આપવાથી તે ગૃહસ્થે બોલવાની શરૂઆત કરતાં કહ્યું કેઃ "મ્હેં આજ કાંઇ કાગળપત્રો સાથે આણ્યાં નથી; (આપને) ફુરસદ હોય તો મંગાવું."

"આજ મને લખવાનું કામ બહુજ છે. ફુરસદનો વખત હશે ત્યારે હુ આપને જણાવીશ." ઠંડે કલેજે જવાબ આપ્યો.

તે ગૃહસ્થે કહ્યુંઃ "ઠીક, ત્યારે, મને વખત નક્કી કરી આપશો

કે હું પાછો આવીશ; હમણાં હું જાઉં છું." એમ કહી નમસ્કાર કરી તેણે ચાલતી પકડી.

બાદ ગોવિંદરાવ ઉઠી જવા લાગ્યા તેમની સાથેજ ઉઠી ધીમે ધીમે પણ સ્પષ્ટ શબ્દોમાં માધવરાવે કહ્યું કે: "હું અત્રે નોકરી કરવા આવેલો છુ. આખું કોલ્હાપુર તમારૂં છે અને તેથી દરેક જણ પોતાના કામ સારૂ અત્રે આવી સતાવશે, તેથી આમ ન બને તો સારૂં; નહિ તો આપને ત્રાસ થશે અને મને મ્હારી બદલી કરાવવી પડશે. કોઇ પણ પક્ષકારનું કામ ઘેર જોવું નહિ કિવા તેનુ બોલવું ઘેર સાંભળવું નહિ, એવો મારો નિયમ છે; તે આપે ટેકવી રાખવો."

આ પછી ત્રણ ચાર મહિના કોલ્હાપુરમાં ન્યાયાધીશની જગ્યાએ રહ્યા પરંતુ આવો પ્રસંગ કદિ આવ્યો નહિ !

પત્નીનું મૃત્યુ તથા પુનર્લગ્ન.

ઇ. સ. ૧૮૭૩ માં એમની પહેલી સ્ત્રી ગુજરી ગઈ. તેનો સ્વભાવ અતિશય પ્રેમાળ અને મનમીલાપી હોવાથી રાનડેનો તેમનાપર અત્યંત પ્રેમ હતો; અને તેથી તેની માંદગીમાં થાય તેટલુ તેનુ કામ પોતેજ કરવાનું પસદ કરતા. પુષ્કળ ઔષધોપચાર કર્યા; પણ વ્યર્થ ગયા, એમના મરણથી માધવરાવને એક વરસ તો બહુજ દુઃખ થયું.

બીજા લગ્નની પૂર્વે સુમારે પદરેક દિવસથી મુબઇના મિત્રો તરફથી ઉપરાચાપરી પત્રો આવતા જેનો એકસરખો મજકુર ટુંકમાં આજ હોતોઃ "આજ વખત છે. 'આ વખતે હું નાની છોકરી સાથે વિવાહ કરનાર નથી, પુનર્વિવાહ કરનાર છું.' એમ પિતાજીને સાફ કહી દેજો," વગેરે. આવા પત્રો પ્રથમ તો માધવરાવને પરભારા મોકલવામાં આવતા. પરંતુ આવા પત્રો મુબઇથી આવે છે, એવી બાતમી ગોવિંદરાવને મળવાથી જેવો 'પોસ્ટમેન' આવે કે પહેલાં તેની

પાસેથી પત્રો લઇ મુંબઇના પત્રો કાઢી લઇ બાકીનાજ માધવરાવ પાસે મોકલવામાં આવતા! વૃદ્ધ ગોવિંદરાવથી ઘરમાં સર્વ બીતાં હોવાથી કોઇએ આ વાતની માધવરાવ આગળ ચાડી ખાધી નહિ! પહેલી સ્ત્રી મરી જવા બાદ ગોવિંદરાવ કોલ્હાપુરથી પૂને આવ્યા હતા; અને કન્યાની તપાસ કરવા લાગ્યા હતા. હવે વખત મળતાં માધવરાવ પુનર્વિવાહજ કરશે, અને મુંબઇના મિત્રોને મળશે તો તો પછી માથુ વધુજ ફરી જશે, એમ તેમને લાગવાથી તે બને તે પહેલાંજ ગોવિંદરાવે છોકરીઓ જોવાનો સપાટો ચલાવ્યો '

આ વખતે રમાબાઇના પિતાજી પણ યોગ્ય વરની શોધમાં આવેલા હોવાથી ગોવિંદરાવને આવી મળ્યા. બન્નેનો અગાઉનો પરિચય હતો. રમાબાઇના પિતાજીએ ગોવિંદરાવને આવી કહ્યું કે "મ્હારી પુત્રી લગ્ન કરવા યોગ્ય થઇ છે; પરંતુ આપને ખબરજ છે કે લગ્ન કર્યા સિવાય અમારી પુત્રીને માત્ર જોવા સારૂ મોકલવાની અમારી રીતિ નથી; માટે વિનંતિ એ છે કે આપ આપનુ કોઇ માણસ છોકરીને જોવા મોકલો; તેને તે પસંદ પડે તોજ છોકરીને ત્યાંથી કઇ પણ બેસવી શકાય (બીજે સ્થળે લઇ જઇ શકાય.) લગ્ન સારૂ બહાર પાડેલી છોકરી લગ્ન કર્યા સિવાય તેવીજ પાછી આવે તો અમારા નામને બટ્ટો લાગે. માટે પ્રથમ આપને છોકરી પસંદ પડે નહિ ત્યાં સુધી મ્હારાથી તેને કોઇ પણ સ્થળે લઇ જઇ શકાય નહિ.

ત્યાર બાદ એજ કન્યા સાથે ઇ. સ. ૧૮૭૩ ના ડીસેંબર માસમાં માધવરાવનાં લગ્ન (હાલનાં રમાબાઇ જોડે) થયાં. વેદોક્ત વિધિ આટોપાઇ અને લગ્નક્રિયા પૂર્ણ થતાં વહુવર પગે ચાલી નીકળ્યાં ' લગ્ન થયા બાદ સાસરે જમવા પણ ગયા નહીં તેમજ કોઇ સાથે વાતચીત પણ ન કરતાં એકદમ પોતાની ઓરડીમાં જઇ અંદરથી સાંકળ મારી દીધી ! એક તો બરોબરીની પત્નીનો વિયોગ, અને બીજુ પુનર્લગ્ન

કરવાની બીલકુલ અનિચ્છા, પરંતુ કેવળ પિતૃ આજ્ઞાને પાળવાનેજ સારૂ તેમના દુરાગ્રહને માન આપવુ પડયુ હતું, એ બધા સંયોગોએ તેમને અતિશય સંતપ્ત કરી મેલ્યા. સૌથી વધુ તો તેમને એજ લાગી આવ્યુ કે હજી આગલી પત્નીને મરી જવાને માત્ર એકજ માસ થયો હતો. લગ્ન કરવું પડયું તે પણ બે વ્રત સારૂ: એક તો વડિલની આજ્ઞા ઉથાપવી નહિ; અને બીજું તેમના કુટુંબસુખમા પોતાને વિઘ્નાતક થવું નહિ.

આ બે વ્રતોને લીધેજ ઘણા દિવસથી સ્વીકારેલો અને માન્ય કરેલો પુનર્વિવાહ પક્ષ પોતાના જીવનના મિત્રો, સ્વાભિમાન, અને તેથી મળનારૂં સુખ અને કીર્તિ તજી દઇ તેના બદલામા દુનિયાના ઉપહાસાત્મક વચનો—કટાક્ષો અને દોષારોપ સદૈવ સહન કરવાનુ સાખ્યુ. આ કારણેજ એ રાત્રિ બહુજ દુઃખમય લાગી, અને લાગે તેમા પણ આશ્ચર્ય નહોતું. પોતાની અંતરેચ્છાથી વિરૂદ્ધ કાર્ય જ્યારે કોઇ દઢેચ્છાવાળા મનુષ્યને ન છુટકે પ્રસંગવશાત્ કરવું પડે છે, ત્યારે તેની એવીજ સ્થિતિ ગમે તેવા માંગલિક પ્રસંગે પણ થાય છે. આ કાર્ય વિષે આજ દિન સુધીએ એમના વખાણનારા કહે છે કે ચરિત્રમા જો કાંઇ પણ ગૌણતા અને ઉણપ રહી હોય તો તે આજ છે, અને આજ બાબત પૂર્ણ આવેશથી ઉચ્ચારવામા આવે છે. પરંતુ ખરૂં જોતા તો સર્વ ચરિત્રમા ખરા સ્વાર્થત્યાગ અને ઉદાત્તતાનો જો કાંઇ પણ ભાગ હોય તો તે આજ છે, અને તે સંબંધે કોઇ ગમે તેમ બોલે તોપણ ખરા અવલોકનકાર તેને અપકીર્તિ ન લેખતાં કીર્તિવર્ધકજ માનશે.

કન્યાની થયેલી પસંદગી, અને રાનડેની નાપસંદગી !

આથી ગોવિંદરાવે પોતાના આશ્રિત બાળભટ્ટજીને કન્યા જોવા મોકલ્યા. એનાપર સર્વેનો પૂર્ણ વિશ્વાસ હતો, અને એ પણ બહુ

આચરણશુદ્ધ, વિદ્વાન અને કર્મનિષ્ઠ હતા. છોકરી જોઇ, રીતિ પ્રમાણે પૂછવાનુ પૂછી કરી, સાંજ સુધી થોભી (બાકીની ગૃહસ્થિતિનુ બારીક નીરિક્ષણ કરવા સારૂજ કે કેમ તે કોણ જાણે) રાત્રે છેક સૂતી વખતે કહ્યું કે: "આપની છોકરી પસંદ છે. કાલેને કાલે આપ તેને સાથે લઇ ચાલો. બાદ મુહૂર્ત ઠર્યાથી તાર કરી આપ આપના કુટુંબને લગ્ન સારૂ બોલાવી લેજો."

આ ખટપટની માધવરાવને ખબર પડતાજ તેમને લગ્ન ન કરવાનો પોતાનો નિશ્ચય પિતાજીને જણાવ્યો અને કહ્યુ કે: "મ્હારે લગ્ન કરવુ નથી. હું હવે કઇ નાનો નથી–૩૨ વર્ષનો થયો છુ. માટે સદાચરણથી રહેવાને મને કંઇ હરકત નથી. દુર્ગા (માધવરાવની બ્હેન) મ્હારાથી ઘણી નાની હોઇ એકત્રીસમે વર્ષેજ અનાથ થઇ છે. આપનો પ્રેમ મ્હારા કરતા કોઇ પણ રીતે એનાપર ઓછો નથી તોપછી શા સારૂ એને માટે કંઇ વિચાર નથી કરતા ? અને મનેજ લગ્ન કરવાનો આગ્રહ શા સારૂ કરો છો ? તેણે વ્રતસ્થ રહેવું એ સારૂ છે એમ જો આપને લાગતું હોય તો તે કાયદો અમને બન્ને સરખીજ રીતે લાગુ પડે છે. કદાચિત હું પુનર્લગ્ન કરીશ એની આપને બ્હીક લાગતી હોય તો હુ તે કરીશ નહિ એનુ આપને વચન આપુ છુ: એ વિષે આપ બેફીકર રહો."

આ પ્રમાણે જ્યારે પુષ્કળ જ વિનવ્યા છતા ગોવિંદરાવે કંઇ પણ દાદ આપી નહિ, અને પોતાની હઠ ન છોડતાં વધુ ગુસ્સે થયા, ત્યારે માધવરાવે કહ્યું, "આપ જો કે મ્હારૂં કહ્યું ધ્યાનમાં લેતા નથી, છતાં મ્હારે તો આપનું કહેવું માન્ય કરવુંજ જોઇએ. મને હવે માત્ર છ મહિના છુટો રહેવા દો કે જેથી ત્યાંસુધીમાં હું વિલાયત જઈ આવું."

આખરે જ્યારે આ પણ કબૂલ કરવામાં આવ્યું નહિ ત્યારે માધવરાવે કહેવડાવ્યું કે "આપ જ્યારે મ્હારૂં કંઇજ ચાલવા દેતા નથી

અને મને લગ્ન કરવાની જબરદસ્તીજ કરો છો તો આટલું તો જરૂર ધ્યાનમાં રાખશો કે જેની સાથે મ્હારૂં લગ્ન કરનાર હો તે છોકરી ગામમાંની ન હોવી જોઇએ; પરગામની હોય, કુલીન અને ખાનદાન કુટુંબની હોય તેમજ તેમનો બધો સબંધ સારાં માણસો જોડેજ છે તે બરોબર જોઇ નક્કી કરવું. ગામમાંની છોકરી મ્હારે બીલકુલ જોઇતી નથી. રૂપને જોઇ તેમજ ઉમરે મોટી છે એમ સમજી સાધારણ કુટું-બની કન્યા મ્હારે સારૂ કૃપા કરી લેતા નહિ. રૂપરંગ કરતાં કુલીનતા-પર વધુ લક્ષ આપશો તો તે સબંધ અધિક સુખનો થશે."

યુક્તિ.

આ પ્રમાણે વાતચિત થતાં બે ત્રણ દિવસમાં તો કન્યા જોવા ગયેલા બાળભટ્ટજી વગેરે પૂને આવી મળ્યા. ગોવિંદરાવે પ્રત્યક્ષ કન્યા જોઇ પસંદ કરી એકાદશીનુ મુહૂર્ત પણ ઠરાવ્યું. બાદ પોતાના વેવા-ઇને કહ્યું કે: "આજ સાંજે આપ મ્હારે ઘેર ખાસ આવજો, અને માધવરાવનું કહેવું શું છે તે સાંભળજો. અનુકૂળ હોય તો તો ઠીકજ છે, નહિ તો 'મ્હારે મ્હારી છોકરી અહીંજ આપવી છે' એમ ચોખ્ખુ પકડાવી દેજો !" વેવાઇએ તે કબૂલ કર્યું.

સસરા જમાઇનો સંવાદ.

રમાબાઇના વડિલનો ચહેરો કુલીનતાને શોભાવે તેવો, પુખ્ત, પ્રભાવશાળી અને નિશ્ચયી દેખાતો હતો. વાત નીકળતાં પોતાની ઓળખાણ આપતાં તેમણે માધવરાવને હું અમુક ગામનો જાગીરદાર છું વગેરે પોતાની હકીકત ટુંકમાં કહી, અને જણાવ્યું કે: "મ્હારી પુત્રી લગ્ન કરવા યોગ્ય થવાથી તેના વેશવાળ કરવાના વિચારથી અહિં આવ્યો છું." આથી માધવરાવે કહ્યું કે "આપે શું જોઇને મને પુત્રી આપવાનો વિચાર કર્યો છે? આપ જૂના વિચારના જાગી-રદાર છો અને હુ સુધારક હોઇ પુનર્વિવાહ પક્ષનો હિમાયતી છું.

તેમજ હું ઉપરથી ગમે તેટલો શરીરે મજબૂત દેખાઉં છું, છતાં આંખથી તેમજ કાનથી નબળો છું. સિવાય મ્હારે વિલાયત જઇ આવવું છે; અને ત્યાંથી પાછા આવતાં હું પ્રાયશ્ચિત્ત કરનાર નથી. માટે આ સર્વ વાતનો પ્રથમ વિચાર કરી જોઇને તે પછી નક્કી કરજો."

"ભાઉ સાહેબનો (ગોવિંદરાવનો) અને મ્હારો જૂનો પરિચય છે; તેમણે મને બધું કહેલું છે; પણ મ્હારો આપનેજ છોકરી દેવાનો નિશ્ચય થયેલો છે." રમાબાઇના પિતાએ ઉત્તર દીધો.

આ સાંભળી થોડોક વખત થોભી માધવરાવે જવાબ દીધોઃ "આપનો નિશ્ચય થયોજ હોય તો મ્હારૂં એક કહેવું એ છે કે હાલ લગ્ન ન કરતાં ફક્ત વેશવાળ કરી, એક વર્ષ થોભવું અને પછી લગ્ન કરવાં."

આથી રમાબાઇના પિતાએ ઘણોજ આગ્રહ કરી કહ્યું: "એમ કરશો નહિ; મ્હારા ઘરની આબરૂપર જરા ધ્યાન આપશો."

માધવરાવે આખરે કહ્યુ કે "હવે આ કામમાં ભાઉ સાહેબનો વિચાર લેવો અને તે કહે તે બન્નેએ માનવું." રમાબાઇના પિતા આ સાંભળી ચાલી નીકળ્યા.

લગ્ન મુલત્વી રહેવાની આશા.

માધવરાવના મનમાં એમ હતું કે મ્હેં જ્યારે આટલી બધી વાતો પિતાજીની સાંભળી છે તો તેઓ મ્હારી આ એકજ વાત—લગ્ન લંબાવવાની—કબૂલ કર્યા વિના રહેશે નહિ; આથી પોતાના પિતાજી પાસે જઇ તેમણે અણ્ણાસાહેબ કુળકર્ણી (રમાબાઇના પિતા) આવ્યા હતા વગેરે વાત વિદિત કરી; અને વચ્ચે વચ્ચે પોતાના પક્ષનું સમર્થન કરતાં કરતાં પુષ્કળ બોલવા લાગ્યા; પણ ગોવિંદરાવે એક કલાક તેનો કશો ઉત્તર દીધો નહિ. માધવરાવ

જે કાંઈ બોલતા હતા તેનાપર તેમનું બીલકુલ ચિત્ત હતું નહિ. થોડીકવારે બધાંને બહાર જવા કહી ગોવિંદરાવે કહેવા માંડયું —

ગોવિંદરાવનો ચુકાદો અને અવિશ્વાસ!

"આટલો વખત તમારૂં ભાષણ સાંભળ્યા પછી હુ એવા નિર્ણયપર આવ્યો છું કે તમારૂં કહ્યું માનવું યોગ્ય નથી. મ્હે તમારાપર કદિ પણ અવિશ્વાસ રાખ્યો નથી અને હમણા પણ રાખતો નથી પણ આ સમયજ એવો છે કે વિચારી મનુષ્યે વિચાર કરી કરેલો નિશ્ચય સુદ્ધા ડગમગે, એ તમારા લક્ષમાં કેમ આવતું નથી? એક વખતે જો તમારૂ કહ્યુ માની વર્ષ છ મહિના તમને છુટા મેલવામા આવે તો મને એવી બીક લાગે છે કે મ્હારી ઉત્તર વયમાં હુ શાંતિ અને સુખનો હાથે કરીને ત્યાગ કરીશ. એનુ કારણ એ કે ગયા પંદર દિવસમાં મુબઈની તમારી મિત્રમંડળી તરફથી આવેલા પત્રો તથા તારો મ્હેં વાચી મ્હારી પાસે રાખેલા છે તે સર્વેનો વિચાર કરતાં તમારૂ કહેવું કબૂલ કરવું એ મને સલાહભર્યું લાગતું નથી. પ્રથમ તો નવીન (સુધારક) મતની તરફેણ, તેમાં પણ વળી વિશાળ મિત્રમંડળ, તેમજ તે વિચારને પુષ્ટ કરતી ઉમરનીએ અનુકૂળતા. એટલુ છતાં પણ સંસારમાં છોકરાછોકરી હોય છે તો લોક સહેજ પાછી પાની કરે છે; પણ તમને તો તેનો પણ બીલકુલ પાસ નથી! આવી સર્વ પ્રકારે સ્વતંત્રતા હોવાથી સહેલાઇથી નવીન પક્ષનું અભિમાન ધરી તમે તમારા મનનું ધાર્યું કરશો એવી મને બ્હીક લાગે છે. મ્હારી હવે ઉમ્મર થઇ છે. કુટુંબનાં બૈરાં છોકરાનો ભાર હવે તમારાપર આવે છે અને તેને સર્વાંશે તમે યોગ્ય પણ છો. આથી એક બાજુ આ અને બીજી બાજુ મ્હારાં સુખ અને શાંતિનો વિચાર એ બન્નેની તુલના કરતાં મને તમારૂં કહેવું અયોગ્ય ભાસે છે. તમારે કરવું હોય તેમ કરજો; પરંતુ હું માત્ર મ્હારો એક નિશ્ચય જણાવી દઉં છું કે હમણાં લગ્ન

નહિ કરો તો તે છોકરી મ્હારાથી પાછી મોકલી શકાશે નહિ, કારણ તેમાં અમને બન્નેની આબરૂની હાનિ થવાનો સંભવ છે; પરંતુ જો તેવોજ પ્રસંગ તમે મ્હારાપર લાવી મેલશો તો હું મ્હારો અને તમારો સંબંધ આજથીજ છૂટો કરી કાયમને વાસ્તે કરવીર ક્ષેત્ર ચાલ્યો જઇશ; પછી તમને તમારી ઇચ્છા મુજબ વર્ત્તન કરવું ઠીક પડશે." આમ કહી મોટો નિશ્વાસ નાખી ગોવિંદરાવ હાથપગ ધોઇ સંધ્યા કરવા ગયા અને માધવરાવ મેડે ગયા.

વેદોક્ત લગ્નવિધિ.

બાદ અગાઉ ઠર્યા મુજબ માગશર શુદ ૧૧, શકે ૧૭૯૫ (ડીસેંબર, ૧૮૭૩) ને દિને ગૌરજ મુહૂર્તે લગ્ન થયાં. લગ્ન પૂર્વેની તેમજ લગ્નપછીની લૌકિક વિધિ કિવા ઉપચાર બીલકુલ કરવામા આવ્યા નહિ. માત્ર વેદોક્ત વિધિ અને હોમહવનાદિક સર્વે કરવા દેવામાં આવ્યુ. ખુબી તો એ હતી કે **લગ્નને દિવસે પણ નોકરી ઉપર ગયા હતા**–રજા પણ લીધી નહોતી! લગ્ન સમયપૂર્વે અને કૉર્ટમાંથી આવવાસુધી ગોવિંદરાવને બીક હતી કે રખેને કોઇ મુંબઇનો મિત્ર આવી, આ વખતે સંધી સાધી, મુહૂર્ત ટાળવા કંઈ બહાર ફરવા ખેંચી જાય! પરન્તુ તેમને માધવરાવની એટલી તો ખાત્રી હતી કે ગમે તેટલી પોતાની મરજીવિરૂદ્ધની પણ વાતમાં જો તે હા પાડતા તો તેમાં કાળાંતરે ફેર પડતો નહિ. થયું પણ તેમજ: તેમની ખાત્રી પ્રમાણે કૉર્ટનું કામ ખલાસ થતાંજ ફરવા કિંવા લાયબ્રેરી વગેરેમાં ન જતાં માધવરાવ એકદમ ઘેર આવ્યા અને વિધુર સાથે કન્યાથી લગ્નવિધિ પૂર્ણ થઇ! રમાબાઇને તેમના પિતા સાસરે એકલી મેલી પોતાને ગામ ગયા. લગ્નમાં કન્યાના પિતા સિવાય કન્યા પક્ષનું કોઇ પણ હાજર નહોતું! જો કે બધાંને તારથી બોલાવવાની ગોઠવણ પ્રથમ

થઇ હતી, પણ ગોવિંદરાવે મુહૂર્ત બહુજ પાસેનું કાઢેલું હોવાથી, તેમજ આવશ્યક **વેદોક્ત વિધિ સિવાય બીજો કોઈ પણ જાતનો ઉપચાર કરવા દેવાની માધવરાવે સાફ ના પાડેલી હોવાથી,** આ બાળકોને લાવી તેમને લગ્નનો કહેવાતો લ્હાવો ભોગવવા ન મળવાને પરિણામે થતો વિરસ અટકાવવા રમાબાઇના પિતાજીએ કોઇને તેડાવ્યાં પણ નહોતાં!

આ મુજબ અણ્ણાસાહેબ કુળકર્ણી પોતાની દીકરીને એકલી મૂકી ગયા તે દિવસે સુમારે ૬ાા વાગે માધવરાવ કૉર્ટમાંથી ઘેર આવ્યા.

રમાબાઇને પોતાની પાસે બોલાવી પૂછ્યુ, "તમારા પિતાજી ગયા ?"

રમાબાઇએ હા કહી.

ફરી પ્રશ્ન થયો—"ત્હારૂં મ્હારી સાથે લગ્ન કરવામાં આવ્યુ, પણ હું કોણ, મ્હારૂં નામ શુ, વગેરે તને કાંઇ ખબર છે કે?"

રમાબાઇએ હા ભણી.

"ત્યારે કહે વારૂ, મ્હારૂ નામ શુ છે?"

આજ્ઞા થતાંજ નામ લેવામાં આવ્યું. જે કહેતાં (પતિનુ નામ લેતાં) સાધારણ રીતે કુલીન સ્ત્રી શરમાય છે. વિચિત્ર 'ઍટીકેટ'ની ખબર ન હોવાથી તે લેતાં રમાબાઇને બીલકુલ શરમ લાગી નહિ! પરંતુ માધવરાવનું આથી એક પ્રકારનું સમાધાન થયુ. હવે પછી રમાબાઇને શિક્ષણ આપવાનો પ્રારંભ કરવામાં આવ્યો.

રમાબાઇનાં શિક્ષણનો વિલક્ષણ પ્રારંભ.

તેજ રાત્રે એક સ્લેટ પેનની ખરીદી તેમને સારૂ કરવામાં આવી! સ્લેટ આવતાંજ "શ્રી ગણેશાયનમઃ" નો સાત અક્ષરી પાઠ લખી આપવામાં આવ્યો! બીજે દિનથી દરરોજ રાત્રે બે કલાક જાતેજ રમાબાઇને શિક્ષણ આપવા સારૂ મુકરર કરવામાં આવ્યા અને પંદર

દિવસમાં બારાખડી–મૂળાક્ષરાદિ શીખવી પહેલી ચોપડીનો પહેલો પાઠ વચાવ્યો ત્યારે તેમને શાંત થઇ ! રમાબાઇના કુટુંબમા એક સ્ત્રી કે જે લખતા વાંચતાં શીખી હતી તેને દુર્દૈવે વૈધવ્ય પ્રાપ્ત થયુ હતું આથી ઘેર બધાંનો એવોજ મત થઇ ગયો હતો કે લખવા વાચવાથી વૈધવ્ય પ્રાપ્ત થાય છે ! ! આથી રમાબાઇને એક અક્ષર પણ શીખવવામા આવ્યો નહોતો ! !

બાદ ક્રમવાર અભ્યાસની વૃદ્ધિ કરવામાં આવી. સાથે સાથે વ્યાકરણ, ગણીત, મોડી અને બાળબોધ લખવું, વગેરે સર્વ ચાલતું હતું. આપણા હાલના કહેવાતા મહાન પુરૂષોની માફક ભાડુતી શિક્ષકો પર પ્રાથમિક શિક્ષણનો આધાર માધવરાવે રાખ્યો નહોતો; કારણકે રમાબાઇ તરફથી પણ કઇક પણ દેશ સેવા બજાવાય એવી તેમની ઇચ્છા હતી. પ્રાથમિક અભ્યાસ થયા બાદ ફીમેલ ટ્રેનીંગ કૉલેજમાંની એક બાઇને શિક્ષણ આપવા સારૂ રાખવામા આવી. તેની કાઇ બીક ન હોવાથી તે આવે કે પા અર્ધો કલાક તો પુસ્તક અને સ્લેટ શોધવામાંજ લગાડવામાં આવતો ! ઉલટું તે માસ્તરાણીને તેની સર્વે હકીકત રમાબાઇ પૂછતા; અરે એમ વાતોમાજ એક કલાક વહી જતા માસ્તરાણી સાહેબ પોતાને રસ્તે લાગતાં ! કદાચિત્ તે કોઇ વખતે કહેતી કે: “પહેલા વાંચો, પછી વાતચીત કરીશું” તો એક બે પાનાં વાચ્યા ન વાંચ્યામાંજ કલાક પૂરો થતો અને બોલી પ્રમાણે બાઇસાહેબ ચાલ્યા જતાં ! બીજે દિને માસ્તરાણી આવે ત્યાંસુધી સ્લેટ પેનની મુલાકાત મુલત્વી રાખવામાં આવતી ! આ મુજબ છ માસ જતાં જ્યારે માધવરાવે પરીક્ષા લીધી ત્યારે જેટલું પોતે શીખવેલું તેટલુ જ આવડતુ જોઇ માસ્તરાણીને કહ્યું:—“મ્હેં તમારે ભરોંસે એને છોડી હતી; પણ લેવી જોઇએ તેટલી મહેનત તમે લીધેલી લાગતી નથી.” આટલું કહેતાંજ તે બાઇસાહેબ ફફડી ઉઠયા ને કહ્યુ: “છોકરી

બહુ રમતીઆળ છે. ઘણી મહેનત લીધી છતાં કંઇ શીખતીજ નથી; રમવામાંજ ચિત્ત હોય છે. ગામડાંની છોકરીઓ તે વળી શીખતી હશે? તમે પોતે શીખવી જુઓ એટલે ખબર પડશે. એને જો ફક્ત લખતાં વાંચતાં પણ આવડશે તો હું મ્હારૂં નામ બદલી નાંખીશ ! હું કાલથી આવનાર નથી. આવી છોકરીને શીખવીને કાંઇ યશ પ્રાપ્તિ થનાર નથી."

આમ કહી તે ચાલી ગઇ; અને માધવરાવે ત્યારબાદ એક બીજી બાઇ ફીમેલ ટ્રેનીંગ કૉલેજની રાખી. આ બાઇ પુખ્ત, સુશીલ અને શાંત હોવાથી તેણે વરસ દોઢ વરસમા મરાઠી પાચમી ચોપડી સુધીનુ શિક્ષણ સારી રીતે આપ્યુ.

વિષ્ણુશાસ્ત્રી પંડિતનો પુનર્વિવાહ.

ઇ. સ. ૧૮૭૫ મા વિષ્ણુશાસ્ત્રી પંડિતનો પુનર્વિવાહ થયો, અને તે મહાબળેશ્વર જવા સારૂ પૂને આવ્યા. કુદરતી રીતે રાનડેએ-બપોરે કૉર્ટમા જવાની ગરબડ રહેતી હોવાને લીધે-તેમને રાત્રે જમવા નોતર્યા અને ઘરમાં તે પ્રમાણેની વરદી પોતાની બ્હેનને આપી. આ વાત તેમના પિતાના જાણુવામા આવી. તે વખતે કંઇ પણ ન બોલતાં સાંજે પાચ વાગે દર્શને જતી વખતે માધવરાવની માને પોતાની પાસે બોલાવી કહ્યુ કે: "આજે તમારે પીરસવુ નહિ, તે છોકરીજ (રમાબાઇ) પીરસશે; તમે જમી લેજો, કારણ કે મને આવતાં વાર થશે." એમના ઘરમા ઘરની સ્ત્રીઓજ પીરસવા ઉઠતી. ગોવિંદરાવ જે બહાર ગયા તે રાત્રે ૧૧ વાગેજ આવીને ઉભા રહ્યા. ત્યારે નસીબે પરોણા સર્વે જમી પોતપોતાને રસ્તે લાગી ગયા હતા. ગોવિંદરાવે તુરત એક માણસને બોલાવી કહ્યું કે: "અમને કાલેનું કાલે કરવીર (ક્ષેત્ર) જવાનું હોવાથી સવારે જલદી ઉઠી ગાડીઓ ઠરાવી લાવજો." એમ કહી કંઇ પણ ન ખાતાં તે સૂવાને ચાલ્યા ગયા.

આ સર્વ વાત માધવરાવના જાણુવામાં આવતાં, આવી ક્ષુલ્લક

બાબતપરથી આ પરિણામ આવશે એમ પહેલાંથી તેમને ન લાગેલું હોવાથી બહુ પસ્તાવો થયો.

બીજે દિને ઉઠતાવાર ગોવિંદરાવ ઓસરીપર બેઠા હતા ત્યાં જઇ એક થાભલે લાગી ઉભા રહ્યા. બનતાસુધી બાપ દીકરાની વચ્ચે બોલાચાલીનો સંબંધ એટલો બધો ઓછો હતો—કહો કે આમન્યા એટલી બધી હતી કે દરેક વાત ત્રીજા પુરૂષથી, મધ્યસ્થદ્વારાજ થતી! આથી બન્ને જણુ—જો કે માધવરાવને ગોવિંદરાવે જોયા હતા ખરા તોપણ—મૌનજ સાધી રહ્યા! સુમારે એક કલાકેક આ મુજબની તપશ્ચર્યા થયા બાદ ગોવિંદરાવે ઉચુ જોઇ બેસી જવા કહ્યુ પોતાનો દીકરો હોવા છતા ગોવિંદરાવ હમ્મેશા પાચ અક્ષરના નામથીજ—માધવરાવ કહીનેજ—બોલાવતા. માધવરાવને છતા પણ ઉભા રહેલાજ જોઇ પાછુ થોડાક વખત બાદ જ્યારે બેસવા કહ્યું ત્યારે માધવરાવે કહ્યું કે "મ્હે કરવીર જવાનો વિચાર માડી વાળ્યો છે" એમ જ્યારે આપ કહેશો ત્યારેજ હુ બેસીશ! આપ સર્વેજ જો કરવીર જનાર હો તો મ્હારૂ પણ અત્રે શુ કામ છે?—હુએ આપની સાથેજ આવુ છુ. કાલની વાતથી આપને આટલો બધો ગુસ્સો આવશે એમ મ્હે ધાર્યુ નહોતું. જો મને એમ ખબર હોત તો હુ એ ગરબડમા પડતજ નહિ;" વગેરે પુષ્કળ શબ્દોથી સમજાવટ કરી. ગોવિંદરાવે આ વકીલાતનો કોઇ પણ ઉત્તર આપ્યો નહિ! કૉર્ટ પણ તે દિવસે ઉઘાડી હતી અને નવ વાગી ગયા હતા છતાં પ્રાતઃવિધિ પણ આટોપાયો નહોતો. એટલામાં તો માણુસે આવી કહ્યું કેઃ "તમારા કહ્યા મુજબ ગાડીઓ ઠરાવી છે, હમણાં આવશે."

આ સાંભળી પોતાના બોલવાની કાંઇજ અસર થતી નથી એમ જોઈ તે માણુસ તરફ જોઇ માધવરાવે કહ્યુ "આખરે જવાનોજ ઠરાવ થયોને? મને અહિં મેલી સર્વે જશે? મ્હારી મા સુધ્ધાં તેજ

દીનથી હું અનાથ થયો છું." આટલું બોલી એકદમ માધવરાવ મેડે ચાલ્યા ગયા.

થોડા વખત પછી પાછા આવી તે માણસને બોલાવીને ગોવિંદરાવને એમ કહેવા કહ્યું: કે "જો તમે તમારો નિશ્ચય પાછો ફેરવશો નહિ તો હું પણ રાજીનામું લખી નાખું છું."

આથી ગોવિંદરાવની શાંતિ થઇ અને માધવરાવ નિત્ય નિયમ મુજબ સંધ્યાદિ કરી, પરવારી, કૉર્ટમા ગયા.

ગોવિંદરાવનું કરજ અને મૃત્યુ.

ગોવિંદરાવને જો કે રૂ. ૨૫૦) પગાર મળતો હતો, પરંતુ તેમનો હાથ બહુજ ખર્ચાળુ હોવાને લીધે હમ્મેશાં તેમને કરજ રહેતું. કુટુંબના સર્વ માણસોની દરેક નાની મોટી ક્રિયાઓ એમનેજ કરી આપવી પડતી ઉપરાંત કોઇ એમની મદદ માગવા આવતું તો પોતાની પાસે પૈસા ન હોય તો કરજે કાઢીને પણ તેને આપતા! માધવરાવે ઘણાકનું કરજ ફેડવ્યું છતા ગોવિંદરાવ પાછું કરી આવતા! આથી માધવરાવે પરચુરણ બધું દેવું આપી દઇ માત્ર એક શરાફ—કે જેની પાસેથી ગોવિંદરાવ વારંવાર રૂપિયા ઉપાડતા—નું રૂ. ૨૦૦૦)નું કરજ જાણીજોઇને રાખી મેલ્યું કે જેથી ગોવિંદરાવ તેની પાસે જઇ વધુ નાણા માગી શકે નહિ—માગતા શરમાય! આ યુક્તિનું ઇચ્છિત પરિણામ આવ્યું અને ગોવિંદરાવે બીજું વધુ દેવું કર્યું નહિ. ગોવિંદરાવ મધુપ્રમેહની બીમારીથી પીડાતા હતા. તેમાંજ તા. ૩ ફેબ્રુઆરી ૧૮૭૭ ને દિને તે દેવલોક થયા. એમનો સ્વભાવ હઠ્ઠી હતો અને ઘરમાં બધાં એમનાથી બ્હીતાં. માધવરાવે ગોવિંદરાવના મરણ પછી તુરતજ પેલું કરજ ફેડવી દીધું; અને બાદ એવો ક્રમ રાખ્યો કે સાંજના જમવા પૂર્વે દરરોજ પોતાની (સાવકી) મા પાસે જઇ બેસવું અને સર્વેની પૂછપરછ કરી તેમને જરા દિલાસો દેવો.

રમાબાઈની ઇંગ્રેજી શીખવાની હોંશ.

મીસીસ રાનડે અને તેમના બન્ને દિયરની ઉમરમાં એક બે વર્ષનોજ ફરક હોવાથી તેમનામાં બહુ સ્નેહ હતો, અને ઘરમાં કોઇ ગમે તે બોલે છતાં એ જૂથ-ત્રિપુટી-તૂટતું નહોતું! આ વખતે મીસીસ રાનડે-કે જેને હવે આપણે રમાબાઇના નામથીજ ઓળખીશું -નો અભ્યાસ મરાઠી પાંચ ચોપડી સુધીનો થયો હતો અને તે વાચતા, હિસાબ કરતાં, અને એવું પરચુરણ થોડુંક શીખતાં હતાં. બન્ને દિયર હાઇસ્કુલમાં ઇંગ્રેજી શીખવા જતા હોવાથી એક દિને રમાબાઇને પણ ઇંગ્રેજી શીખવાની હોંશ થઇ આવી અને તે વિષે માધવરાવને વાત કરી. આ સાભળી માધવરાવને કાંઇક આશ્ચર્ય થયું અને તેમણે કહ્યું કે " ખરેખરજ હું તને ઇંગ્રેજી શીખવવાની ઇચ્છા રાખુ છુ; પરતુ ત્હારૂ મરાઠી શિક્ષણ પુરૂં થયા વિના ઇંગ્રેજી શીખવાશે નહિ." આથી રમાબાઇએ મરાઠી શિક્ષણ જલદી જલદી કરવા માડયુ.

ઑનરરી સ્ત્રી સભાસદોનો મહાન ઉદ્યોગ!

રમાબાઇને સાસરે કુટુંબનો દરેક પુરૂષ પોતાની સ્ત્રીને અથવા સગીને પોતેજ સીખવતો હોવાથી એમની નણદ (માધવરાવની બ્હેન) અને સાસુને ગોવિંદરાવે પોતે લખતા વાચતા તેમજ જરૂરી હિસાબ વગેરે કરી લેતાં શીખવ્યુ હતું. આમ છતા જ્યારે માધવરાવ રમાબાઇને શીખવતા ત્યારે આ સાસુ નણદ બન્ને, તેમજ તેમનાં સગા ઘરમાના બીજા આઠ નવ નિરાશ્રિત બૈરા પણ બહુ બળી મરતા અને હું ફુ કરતાં. તેમાં ઉપર કહેલાં બે સિવાય બીજા બધા નિરક્ષણ હતાં. બધા ઉમરે રમાબાઇ કરતા મોટાં હતા તેથી તેમનો એક જૂદોજ 'સઘ' બની ગયો હતો! રોજ રાત્રે મેડે જતાં રમાબાઇને વાંચવાની શરૂઆત થતી. દક્ષિણ પ્રાઇઝ કમીટીનાં સર્વે મરાઠી પુસ્તકો

વગેરે જે કાંઇ આવતું તે આ વખતે રમાબાઈજ માધવરાવને વાંચી સંભળાવતા. પણ જો તેમા કોઇ પદ, આર્યા, શ્લોક, ચાલ, કડવી, વગેરે હોવુ તો જરા રાગથી અને કુદરતી રીતેજ જરા મોટેથી તેમને ગાતું પડતું; કારણકે જો તેમ ન કરતાં તો માધવરાવને તે ગમતું નહિ, અને ગુસ્સે થતા. આ રીતે ધીમેથી વાચે તો માધવરાવ ગુસ્સે થતા અને મોટેથી વાંચે તો ઉપર કહેલા મંડળનાં સભાસદોમાંથી કોઇને કોઇ દાદર આગળ ઉભેલું હોતુજ! બીજે દિને એ 'ઑનરરી સભાસદો' રમાબાઇને, રાત્રે વાંચેલા પદ, ચાલ, અથવા કડવીમાથી જે એક બે લીટી મોઢે ખાસ રાખી હોય તે ચાળા કરી મસ્કરી કરવા સારૂજ ગાઇ સંભળાવતા; અને પછી ખુબ ઠેકડી કરતા! પણ રમાબાઇ બધું સહન કરતા કોઇને કાઇ ઉત્તર દેતા નહિ. વળી કેટલાક તો કેટલીક વખત મોટાઇનો તથા હિતેષીનો ડોળ ઘાલી રમાબાઇને આવી કહેતા "આ લખવા વાચવા સારૂ તમને કેટલું બધું આ વડિલ સ્ત્રીઓનુ બોલવુ સાભળવું પડે છે? અમને પણ બહુ ખોટું લાગે છે પણ કરવું શુ? અરે! પુરૂષની ઇચ્છા હોય તોપણ કોઇક વખતજ વાચીએ; પણ તમારા આચરણથી તો ઘરના વડિલ માણસોનુ અપમાન થાય છે. પુરૂષોને આ વાત શુ સમજાય? આપણને બધો સમય સ્ત્રીઓમાજ ગાળવાનો હોય છે. પુરૂષોનો સંબંધ કેટલો વખત હોય છે? તે એક વખત નહિ ને દશ વખત કહેશે; પણ આપણે તે સાંભળીએજ નહિ કે થયું—કંટાળીને પોતેજ કહેવું છોડી દેશે! શુ આપણા હાથમાં કાંઇ સત્તા નથી?" વગેરે વગેરે શબ્દોથી અવળો બોધ કરતા પણ રમાબાઇ કોઇને ઉત્તરજ દેતાં નહિ: ઑનરરી વડિલ સ્ત્રીઓનો આ કેટલો મહાન ઉદ્યોગ?!

રમાબાઇનો અંગ્રેજી અભ્યાસ.

થોડા મહિના પછી મરાઠી અભ્યાસ પૂરો થતાં માધવરાવે

પોતે અંગ્રેજી શીખવવાની શરૂઆત કરી. આથી પહેલાંની માફક રાત્રે અને સવારના પહોરમાં જેમ મરાઠી અભ્યાસ થતો તેટલો સમય પૂરતો ન થતાં બપોરે પણ એકાદેક કલાક ગાળવો પડતો. નીચે સવલતા ન હોવાથી તે ઉપરજ બેસતાં; આથી વડીલ સ્ત્રીઓ બહુજ ગુસ્સે થતી; તેમનો જીવ તલપાપડ થઈ જતો ! તેમની કૃપાદષ્ટિ (?) એટલી બધી વધી કે એક દિવસ તો તેમણે સાફ કહી દીધુ કે "તું મેડે જોઇએ તે કર પણ અમારી (સામે વાંચીને કે લખીને) અમર્યાદા કરીશ તે બીલકુલ ચાલશે નહિ."

રમાબાઈની ઑફીસ.

આમ બોલવાને તેમને એક કારણ મળ્યુ હતું ખરૂ એક દિવસે રમાબાઇ ઝાડુ કાઢતાં હતા તેમા એક ઇંગ્રેજી વર્તમાનપત્રનો ટુકડો પણ ઝડાતો હતો. ઉત્સાહી વિદ્યાર્થીને પાશેરામા પહેલી પુણી જેટલો અભ્યાસ ન થયો હોય તોએ ઘણીકવાર થાય છે તેમ, રમાબાઇએ -હજુ તો જો કે પ્રથમ પુસ્તકનો આરભજ કર્યો હતો-તે કટકો ઉપાડી લીધો અને ઝાડવાનું ત્યાંથીજ રહેવા દઈ ત્યાંજ ઉભા ઉભાં અક્ષર વાચવા માંડયા ! એટલામાં એક વડીલ સ્ત્રીની નજર પડવાથી તેણે ઈસારત કરી કે બે ત્રણ 'વૉલન્ટીયર્સ' તુરત ઉભા થઇ રમાબાઇ પાસે ગયા; અને તેમના કેપ્ટન આધવરાવના બ્હેને રમાબાઇને કહ્યું કે "તમારી 'હાફીસ' મેડે છે, ત્યા તમે વાચો કે નાચો. અહીં અમારૂં અપમાન કર્યું તો ખબરદાર ! અરે અમારી પહેલી ભાભી નહોતી શુ ? તેને ભાઇએ લખતાં વાંચતાં બધું શીખવ્યુ હતું તે અમારી બરોબરીની હતી; છતાં પણ અમારી સામે તે એકે અક્ષર વાંચતી નહિ. ભાઇએ તેને અંગ્રેજી શીખવવા સારૂ ઘણીએ માથાફોડ કરી; પણ તેણે તો લક્ષજ આપ્યું નહીં ! તે યે એમનીજ સ્ત્રી હતી અને તમે યે એમનીજ છો. તેને અમે દસ વાત કહેતાં તો તે

અમારી એક પણ સાંભળતીજ. પણ આવુ (તમારા જેવુ) નફટપણું તેનામાં નહોતું ! " વગેરે.

રમાબાઈના પિતાનો ઉપદેશ.

આ પ્રમાણે પદે પદે આમ મે'ણા મારવાનુ કારખાનુ ચાલતું ! આથી રમાબાઇ 'ઇંગ્રેજી વળી ક્યાથી શીખવાનુ મન થયુ' કરી રડવા જેવા થઈ જતા અને કોઇક વખતે તો એક બાજૂ જઇ રડતાં પણ ખરા; પણ આ વાત કોઇ દિવસ તેમણે **માધવરાવને** કહી નહીં, કારણ કે **રમાબાઇના** પિતાએ સાસરે મોકલતી વખતે કહ્યુ હતુ કે " જો; હવે તુ સાસરે જાય છે; બહોળુ કુટુબ હોવાથી દસ પ્રકારના સ્વભાવનાં દસ માણુસ ત્યા હશે. તું મ્હારી પુત્રી હોવાથી આપણા કુળને છાજે તેમ વર્તજે; ગમે તેટલુ દુખ થાય તે સહેજે; પણ નોકરનેસુદ્ધાં પણ ઉચ્ચ સ્વરે કાંઈ પણ કહીશ નહીં. એ એક; અને બીજુ ત્હારા મનને અસહ્ય લાગે છતા તું પોતે કોઇની ચાડી પતિ પાસે ખાઇશ નહીં. **ચાડી ખાવાથી કુટુંબનોજ નહીં પણ રાજ્ય સુદ્ધાંનો નાશ થાય છે;** તેથી હુ કહુ છુ તે બે વ્રતો પાળજે એટલે તને દુખ થશે નહીં. તુ ભાગ્યવાન્ છે **સહનશીલતા એ ત્હારો ગુણ થયો કે ત્હારી ખરી કિમ્મત અંકાશે;** અને અમારા કુળમાં જન્મ લીધો તેનુ સાર્થક થશે. આ મ્હારો ઉપદેશ ધ્યાનમા રાખજે. આથી ઉલટું વર્તન તું કરે છે એમ જો મને જણાશે તો હું તને કદિ બોલાવીશ નહીં. "

દિવસ અને રાત્રિનાં સુખ દુઃખ.

ગોવિંદરાવની માફકજ **રમાબાઇના** પિતા પણ બહુજ દ્રઢનિશ્ચયી હતા. આથી રમાબાઈ ઉપલા બન્ને વ્રત પાળવાને પોતાનું બનતું કરતા છતા **રમાબાઈના** ચહેરાપરથી અથવા બીજી રીતે—જો કે **રમાબાઇને**

વારંવાર 'તું ફૂલાણી વખતે આમ કેમ દેખાતી હતી ? ત્હારૂં મ્હોં આમ મ્લાન કેમ દેખાતુ હતુ ? કોઈ તને કંઇ બોલ્યુ કે ?' વગેરે પૂછતા પણ તેનો તે 'કંઈ નહીં; અમથું;' વગેરે ઉડાઉ જવાબો આપતા તે છતાં–માધવરાવ જાણી જતા. દરેક માણુસને પોતાનો અંતરનો ઉભરો કહાડવા એક માણુસ જોઇએ છીએ; પણ રમાબાઇને તેવું કોઇ ન હોવાથી બહુ મુઝાતા. આખો દિવસ આ પ્રમાણે દુઃખમાં જતો પણ તેને ક્ષણાર્ધમાજ વિસારી દેવાનો સમય રાત્રે મેડે ગયા પછી આવતો. ખરા સમાધાનનો વખત આવી ચાડી–ચુગલી કરવાથી ઓછો થઇ–તેમનો પોતાનોજ સુખનો સમય તેમ કરવાથી ઓછો થશે, એમ રમાબાઇ સારી પેઠે સમજતા, પરંતુ ઘરની સ્ત્રીઓનો સ્વભાવ માધવરાવથી અપરિચિત નહોતો તેથી તેજ કારણ માની લઇ તેઓ તેમનુ સમાધાન કરતા. પ્રેમપૂર્ણ આ શબ્દો રમાબાઇનું બધુ દુઃખ ટાળી દેતા અને તે આનંદ સવાર સુધી ટકતો. સવારે નીચે ઉતરતી વખતે પાછો પેટમા ધ્રાસકો પડતો, ત્યારે માધવરાવ કહેતા કે: "થોડુંક સહન કરતા શીખવુ. ઉત્તર દેવો નહીં એટલે બસ; હુ તો તને કાઇ બોલતો નથીને ? માટે બીજુ કોઇ બોલે તો રડવુ નહીં."

નાશીક થયેલી બદલી.

રમાબાઇને આ મુજબ શીખવુ બહુ મોંઘુ પડી ગયુ; પણ તેમણે ક્રમ છોડયો નહીં. આ બધામા તેમના બે દીયર અને માધવરાવજ ધીરજ દેતા. રમાબાઇ ઉપરથી ગમે તેટલા પ્રસન્નચિત્ત રહેતા પરંતુ ખરા પ્રેમના માણુસોને પરસ્પરનું મન જેટલુ જલદી અને બરોબર પારખતા આવડે છે તેટલુ બીજાથી પારખી શકાતુ નથી, તેથી માધવરાવ વસ્તુસ્થિતિ જાણી જતા અને ધૈર્ય દેતા. આમ જો વધુ વખત ચાલત તો કોણ જાણે શું થાત; પરંતુ કર્મ

સંયોગે રાનડેની બદલી પૂનેથી નાસીક થઇ. આ વખતે ખાસ કરીને તેમણે ઘરના કોઇ બીજા બૈરાંને સાથે લીધાં નહિ. આથી ત્યાં અભ્યાસક્રમ બરાબર ચાલવા લાગ્યો અને તેઓ આનંદથી રહેવા લાગ્યાં.

બદલીનું કારણ.

આ બદલીનુ કારણ એવું હતુ કે ૧૮૭૪–૭૫ની સાલમા મલ્હારરાવ ગાયકવાડનુ ખૂન થયુ હતું 'એક લાખ રૂપિયાની મદદ પૂના આપવા તૈયાર છે' એવી મતલબનો એક તાર પૂનાવાળાઓએ કર્યો હતો, તેથી સરકારનો પૂનાપર વધારે શક હતો. સર રીચર્ડ ટેંપલ આ વખતે મુબઇના ગવર્નર હતા. આવી હીલચાલના મૂળમા કોણ હતુ તે જાણવા અધિકારી વર્ગે બહુ પ્રયત્ન આરભ્યા; અને કેટલાક વિવાક્ષિત પુરૂષોને પૂનાથી દૂર કરવાની મકસદે ખાસ મુબઇ ઇલાકા સારૂ એવો કાયદો ઘડયો કે ત્રણ કે પાચ વર્ષથી વધુ કોઇપણ સબજજને એકને એક સ્થળે રાખવા નહીં આજ કાયદાને લીધે માધવરાવની બદલી થઇ હતી.

પૂનામાં સ્વામી દયાનંદ સરસ્વતીનું આગમન.

આ અરસામા સ્વામી દયાનદ લાહોરથી પૂને આવતા બુધવાર પેઠમાં વેલબાગની સામે ભીડેના દીવાનખાનામા તેમના દરરોજ વ્યાખ્યાન થતા. માધવરાવના સાંજના બે ત્રણ કલાક એ વ્યાખ્યાનો સાંભળવામા અને તે સબધી વ્યવસ્થા કરવામાં જતા. બધા વ્યાખ્યાનો પૂરા થાય અને જ્યારે સ્વામીજી સ્વસ્થાને જવા નીકળે ત્યારે તેમના સન્માનાર્થે એક મોટું સરઘસ કાઢવું એવો વિચાર એક દિવસે બધાએ રાનડેને ત્યાં ભેગા થઇ કર્યો; અને બે ત્રણ દિવસ આગળથી એ પ્રસિદ્ધ પણ થઇ ગયું. તે સાંભળતાંજ વિરૂદ્ધ પક્ષમા બહુજ

ચળવળ ચાલી. આ વખતે વિરૂદ્ધ પક્ષમાં રામ દીક્ષિત આપ્ટે બધા શાસ્ત્રીઓમાં મુખ્ય હતા. તેમની સાથે બીજા અનેક કે જેમને ધર્મ શું તે જ્ઞાન તો શું પણ વિચારે કાઇ દિવસ આવ્યો નહિ હોય, એ સર્વેએ મળી સ્વામી દયાનંદ અને તેના પક્ષની માનહાનિ કરવાનો નિશ્ચય કર્યો અને આખરે એક જણે શકુની મામા જેવી એક યુક્તિ શોધી કાઢી, જે સર્વાનુમતે પસાર થઇ.

બીજે દિને સવારે છ વાગ્યા પૂર્વેજ બૅંડ અને પાચ પચ્ચીસ ગામનાં માણસો સાથે, ઉત્તમ રીતે શણગારેલા **ગધેડાની** સ્વારી 'કાળાહોદ' પાસેથી શહેરમા સંચાર કરવા નીકળી ! જ્યા ત્યાં હસાહસ ચાલી; સાડા છ, સાત વાગે એ વાતની માધવરાવને ખબર પડી; વિરૂદ્ધ પક્ષમાં વધુ ચળવળ છે તેથી સ્વામી દયાનદને કાઇ નુકસાન ન થાય તે સારૂ ગંગારામ ભાઉમ્હસકેએ એક પોલીસ–પાર્ટી બોલાવવાનો પ્રસ્તાવ કર્યો. આથી સર્વની સંમતિથી માધવરાવે પોલીસ સુપ્રીન્ટેન્ડૅન્ટને એક પત્ર લખ્યો. બીજી બાજુ ગધેડાની સ્વારી જે સવારના છથી નીકળી હતી તે સાજના છ વાગે ગલીએ ગલી અને રસ્તે રસ્તે ફરી વળી ! સ્ને સાથેના લોક 'શ્રી રામાનદ સ્વામીકી જય' પોકારતા હતા !

ચાર સાડાચાર વાગે નિત્ય મુજબ સ્વામીશ્રીનાં વ્યાખ્યાન સાંભળવા લોક ભેગું થવા માંડયુ. સ્વામીજી એક રસાળ અને ગભીર વક્તા હતા. તેમની ભાષણપદ્ધતિ બહુ માર્મિક અને અલકારિક હતી, તેથી તેમના વ્યાખ્યાનમાં લોક તલ્લીન થઇ જતા. સ્વામીજી અલકારિક રીતે પોતાને શાંતિથી સાભળી લેવા સારૂ સભાજનનો આભાર માનવા લાગ્યા; અને પોતાનું છેવટનું વ્યાખ્યાન આપવા લાગ્યા. તે પૂરૂં થયા બાદ બધા નીચે ઉતર્યા. રસ્તામા હાથી, પાલખી આદિની વ્યવસ્થા પ્રથમથીજ કરવામાં આવી હતી. તે પાલખીમાં

વેદ મૂકી હાથીપર દયાનંદ સ્વામીને બેસાડ્યા કે તુરતજ વિરૂદ્ધ પક્ષે અંદર ઘૂસી યદ્વાતદ્વા બકી ઘોંઘાટ કરવા માંડયો. ઠેકઠેકાણે આ પક્ષના માણુસો ઉભા હતાં અને પોતાના પક્ષના માણુસોને ગરબડ મચાવવા ઉત્સાહ આપતા હતા. તે દિવસે વરસાદ બહુ પડેલો હોવાથી રસ્તામાં કીચડ થયો હતો; પણુ તેથી ન અટકતા જ્યારે આ સરઘસ આગળ ચાલવા માંડયુ ત્યારે વિરૂદ્ધ પક્ષ નિરાશાથી ખીજવાઇ ગયો. આથી ઠેકઠેકાણે ઉભા રહેતા વિરૂદ્ધ પક્ષીઓએ જેના હાથમાં જે આવ્યું તે સરઘસનાં માણુસો પ્રત્યે ફેંકવા માંડયુ અને જેના હાથમા કાંઈ નહોતું તેમણે નીચા વળી કાદવના ગોળા ફેંકવા માડયા! આમ થવા છતાં પણુ સરઘસમાંથી કોઇએ પાછુ વળી જોયુ સરખુ પણુ નહિ! પોલીસ-પાર્ટીને પ્રથમથીજ એવો હુકમ કરવામાં આવ્યો હતો કે સૂચના મળ્યા સિવાય તેમણે કાઇ પણુ કરવું નહીં—માત્ર સરઘસની શોભા સારૂજ રહેવું; પરંતુ આગળ જતા વિરૂદ્ધ પક્ષે પથ્થર અને લાકડીઓનો વરસાદ વરસાવ્યો, જેથી બીચારા પાંચપચ્ચીસ ગરીબ માણુસ જખમી થયા. આથી પોલીસ વચમા પડી અને સરઘસ આગળ ચાલ્યુ. ઘેર આવતાં કપડાં કહાડતી વખતે માધવરાવને બધાએ પૂછ્યુ કેઃ “પોલીસ સાથે હોવા છતા તમારા કપડાં કાદવવાળાં કેમ થયાં?” ત્યારે તેમણે હસીને ઉત્તર દીધો કે “કેમ વારૂ? જ્યારે હું બધાની સાથે હતો તો મને કેમ કાદવનો માર ન પડે? પક્ષાભિમાનીઓનાં કામ એવાંજ હોય છે, બીજા પક્ષનાં માણુસો નાનાં હોય કે મોટાં તેની પરવા તેમને શાસારૂ હોય? અને આવે સમયે માનાપમાનનો વિચાર અમારા મનમાં શાસારૂ આવવો જોઇએ? એ બધું એમજ ચાલવાનું.”

સ્વામી દયાનંદ સરસ્વતી પછી કૈ. સ્વામી શ્રી નિત્યાનંદજી પર પણુ એમને બહુ પ્રેમ હતો અને વારંવાર એ તેમને જૂદે જૂદે

ઠેકાણે ઉપદેશાર્થે ખાસ મોકલતા. સ્વામીજી વેદોના 'ખા' હતા અને આર્યસમાજી હોવાથી તેમજ પ્રાર્થના સમાજ અને આર્યસમાજને એક બે બાબતમાંજ મતભેદ હોવાથી અને સંસાર સુધારાનુ કાર્ય તો બન્ને સમાજોને સામાન્ય હોવાથી સ્વામીજીપર એમની શ્રદ્ધા બહુ હતી.

આર્યસમાજ, કર્ત્તવ્યપરાયણતાનું એક ઉત્તમ દૃષ્ટાંત.

એક વખતે એમણે પોતાના કેટલાક મિત્રોને કેટલુક સાહિત્યનું કામ સોપ્યુ હતું; પણ તે તેઓથી થઇ ન શકવાથી તેઓ વારંવાર નિરાશાના પત્રો એમને લખતા આથી એ એવા મિત્રોને લખતા કેઃ–

"ઘરમા રહેવાથી તમારી પ્રતિજ્ઞા ભગ થતી હોય તો ઘર છોડો; પજાબમા ફરી આવો; ત્યા આર્યસમાજની કર્ત્તવ્યપરાયણતાના ઉત્સાહથી અને આત્મનિવેદનથી તમારી નિરાશા નષ્ટ થશે અને કામ કરવાનો ઉત્સાહ પુનઃ તમારામા આવશે."

આર્યસમાજ અને પ્રાર્થનાસમાજને એક કરવાના એમણે બહુ પ્રયત્ન કર્યા હતા, પણ તે નિષ્ફળ ગયા હતા, કારણ કે વેદોનુ અપૌ-રૂષેયત્વ અને તેનેજ દરેક બાબતનો આધાર માનવાને જેમ પ્રાર્થના-સમાજ તૈયાર નહોતી, તેમ આર્યસમાજ તે છોડી દેવાને તૈયાર નહોતી. તેમનો આર્યસમાજપર અને મુખ્યત્વે કરી તેના સમાજસુધારણાના કાર્ય તરફ ખાસ પ્રેમ હતો.

રમાબાઇની રાંધણકળા.

માધવરાવનો એ તો એક સ્વભાવજ હતો કે ગમે તેવુ માણસ હોય તેને પણ નિભાવી લેવું. રમાબાઇને રાધતાં બરોબર આવડતું નહીં; પરંતુ નાશિક ખાતે માધવરાવની બદલી થતાં રમાબાઇ પોતેજ રાંધતા. માધવરાવ પણ ખારૂં ખાટું ગમે તેવું થતું તોપણ કદિ ગુસ્સે ન થતાં ચલાવી લેતા. કદાચ કોઇ ચીજ બરોબર થઇ હોય તો સાંજે

પાસે જમવા બેસનાર પોતાના ભાઇને ઉદ્દેશીને સહેજ વિનોદથી કહેતા કે: "સવારના આટલા બધા પ્રકાર હતા. છતા ત્હેં બરોબર ખાધું નહિ અને હમણાં એક બે ચીજ છે છતાં કેમ સંતોષથી ખાય છે?" રમાબાઇને આથી જણાતું કે રસોઇ અત્યારે બરાબર થઇ હોવી જોઇએ. માધવરાવે સૂપ-શાસ્ત્રનુ એક પુસ્તક લાવી તેમાંની એક એક જણુસ દરરોજ કરવા કહ્યું કે જેથી દરેક ચીજ કરતા આવડે.

આ વખતે રમાબાઇનો અભ્યાસક્રમ પાછો ચાલુ થયો હતો હાવર્ડનું પહેલું પુસ્તક પૂરૂં થઇ બીજું શરૂ થયુ હતું. સવારના કલાક દોઢ કલાક વાચન થયા બાદ, તથા સંધ્યાકાળે ફરી આવ્યા બાદ, જમવાની એક કલાક પૂર્વે મરાઠી વર્ત્તમાનપત્રોનુ વાચનાદિ થતું. પહેલી વખતનુ પીરસી લઇ બન્ને સાથેજ જમવા બેસી જાય અને પછી રાધનારી પીરસે, એવો ક્રમ ચાલુ હતો. જમ્યા બાદ પૂનાની દક્ષિણા પ્રાઇઝ કમીટીના આવેલા પુસ્તકો રમાબાઇ પાસે વચાવવામા આવતા. કેટલીક વખતે શ્લોકો કહી તેના અર્થ સમજાવતા; અને બીજે દિને પાછા તેજ પૂછતા. બન્ને સવારના ચાર સાડાચાર વાગે ઉઠતા અને આ મુજબ સરસ્વતી-પૂજન કરતા. રમાબાઇ પોતાનુ લેસન બરાબર કરતાં, કારણુ કે તે પાછુ સાંજના આપવું પડતું. લેસન બરાબર ન થયું હોય તો માધવરાવ ગુસ્સે થતા; પરંતુ સાધારણ માણસો જેમ બૂમબરાડા મારી કિંવા અપશબ્દ ઉચ્ચારી પોતાનો ગુસ્સો પ્રદર્શિત કરે છે તે જાતનો માધવરાવનો ગુસ્સો ન હોઇ તેથી ઉલટીજ જાતનો હતો. તે મુગ્ધ ને ઉદાસીન થઇ બેસી રહેતા. બહુ તો એકાદેક નિ. શ્વાસ નાખતા. આ સ્થિતિ ઘણો વખત રહેતી. ભોળું અને તરત ગુસ્સે થઇ જતુ માણુસ એક વખત જે કાંઇ બોલવું હોય તે બોલી નાખે છે પણ પછી કાંઈ નહીં; પણ માધવરાવનો ગુસ્સો બહુ દિવસ રહેતો. આથી રમાબાઇ બહુ બ્હીને બનતાં સુધી તેવો પ્રસંગજ આવવા દેતાં

નહીં. થોડાક દિવસ પછી દરરોજનો કાચો ખર્ચ માંડવાનુ કામ પણ રમાબાઈપરજ આવ્યું.

ભોજન ખર્ચનું કૉન્ટ્રેકટ !

બે માસ ખર્ચ ચલાવ્યા પછી ફક્ત ભોજન-ખર્ચને સારૂ શુ લાગે છે તેનો આસરો કાઢી ધીમે રહીને તેટલીજ એટલે કે, રૂ. ૧૦૦)ની એક રકમ (આઠ માણુસોને સારૂ) કાઢી માધવરાવે જૂદી આપી રમાબાઇને કહ્યું કે " આ મહિને આટલાજ રૂપિયામાં ભોજન ખર્ચ ચલાવ અને તેનો બધો હિસાબ બરાબર રાખજે." રમાબાઇને આ રકમ બહુ લાગી તેથી તેમણે કહ્યું કે. " આમાંથી બાકી રહેલી રકમ હુ તમને પાછી નહિ આપુ," જે વાત માધવરાવે સ્વીકારી; પરતુ મહિનાની ૨૦-૨૧ તારીખ સુધી તો આ બધુ ઠીક ચાલ્યુ. બાદ રમાબાઇને માસિક ત્રીસ પાંત્રીસ રૂપિયા કમાવાવાળા માણસને મહિના આખરે જે અડચણ પડે છે તેનો અનુભવ થવા લાગ્યો !

બધા પૈસા રમાબાઇ પાસેજ રહેતા છતાં તે પૂછયા વગર એક પાઇ પણ કાઢતાં નહિ. ખર્ચ સારૂ પૈસા ખલાસ થતાં રમાબાઇ બહુ મુઝાયાં. માધવરાવે અનેક વખત પૂછ્યુ છતાં જવાબ આપી ન શકાયો અને સ્ત્રીઓના શરમાળ સ્વભાવ મુજબ કહી પણ ન શકાયું કે ખર્ચના રૂપિયા ખૂટી ગયા છે, તેથી આખરે રડી દેવાયુ ! માધવરાવને આ ખબર પડતાં તેમણે કહ્યું કે આટલું બધું મુંઝાવાની કશી જરૂર નહોતી. વધુ પૈસા કાઢી લેવા હતા. માત્ર કરકસરથી મનુષ્યનુ ધોરણ અને ચોકસપણું વધે છે એજ મ્હારે તને શીખવવાનું હતું.

માધવરાવ પોતાની પાસે એક પૈ પણ રાખતા નહિ. કુંચી તો એક પણ કદિ હાથમાં લેતા નહિ તો જનોઇએ તો ક્યાંથીજ બાંધે? જો કાંઇ પૈસા જોઇતા તે રમાબાઇ પાસેથી માગી લેતા અને ખર્ચ

લખવામાં આવતું. રમાબાઈ પણ પાંચ રુપિયાથી વધુ વગર પૂછ્યે પોતાના વપરાસ સારૂ કાઢતાં નહિ.

બુઢ્ઢો નાયક અને તેના અભંગો.

દરરોજ સવારે ચાર સાડાચાર વાગે રમાબાઈ એક બુઢ્ઢા સિપાઇને લઈને ફરવા જતા. તે સિપાઇ ધીમે ધીમે સંત તુકારામના અભંગો બોલતો. આથી રમાબાઇએ કહ્યુ: "સખારામ, ત્હારો અભંગ ભણવાનો નિત્યક્રમ હોય તો તું મોટેથી ભણતો જા. મને સંભળાય તેવી રીતે બોલીશ તો પણ ચાલશે. મને અભંગ બહુ પસંદ છે."

આપરથી તેણે રામરામ કહી કહ્યુ: "ઠીક છે બાઇ સાહેબ! પુષ્કળ લોકોને અમારા એમ કરવાથી બેઅદબી લાગે છે અને અમારી બુઢ્ઢા માણુસોની ગરબડ પસંદ પડતી નથી; તેથી હુ બીતો હતો."

આ પ્રમાણે રસ્તામાં બોલતા ચાલતાં તે બન્ને રોજ જતાં. કદિ કદિ નાયક તેનો અર્થ પણ કરી બતાવતો. પરંતુ જેમ શુદ્ધ ઉચ્ચાર પણ તેનાથી થઇ શકતો નહોતો તેમ શુદ્ધ અર્થ પણ થઈ શકતો નહોતો. હા, એટલુ ખરૂં કે એ લોક જે બોલતા તેનો અર્થ પણ કરી બતાવતા—પછી મૂળ અશુદ્ધ હોય તો તેનો અર્થ પણ અશુદ્ધજ થાય તેમાં નવાઈ શી? દાખલા તરીકે મરાઠીમા **हिरण्यकश्यपूच्या पोटी प्रल्हाद बाळ जन्मले** । ને બદલે તે **हरिणका-वाचे पोटीं परळांत बाळ जन्मलें** । એમ કહેતા અને તદ્દનજ તેનો અર્થ સટીક કરતા કે "દેવના આપણે દશજ અવતાર સાંભળ્યા છે, પરંતુ ભકતોને સારૂ દેવોને અનેક અવતાર લેવા પડ્યા છે. એનું પ્રમાણ એજ કે દેવને હરિણ અને કાચબાને પેટે જન્મ લઇ છેવટે ઘાસમાં પણ જન્મ લેવો પડયો હતો. આ પરથી જૂઓ કે દેવને ભકતોને સારૂ કેટલા અવતાર લેવા પડયા છે" વગેરે બહુ ભાવથી

કહેતો. એનુ કારણ એ લોકોની અધપર શ્રદ્ધા ભક્તિજ છે. આ લોક એવી ભક્તિને ચોંટી રહે છે અને એનો અર્થ અહિ બેસતો નથી એમ વિચાર કરવાની શક્તિ પણ ધરાવતા નથી તેમજ કોઈ તેમને એમ કહે તો તેમને તે ગમતુ પણ નથી. તેમ કરવાથી તેમની લાગણી દુઃખાય છે. રમાબાઈનો સિપાઈ પણ એમાંનોજ એક હતો.

પ્રાર્થના-સમાજની સ્થાપના અને સ્ત્રી કેળવણીના વિચારો.

રા સા. ગોપાળરાવ હરી દેશમુખ અને બીજા બે ગૃહસ્થોની મદદથી આ વર્ષે પ્રાર્થના સમાજની સ્થાપના કરી. [1] દેશમુખ કુટું-બની છ વહુઓ, અને બે છોકરીઓ, જો કે તેમનુ કુટુંબ જૂની રીતભાતનુ હતુ છતા, તે વખતના પ્રમાણમાં સારૂ શિક્ષણ પામેલી હતી. દેશમુખ અને રાનડે બન્ને સ્ત્રીકેળવણીના અભિમાની હતા તેથી પોતાની સ્ત્રીઓએ વારવાર છોકરીઓની શાળા તપાસવા જવુ, કંઇક ઇનામો આપવા, તેમજ સ્ત્રીઓને ભેગી કરી તેમને સીતા, સાવિત્રી વગેરે સતીઓના ચરિત્રો વાચી બતાવી શિક્ષણ તરફ મન વાળવું, એવો મત ધરાવતા હતા, અને તે મુજબજ પોતપોતાની સ્ત્રીઓ પાસે વારવાર બન્ને ઉધરાણી કરતા.

---

૧ જો કે રા સા. ગોપાળરાવ દેશમુખ અને માધવરાવે મળી પ્રાર્થનાસમાજની સ્થાપના અત્રે કરી હતી ખરી, છતા પાછળથી સ્વામી દયાનંદના ઉપદેશથી રા. સા. દેશમુખ આર્યસમાજી થયા હતા, એટલુંજ નહિ પણ તે તેના પ્રમુખે હતા માધવરાવ જો કે પ્રાર્થનાસમાજમાજ રહ્યા હતા તોપણ આર્યસમાજ તરફ તેમનો પ્રેમ બહુ હતો, કારણ કે તે માનતા કે ધર્મના પાયાપર રચાયલો કોઇ પણ સસ્થાનો પાયો મજબૂત થાય છે અને તે પોતાની ઉન્નતિ જલદી કરી શકે છે એજ કારણ છે કે જેથી આર્યસમાજ પ્રાર્થના કે બ્રહ્મોસમાજ કરતા બહુ ઉન્નત સ્થિતિએ છે. તેમની એ પણ માન્યતા હતી કે સુધારાની ઈમારત પણ ધર્મના પાયાપર રચાશે તોજ ઉપયોગી થઈ પડશે.

બક્ષિસ સમારંભ.

થાણાના સેશન્સ જજ્જ મી. કાગલન સાહેબ એક વખતે નાસિકમાં સેશન્સ ચલાવવા આવેલા, તેમનો મુકામ સુમારે આઠ દસ દિવસ હતો. તેમની સાથે તેમની નાની સાળી અને સ્ત્રી પણ હતાં. બન્ને જૂવાન હોઇ મળતાવડા સ્વભાવનાં હતાં. હિંદુ સ્ત્રીઓ સાથે ઓળખાણ થાય એવી તેમની ઇચ્છા હોવાથી એ બન્ને પોતાની મેળેજ રમાબાઇને ત્યાં ગયાં, અને રમાબાઇ પણ વળતી મુલાકાત આપવા ત્રીજે દિને તેમને મુકામે ગયાં. દેશમુખની બન્ને છોકરીઓ, રમાબાઇ અને મીસીસ કાગલન તથા તેની બહેન-બધાં સમવયસ્ક હોવાથી એ મુલાકાતમાંજ તેમનો ગાઢ પરિચય બંધાયો. સવારસાંજ બધા સાથે ફરવા જતાં. વળી આજ વખતે મી. ગડબોલે, ડે. એ ઇન્સ્પેક્ટર, શાની તપાસ કરવા આવેલા, શાળાના આ વખતના હેડમાસ્તરની સ્ત્રી સૌ. લક્ષ્મીબાઇ વયમાં રમાબાઇથી બહુ મોટી હોવા છતા બહુજ પ્રેમથી અને છુટથી તેમની સાથે વર્તતી ઊનનું અને સાદું સીવણ-કામ એમણેજ રમાબાઇને શીખવેલું; તેમજ રમાબાઇની એક નણંદ પણ હમણાં નાસિક આવેલી તેથી આ ત્રિપુટી બહુ ગમ્મત કરતી, અને તેમાં અધુરામાં પુરૂં મીસીસ કાગલન અને તેમની બહેનનો ઉમેરો થયો હતો.

ઍજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરે બધી શાળાની તપાસણી કરી લીધા પછી કન્યાશાળાનો ઇનામનો મેળાવડો કરવાનો હતો તેમાં મીસીસ કાગલન અત્રે છે એમ ખબર પડવાથી તેમનેજ હાથે એ ઇનામો વ્હેંચાવવાનું નક્કી કર્યું આ મેળાવડામા જેમ સ્ત્રીઓની હાજરી વધુ તેમ શોભા વધુ આવશે એમ લાગવાથી હવે સ્ત્રી સંખ્યાનો વધારો કેમ કરવો ? તેનો વિચાર ચલાવવામાં આવ્યો. આખરે એમ ઠર્યું કે જાગીરદાર વગેરે જૂની રીતભાતવાળાં ઘરોનાં બૈરાં કાંઇ આમંત્રણ-

પત્રિકાથી આવે તેમ નથી. તેમને તો ખાસ તેમને ઘેર જઇ તેડી લાવવાં જોઇએ. તેમજ કરવામાં આવ્યું; અને આખરે મેળાવડામાં ૯૦ સ્ત્રીઓની હાજરી મેળવી શકાઇ. આ એક અસાધારણ મોટા મેળાવડો એટલા સારૂ કહી શકાય કે આજદિનસુધી નાશિકમાં સ્ત્રી પુરૂષોનો એવો ભેગો મેળાવડો એક પણ થયો નહોતો, કે જેમાં સ્ત્રીઓની આટલી મોટી સંખ્યા હાજર હોય.

સાહેબનો હાર.

પ્રાથમિક ક્રિયા થયા બાદ **મીસીસ** કાગલનનો ઉપકાર માનવાનુ અને એકઠી થયેલી સ્ત્રીઓને ઉત્તેજન તેમજ ઉપદેશ આપનારૂં થોડુક લખાણ **માધવરાવે** તૈયાર કરી આપ્યુ હતું અને તે **મીસ** દેશમુખે વાચવાનું હતુ. પણ અણીની વખતે તેમણે તેમ કરવા ના પાડવાથી રમાબાઇને કર્મે એ વાત આવી. રમાબાઇએ પોતાનું બોલવું પૂરૂં કર્યું કે તુરતજ ડેપ્યુટી સાહેબે આવી હારતોરાની તબક તેમની સામે મેલી.

રમાબાઇએ એકેક હાર **મીસીસ** કાગલન તેમજ તેમની બ્હેન અને માતાને આપ્યો અને એક બાકી રહ્યો તે, તેમજ આખી તબક, ડેપ્યુટી સાહેબ આગળ પાછી ખસેડી દીધી. આ હાર સાહેબને ઘાલવાનો છે એમ ડેપ્યુટી સાહેબે ધીમેથી રમાબાઇને સૂચવ્યું. રમાબાઇને ડેપ્યુટી સાહેબ ઉપર ખૂબ ગુસ્સો આવ્યો; તે દેશમુખ પામી ગયા અને ધીમેથી હસી, ઉઠી, હાર લઇ, સાહેબને તે અર્પણ કર્યો તથા અત્તરાદિ આપ્યાં. આ મુજબ મેળાવડો વિસર્જન થયો.

રાત્રિના સૂતી વખતે માધવરાવે વિનોદથી પુછ્યુ: તમારી સભા પાર પડી ને ? પરંતુ સ્ત્રીઓને આટલો બધો પક્ષપાત શા સારૂ જોઇએ ? સભાની ખટપટ બધી પુરૂષોએજ કરી. સ્ત્રીઓ માત્ર તૈયાર

ભાણે આવી ચપાટવા બેસી ગઇ; તેમ છતાં તે ત્રણુને ત્હે હાર ઘાલ્યા અને માત્ર સાહેબનેજ બિચારાને ન ઘાલ્યો એનુ કારણ શુ?

રમાબાઇએ જવાબ આપ્યો "હુ જો હિંદુ ન હોત તો મને એનું કંઇ પણુ લાગત નહિ. ડેપ્યુટી સાહેબ હિંદુ અને પુખ્ત હોવા છતાં તેમણે મને સાહેબને હાર ઘાલવાનુ સૂચવ્યું એનોજ મને તો અચબો થયો અને ગુસ્સો પણુ આવ્યો "

ધુળીએ બદલી.

તા. ૧૬ મે ૧૮૭૮ ની રાત્રે સુમારે બે વાગે શહેરનો શ્રૃગાર અને પેશ્વાના સ્મારકરૂપ 'બુધવાર બાગ' અને 'વિશ્રામ બાગ' એમ બન્ને વાડાને આગ લાગી. આગ લગાડનાર રાનડે નામના શખ્સનો એમનાં કુટુંબ જોડે સંબધ ધરાવનાર છે એવા પ્રકારનો એક લેખ મુબઇના **'ટાઇમ્સ'** પત્રે લખવાથી અધિકારીઓનુ મન વધુ દૂષિત થયું; અને તેથી મે માસની રજા પૂરી થાય ત્યારપહેલાજ, આગ લાગવાની આઠેક દિવસ પછી, "દેખત હુકમ, રજા પૂરી થવાની વાટ ન જોતા, ધુળીએ જઇ ફર્સ્ટ કલાસ સબૉર્ડીનેટ જજજનો ચાર્જ લેવો" એવો હુકમ આવ્યો, ને તે મુજબજ કરવુ પડયુ. મિત્ર મંડળીએ કહ્યુ કે એકાદેક મહિનો રહી કઇ બ્હાનું કાઢી બદલી કરવાની અરજી કરજો; પણ માધવરાવે તેમ કરવાની સાફ ના પાડી અને કહ્યું કે: "વિનતિ કરવાનો જો મ્હારાપર વખતજ આવશે તો હું રાજીનામુંજ આપી દઇશ." મિત્ર મંડળીએ સાવચેતીથી રહેવા જણાવ્યુ.

ટપાલ ફુટતી.

બાદ ધુળીએ જતાં એકાદેક મહિનો થયા બાદ એમની ટપાલ રોજ કરતાં મોડી મળવા લાગી; એટલુંજ નહિ પણુ એક વખત પત્ર ફોડી પુનઃ ચોંટાડેલા મળવા લાગ્યા. એમનો સિપાઇ દરરોજ ટપાલ

લેવા પોસ્ટ ઑફીસમાં જતો છતા બધા કરતા એમની ટપાલ મોડી કેમ મળતી તે સમજાતું નહિ. ઘણીક વખત સિપાઇને ઠપકો દેવામાં આવતો; પણ તે પોતાને નિર્દોષ જણાવતો.

ભેદ ખુલ્યો.

બે મહિના બાદ તે વખતના ઍસીસ્ટંટ કલેકટર એક સાંજે ગાડી જોડી આવ્યા અને માધવરાવને પુછ્યુ કે "ફરવા આવવું છે કે?" માધવરાવે હા પાડવાથી સાહેબે પોતાનીજ ગાડીમાં બેસી જવાનુ કહ્યું.

બે એક કલાક પછી ઘેર આવી માધવરાવે રમાબાઇને કહ્યુ કે: "બીચારા સીપાઇને તુ નમામો દમ મારતી હતી. અંદરનું કારણ તો જૂદુંજ હતુ. આજે સાહેબે વાતચિતમા મને સહજ કહ્યુ કે "ગયા થોડાક દિવસથી મ્હારે તમારી સાથે જરા અવિશ્વાસથી કામ લેવુ પડયુ છે, તેને સારૂ મને બહુ ખરાબ લાગે છે."

દર એક બે દિવસે વાસુદેવ બળવંત ફડકે કિંવા હરી રામોશીની સહીથી, બંડનો વિચાર કાલે અમુક ઠેકાણે છે, અમુક માણુસો અને હથીઆરો મેળવ્યા છે, વગેરે મજકુરના પત્રો માત્ર વગર ફુટયે આવતા, તે આવતાંજ વાચી, કવર સુધ્યા જેમના તેમ, માધવરાવે ફોજદારને મોકલી દેવાનો ક્રમ રાખ્યો હતો. ઉપલા પત્રો બંડખોર લોકનાં નામોથી લખેલા અમુક ખાતામાથીંજ મોકલવામા આવતા હોવા જોઇએ એવો પક્કો સંશય હોવાથી તે એમજ મોકલવામા આવતા. આ બધાનુ કારણ સરકારનો તે વખતે પૂનાના લોકોપર થયલો અવિશ્વાસજ હતો અને કારસ્થાન પણ પુષ્કળ થતા હતા.

નનામા બીજા પત્રો સાધારણ મજકુરના પણ આવતા પણ માધવરાવ વાંચી તેને કચરાની ટોપલીને સ્વાધીન કરતા!

'મડમ'ના સ્પર્શ માટે દેહશુદ્ધિનું સ્નાન!

મિસ હરફર્ડ નામની એક અંગ્રેજ બાઇ રમાબાઇને શીખવવા આવતી. માધવરાવની સતારા જીલ્લામાં ફરવાની બદલી થઇ. અહિં ધીમે ધીમે ઘરના આંમંડળની ક્રોધાગ્નિની જ્વાળાઓ બહાર પડવા લાગી. "તું મડમને અડકી વગર નહાયે ઘરમાં બધે એધડક અડક છે એ અમારાથી ખમાશે નહીં. ત્હારે નહાવું ન હોય તો તું ઉપરજ બેસી રહેતી જા, અમે ત્હારૂં ભાણું ઉપરજ મોકલીશું. હવે અંગ્રેજી શીખી મડમ થવું છે. નીચે ઘરના કામનું કષ્ટ ઉઠાવવા સારૂ અમો દાસીઓ તૈયાર મળેલીજ છીએ." વગેરે પુષ્કળ બોલાતું; પરંતુ રમાબાઇ સામો જવાબજ દેતાં નહિ પણ આવે વખતે કરવા પડતા ઠંડા પાણીનાં સ્નાનથી રમાબાઇને તાવ આવવો શરૂ થયો. શિક્ષણ સારૂ આવા અનેક ચાબખા રમાબાઇ દરરોજ ખાતા.

ઉપદેશ.

રમાબાઇ એકાદેક શાળા જોવા ન જતાં તો માધવરાવ ગુસ્સે થઇ કહેતા કે: "મનુષ્ય જરૂર હોવાથી બોલાવવા આવે છે; તો માત્ર જઇને જોઇ આવવામાં શું થાય છે? કંઇ બોજો પડતો નથી તમારા જવાથી બોલાવનારને કંઇ મોક્ષ મળી જતો નથી આપણને અનાયાસે માહિતી મળે છે એ પણ એક મોટો લાભજ છે. વળી બોલાવનારને પોતાને પણ કેટલું સારૂ લાગે છે?" વગેરે.

સત્ય-પ્રિયતા.

ઇ. સ. ૧૮૮૦ માં થાણાના સેશન્સ જજની જગ્યા ખાલી પડી. દેશીઓને વરિષ્ઠ દરજ્જાના હોદ્દા આપવાથી અસંતોષ ઓછો થશે, એમ સરકારનો મત થવાથી તે જગ્યા કોઇ દેશીને આપવાનો તેણે ઠરાવ કર્યો, અને એ જગ્યાપર કોની નિમણુક કરવી તે સંબંધી

હાઇકૉર્ટનો મત માગવામાં આવ્યો. હાઇકૉર્ટે તેલંગ અને રાનડે, એ બેના નામો સૂચવ્યાં. તેલંગને પૂછવામા આવતાં તેમણે તે માગણીની ઉપકાર સાથે ના પાડી. રાનડેને પૂછવામાજ ન આવ્યુ, અને આખરે એ જગ્યા કૈ. ગૌપાળરાવ દેશમુખને આપવામા આવી. આથી તે વખતના ચીફ જજ્જ સર માયકેલ વેસ્ટ્રૉપ સાહેબે પોતે તેલંગ મારફતે રાનડેને એમ કહેવડાવ્યુ કે "તમારા લેખો તમારી ઉન્નતિની આડે આવે છે. માટે ઉન્નતિ ચાહતા હો તો એ ઉપદ્રવ્યોપ છોડી દો." વૅસ્ટ્રૉપ સાહેબ એમની બાહોશી જોઇને ખુશ થયા હતા, અને તેથી ખાસ અંતઃકરણની લાગણીથી તેમણે આ શબ્દો માધવરાવને કહેવડાવ્યા હતા, પણ માધવરાવે જજ્જ સાહેબનો ઉપકાર માની કહ્યું કે "હું અલ્પ સંતુષ્ટ છુ. મ્હારો નિર્વાહ હુ થોડામા કરી શકુ છુ. તેથી મને મ્હારા દેશના હિતને કાજે જે સત્ય જણાશે તે કહ્યા વિના રહેવાય તેમ નથી."

સ્પેશીયલ જજ્જ.

સુમારે ૧૮૮૩–૮૪ માં સ્પેશીયલ જજ્જ તરીકે એમની બદલી થઇ. પૂના અને સતારા જીલ્લામાં જ્યાં જ્યા સ્પેશીયલ કૉન્સિલિએટર અને ગામ મુનસફ હોય ત્યાં ત્યા એમણે જઇ એક કે અર્ધો દિવસ રહી, તેમનુ દફતર તપાસી આગળ જવાનુ થતું. એમની આગળના બધા બે ચાર દિવસ તાલુકાને ગામે મુકામ કરી આસ પાસના ગામ મુનસફને સંદેશો મોકલી દફતર મંગાવી તપાસી લેતા; પણ માધવરાવ તો પોતે બધે જઇને એ બધુ તપાસતા. આથી બધાની બહુ ગેરવ્યવસ્થા થતી. એકેક બબ્બે દિવસ દૂધ સરખું પણ મળતું નહિ તો શાકભાજીનું તો નામજ કયાંથી? કદિક તો સાત આઠ બળદગાડીઓ અને બે ઘોડા એમને પૂરતું થાય એટલું ઘાસ પણ મળતું નહિ; તેમજ ગામમાં એકજ કુવો હોય તો ઢોર વગેરે બધાને

પાણીની પણ બહુ પંચાત પડતી. આથી રમાબાઈએ એક દિવસે કહ્યું કે; "તાલુકાપર દફતર મંગાવવાથી જો કામ થતું હોય તો આટલો ત્રાસ ભોગવવાની શી જરૂર છે?" માધવરાવે જવાબ દીધો કે: "સરકારે મ્હારી જે નિમણુંક કરી છે તે ભથ્થું લઇ ચેનથી ફરવા સારૂ નહિ. તાલુકાપર જઇ દફતર મંગાવીએ તો જરા હુશિયાર અને ખટપટી માણસો આગળ આવી જાય અને પોતાને ગમતું ચિત્ર કામદારો સામે મૂકી દે. આથી ખેડુતોની ખરી સ્થિતિ સમજાતી નથી. તેમની મુશ્કેલી દૂર કરવી એ તો સરકારનો મુખ્ય હેતુ છે. ગામડે જવાથી વૃદ્ધ માણસોનો સમાગમ થાય છે. આપણું જ્ઞાન વધે છે તેમજ તેમની ખરી સ્થિતિ પણ જણાય છે. આવું હોવાથી હું નાનાં નાનાં ગામોમાં પણ પોતેજ જાઉં છું. નહિ તો અમથો ત્રાસ માથે વહોરી લેવાનુ કઇ કોઇને મન થાય છે?"

બંગાળી ગુરૂ–એક હજામ.

એક વખતે કલકત્તે જતાં, જે ગામમાં આપણે જઇએ તે ગામની ભાષા આપણને આવડે નહિ એ સારૂં નહિ એમ કહી માધવરાવ બંગાળી પુસ્તકો લાવ્યા અને હજામત કરાવવા બેઠા. હજામત કરાવવા બેસી એક બંગાળી પુસ્તક હાથમાં લીધું અને જે શબ્દ ન આવડે તે હજામને પૂછતા! હજામ શબ્દનો ઉચ્ચાર અને અર્થ કહેતો. રમાબાઇએ આથી વિનોદમાં કહ્યુ કે: "માસ્તર તો બહુ ઉત્તમ શોધી કાઢયો! શ્રી દત્તે ચોવીસ ગુરૂ કર્યા હતા તે મુજબ જો તમારા ગુરૂની ટીપ મને કરવાનું કોઇ કહે તો હું આ ગુરૂનું નામ પ્રથમ મેલું! પૂર્વે ગુરૂની સેવા ચેલાઓ કરતા પણ આ ગુરૂ તો ચેલાની સેવા કરે છે તેથી એનું નામ તો પ્રથમજ મેલવું ઘટે છે!"

મીશનરીઓની મ્હા પીવાનું પ્રાયશ્ચિત.

ઇ. સ. ૧૮૫૦ ના અકટોબરની ૧૪ મી તારીખે સાંજે સેન્ટ

મેરીઝ કૉન્વેન્ટમાં એક સમારંભ હતો કે જેમાં સ્ત્રી પુરૂષ બન્ને મળી આશરે સોએક માણસની હાજરી હતી. કેટલાકોએ નિબંધો વાંચ્યા અને કેટલાકોએ ભાષણો કર્યા બાદ ઝનાના મીશનમાંની 'સિસ્ટર્સો'એ પોતાનેજ હાથે ચ્હા કાઢી પરોણાઓને આપવા માંડી. જે કેટલાકોએ માત્ર સ્ત્રીઓનુ માન રાખવા ખાતર હાથમાં લીધી અને તરત પાછી મેલી દીધી અને કેટલાકોએ તે લીધી. સ્ત્રીઓની સંખ્યા દસ બારની હતી પરંતુ તેમની પાસે ચ્હા આવતાં તેમણે તે સ્વીકારી નહોતી.

બીજે કે ત્રીજે દિવસે "પૂના વૈભવ" નામના પત્રમાં એક ચર્ચાપત્ર આવ્યું અને તેમા અધિપતિ સાહેબે પોતાની તરફથી (જેમ ૧૯૧૨ માં આર્યન બ્રધર્હુડનું કાશી બાગમાં જમણુ થયુ હતું તે વિષે એક અઠવાડિક પત્રે કર્યું હતુ તેમ) ખૂબ મરી મીઠું ભભરાવી કેટલીક તદ્દન ખોટી બાબતો પણ પોતાના સનાતન રીવાજ મુજબ દાખલ કરી દીધી!

તેજ અરસામા માધવરાવને ઘેર એક ઉજાણી હતી. તે પ્રસંગે ચાલીસ પચાસ ગૃહસ્થોને નોતર્યા હતા, જેમાં બેચાર બ્રાહ્મણેતર હતા. એ ઉજાણીમાં મજકુર ચર્ચાપત્રી પણ આવ્યો હતો. જેણે બીજેજ દિને તેજ પત્રમાં પાછો દેખાવ દઈ આગલા દિવસની ઉજાણીનો આખો 'રીપૉર્ટ' લખ્યો! એટલુંજ નહિ પણ તેમાં જમવા બેઠેલાઓ કઇ કઇ પંક્તિમાં બેઠા હતા અને પંક્તિઓ કેમ માડેલી હતી તે સ્પષ્ટ બતાવવા સારૂ એક નકશો પણ દોરી પ્રસિદ્ધ કર્યો હતો!' વળી ખૂબી તો એ હતી કે, જેમ આર્યન બ્રધર્હુડના જમણમાં ભાગ લેનારાઓની વિરૂદ્ધ બબ્બા ભકનો, મોરીન્સનુ આઇસક્રીમ અને ઇરાનીની ચ્હા પીનારા પણ કેટલાક બહાર પડયા હતા તેમ, આ બાઇ પણ ન તો હિંદુ જેવા હતા ને ન તો મુસલમાન જેવા!

આ લેખ પ્રકટ થતાં પુષ્કળ હીલચાલ મચી અને પૂનાના પ્રસિદ્ધ નાતૂ કુટુંબના એક ગૃહસ્થે આ બાબતનો રીપૉર્ટ જગદ્ગુરૂ

શ્રી શંકરાચાર્યને કર્યો, એટલુંજ નહિ પણ ઉપલા પત્રમાં આવેલી હકીકતનો જો લાગતા વળગતાઓ સંપૂર્ણ ખુલાસો ન કરે તો તેમને જ્ઞાતિ બહાર કરવા એવો ઠરાવ પણ કર્યો. બે અઠવાડીઆ સુધી વાટ જોઇ પણ ઉપલા ચર્ચાપત્રનો કંઇ પણ ઉત્તર રાનડે પક્ષ તરફથી આપવામાં આવ્યો નહિ. આથી ચ્હા પીનારા બાવન જણને ન્યાત બહાર કરવા એક સભા ભરવાનાં 'હેંડબીલ' વ્હેંચાયાં અને બેતાળીસ જણને જન્મ દેશનિકાલ જેવી ધારેલી શિક્ષા કરવામાં આવી! કારણ કે બાવનમાંના દશ જણે એ સભાના કાર્યકર્તાઓને ખાનગી પત્રો લખી પોતે ચ્હાના પ્યાલા માત્ર હાથમાંજ લીધા હતા—ચ્હા પીધી નહોતી—એવી ખરી ખોટી હકીકત જણાવી—દીલગીરી બતાવી પોતાને મુક્ત કરી લીધા હતા!

બાદ કેટલાક દિવસ પછી શ્રીમાન્ શંકરાચાર્યે એક શાસ્ત્રીને ન્યાયાધીશ નીમી આ કેસની તપાસ કરવા પૂને મોકલ્યા અને ચ્હા પાન કરનારા આરોપીઓને નોટીસો આપી બચાવ કરવા બોલાવ્યા

શાસ્ત્રી બુવા આગળ તપાસ શરૂ થઇ. ફરીઆદીના (જૂના પક્ષવાળાઓના) વકીલ નારાયણ બાપુજી કાનીટકર હતા; અને આરોપીના લો૦ બાળ ગંગાધર તીલક અને રઘુનાથ દાજી નગરપુર હતા. આ પ્રકારે ન્યાતિ બહિષ્કૃત થવાથી બન્ને પક્ષની, એક બીજાને આપેલી, છોકરીઓની આવજાવ પરસ્પર અટકી પડી!

આ મુશ્કેલીઓથી ગભરાઇ અને દીલગીરી દર્શાવેલા દસ જણનો છુટકો થયેલો જોઇ માધવરાવને તેમની બહેને પણ તેજ રસ્તો લેવા સુચવ્યો. પણ માધવરાવે તેને ઠપકો આપી કહ્યું કેઃ "હું પણ જ્યારે આરોપીઓમાંનો એક છું તો તેમણે કર્યું તે મ્હેં કર્યા બરોબરજ છે. મને મ્હારી પોતાની માન્યતા મુજબ તો ચ્હા પીવા ન પીવામાં કશો દોષ જણાતો નથી; પણ જે મુશ્કેલીમાં આપણી સાથેનાં

માણુસો આવેલાં છે તેમને એકલાં છોડી આ મુજબ છૂટી જવું હું પસંદ કરતો નથી જે થયું તે થયું. તેમાં એવું તે મોટું શું છે? "

બ્હેને પૂછ્યું કે "શ્રાદ્ધપક્ષ આવતાં બ્રાહ્મણ મળવાની પચાત પડશે તેનુ કેમ?"

માધવરાવે એ શંકા નિર્મૂળ છે એમ જણાવી ધીરજ આપી.

માધવરાવે તુરત બીજી સાવચેતીનો ઉપાય લીધો. પોતાને ત્યાં ચાર આશ્રિત બ્રાહ્મણો તો હતાજ; તેમા બેનો વાર્ષિક સો રૂપીયાને લવાજમે વધારો કર્યો, કે જેથી પોતાને ત્યાની માફક એ બધા 'ન્યાત બ્હારીઆઓ' ને હોમ, હવન, વ્રત, લગ્ન, ઈત્યાદી કાર્યો કરવામા અડચણ આવે નહિ.

બે વર્ષ સુધી આમ ચાલ્યુ; અને આ બ્રાહ્મણો બધું કામકાજ કરાવતા ગયા. પણ થોડાક દિવસ પછી એમના પક્ષના કેટલાકોએ આવી માધવરાવને જણાવ્યુ કે. "આવી રીતે ન્યાત બહાર રહેવાથી આપણે–પુરૂષોને તો કંઈજ લાગતું નથી પણ સ્ત્રીઓને બહુજ લાગી આવે છે અને વાર–તહેવારે તો તેમને ભારે શોક થાય છે. કારણ કે બબ્બે વર્ષથી સાસરે ગયેલી અમારી પુત્રીઓ, જોકે ગામમાંની ગામમા છે તોપણ અમારે ત્યાં આવી શકતી નથી; અને અમારી વહુઓ પોતાને પીયર જઈ શકતી નથી. આવા શોકમા અમારી સ્ત્રીઓને જોઈને અમને પણ કંઈ સુઝ પડતી નથી. સ્ત્રીઓ કહે છે કે ચ્હાનો સ્વાદ તમે ચાખ્યો અને શિક્ષા અમારી બિચારી વહુ દીકરીઓને ભોગવવી પડે છે!"

આવી ફરિયાદ વારંવાર થતી હોવાથી તેનુ કંઈક નિરાકરણ લાવવાનો વિચાર માધવરાવના મનમા ઘોળાયા કરતો હતો. એ બળતામાં વળી ઘી હોમાયું. ઇ. સ. ૧૮૯૨ ના મે માસમા, ગરમીની

રજામાં, એમના એક મીત્ર પોતાના ઘેર પૂને આવ્યા. તેના ઘરમાં તેના પિતા, માતા, ચાર પાંચ ભાઇ, પિત્રાઇઓ, તે બધાંની સ્ત્રીઓ અને છોકરા તેમજ તેનાં પોતાનાં છોકરાં હતાં. એહા પ્રકરણમા તેણે પણ ભાગ લીધો હતો પણ પ્રાયશ્ચિત લીધુ નહોતું.

અધુરામાં પુરૂં એજ માસમાં તેને ઘેર એક બે લગ્ન આવવાથી, તેના પિતાએ તેને તથા તેની સ્ત્રીને વારંવાર વિનવણી કરી શંકરાચાર્યના ચુકાદાની વાટ ન જોતાં પ્રાયશ્ચિત લઇ મુક્ત થવા કહ્યું, પણ તેની કાંઇ પણ અસર એ દંપતિપર થઇ નહિ; કારણ કે એમની માન્યતા પ્રમાણે તેમણે કઇ પાપ કર્યું નહોતું અને એવા સંયોગોમા માત્ર વડિલોને રીઝવવા કે ચાર દિવસ લગ્નનો લહાવો લેવા સારૂ પ્રાયશ્ચિત લેવું એ તેમને ઉચિત જણાયું નહિ.

માધવરાવની આ બાબતમાં સલાહ લેતાં તેમણે પોતાને ઘેર લાનોલી આવી રહેવા જણાવ્યું. તેણે તેમ કર્યું, પણ ઘણા દિવસે રજામાં પોતાનો મોટો પુત્ર અને તેનો પરિવાર ઘેર આવે, અને આવે શુભ પ્રસંગે તે હાજર ન હોય, તેને ચાલ્યા જવું પડે એ તેના પિતાને બહુ લાગી આવ્યુ. તેણે તેને અનેક પત્રો લખી વૃદ્ધાવસ્થામાં પોતાને સંતુષ્ટ કરવા વિનવ્યુ.

જો કે તે સુધારક પક્ષનો હતો છતાં પણ આવા વિનવણી ભર્યાં અને કલકલાટના પત્રો વાંચી તેનું પ્રેમાળ હૃદય પીગળ્યા વિના રહ્યું નહિ. તેણે તેમાંના એક બે પત્રો માધવરાવને બતાવી અભિપ્રાય માગ્યો કે તેવા સંયોગોમાં તેણે શુ કરવું ?

માધવરાવે કહ્યું "તમારે બદલે જો હું હોત તો સર્વ માનહાની સહન કરી મ્હારા વડિલને સતુષ્ટ કર્યા હોત."

તેણે કહ્યું કે: "મ્હારીજ સ્થિતિમાં બીજા અનેક જણ પણ

મેલાયલા છે; તો એ બધાંની સાથે જો આપ પણ પ્રાયશ્ચિત્ત લ્યો તો અમને પણ લેવુ ઠીક પડશે."

બાદ બીજા પણ કેટલાક ગૃહસ્થો એક ડેપ્યુટેશનના આકારમાં માધવરાવને મળવા આવ્યા; અને પ્રાયશ્ચિત લેવા ન લેવા વિષે પુષ્કળ 'શાસ્ત્રાર્થ' થયો ! આખરે બધાની વતી રા. નગરકરે કહ્યુ કેઃ "કંઇ નહિ તો અમારા બધાના છુટકાનેજ સારૂ આપ પ્રાયશ્ચિત્ત લ્યો."

માધવરાવે આથી કહ્યું કેઃ "જો એમજ છે તો હું પણ તમારી સાથે પ્રાયશ્ચિત્ત લઇશ. મને કંઈ હરકત નથી; તમે પૂને જઇ દિવસ નક્કી કરો અને મને જણાવો કે હુ એક દિવસ આવી જઇશ."

ડેપ્યુટેશનના ગૃહસ્થો આ જવાબ લઇ પોતાની સ્ત્રીઓને વારંવાર "ચ્હા પીનારાઓએ ચ્હા પીધી પણ શિક્ષા ભોગવવી પડે છે બિચારી અમારી વહુ દીકરીઓને"—આમ કહેતાં બધ પાડવા ઉપડી ગયા અને માધવરાવને એક દીવસ બોલાવી સર્વેએ પ્રાયશ્ચિત્ત લીધુ ! રમાબાઇને માત્ર એ ગમ્યુ નહિ તેમ માધવરાવે એ માનહાનિનું કારણુ વગર પ્રયોજને શા સારૂ વહોરી લીધું તે પણ તે સનજી શક્યાં નહિ !

પ્રાયશ્ચિત્ત લીધા પછી માધવરાવ જરા ઉદાસ દેખાશે એવી રમાબાઇની કલ્પના હતી; પણ તે ખોટી પડેલી તેમને તુરતજ જણાઇ આવી. નિત્યનિયમ મુજબ શાંતિથી બધાં કામો સાંજે ઘેર આવ્યા બાદ કર્યાં.

બીજે દિને કેટલાક મિત્રો તેમને મળવા માટે આવ્યા જેમણે માધવરાવની (તેમના મત પ્રમાણે) આ નૈતિક દુર્બળતા માટે પુષ્કળ ઠપકો આપ્યો, કડક ટીકા કરી; એટલુંજ નહિ પણ કેટલાકોએ તો "ટાઇમ્સ" માં અને બીજા પત્રોમાં ચર્ચાપત્રો પણ લખી પોતાના મનને શાંત કર્યું. પણ માધવરાવની શાંતિમાં, આ બધું વાંચવા છતાં પણ બીલકુલ ભંગ પડયો નહિ !

રમાબાઇએ પણ બે ત્રણ દિન પછી પ્રાયશ્ચિત્તની વાત તેમને પણ રૂચી નથી, વગેરે થોડાક શબ્દોમા જણાવી કહ્યું કે: "વિરોધીઓને ટીકા કરવાનો સૌથી સરસ વખત આપે આમ કરી આણી આપ્યો છે."

માધવરાવે શાંતિથી કહ્યું કે: "જેને જે ઠીક લાગે તે કહે; એમાં આપણને શુ ? ખરી સ્થિતિ શી છે તે આપણું અંતઃકરણ જાણે છે. કઇ તેમના કહ્યાથી આપણે બીજા બધાંઓને સારૂ પ્રાયશ્ચિત્ત લીધુ છે એ વાત ખોટી ઠરવાની નથી. **જેમને આપણે "આપણા" તરીકે માનતા હોઇએ તેમને માટે જનસમાજ તરફથી થોડીક માનહાનિ થાય તોપણ શું ?** માણુસ એકવાર અભિમાનમા આવી જાય છે એટલે તે આવેશમા ને આવેશમાં ફાવે તેમ બોલે છે. એ તો મનુષ્ય સ્વભાવજ છે. આવે વખતે તેને બીજી બાજૂનો વિચારજ રહેતો નથી. આજ લોકોએ જો જરા શાંત ચિત્ત વધુ વિચાર કર્યો હત તો તેઓ આજે જેવા જોશથી આપણાપર પ્રહાર કરે છે તેમ કરત નહિ."

બાદ પેલા પુત્રે આવી પોતે લીધેલા પ્રાયશ્ચિત્તથી પોતાના પિતાને કેટલો અવર્ણનીય આનંદ થયો હતો તે કહી, પોતાની પહેલી હઠ અને મૂર્ખતા વિષે દીલગીરી બતાવી. સંબંધીઓના આ આનંદની કલ્પના તો આર્યન બ્રધર્હુડમાં જમી આવી પ્રાયશ્ચિત્ત લઇ ન્યાતમા પાછા આવેલા માણુસોનેજ સારી રીતે થઇ શકે તેમ છે !

દેશી રાજ્યો તરફથી નોકરીની માગણી.

મલ્હારરાવ ગાયકવાડને ગાદીએથી દૂર કર્યા બાદ વડોદરાના રાજ્યનો કારભાર નામદાર બ્રીટીશ સરકારે મર્હુમ રાજા સર ટી. માધવરાવના હાથમાં સોંપ્યો. રાજા સાહેબે માધવરાવને એ રાજ્યમાં ચીફ જસ્ટીસ નીમવાની માંગણી કરી. એ જગ્યાનો માસિક પગાર

રૂ. ૨૦૦૦)નો હતો. ઈંદોરના મર્હુમ તુકોજીરાવ હોલ્કરે એમને દીવાન બહાદુર રઘુનાથરાવના રીટાયર થવા બાદ પોતાના દીવાન થવાની માગણી કરી. એ જગ્યાનો માસિક પગાર રૂ. ૩૫૦૦) હતો.* નામદાર સયાજીરાવ ગાયકવાડે પણ રૂ. ૬૦૦૦) ના માસિક પગારની પોતાના દીવાનની જગ્યા આપવા એમને માગણી કરી. પણ તે વખતે એ કરતા બહુ ઓછો પગાર મળતો હોવા છતા માધવરાવે એ કોઇ પણ માગણી સ્વીકારી નહિ. બાદ નામદાર જસ્ટીસ તેલંગના મૃત્યુથી મુંબઇની હાઇકોર્ટના જજજની ખાલી પડેલી જગ્યાએ માધવરાવની નીમણુંક કરવાનો પ્રસ્તાવ ઇ. સ. ૧૮૯૩ માં લૉર્ડ હેરીસે કર્યો, અને તે પસાર થયો.

પૂનામાં મહોત્સવ.

માધવરાવ પુનામા પદર વર્ષ કરતા પણ વધુ વખત રહ્યા હતા, તેથી તે જાણે તેમની જન્મભૂમિજ બની ગઇ હતી! દરેક નાની મોટી સંસ્થા જોડે એમને સંબંધ હતો અને દરેક બાબતમાં એમની સલાહ લેવામા આવતી. આથી પૂનાની પ્રજા એમના મુબઇના હાઇકોર્ટના જજજ નીમાવાથી બેહદ ખુશી થાય તેમા કઇ નવાઇ નહોતી. આથી લાગટ આઠ દિવસ સુધી પૂનામા 'લાઇટ' વગેરેની ધમાલ મચી રહી અને જો માધવરાવ તુરતજ, પોતાના મુંબઇ જવાની કોઇને ખબર આપ્યા વગર, ઉપડી ન ગયા હત તો કદાચ માનપત્રો આપવા વગેરેની ધમાલ એક મહિના કરતાં પણ વધુ વખત ચાલત!

મુંબઇમાંનો નિત્ય ક્રમ.

ચાર પાંચ કલાકની નિદ્રા બાદ માધવરાવ રોજ પરોઢીએ ૩ાા–૪ વાગે ઉઠતા. બાદ પથારીમાં પડયા પડયાજ અર્ધો પોણો કલાક ઇશ્વરનું

---

* હાલના હોલ્કર સરકારે એજ જગ્યાએ નામદાર સર નારાયણ ગણેશ ચંદાવરકરની નીમણુંક રૂ. ૫૦૦૦) ના માસિક પગારે કરી છે.

ચિંત્વન કરતા. સાડા ચારને સુમારે સંત તુકારામ અને નામદેવના અભંગો ગાવાની શરૂઆત કરતા અને તેમાં પૂર્ણ શ્રદ્ધા અને ભક્તિ હોવાથી એકાદેક ચરણ બરાબર યાદ ન રહ્યું હોય તો ગમે તેમ ગોઠવી દઇને પણ ગાયા કરતા ! એ વિષે ક્વચિત્ રમાબાઇ ટીકા કરતાં તો કહેતા કે: "અમે ભોળા માણસો ભક્તિથી જે કંઇ જેને વાસ્તે કહીએ છીએ તેને તે સર્વ સમજાય છે. તેનુ લક્ષ અમારા હેતુ તરફજ હોઇ આવી ક્ષુદ્ર બાબત તરફ કદિ જતું ન હોવાથી અમને યમક, તાલસૂર કે પ્રાસ મેળવવાની જરૂર નથી." પાંચ સાડાપાંચ વાગે આ અભંગોનું પઠન પૂરૂં થઇ કેટલાક સંસ્કૃત શ્લોકો, સ્તોત્રો, ઇત્યાદિના પઠનની શરૂઆત થતી. બાદ શય્યાનો ત્યાગ કરી શૌચ અને દંતધાવનથી પરવારી છ વાગે દીવાનખાનામા જઇ પોતાના કામની શરૂઆત કરતા. પ્રથમ દૈનિક પત્રોમાંના તારો તથા આવેલા પત્રોનુ વાચન થતું. નવ વાગે સ્નાન સારૂ ઊઠી ભોજન કરી દસ વાગે કૉર્ટમાં જવા નીકળતા. સાંજે ગાડી માત્ર સાથે રાખી બે ત્રણ માઇલની મજલ (પગે) કરતા અને રાત્રે ઘેર આવી સવારે આવેલા પત્રોના ઉત્તર લખતા. આવેલા પત્રોના ઉત્તર ઘણુંખરૂં તેજ દિવસે આપતા.[1] બાદ થોડુંક વાચી ઘરમાંનાં છોકરાંઓના અભ્યાસની

---

૧. પ્રથમથીજ એમનો પત્ર વ્યવહાર બહુ મોટો હતો; તેથી પ્રથમ તો એ જમવા બેસતા ત્યારે એમની પાસે બે ત્રણ તરુણો ખડીઓ, કલમ અને કાગળ લઈ બેસતા. એક જણ આવેલા પત્રો જેમ જેમ વાંચતો જતો તેમ તેમ માધવરાવ તેનો શો ઉત્તર લખવો, તે કહેતા જતા. તે પ્રમાણે તે ટુકી નોંધ કરી લેતો. બાદ બીજો આવી આગલે દિવસે આ મુજબ કરી લીધેલાં ટીપ્પણો પરથી લખેલા પત્રો વાચી સંભળાવતો. તેમા કંઇ સુધારો કરવો ઘટે તો માધવરાવ સૂચવતા. બાદ તે પત્રોપર પોતે સહી કરી રવાના કરતા. બહુજ મહત્વના પત્રો માધવરાવ પોતાને હાથેજ લખતા.

તપાસ કરી, વકિલો સાથે વાતચિત કરી શયનગૃહમાં જતા જ્યાં તેમનો 'રીડર' તેમને તે કહે તે વાંચી સંભળાવતો. એ ક્રિયા ચાલુ હોતાંજ ઉંઘ આવતી અને બીજા દિવસની કાર્યવાહી પાછી ઉપર મુજબ શરૂ થતી. રજાને દિવસે આગતુકો જોડે જેની સાથે તેવી વાતો કરી નિરાશ થએલાને ધૈર્ય આપી ઉત્સાહિત કરતા અને શુભ કાર્યની શરૂઆત કરવા હમેશ ઉત્તેજન આપી દરેકને યોગ્ય સલાહ આપતા.

પહેલી મરકી; 'રીડરનું' મૃત્યુ.

ઇ. સ. ૧૮૯૩ મા મુંબઇની હાઇકોર્ટના જજ્જ થયા પછી ઇ. સ. ૧૮૯૬–૯૭ ના વર્ષમા મુમબઇમા જ્યારે પહેલો પ્લેગ શરૂ થયો ત્યારે એમના ઘરના ત્રણ ચાર માણસો તેમાં સપડાઇ મૃત્યુવશ થયા, તેમા એક કાશીનાથ કરીને રાનડે કુટુંબનો એક દૂરનો સગો, કે જે એમનો 'રીડર' હતો, તે પણ સપડાયો. આ ઇંગ્રેજી વાચન લેખનમા બહુ હુશિયાર હતો તેમજ એકી બેઠકે પાંચપાચ છછ કલાક સુધી કંટાળ્યા વગર કામ કરતો; પરંતુ એની વર્તણુક બહુ ઉદ્ધત હતી અને એ બહુ બેપરવા માણસ હતો. માત્ર માધવરાવપર એની નિઃસીમ ભક્તિ હતી; તેથી તેના સિવાય એનાપર હુકમ કરવાનો બીજા કોઇને હક નથી એમ તે માનતો. આટલુ છતા કામકાજમાં હોશિયાર હોવાથી માધવરાવ તેનાપર બહુ પ્રેમ રાખતા. જો કદાચ રમાબાઇ પણ કોઇ વખતે તેની વિરૂદ્ધ ટીકા કરતાં તો માધવરાવ કહેતા કેઃ "તે હજી નાદાન છે; એના બોલવાનો તે એટલો બધો ગુસ્સો શો લાવવો? તેને કામ વધુ પડે છે તેથી તે બોલતો હશે; ગુસ્સે થતો હશે; પણ તે તરફ દુર્લક્ષ કરવું ઘટે છે. કામ કરનારાં માણસો ઘણુંખરૂં બહુ ગરમ સ્વભાવનાં અને એટી હોય છે." બન્ને પતિપત્ની પોતાનાં માણસોની તપાસ સારૂ જાતે હોસ્પીટલમાં જતાં, અને સૂચનાઓ આપતાં. કાશીનાથ પણ ભાયખલે પ્લેગની હોસ્પીટલમાં હતો. તે બહુ લવતો અને ઉઠીને દોડાદોડી કરતો, તેથી

તેને બાંધી દેવામાં આવ્યો હતો. તેની ખબર કાઢવા રમાબાઈ જ્યારે હોસ્પીટલના ડાક્ટર સાથે આવ્યાં અને તેને કહ્યું કે માધવરાવ પણ સાંજે આવશે ત્યારે તો તેના આનંદની અવધિ થઇ અને ડાક્ટરને ઉદ્દેશી તે કહેવા લાગ્યો:—

"Look at my master. How kind he is, specially to me. He has sent his own wife to see me, in this Plague Hospital Besides, he is coming personally to see me. He would have come even yesterday, but busy as he is, gets no time, you know. He is always busy in the day and night till he gets fast asleep. I am his reader, yow know. I read so many hours a day I never sit still. But you have made me a prisoner; don't you know who I am? I am Justice Ranade's reader. He will never do without me. I am his private secretary. Don't you know whose man I am? Will he like if I sit still doing nothing? I must get up and attend my work I shall not listen to any body."

આ પ્રમાણે પુષ્કળ લવ્યો. એને તાવ ૧૦૫ ડીગ્રી હતો. રમાબાઇએ માધવરાવ જમવા બેઠા તે વખતે આ વાત તેમને કહી તેથી તે આગળ જમી શક્યા નહિ અને આંખે આંસુ આવ્યાં. તેમણે કહ્યું કે: "આ છોકરો બહુ સારો છે અને બહુજ કામનો છે. આવા છોકરાઓ બહુજ થોડાજ મળી આવે છે." આખર કાશીનાથ બિચારો પ્લેગથી રામ શરણ થયો.

એમની પ્રાર્થના.

માધવરાવ જ્યારે પણ કંઇક અગત્યનું કામ કરવા બેસતા ત્યારે મર્હુમ મહાત્મા ગ્લૅડસ્ટનની માફક, કે આર્યસમાજી પંડિતોની માફક તેઓ જ્યારે પણ પોતાનુ ભાષણ આપવા ઉઠતા ત્યારે પ્રથમ બેએક મિનિટ સુધી પ્રાર્થના કરતા. તે મહાત્મા ગ્લૅડસ્ટનની માફક શાંત ચિત્તે, મુગે મોઢે પ્રાર્થના કરતા. પણ તેમની પ્રાર્થના ઘણું ખરૂં ભક્ત કવિ સંત તુકારામના અભંગોમાજ થતી કદિક રસ્તે ચાલતાં, તો કદિક મુસાફરી કરતાં ગાડીમા, જ્યારે પણ તેમને ઇશ્વ–ચિંતવનના વિચાર આવતા ત્યારે તેમના મ્હોમાંથી તુકારામના અભંગોનો અવાજજ સંભળાતો '

ઉપાસના સારી કઈ?

પ્રાર્થના સમાજમા—મુબઇમાં હાઇકોર્ટ જજ્જ તરીકે નીમણુંક થયા બાદ–જ્યારે માધવરાવની ઉપાસના હોય ત્યારે રમાબાઇ જરૂર જતા. ઉપાસના થઈ રહ્યા બાદ ગાડીમાં તેનો સાર **માધવરાવ** પૂછતા. ઉપાસના સહેલી હોય તો રમાબાઇ બધુ બરોબર કહી બતાવતા આથી **માધવરાવ** કહેતા કે ત્યારે તો આજે મ્હારી ઉપાસના સારી થઇ હોય એમ લાગે છે; કારણુ કે ઉપાસના સંબધી મ્હે એવો નિયમ કર્યો છે કે તને સમજાય તે ઉપાસના સારી અને ન સમજાય તે ખરાબ '

કાયદો સારો કે સમજણુ!

ઇ. સ. ૧૮૯૬માં એકવાર માધવરાવ જ્યારે એક અગત્યનો ચુકાદો લખતા હતા ત્યારે એક યુવાને આવી સંસાર સુધારાના કેટલાક પ્રશ્નો વિષે તેમની સાથે ચર્ચા કરવા ચાહી. માધવરાવે પોતાનું આટલી બધી અગત્યનું કામ બાજૂએ મેલી દઇ તે યુવાન કે જે એક વિદ્યાર્થી

હતો તેના મૂર્ખાઇ ભરેલા સઘળા પ્રશ્નોના જવાબ આપ્યા ! એમના એક મિત્રે સમયનો આવો દુરૂપયોગ કરવા માટે માધવરાવને ઠપકો આપી કહ્યું કે: "અગત્યનું કામ છોડી આવા મૂર્ખાઓ સાથે માથાફોડ કરવાથી શો લાભ થવાનો હતો ?" પણ માધવરાવે કહ્યુ કે: "આવા વિદ્યાર્થીઓને, કે જેઓની ફરજ માત્ર અભ્યાસ કરવાની છે, સાંસારિક અને રાજનૈતિક બાબતોમાં નેતા થવાનો અભખરો લાગી આવે છે તે યોગ્ય નથી; પણ તેમને સત્તાથી દાબવા કરતા યોગ્ય ખુલાસાઓ આપી તેમનાં બાંધેલાં અનુમાનો ખોટાં છે અને તેમના વિચારો પરિપક્વ નથી એ બતાવી આપવું, એજ એ દોષમાથી તેમને મુક્ત કરવાનો સર્વોત્તમ માર્ગ છે."

વિઠુકાકા.

માધવરાવને ગાડામાંથી પડી જતાં ઉપાડી લાવનાર વિઠુકાકાથી આપણે અપરિચિત નથી, એક વખતે તે જ્યારે નોકરીએ હતા ત્યારે સાહેબે એવો ઠરાવ બહાર પાડયો કે જેમને નોકરી કરતાં પચીસ વર્ષ થઇ ગયાં હોય તેમણે પેન્શન લેવું અને તેમની જગ્યાપર બીજાં નવા માણસો રાખવાં. ભોગજોગે વિઠુકાકાનું નામ પણ તેમાં હતું. વિઠુકાકાને આ વાતની ખબર પડતાં બહુ ગુસ્સે થયા અને બીજે દિને સવારે ઉઠતાંવેંતજ સાહેબના બંગલાનો રસ્તો લીધો; અને જઇને બહાર ઉભા રહ્યા. આઠ સાડા આઠ વાગે સાહેબ ફરવા જવા બહાર નિકળ્યા ત્યારે વિઠુકાકાએ રામ રામ કર્યા. સાહેબે "કોણ ?" પૂછતા જવાબ મળ્યો કે હુ વિઠલ બાબાજી રાનડે...કચેરીમા નોકરી છુ " સાહેબે કહ્યું: તમારે શુ કામ છે ? હું હમણાં બહાર જાઉં છુ. વળી કોઇ વખતે આવીને મળજો." "મ્હારૂ બંગલે આવવા જેવું કામ નથી અને આપને કંઇ કહેવું પણ નથી. માત્ર આપ બે મીનીટ ઉભા છો ત્યાંજ ઉભા રહો કે બસ." આમ કહી વિઠુકાકાએ કાછોટો

માર્યો અને અંગરખાની બાંહ્ય ઉપર ચઢાવી રસ્તાની પેલી બાજૂએ ચાર બળદ ખેંચી શકે તેવું એક પથ્થરનું રૂલ પડેલું હતું તેની પાસે જઇ તેની દાંડી પકડી તેને સાહેબ ઉભા હતા ત્યાં ઘસડી આણ્યું !

સાહેબે આનું કારણ પૂછતાં વિઠુકાકાએ કહ્યું કે: "મ્હેં કચેરીમાં સાંભળ્યુ છે કે જેમને નોકરી કરતા પચીસ વર્ષ થઇ ગયાં હોય તે માણસો અશક્ત થઇ ગયેલા હોવાથી તેમને પેન્શનપર મોકલવા. હું અરજી કરનાર હતો પણ મ્હારી ગરીબની દાદ એમ ક્યાં લાગત? લેખિત અરજી કરવાની ભાંજગડમાં ન પડતા મ્હેં આ સમક્ષ અરજી કરી છે. આપ જો અશક્તપણા સારૂ પેન્શન આપનાર હો તો આ રૂલ આપે પોતે ખેંચી જોવુ એટલે ખાત્રી થશે " આટલુ કહી વિઠુકાકા રસ્તે પડયા. બીજે દિને પેન્શનરના નામોની યાદીમાથી વિઠુલ બાબાજી રાનડેનું નામ ઓછુ કરવામાં આવેલુ જણાયુ !

એક વખતે વિશ્રાંતિ સારૂ સર્વેએ મહાબળેશ્વર જવા વિચાર કર્યો. સાથે વિઠુકાકા પણ હતા.

તપાસણીથી તે બહુ કંટાળતા અને ઉમરે પણ બહુ વૃદ્ધ હોઇ ભક્ત પણ ચુસ્ત હતા. તપાસવામા એક ડૉક્ટર હતો; તે સભ્ય અને પૂખ્ત હતો. ડૉક્ટરે થરમામીટર કાકાની સામે ધર્યું કાકાએ કહ્યુ કે "આ નળીથી તમે શું સમજી શકશો ? મ્હારૂ આયુષ્ય કેટલુ છે તે કહી શકશો ? તમે પેટીઆ ચાકર ! મને તાવ આવ્યો છે કે નહિ એટલુ જ તમારે જોવાનુ છે. જુઓ તો પછી !" એમ કહી કાકાએ ડૉક્ટરનુ કાંડુ મજબૂત પકડયું. પણ ડૉક્ટર સભ્ય હોવાથી તેણે હસી તેમને કહ્યું કે "છોડો બાપુ અમારો હાથ; તમને તાવબાવ કંઇ નથી ! અમારાથી બળવાન છો !" વિઠુકાકાએ આથી હાથ છોડયો.

મિતાહાર.

માધવરાવને દ્રાક્ષ (દરાખ) બહુ ભાવતી. ઘણે દિવસે એક

વખતે જોઇએ તેવી કાળી દ્રાક્ષ મળી. આથી મુખ–શુદ્ધિ સારૂ દશ બાર દ્રાક્ષ રમાબાઇએ એક રકાબીમા લાવી મેલી. પણ તેમાંથી પાંચ છ ખાઇ માધવરાવે બાકીની તેમાજ રાખી મેલવાથી રમાબાઇએ તેનું કારણ પુછી બાકીની ખાઇ જવા આગ્રહ કર્યો. માધવરાવે કહ્યુ: “ ત્હારો સ્વભાવ ચમત્કારિક છે; પુષ્કળ ખાવું, પુષ્કળ પીવું, એ સારૂં–એમ તને લાગે છે; પણ તેમ કરવાથી જીભ કદિપણ તૃપ્ત ન થતા ઉલટી લાલસા માત્ર વધે છે આ હું મ્હારે સારૂ જ કહેતો નથી પણ દરેક માણસે થોડાક નિયમ આ સંબંધી રાખવા યથાર્થ છે.” ખાવામા પણ એકાદ વસ્તુ એમને બહુ ભાવતી છતા કદિ પણ નિયમ કરતા વધુ ખાતા નહિ.

“હું આપની પાસેથી એક શિક્ષા પામ્યો છું કે જેની કદર હું હિંદુસ્તાનમાં હતો ત્યારે કરી શકયો નહોતો.”

એકવાર માધવરાવ ફર્સ્ટકલાસમા બેસી મદ્રાસ જતા હતા. ટ્રેન સોલાપુર સ્ટેશને થોભતા માધવરાવ નીચે ઉતરી પ્લેટફાર્મપર ફરવા લાગ્યા એટલામા એક યૂરોપીયન મુસાફરે આવી માધવરાવનો બધો સામાન બારીવાટે બહાર નાખી દીધો ! નોકરે માધવરાવને તે વિષેની ખબર કરતાં તેમણે કહ્યુ “ઠીક, હુ ધારૂ છુ કે આ મુસાફરને મ્હારી સાથે બેસવું ગમતું નથી. મ્હારો સામાન ત્હારા ડબ્બામાં મેલ અને હુ ખાત્રીથી કહું છુ કે ત્યા હુ વધારે સુખસગવડથી બેસી શકીશ !” પણ તેજ ગાડીમાં બેઠેલા એમના કેટલાક મિત્રોને આ બાબતની ખબર પડતા તેમણે તે વિષે સ્ટેશન માસ્તરને ફરિયાદ કરી; પણ તેમણે તેની બીલકુલ પરવા કરી નહિ ! પણ જ્યારે તેને તથા પેલા યૂરોપીઅન મુસાફરને ખબર પડી કે માધવરાવ હાઇકોર્ટના એક જજ્જ હતા ત્યારે તે બંનેએ આવી એમની માફી ચાહી; જે તુરતજ બક્ષવામાં આવી. પાંચ વર્ષ બાદ માધવરાવને

એક પત્ર મળ્યો કે જેમાં તે રીટાયર થયેલા યુરોપિયન અમલદારે ફરી ફરી માફી ચાહી માધવરાવના સ્વભાવનાં વખાણ કરતા મથાળે ટાંકેલા શબ્દો લખ્યા હતા.

લાહોરની કૉન્ગ્રેસ.

ઇ. સ. ૧૯૦૦ માં લાહોરમા કૉન્ગ્રેસ ભરાનાર હતી તેમા ભાગ લેવા જવા દેવાની પરવાનગી ડૉક્ટરો માધવરાવની નાદુરસ્ત તબીયતને લીધે આપશે કે કેમ, તે શકમદ હતું; પણ માધવરાવનો વિચાર જરૂર જવાનો હતો. સોશીયલ કૉન્ફરન્સમાં વાચવા સારૂ 'વસિષ્ઠ અને વિશ્વામિત્ર' એ નામનો એક લેખ લખવામા પાંચ છ દિવસનો શ્રમ પડયો હતો.* આથી એમના દરદે કંઇક જોર પકડયું અને ડૉ. ભાલચદ્રે તો "જવું સલાહ ભર્યું નથી" એમ સ્પષ્ટ જણાવી દીધુ.

આથી માધવરાવે મી. ગોખલે, કે જે એમની સાથે જવા સારૂ પુનેથી ખાસ બીજાઓની સાથે આવ્યા હતા, તેમની એ બાબતમા સલાહ લીધી તેમણે પણ 'ડૉ. ભાલચદ્રનો મત કબૂલ રાખી તે મુજબજ વર્તવું ઉચિત છે' એવો અભિપ્રાય આપ્યો. વધારામા જણાવ્યુ કે આપ કહેશો તો "આપની ઇચ્છા મુજબ ત્યા જઇ હુ બધુ કરીશ."

---

* એમનો મોટો લેખ વ્યવસાય કેમ ચાલતો તેનો આ એક નમુનો છ આ લેખ તૈયાર કરવામાં એમણે રા૦ રઘુનાથ શાસ્ત્રી ગોડબોલેનો "પ્રાચીન ઐતિહાસિક કોશ" લઇ, તેના ૫૦-૫૦ પાના એકેક તરૂણ વિદ્યાર્થીને વ્હેંચી આપ્યા હતા અને તેમાથી વર્ણશ કરના દાખલાઓ ટીપી લેવા તેમને ફરમાવ્યુ હતુ. આ પ્રમાણે સમારી રાખેલુ શાકભાજી એ પોતે રાધતા-એ બધી સામગ્રીનો આધાર લઈ પોતાની સુદર ભાષામા એક લેખની સંકલના કરતા આવી રીતે એ પોતાનુ સાધારણ કામ યુવકો પાસે કરાવી લઇ તેની સંકલના આદિ પોતે કરતા.

આખરે એમજ થયું. પોતે કૉન્ફરન્સમાં વાંચવા સારૂ જે લેખ લખ્યો હતો તે નામદાર ગોખલેને આપી તથા બીજી ઘટતી સૂચનાઓ આપી તેમને લાહોર પોતાના પ્રતિનિધિ તરીકે મોકલ્યા. બીજે દિવસે માધવરાવ લાનોલી જવા ઉપડી ગયા, જ્યાં લાહોરથી ચાર પાંચ દિવસ પછી પાછા ફરેલા એમના શિષ્યોએ કૉન્ગ્રેસ અને કૉન્ફરન્સ સંબંધી બધી હકીકત કહી ફત્તેહ મળેલી જણાવ્યાથી માધવરાવને પોતાના પરનો ભાર ઓછો થયેલો લાગ્યો અને કંઇક ખુશાલી ઉત્પન્ન થઇ.

બાદ ઇંગ્રેજી વર્તમાનપત્રોમાં આવેલી કૉન્ગ્રેસ અને કૉન્ફરન્સ સંબંધી બધી સવિસ્તર માહિતી વાંચી, અને તેમાના ગોખલે તથા ચંદ્રાવરકરનાં ભાષણો વાંચી ખુશ થઇ, તેમને બેઉને પોતાને હાથે મુબારકબાદીના પત્ર લખ્યા અને જણાવ્યું કે "હવે પછી મારી ગરજ સારવા આપ બેઉ યોગ્ય છો એ જોઇ મને સંતોષ થાય છે. એ સંબંધી મારી ચિંતા હવે દૂર થઇ છે."*

---

* ઇ. સ ૧૯૦૪મા મદ્રાસમા પોતાના એક વ્યાખ્યાનમા આ. મી. ગોખલેએ એ સંબંધમાં કહ્યુ હતુ કે:—

"His (Ranade's) heart rejoiced whenever he found another As work in the same spirit. He noted such a man wherever he might be with unerring instinct, put himself in touch with him, encouraged him in every way open to him, and never lost sight of him ever afterwards And this it was that workers in all parts of India looked upto him for light and guidance, for approbation in their success and comfort in their disappointment, and formed, so to say so many centres to spread the influence of his thoughts and his hopes."

લાનોલીમાં તબીયત વધુ બગડતી જણાવાથી માધવરાવને પોતાના સ્વાસ્થ્ય સંબંધી બહુ નિરાશા ઉપજી.

" કામ કરતાં કરતાં મરવું એ કેવું સુખી મરણ છે ? "

આથી એકવાર એમના એક મિત્રે એમની નાદુરસ્ત તબીયત વિગેરે જોઈ પેન્શન લેવા સૂચવ્યુ કે જેથી કંઇક આરામ મળે. તેણે તેમ કરવાની ભલામણ કરતાં મર્હુમ મહાત્મા ગ્લૅડસ્ટનના આ શબ્દો ટાંકયા ! " It was not intended by providence that the bow should be always bent. " પણ માધવરાવે જવાબ આપ્યો કે " મને કામ કરવામાં એવી તો મઝાહ આવે છે કે આરામ કરવાથી મારૂં અકાળ મૃત્યુ ઉપજાવશે ! "

પોતાના મરણની થોડાકજ કલાક એમને કાંતીચંદ્ર મુકરજી (જયપૂરના દીવાન)ના મરણનો તાર મળ્યો, જે વાંચી એમણે રમાબાઇને મથાળે ટાંકેલા શબ્દો કહ્યા હતા એ વખતે કોઇને સ્વપ્નેયે ખ્યાલ નહોતો કે માધવરાવનો દેહ પોતાની ઇચ્છાનુસાર બનાવ પછી માત્ર બેજ કલાકમા " કામ કરતા કરતાં " પડશે.

મોટો સુસ્કારો નાંખ્યો અને બધાંનું ભોજન થયું કે નહિ તેની પૂછપરછ કરી કહ્યું: " ઉઠો રે તમે, હવે મારૂં આવી પહોંચ્યું છે. "

બસ ખલકનો ખેલ ખલાસ થઇ ગયો. એક મહાન વિભૂતિ દેહ છોડી ગઇ અને જનસમાજ તથા સગાંસંબંધી રોતા રહ્યાં. એમના મરણની કમનસીબ તારીખ ઇ. સ. ૧૯૦૧ ના જાનેવારી મહીનાની ૧૬ મી હતી.

છ માસની છેલ્લી રજા.

માધવરાવની તબીયત નાદુરસ્ત રહેતી હોવાથી છ મહિનાની રજા લઇ બાદ પેન્શન લેવા વિચાર કરેલો; પણ પ્રથમ રમાબાઇને પૂછી

લીધું કે તેટલા પૈસામાં મુંબાઇ અને પુનાનો ખર્ચ ચાલશે કે કેમ? રમાબાઇએ હા કહી. મુંબઇમાં એક ઘર ખરીદવા ઇચ્છા બતાવી; કે જેથી દર માસે રૂ. ૩૦૦-૩૫૦ ભાડાના બચે. રજા મંજૂર થવાથી તેમણે રમાબાઇને કહ્યું કે "હવે આપણી તહેનાતમા જે ચોબદાર અને સીપાઇ છે તેમને કંઇક આપી આજે કોર્ટમા જઇ હાજર થવાનું કહેજે. રજા લીધા પછી સરકારી સિપાઇ આપણી તહેનાતમા ન જોઇએ."

જીવન વિષે નિરાશા.

રમાબાઇએ ડૉકટરને બદલે વૈદ્યની દવા લેવા કહ્યુ; પણ માધવરાવે કહ્યુ કે "બધા સરખા છે. એ બધુ આપણા ચિત્તની શાંતિ સારૂ છે, બાકી એમા કંઇ નથી." માધવરાવને પોતાને વિષે હવે આશા નહોતી. બંગલાવાળાને ખાલી કરવાની નોટીસ આપી અને ગાડી ઘોડા વગેરે પુને મોકલી દેવા ફરમાવ્યુ. રમાબાઇએ કહ્યું કે છ મહિના સારૂ આ બધુ શા સારૂ વીખી નાખવુ? બેત્રણ વાર તો માધવરાવે જવાબ દીધો નહિ, પણ પછી જ્યારે રમાબાઇએ વધુ હઠ કરી પૂછ્યુ ત્યારે કહ્યું કે "માણસે બોલવું નહિ એવો જો નેમ ધાર્યો હોય તો પણ તમે તેને ત્રાસ દઇ બોલાવો છો સમજુ થઇ ગાડા કેમ થવું? હુ જે કંઇ કહું તે મુજબ ગુપચુપ કરવાનુ છોડી ઉલટું ભળતુંજ વારંવાર પૂછ્યા કરવું એ શું? મારી પ્રકૃતિ તમને દેખાતી નથી? આ રજા પૂરી થવા પછી હુ પાછો આવીશ એમ તમને લાગે છે?" માધવરાવને વાંચનનો બહુ શોખ હતો અને મરતાં સુધી કામ કરતાં કરતાંજ મરવુ વધુ સારૂં છે એમ તે માનતા. પણ ડૉકટરે કોઇ પણ પ્રકારનો શ્રમ લેવા ના પાડેલી હોવાથી માધવરાવે કહ્યું કે "કામ કોઇ પણ ન કરતાં માત્ર પડી રહી આયુષ્ય નિરર્થક ગુમાવવાનો વખત આવે, તેના કરતાં તો તે આજજ પૂરૂં

થાય તે બહેતર છે. વિશ્રાંતિ મનને આનંદ આપવા સારૂ છે; અને હું વાંચુ છું તેમાંજ મને આનંદ આવતો હોવાથી મારી વિશ્રાતિ તેજ છે.”

દાન.

માધવરાવ પોતાના જજ્જ તરીકેના હોદ્દાનો ‘ચાર્જ’ લેવા ગયા ત્યારે રૂ. ૨૫૦૦૦) ની એક રકમ પોતાના મિત્રોને પુનાની કેટલીક સંસ્થાઓની મદદ સારૂ આપી હતી; અને મૃત્યુબાદ તેટલીજ એક રકમ મુંબઇ અને પુનાની તેવીજ સંસ્થાઓને સારૂ આપી. આ રૂ. ૫૦૦૦૦)ની બે જાણીતી રકમો ઉપરાંત માધવરાવે વિદ્યાર્થીઓ વિગેરેને ખાનગી મદદ કરવામા ઘણું ખર્ચ્યું હતું. તેમની દાન આપવાની પદ્ધતિ એવી હતી કે ‘જમણા હાથે આપેલુ ડાબો હાથ પણ જાણી શકતો નહિ!’

મુંબઈમાં એમનું ખુલ્લુ મૂકાયેલું બાવલું.

તા. ૧૦ મી એપ્રીલ ૧૯૧૩ ને ગુરૂવારે સાંજે એમનુ બાવલુ કુપરેજ ઉપર ખુલ્લુ મુકવાની ક્રિયા, એક ભવ્ય અને મોટા મેળાવડા સમક્ષ ઓ. મી૦ ક્લોડહિલે કરી હતી. પ્રારંભમાં મી૦ નરોત્તમ મોરારજી ગોકુળદાસે મી૦ હિલને બાવલુ ખુલ્લુ મુકવાની વિનતિ કરતા કહ્યું હતું કે, સન ૧૯૦૧ ના જુલાઇ માસની તા૦ ૮ મીએ મુબઇના શહેરીઓની એક સભા ટાઉન હોલમા મળી હતી જે વખતે એ સભાને પ્રમુખસ્થાને તે વખતના ગવર્નર લોર્ડ નોર્થકોટ વિરાજ્યા હતા. એ સભામાં મુબાઇના માજી ચીફ જસ્ટીસ સર લોરેન્સ જેન્કીન્સે નીચેનો ઠરાવ રજુ કર્યો હતો:—“ટાઉનહોલમાં મળેલી મુંબઇના શહેરીઓની આ જાહેર સભા, મહૂંમ મી૦ જસ્ટીસ રાનડેના મરણથી આ ઇલાકાને અને આખા દેશને જે ભારે ખોટ ગઇ છે તે માટે દિલગીરી જાહેર કરે છે અને એવો ઠરાવ કરે છે કે તેમના કુટુંબ તરફ દિલાસાપત્ર મોકલી આપવો.” આ ઠરાવને માજી જડજ સર ચાંદાવરકરે

તે વખતે ટેકો આપ્યો હતો. બાદ મી૦ જસ્ટીસ કેન્ડીએ એવો ઠરાવ રજુ કર્યો હતો કે મર્હુમની ઘટતી યાદગિરી જાળવી રાખવાને એક ફંડ ઉભું કરવું અને તે ફંડમાં નાણું ભરવાને દેશના સઘળા વર્ગોને અપીલ કરવી. આ ઠરાવને ડા. ભાંડારકર તથા મી૦ ગોખલે વગેરે એ ટેકો આપ્યો હતો. એ મુજબ ઉભા કરવામાં આવેલા ફંડમાં રૂ. ૨૦,૭૭૭—૭—૬ ભરાયા હતા જે રકમ વ્યાજ સાથે વધીને રૂ. ૨૧,૪૧૧—૧૧—૧૦ ની થવા પામી હતી. તેમાંથી રૂા. ૧૭,૦૦૦ બાવલું બનાવનાર (જાણીતા શિલ્પકાર મી૦ મ્હાત્રે) ને આપવામાં આવ્યા છે, અને પરચુરણ ખર્ચ બાદ જતાં બાકી રૂા. ૯૨૨૯—૯—૦ રહ્યા છે. જેમાંથી મર્હુમની એક છબી બનાવવાનો ઠરાવ કરવામાં છે. મુંબઇના માજી ગવર્નર લોર્ડ સિડનહામે પોતાને હાથે આ બાવલુ ખુલ્લું મુકવાની ઉલટ બતાવી હતી; પરંતુ વખત ન હોવાથી તે નામદાર તેમ કરી શક્યા નહતા.

વાડીયા બૅરીસ્ટરનું ભાષણ.

આ પ્રસંગે મી. હોરમસજી અરદેશર વહાડીઆએ જણાવ્યું હતું કે આજથી અર્ધી સદી ઉપર મારે મી. રાનડે સાથે ઓળખાણ થઇ હતી. તેઓ તે વખત એલ્ફિન્સ્ટન કૉલેજમાં એક શિક્ષક અને દક્ષિણા ફેલો હતા અને હુ તે વખતે એક વિદ્યાર્થી હતો. તેમના ગુણોએ મારી ઉપર જબરી અસર કરી હતી અને હુધારૂં છું કે તેમના જેવા મહાન પુરૂષો ઘણા થોડા હશે. તેમણે જુદા જુદા ભાગોમાં પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ, સ્મોલકોઝ કોર્ટ જડજ, સબ-જડજ વગેરેનાં કામો કર્યાં હતા. આજ કાલ પુના ખાતે સંસાર સુધારાને લગતી જે જાગૃતિ જોવામાં આવે છે તે મર્હુમનેજ આભારી છે. એક વિદ્વાન અને બાહોશ જડજ તરીકે મર્હુમ મી. રાનડેની કારકીર્દિ ઘણીજ ઝળકતી નિવડી હતી. તેઓ કામ કામનો તફાવત રાખ્યા

વિના કામ કરતા હતા. સુધારાનુ મિશન પાર પાડવા માટે તેમને ઘણી મુસ્કેલીઓ નડી હતી. તેમના ગુણોએ આ ઇલાકા ઉપરજ નહિ પણ દેશના દરેક ભાગ ઉપર અસર કરી છે.

મી. હિલનું ભાષણ.

ઓ. મી. કલોડ હિલે બાવલા ઉપરનો પડદો ખેંચી તે ખુલ્લું મુકાયલું જાહેર કરતાં પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે, "માજી ગવર્નર લોર્ડ સિડનહામ આજની ક્રિયા કરવાને હાજર નથી, તેથી આપણે દિલગીર છીએ. આ દેશહિતચિંતક નરની યાદગીરી જાળવી રાખવાની હીલચાલમાં હું મૂળથીજ જોડાયલો છું. મુબઇના શહેરી-ઓની ૧૯૦૧ માં મળેલી જાહેર સભામાં લોર્ડ નોર્થકોટના ખાનગી સેક્રેટરી તરીકે હું હાજર હતો. તેથી આજની સભામાં મને પ્રમુખ-સ્થાન મળ્યુ છે તેને હુ ઘણું કિંમતી માન લેખું છુ. હું મર્હુમને ઘણાં વર્ષથી ઓળખતો હતો. માજી ગવર્નર લોર્ડ નોર્થકોટે આજથી ૧૨ વર્ષ ઉપર જસ્ટીસ રાનડેના મરણ માટે જે દિલગીરીની લાગણી જાહેર કરી હતી તે લાગણી આજ પણ દેશના દરેક ભાગમા વ્યાપી છે. તેમની નિઃસ્વાર્થ દેશ સેવા તથા સરકારી અમલદાર તરીકેની કુશળતા પશંસાપાત્ર હતી. ઘણા માણસોમા ઉત્સાહ જોવામાં આવે છે પણ ડહાપણવાળાં ઘણા ઓછાં માણુસો હોય છે. જસ્ટીસ રાનડે ઘણા વિચારશીલ, દીર્ઘદર્શી અને બાહોશ નર હતા, અને તેઓ દેશના આગેવાન તરીકે તેથીજ ઝળકી નિકળ્યા હતા. તેમની માન્યતા એવી હતી કે રાજદ્વારી સુધારાઓ કરતાં પહેલાં સાંસારિક સુધારા થવા જોઇએ અને તેથી સાંસારિક સુધારક હોવાનું તેઓ વધારે પસંદ કરતા હતા. આજની ક્રિયા આપણને યાદ આપે છે કે જે સુધારા માટે તેઓ લડત ચલાવતા હતા તે હજુ સંપૂર્ણ થયા નથી. હાલના જમાનામાં મી. રાનડે જેવા પુરૂષોની પ્રજાને ખાસ જરૂર

છે. તેમની ઉચ્ચ ભાવનાઓ પાર પાડવાને ઘણા પુરૂષો હાલમાં પ્રયત્ન કરી રહ્યા છે, જેમાં ઓ. મી. ગોખલે આપણું ખાસ ધ્યાન ખેંચે છે. મર્હુમનો વારસો આપણે મી. ગોખલેમાં ઉતરેલો જોઇએ છીએ અને તેથી આજની તેમની ગેરહાજરી માટે અને ખાસ તેમની ચાલુ નાદુરસ્ત તબીયત માટે આપણે દિલગીર છીએ. મી. રાનડેની ખોટ આ દેશમાં પુરાવી અશક્ય છે. તેમ છતા તેઓ જે કાંઇ કરી ગયા છે તે દિશામાં આપણે આગળ વધવાના પ્રયત્નો કરીશુ તો દેશને લાભ થશે. આ બાવલા માટે જે જગ્યા પસંદ કરવામાં આવી છે તેનાથી વધારે સારી જગ્યા ભાગ્યેજ હોઇ શકે ' આ બાવલુ યુનિવર્સિટી બિલ્ડિંગ અને હાઇકોર્ટના ભવ્ય મકાનો પાસે આવેલુ છે જ્યાં મર્હુમે કેળવણીના ચુસ્ત હિમાયતી તરીકે અને એક બાહોશ જડજ તરીકે કિંમતી સેવાઓ બજાવી હતી આ બાવલું એ મહાન પુરૂષની યાદગિરી કાયમ રાખનારૂં થઇ પડશે, એટલુજ નહિ પણ જે સુધારાના કામો તેમણે ઉપાડી લીધા હતા તેના ધોરણની ખીલવણીને વધુ ઉત્તેજન આપનારૂં થઇ પડશે. મી. રાનડેને પગલે ચાલનારા થોડા પણ માણસો આપણામા છે એ જોઇને આપણે ખુશી થઇએ છીએ. જો કે તેમના નિયમોપર કામ લેવું એ સ્હેલ નથી તોપણ હિંદને શેની શેની જરૂર છે તે સમજીને તે પુરી પાડવાની હરકોઇ કોશિષ કરી શકે તેમ છે. હાલ આપણે દેશના રાજકારોબારમા છેલ્લા જે સુધારા થયેલા જોઇએ છીએ અને ધારાસભાઓમાં પ્રજાવર્ગીય તત્ત્વ વધુ પ્રમાણમા દાખલ થયેલુ જોઇએ છીએ તે મી. રાનાડે જેવા પુરૂષોના પ્રયત્નોનું પરિણામ છે. જો તેઓ આજ હયાત હોત તો તેઓ જોખમ વિનાની હીલચાલોમાં ખડે પગે ઉભા રહ્યા હોત. તેમનુ આ બાવલુ આપણને એવો પાઠ શીખવે છે કે—**રાજદ્વારી સુધારાઓની પહેલાં**

સાંસારિક સુધારા ઉપાડી લેવા જોઇએ છે, અને રાજદ્વારી સુધારા માટે જગ્યા ખુલ્લી કરવી જોઇએ છે. જસ્ટીસ રાનડેના કિંમતી ગુણોની પ્રશંસા કરવા માટે મારી પાસે પુરતા શબ્દો નથી. તેમનાં જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે. તેમનુ આ બાવલું હાલની તથા ભવિષ્યની પ્રજાને ઉન્નતિના શિખર ઉપર ચઢવાની ચાનક આપે એમ આપણે અંતઃકરણપૂર્વક ઇચ્છીશુ."

એમને મળેલી કેટલીક ઉપમાઓ તથા પદ્વીઓ.

જ્યારે એ કૉલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારે એમને **હિંદી ગ્રેજ્યુએટોના સરદાર** કહેવામા આવતા. નામદાર સરકારે **રાવબહાદુરની** પદ્વી આપ્યા બાદ ઇ સ. ૧૮૭૭ માં **સી. આઈ. ઈ** નો ખેતાબ આપ્યો હતો. એક યુરોપીયન વિદ્વાને તો એમનું દરેક વિષયમા ઉંડુ જ્ઞાન જોઇ એમને **જીવતી એન્સાઇકલોપીડીઆની** ઉપમા આપી હતી. કેટલાક જ્યારે એમને ૧૯ મી સદીના મહાત્મા ગ્લેડસ્ટન સાથે સરખાવતા, ત્યારે ડૉ. સેલ્બીએ એમને **હિંદના સાક્રેટીસની** ઉપમા આપી હતી; કારણ કે સોક્રેટીસે જેમ કેવળ કલ્પના શક્તિનું સામ્રાજ્ય તોડી વસ્તુ સ્થિતિનુ યથાર્થ અવલોકન કરવાનું અને તે પર ન્યાયશાસ્ત્રને અનુસરી કાર્ય રચનાની વ્યવસ્થા કરવાનું ગ્રીસને શીખવ્યું હતુ તેમ માધવરાવે સંક્રમણાવસ્થામાંની ભારતભૂમિને આંકડા શાસ્ત્રી અને ઇતિહાસને આધારે જુદી જુદી રીતે વિચાર કરવાનુ શીખવ્યું છે. કેટલાક એમને Thinker કહેતા.

એમના જીવનની ઉત્તમતા વિષે સર લૉરેન્સ જેન્કીન્સનો અભિપ્રાય.

તે વખતના મુંબઇની હાઇકોર્ટના ચીફ જસ્ટીસ સર લૉરેન્સ જેન્કીન્સે એમને વિષ બોલતાં કહ્યું હતુ કેઃ—

"અને જો કે તે (માધવરાવ) આપણી પહેલાં ગયા છે, છતાં આપણે તેમને કદી પણ ભૂલી જઇ શકીશું નહિ; કારણ કે તેમણે પોતાની પાછળ નિષ્કપટી, સાદાં અને ઉત્તમ જીવનનો આપણા બધાને એક ઉત્તમ ઉદાહરણરૂપ વારસો મેલ્યો છે."

એમની ઇંગ્રેજી ભાષા વિષે "ટાઇમ્સ ઓફ ઇંડીયા" નો અભિપ્રાય.

વિદ્યાર્થી દશામા લખેલા નિબંધોની એમની ભાષા વિષે આપણે આગળ વિવેચન કરી ગયા છીએ. એમનો લેખન વ્યવસાય એટલો તો મોટો હતો કે તે પોતે પણ તે સબંધી કશું યાદ રાખી શક્યા નહોતા ! એમના નિબંધો આદિમાંના વિચારો સર્વોત્તમજ હોય એમાં શક નથી. અધિપતિ તરીકે અને વગર નામે એમણે લખેલા લેખો ઓળખી કાઢવાને તો એમની જુદી પડતી પ્રભાવશાળી ભાષા સિવાય બીજુ કશું સાધન હાલ ઉપલબ્ધ નથી. એમની ભાષા વિષે લખતા "ટાઇમ્સે" લખ્યું હતું કે **એમના જેવું ઉત્તમ અંગ્રેજી તો યુરોપીયનો પણ બહુજ થોડા બોલી શકે.**

પ્રખ્યાત બંગાલી સુધારક કે૦ ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર સાથે એમનું કેટલુંક સ્વભાવ-સામ્ય.

ઇ. સ. ૧૮૫૬ નો વિધવા વિવાહનો કાયદો પસાર કરાવનાર મરહુમ બંગાલી સુધારક ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરની એક બે બાબતમાં એમની સાથે સરખામણી કરવી ગેરવાજબી નહિ ગણાય. બન્નેનાં જીવનનો અભ્યાસ કરતા સ્પષ્ટ જણાય છે કે ત્રણ બાબતોમાં એમનુ સામ્ય હતું. (૧) પિતૃભક્તિ; (૨) દીર્ઘ ઉદ્યોગ; અને (૩) દરેક માણસને તેની શક્તિ જોઇ કામે લગાડવાની ખૂબી.

(૧) જેમ માધવરાવે પોતાના લગ્નની બાબતમાં પોતાના પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું ઉચિત ધાર્યું નહોતું, તેમ વિદ્યા-

સાગરે પણ પોતાનાં માતપિતાની આજ્ઞા વિના પોતાનુ વિધવા વિવાહનુ પુસ્તક બહાર પાડવું દુરસ્ત ધાર્યું નહોતું.

(૨–૩) બન્નેના જીવનનું અવલોકન કરતાં જણાય છે કે બન્ને મરતાં દમ સુધી કામ કરતા હતા. બન્નેનાં જીવનના મુદ્દા લેખનો સારાંશ એજ જણાતો કે " દરેક માણસે પોતાની શક્તિ અને બુદ્ધિ જેમા સૌથી સારૂં કામ કરી શકે તેવા કામમાં લાગવું જોઇએ, અને પોતાનું કર્ત્તવ્ય ઉત્તમ રીતે પૂર્ણ કર્યું છે, એવી શ્રદ્ધા સાથે મરવું જોઇએ." એ બન્નેનો એવો મત હતો કે **अयोग्यः पुरुषो नाऽस्ति** અથવા તો, ઇંગ્રેજીમા કહેતાં Let every man be occupied, and occupied in the highest employment of which his nature is capable, and die with the consciousness that he has done his best.

ન્યા. મૂ. તેલંગની અને રાનડેની પિતૃભક્તિની સરખામણી.

વડિલોને અને ખાસ કરીને પિતાને, જેમ માધવરાવ બહુ માન આપતા તેમજ કૈ૦ તેલંગ પણ આપતા. માધવરાવના જીવનપર જે અપકીર્તિના કેટલાંક વાદળ ઘેરાયા હતાં તે એક તો વડિલની આજ્ઞાને માથે ચઢાવવાને લીધે અને બીજે લોકોમા મળીને કામ કરવાથીજ ધારેલો ઉદ્દેશ સિદ્ધ થશે એમ અનુભવથી પક્વ થયેલા વિચારોના પરિણામને લીધે હતાં. ન્યા. તેલંગ વિષે એકલું પ્રથમજ કારણ હતું. એથી લોકો તેમને " માત્ર બોલનારા સુધારક " કહી નિંદતા. લોકો તેમ કહેવામાં તદ્દનજ ખોટા હતા એમ કહેવું યથાર્થ નથી. પણ તેલંગ જેવાને વડિલની આજ્ઞાનોજ વિરોધ નડતો. જે માણસ મૂળવ્યાધિની વ્યથાથી મોતને બીછાને પડયો હોય અને ડોકટરો ખાત્રીપૂર્વક જણાવતા હોય કે નસ્તર મેલવાથી વ્યથા દૂર થશે છતાં

માત્ર પિતાની વિરૂદ્ધતાને લીધેજ જેણે ઓપરેશન કરાવ્યું નહિ અને મોતની પણ પરવાહ કરી નહિ તેવા તેલંગ જેવા પિતાની આજ્ઞાનું પાલન કરનારા સંસારસુધારાની બાબતમાં કદાચ પાછળ પડેલા જણાય તો નવાઇ નથી; પણ એટલું તો નિર્વિવાદ કબૂલ કરવું પડશે કે તેવાઓએ નવી પ્રજાને જમીન ખણી, બી વાવી, પાક ઉતારવાને તૈયાર કરી આપી છે.

આશાવાદી.

માધવરાવ મહા આશાવાદી હતા, તે કદી નિરાશ થતા નહિ. દુનિયાના ઇતિહાસનું તેમણે સૂક્ષ્મ અવલોકન કરેલુ હોવાથી દુનિયામાંના અનેક દેશો અને પ્રજાઓની ચઢતી પડતીના દાખલા તેમની નજર આગળ હમેશ તરી આવતા. તેમના દરેક ભાષણમા નિરાશ નહિ થવાનો અને આશા સાથે કાર્ય કર્યા કરવાનો ઉપદેશ હતો એ વિષયમાં ન્યાયમૂર્તિ તેલંગની જીવનતિથિ વખતના એક વ્યાખ્યાનમાં તેમણે જે શબ્દો કહ્યા હતા તેનો ભાવાર્થ તથા બીજા એક બે દાખલા આપીશુ.

"એશીયા, અમેરિકા, આફ્રિકા અને યૂરોપ ચારે ખંડના નકશા અને ઇતિહાસ લઇને બેશો અને જુઓ કે હિંદની અંદર જેટલુ પરિવર્તન થયું છે તેટલા પરિવર્તનના પ્રસંગમાં બીજો કોઇ દેશ પોતાનુ મૂળરૂપ સાચવી શકયો નથી. જે પરમેશ્વરે થોડાક હજાર જ્યુ લોકોની હસ્તી નાબુદ કરી નથી તે શુ આખી દુનિયાના ઠ્ઠ લોકને (હિંદની ત્રીશ કરોડની વસ્તીને) હમેશને વાસ્તે નિકૃષ્ટ અવસ્થામાંજ રાખશે? આ ભૂમિમાં આર્યો, ગ્રીક, સ્કીથીયન, મહોમેદન અને યૂરોપીયન એક બીજા પછી આવ્યા છે ખરા; પણ તે દરેકે હિંદની પ્રજાની જાગૃતિમાં વધારોજ કર્યો છે."

માધવરાવ કોઇ પણ બાબતમાં નિષ્ફળ ગયેલાને ધૈર્ય આપી

ફરી પ્રયત્ન કરવા સૂચવતા અને પોતે પણ બનતી મદદ આપવા કબૂલતા, કારણ કે તે દૃઢ આશાવાદી હતા. નિરાશ થયેલાઓને જ્યારે બીજાઓ વધારે નિરાશ કરવાની કોશીશ કરતા ત્યારે માધવરાવ પાસે આવી પોતાનુ દુઃખ રડતા તેને આશા અને શાંતિ મળતી. આર્નોલ્ડ રૂગબીને વાસ્તે કહેવાતું હતું તેમ એમને વાસ્તે પણ એ સબધે ઇંગ્રેજીમાં કહી શકાય કેઃ—

We were weary, and woe,
Fearful and we in our march.
Fain to drop down and die,
Still thou turnedst, and still
Beckonedst the trembler, and still,
Gave the weary thy hand.

એમણે લખેલા લેખોમાંથી કેટલાકનાં નામ.

1. The Duties of Educated Young Men. ઇ. સ. ૧૮૫૯.

2. The future Prospects of the Marathas and the Bengalees Compared. ઇ. સ. ૧૮૬૩.

3. The theory of Population. ઇ. સ. ૧૮૬૪.

4. Moral Law, Regarding Gambling. ઇ. સ ૧૮૬૫.

5. Report on Native Publications ઇ. સ. ૧૮૬૬. (આમા ૧૮૧૮-૧૮૯૪ સુધીના ૭૫ વર્ષના મહારાષ્ટ્રીય સાહિત્યનુ એમણે અવલોકન કર્યું છે.)

૬. સર બાર્ટલ ફ્રીયર અને સર રીચર્ડ ટેંપલની મુંબઇના ગવર્નરો તરીકેની કારકીર્દિનું સમાલોચના ઇ. સ. ૧૮૭૦.

7. Text of Hindu Law about the Remarriage of Hindu Widows. ઈ. સ. ૧૮૭૦–૭૧.

૮. રાજ્યકીય અને વ્યાપાર સંબંધી આ દેશની સાંપત્તિક વ્યવસ્થા ઈ. સ. ૧૮૭૧–૭૨.

9. Statistics of Civil Justice in the Bombay Presidency. ઈ. સ. ૧૮૭૧.

10 Statistics of Criminal Justice in the Bombay Presidency. ઈ. સ. ૧૮૭૪.

11. A theist's Confession of Faith ઈ. સ. ૧૮૭૨.

12. Essays on Indian Economics.

13. Religions and Social Reform.

14. A Revenue Manual of the British Empire in India. ઈ. સ. ૧૮૭૭.

(આમાં ઈસ્ટ ઇંડીયા ફાઇનેન્સ કમીટી આગળ જે મુખ્ય મુખ્ય જબાનીઓ પડી હતી તેનો સાર આપવામાં આવ્યો છે.)

15. Literary, Educational and Miscellaneous Essays.*

16. Notes on Decentralization.*

17. Rise of the Maratha Power.

૧૮ પદવીધરોનાં અકાલિક મરણનાં કારણો. ઇ. સ. ૧૮૯૪

(આ લેખ એમણે Bombay Graduates' Association સામે વાચ્યો હતો અને એની સામગ્રી એકઠી કરવા જુદા જુદા ૪૦૦ પદવીધરોને એમણે પત્રો લખ્યા હતા.)

---

* આ બે પુસ્તકો અપ્રસિદ્ધ છે.

૧૯ મરાઠા રાજ્યનું ચલણી નાણું.

૨૦ પ્રેક્ષાઓની ડાયરી.

૨૧ વિધવા-વિવાહ પદ્ધતિની અશાસ્ત્રતા અને યથાર્થતા.

(આ લેખ રા. રા. દયારામ ગીડુમલે પ્રસિદ્ધ કરેલા Status of Women in India નામના પુસ્તકને જોડી દેવામાં આવ્યો છે.)

22. Biogrphical Notice of Pandit Vishnu Parasharam Shastri.

23. Indian Sugar Question. 1899.

નીચલા લેખો "ઇંદુપ્રકાશ" માં પ્રગટ થયા છે —

24.	Anniversary of Panipat.	૨૮	જુલાઇ	૧૮૬૨.
25.	Bombay University	૧૫	ડીસેંબર	,,
26.	Summary of Land Dispute.	૨૨	,,	,,
27.	Best Policy.	૨૯	,,	,,
28.	Retrospect.	૫	જાનેવારી	૧૮૬૩.
29.	Burial Ground Bill.	૧૨	,,	,,
30.	Maharaja Scindia.	૧૯	,,	,,
31.	Land Controversy.	૨૬	,,	,,
32.	European and Native Journalists.	૯	ફેબ્રુવારી	,,
33.	Cotton-fraud Bill.	૧૬	,,	,,
34.	Poona Observers' Creed.	૨૩	,,	,,
35.	India in England.	૯	માર્ચ	,,
36.	Khandalla Affray.	૧૬	,,	,,
37.	Bengalee Journals.	૨૩	,,	,,
38.	Christianity in America.	૭	ડિસેંબર	૧૮૬૩.

39. The Metropolitan of India in Progress. — ૧૪ ડિસેમ્બર ૧૮૬૩
40. Census of Bombay. — ૨૧ „ „
41. Government and Idolatry Christmas in Bombay. — ૨૮ „ „

એ ઉપરાંત "સાર્વજનિક સભા" ના ત્રીમાસિકમા અનેક; કે જે વગર સહીએ પ્રકટ થયા છે.

એમના છપાનારા લેખો.

ખુશી થવા જેવુ છે કે એમના લેખો વિગેરેનો એક સગ્રહ અંગ્રેજીમા "મનોરંજન પ્રેસ" તરફથી બે વિભાગમાં પ્રકટ કરવામા આવનાર છે જેમાં નીચલા વિષયોનો સમાવેશ કરવામાં આવનાર છે.-

1. Library, 2. Educational, 3. Historical, 4. Social; 5. College Reports, Letters and Correspondence, 6. Political, 7. Administrative; 8. Economical, 9. Personal &c

એ પુસ્તકનુ નામ રાખવામા આવનાર છે

" The Miscellaneous Writings of the Late Hon. Mr. Justice M. G. Ranade. "

એમનો પત્રવ્યવહાર.

એમનો બહોળો પત્રવ્યવહાર મુખ્ય નીચેના માણસો સાથે વધારે હતો, એમ એમના દફતર પરથી જણાઇ આવે છે:—

૧. કે. રા. બ. ગણેશ વ્યંકટેશ જોશી, બી. એ.
(જમીનવેરો, હિંદુસ્થાનનો જમા ખર્ચ, ઇત્યાદિ સંબંધી.)

૨. રા. દીનશા એદલજી વાચ્છા.

(ઇ. સ ૧૮૯૭ ની દુષ્કાળ-કમીટીના કામ સબંધી)

૩. રા. ચી. વાઈ ચિંતામણી.

('ઇંડીયન સોશીયલ રીફૉર્મ' નામના પુસ્તક સારૂ કોની કોની પાસેથી લેખ લેવા, તે સબંધી.)

૪. રા. બ. દત્તાત્રય બળવંત પારસનીસ.

(મરાઠાઓના ઇતિહાસ સબંધી)

૫. રા. સા. આર. આર. કાળે, સતારા.

(ભગવદ્ ધર્મ અને સમાજ સુધારણા વિષે)

૬. રા. હરિ નારાયણ આપટે.

(તંજાવરથી મંગાવેલી હસ્તલિખિત પોથીઓપરથી મરાઠાઓના ઇતિહાસ વિષે.)

૭. કૈ. રા. બ. ગણપતરામ અમૃત મોનકિર.

(સાહિત્ય વિષે.)

૮. રા. ટી. એ. રામચંદ્રરાવ, તંજાવર.

(મરાઠી ભાષા અને તંજાવરનો ગ્રન્થસંગ્રહ.)

૯. બાબુ દેવેન્દ્રનાથ મુખોપાધ્યાય.

(સ્વામી દયાનન્દ સરસ્વતીની ચરિત્ર-સામગ્રી વિષે.)

એ ઉપરાંત કૈ૦ એ. ઓ. હ્યુમ, રા. સા. મંડલીક, રા. શંકર પાંડુરંગ પંડિત, રા. ઝવેરીલાલ ઉમીયાશંકર યાજ્ઞિક, દિ. બ. રઘુનાથરાવ, રા. બ. મુળે (ઇંદોર) વિગેરે જોડે પણ એમને જુદા જુદા વિષયે પત્રવ્યવહાર હતો.

સંસાર–સુધારો.

"Proceed with moderation and on lines of constitutional reform." —*Ranade*.

ન્યાયમૂર્તિ **માધવરાવ ગોવિંદ રાનડેનું** મુખ્ય ચરિત્ર અહિ સમાપ્ત થાય છે. એમના જીવનની પ્રત્યેક ઘટના ઉદાહરણીય અને અનુકરણીય છે, અને તે આદર્શ જીવનનું એક સુંદર દૃષ્ટાંત છે. દરેક વિષય સંબંધી અંતઃકરણના ઉંડા ઉદ્‍ગારો નીકળેલા નજરે પડે છે અને પોતાની માન્યતા મુજબ જે સત્ય અને હિતકર જણાય તેનોજ ઉપદેશ આપતા અને પોતે પણ બને ત્યાં સુધી તેનુંજ અનુકરણ કરતા તે આપણને જણાઈ આવે છે, પણ એ બધું વડિલોની આજ્ઞામા રહીને અને પોતાની માફક **વિરોધ ન પાડતાં** કરવાનો આપણને એ ઋષિ-મુખમાથી ઉપદેશ મળે છે.

સંસાર સુધારો, એ એમના જીવનની મુખ્ય ઘટના હતી; અને તેથી એ સંબંધી એમણે આપેલો ઉપદેશ બહુ મનનીય હોવાથી તે ખાસ એક જુદુંજ પ્રકરણ પાડી આપવાનો પ્રયત્ન કર્યો છે. વિરોધીઓના અસત્ય અને સખ્ત વિરોધથી તે કવચિત્ દિલગીર જણાતા ખરા, પણ કદી નિરાશ થતા નહિ, તેમ તેમનાપર ક્રોધ કરી આક્ષેપ-યુક્ત વચનોથી પ્રહાર પણ કરતા નહિ. માત્ર પોતાની કાર્યપદ્ધતિસાર જે નીતિસૂત્ર–"ઈશ્વર સાક્ષી મને જે હિતકર જણાય છે તેજ કરવાનો હુ પ્રયત્ન કરૂં છું"–નિશ્ચિત કર્યું હતું, તે મુજબજ શાંતિથી પોતાનુ કાર્ય કર્યા જતા. સુધારકોને એમણે જે ઉપદેશ આપેલો છે તે તેમણે હમેશ પોતાની નજર સામે રાખવા યોગ્ય છે; કારણ કે એ ઉપદેશ લાંબા અનુભવના પરિણામરૂપ હોઇ અંતઃકરણની પૂર્ણ

શ્રદ્ધાથી તેમજ એક મહાન વ્યક્તિ તરફથી અપાએલો હોવાથી તેમને સત્ય માર્ગદર્શક થઇ પડવાનો પૂર્ણ સંભવ છે.

સંસારસુધારામાં સ્ત્રીશિક્ષણની કેટલી આવશ્યકતા છે તે એમને જણાઈ આવેલુ હોવાથી પોતે પોતાના પત્નીના શિક્ષણ સારૂ શા શા પ્રયત્નો કર્યા તે આપણે જોઇ ગયા હિંદુ સ્ત્રીસમાજની આજે એવી સ્થિતિ છે કે તેમનાજ ભલાને વાસ્તે થતા કેટલાક પ્રયત્નોનો પણ પોતાના અજ્ઞાનને લીધે તે વિરોધ કરે છે ! આથી તેના હિતની બાબત તેને સ્પષ્ટ રીતે સમજાય તેટલા સારૂ તેને ઉંચી કેળવણી આપવાનો એક માત્રજ સર્વોત્તમ ઉપાય છે પોતાનુ હિતાહિત સમજવાની શક્તિ આવતાં તે પોતેજ પોતાના હિતના સવાલો ઉપાડી લેશે અને પુરૂષોને હાલ રાખવી પડતી પોતાની તેમજ સ્ત્રીઓની એવડી ફીકર રાખવી પડશે નહિ.[1]

સુધારાની પદ્ધતિના નીચે મુજબ એમણે પાંચ વિભાગ પાડયા હતા.

પહેલી પદ્ધતિનો સુધારો તેને કહેતા કે જેમાં જનસમાજથી ખાસ જુદા પડીને કે પોતાનુ એક જુદુંજ મંડળ સ્થાપીને, અંતઃકરણની માન્યતાપૂર્વક વર્તવામા આવતું. (આર્યન બ્રધર્હુડનો સમાવેશ આમા થાય.)

---

૧ માધવરાવ મર્હુમ મી મલબારીને પત્ર લખતા એ સંબંધમા જણાવે છે કેઃ–" When the victim of cruelty welcomes the disgrace and effacement, it is not to be expected that startling results will be achieved soon. We are teaching the female sex to rebel or protest. These influences will be strengthened by our efforts to promote their higher education."

બીજી પદ્ધતિનો સુધારો તે ગણુના કે જેમાં દરેક સુધારા સારૂ શાસ્ત્રાધાર શોધવામા આવતો (આર્યસમાજ આ વર્ગમા આવે.)

ત્રીજી પદ્ધતિનો સુધારો તે ગણુના કે જેમાં સુધારાની જરૂર સ્વીકારવા છતા પણુ તેને વાસ્તે કોઇ પણ પ્રકારનો ખાસ આત્મભોગ આપવાની અનિચ્છા રહેતી. (જૂના શિક્ષિત જનો આ વર્ગમા આવે.)

ચોથા પદ્ધતિનો સુધારો તે હતો કે જેમા યુક્તિપૂર્વક અને જનસમાજના ભલાનો વિચાર કરી—શાસ્ત્રપ્રમાણુ કે જનસમાજના મતપર અવલંબિત ન રહેતા—માત્ર યુક્તિસિદ્ધ વાતનો સ્વીકાર કરવામા આવતો. (બ્રહ્મો કે પ્રાર્થનાસમાજ આ વર્ગમાં આવે)

પાચમી પદ્ધતિનો સુધારો કાયદાનું રક્ષણુ શોધતો.

પહેલા પ્રકારના સુધારા વિષે એમનો એવો મત હતો કે તેમ કરવાથી એક તો જનસમાજને પોતાના મતનો કરી લેવામા મુશ્કેલી આવશે. તેઓએ જુદુ મડળ સ્થાપેલુ હોવાથી જનસમાજ તેમને પારકા ગણુશે અને તેમનાં વચન પર સ્વજન જેટલો વિશ્વાસ રાખશે નહિ—તેથી સુધારાના વિચારોનો પ્રચાર થઇ શકવો મુશ્કેલ પડશે. બીજુ ન્યાતજાતની સખ્યા ઘટાડવાનો તેમનો ઉદ્દેશ તેઓ ફળીભૂત કરી શકવાના નથી ઉલટું પોતાનુ એક નવુ મડળ સ્થાપી અસ્તિ ધરાવતી અનેક ન્યાતોમા આડકતરી રીતે એકનો ઉમેરો કરશે !

માધવરાવ પોતે ધારત તો એક નવું સુધારકમડળ સ્હેલાઇથી સ્થાપી શકત. પણુ તેમ કરી સાધારણુ જનસમાજને તેની અવનત અવસ્થામા છોડી દઇ તેની સુધારણા અર્થે કરવામા આવતા પ્રયત્નોની થનારી અસર ગુમાવી દઇ ઉપર કહ્યુ તેમ પોતાની એક જુદીજ ન્યાતનો વધારો કરવા તે ચાહતા ન હતા.

બીજા પ્રકારના સુધારાપર રાનડેનો ખાસ પ્રેમ જણાતો હતો, કારણુ કે પોતે પ્રાર્થના સમાજ—કે જેના અનુયાયીઓ પ્રાયઃ અમુક

બાબત સબંધી હિંદુ શાસ્ત્રોનાં પ્રમાણો જોઇએજ, એવુ આગ્રહપૂર્વક માનતા નથી–તેના અનુયાયી હોવા છતા દરેક સુધારા સારૂ (આર્ય સમાજની પદ્ધતિ મુજબ) હિંદુ શાસ્ત્રોના પ્રમાણો આપવાની રીતિને સુધારાના પ્રચાર સારૂ આવસ્યક માનતા અને તેજ એક માત્ર એવી પદ્ધતિ છે કે જેથી જનસમાજની સહાનુભૂતિ મેળવી સકાય, એમ તે અતઃકરણપૂર્વક માનતા. આર્યસમાજ અને પ્રાર્થના સમાજ એ બન્નેનો ધાર્મિક બાબતમા મતભેદ હોવા છતા બન્નેના સસાર સુધારાના વિચારો સામાન્ય હોવાથી એ બન્ને સસ્થાઓને એક કરવા, તેમનાજ એક શિષ્યના લખવા મુજબ તેમણે પ્રયત્નો કરેલા;[1] પણ તેમા નિષ્ફળ નિવડવા છતા તે હાલમાં રા. બા. રમણભાઇની માફકજ આર્યસમાજ તરફ પ્રેમ ધરાવતા.

કમનસીબે રાનડેએ પોતાને તેલગ જેવા સસ્કૃત–પડિત પુરવાર કર્યા નથી છતા પોતાના વ્યાખ્યાન આદિમા શાસ્ત્રોના પ્રમાણો ટાકવાની એ ખાસ કોશીશ કરતા. લાહોરની સોશીયલ કૉન્ફરન્સમા આપવા તૈયાર કરેલુ "વસિષ્ઠ અને વિશ્વામિત્ર" નુ ભાષણ (કે જે તેમણે શી રીતે તૈયાર કર્યું હતું તે પણ આગળ લખાઇ ગયુ છે) તેનો એક સુંદર નમુનો છે. એમના ચરિત્રનો એક લેખક જણાવે છે કે:–

"ધર્માત્મક અને મરાઠી વાઙ્મયાત્મક વિચારોમાં ઉત્તરાવસ્થામા કદાચ તદનજ વિપર્યાસ થયેલો ન જણાઇ આવ્યો હોય છતાં ઘણોજ ફરક પડેલો તો સ્પષ્ટ જણાઇ આવતો; નહિ તો પોતે મરાઠી ટ્રાન્સ્લેટર હોતાં મોરોપંત જેવાના કાવ્યપર જેણે અરસિકતાદર્શક અભિપ્રાય આપ્યો તે પાછળથી યુનિવર્સિટીમાં મરાઠી દાખલ કરાવવાના પ્રયત્ન કદીજ કરત નહિ, તેમજ પ્રાર્થના સમાજનુ બાલવર્ષીય અભિમાન જો

---

૧. જુઓ विविध ज्ञान विस्तार નામનુ મરાઠી માસિક, પુસ્તક ૪૫ મું (માર્ચ–૧૯૧૪), પાનું ૯૫.

પુર્ણપણે જાગૃત હોત તો ઠાકુરદ્વાર ખાતે થયેલા શણવીઓના પુરાણ પ્રસંગે અને વીલ્સન કૉલેજમા આપેલા એક વ્યાખ્યાનમા જે ઉદ્ગાર તેમણે કહાડયા હતા તે કહાડત નહિ. "[1]

જો કે તે ઉદ્ગાર શા હતા તે જાણવાના આપણી પાસે સાધનો નથી, છતાં એમના ચરિત્રના ઉત્તર વયની બીજી ઘટનાઓ જોતાં નિઃશંક એમ જણાય છે કે પંજાબમા, સામાજીક અને ધાર્મિક સુધારણાનું જે કાર્ય આર્યસમાજ જોરશોરથી કરી રહી હતી (અને છે) તે તરફ તેમનું ચિત્ત દોરાયુ હતું. આથીજ પરમપદારૂઢ **સ્વામી** દયાનંદજી પછી **સ્વામી** નિત્યાનંદજીની તે ઘણીવાર ધાર્મિક અને સામાજીક પ્રશ્નોમાં સલાહ લેતા, તેમની પાસે પ્રચાર કરાવતા, અને એમના ખાસ મિત્ર રા. બ. **મહાજનના** કહેવા મુજબ નિરૂત્સાહ થઇ ગયેલા પોતાના મિત્રોને તે **પંજાબ** તરફ જઇ આર્યસમાજનો ધાર્મિક અને સાંસારિક સુધારાના ક્ષેત્રમા કામ કરી બતાવવાનો જુસ્સો જોઇ પોતાનામાં નવીન ઉત્સાહને સંચાર કરી આવવાનું કહેતા. ટુંકમાં, ધર્મના પાયાપરજ સંસાર સુધારાની ઇમારત ચણવાથી ફત્તેહ મળશે, એ તેમનુ મંતવ્ય હતું; મર્હુમ મી. **મલબારીને** લખેલા પત્રમા તે એ સંબંધે જે જણાવે છે તે આપણે તેમનાજ અસરકારક શબ્દોમાં જાણી લઇએ —

" We have ourselves thought much on these social problems for the last twenty-five years and discussed all their theoretical and practical bearings* * * Our deliberate conviction however,

---

૧. જુઓ कादंबरी कल्पद्रुमनी પાંચમા વર્ષની ભેટ, भारतवर्षीय नररत्नमाळा ભાગ ૧ લો, (પ્રકાશક મેશર્સ **ભાવેની** કું. મુ. **વાઇ.**) એમા આવેલું એમનું ચરિત્ર.

has grown upon us with every effort, that it is only a religious revival that can furnish sufficient moral strength to work out the complex social problems which demand our attention. Mere consideration of expediency or economical calculations of gains or losses can *never* nerve a community to undertake and carry through social reforms, especially with a community like ours, so spell-bound by custom and authority. Our poeple feel, and feel earnestly, that some of our social customs are fraught with evil, but as this evil is of a temporal character, they think that it does not justify a breach of commands divine, for such breach commands a higher penalty. (so) *Only a religions revival, a revival not of forms but of sincere earnestness, which constitutes true religion can effect the desired end.*†

જો કે ઉપલો અભિપ્રાય અમુક બાબતો વિષેનો છે, છતાં તે સંસાર સુધારાની સર્વ બાબતમાં સામાન્ય તરીકે પણ તેટલાજ ઉપયોગનો હોવાથી અત્રે ટાંક્યો છે.

ત્રીજા પ્રકારની સુધારક પદ્ધતિ વિષે વિશેષ કહેવાની જરૂર

---

† જ્યા જ્યા મર્હુમ મી મલબારીને લખેલા પત્રનો ઉલ્લેખ છે ત્યા ત્યા "બાળલગ્ન અને અસંમત વૈધવ્ય" વિષે મી મલબારીએ વિદ્વાનોના જે અભિપ્રાય મંગાવ્યા હતા અને તેમા માધવરાવે જે અભિપ્રાય પત્રદ્વારા આપ્યો હતો તેજ પત્ર સમજવો.

નથી; કારણ કે જો કે તે પદ્ધતિ મુજબ કામ કરનારા સુધારાની જરૂર જોનારા, પોતે કોઈ પણ પ્રકારનો આત્મભોગ આપવા તૈયાર હોતા નથી છતાં તેઓ એ હિલચાલ તરફ સહાનુભૂતિ દર્શાવે છે–કદ નહિ તો તેનો વિરોધ કરતા નથી.

મહામહોપાધ્યાય પં. રામાવતાર શર્માની માફક શાસ્ત્રો વિગેરેના પ્રમાણોની ખાસ જરૂર ન સ્વીકારવા છતાં અંતઃકરણની સ માન્યતા મુજબ કામ કરવાની ચોથી પદ્ધતિ પણ ઓછી પ્રશંસની નથી. તે કેટલેક અંશે શાસ્ત્રાદિનાં પ્રમાણો કરતા પણ વધારે સારી છે. રાનડે તે સંબંધમાં આપણને જણાવે છે કેઃ–

"Revere all human authority, pay your respect to all prophets and all revelations, but never let this reverence and respect come in the way of dictates of conscience, the Divine command in us. Above all mere ordinances and institutes stands the law eternal of justice and equality, of pity and comparison, the suggestions of the conscience within and of nature without us.

The Shastras should be revered, but *the spirit should be respected more than the letter of the Old Law.*"

કેળવાયલી બુદ્ધિ સારાસારનો વિચાર કરી શકે અને તેથી અંતઃકરણની સત્ય માન્યતા મુજબ વર્તવાની શક્તિ તેનામાં સ્હેજ આવી શકે, પણ સાધારણ જનસમાજને પોતાના મતની બનાવવાને સારૂ, અને તે દિશામાં કાર્ય કરવાની સર્વોત્તમ પદ્ધતિ તરીકે તો, બીજી

પદ્ધતિનોજ સ્વીકાર કરેલો ફતેહમંદ થશે, એમ યોગ્ય રીતે રાનડેને જણાતું. આર્યસમાજ અને પ્રાર્થના સમાજનો ઇતિહાસ આપણને એની સાબીતી આપે છે. જો કે એ બેઉ સુધારક સમાજો લગભગ સાથે સાથેજ સ્થપાઇ છે, અને સંસાર સુધારાના ક્ષેત્રમાં બંનેને સરખુંજ કામ કરવાનુ છે; છતાં આર્યસમાજનો પાયો ધર્મ પર રચાયલો હોવાથી અને તે કોઇ નવો પંથ ન હોવાથી તેની ઉત્તરોત્તર થતી જતી ઉન્નતિ તેની કાર્યપદ્ધતિની સફલતા સાબીત કરે છે.

પાચમી પદ્ધતિથી કામ કરનારા સુધારકો કે જેઓ દરેક નાના મોટા સુધારા સારૂ કાયદાનોજ આશ્રય ચાહે છે, તેમના પ્રત્યે પણ રાનડેની પૂર્ણ સહાનુભૂતિ હતી એમ જણાતું નથી. કારણ કે કાયદા થવા છતા તે પ્રમાણે વર્ત્તનારને તેનાં સબંધીઓ તરફથી જે ત્રાસ સોસવો પડે છે તે ત્રાસમાથી સરકાર તેને બચાવી શકતી નથી. વળી એક તો કાયદા પ્રમાણેના વારસા વિગેરેનો હક્કમાં કોઇ પણ રીતે હરકત આવે નહિ તેટલા કાયદા સરકારે ઘડેલા છે; અને બીજે સંસાર-સુધારા જેવી નાજુક બાબતમાં સરકાર વચ્ચે પડી કાયદાનો ભંગ કરનાર પર ફોજદારી કામ ચલાવે, તે જનસમાજને અણગમતું થઇ પડવાનો સભવ છે, એમ તે માનતા. એ સબધમાં મર્હુમ મી. મલબારીના પત્રમાં એમણે લખ્યુ છે કે —

"Our people will not like any interference of the police or Magistrate with such delicate matters, and Government can never be too cautious in its dealings in this connection."

આ પ્રમાણે પાચે પદ્ધતિથી કામ કરનારાઓ જો કે સુધારક છે, એકજ ઉદ્દેશના ઉપાસક છે; છતાં જનસમાજ પર પ્રભાવ પાડવા સારૂ તો માધવરાવના પોતાનાજ કહેવા મુજબ પચીશ વર્ષના લાંબા

અનુભવથી સિદ્ધ થયેલી બીજીજ પદ્ધતિ ઉપયોગી છે, એમ તેમણે ઠરાવ્યું હતું, એ આપણે જોઇ ગયા.

ધીમે ધીમે, મધ્યમ રીતે, વિરોધ ન પાડતા, લોકોથી છુટા પડ્યા વિના, તેમનાનાજ રહીને, સુધારો કરવાનો જે ઉપદેશ એ આપણને આપે છે, તેનું મૂલ સૂત્ર ઇંગ્રેજીમાં આ પ્રકરણને મથાળે ટાંક્યું છે. સુધારો એટલે શુ? તેની વ્યાખ્યા પ્રથમ રાનડેના મત પ્રમાણે આપણે કરીએ. સુધારો એટલે એમના મતમુજબ અને યથાર્થ રીતે એક સમાજનુ જૂનું બંધારણુ તદ્દન તોડી નાખી નવું કરવુ તે નહિ, પણ અવનત સ્થિતિએ પહોંચેલા લોકસમાજનુ બંધારણ તેની બુદ્ધિ, ધર્મ અને શક્તિની ઉન્નતિ કરી શુદ્ધ અને પૂર્ણ કરવું તે.

સુધારો ધીમે ધીમે થવો શકય છે. સેંકડો વર્ષોના સંસ્કારથી લોખંડ જેવા મજબુત બનેલા રીતરીવાજો એકદમ તુટવા શકય નથી. જેમ લોખંડને તપાવી ધીમે ધીમે વાળવામા આવે છે. તેમજ એ સંસ્કારોને પણ વાળવા ઘટે છે. ઉતાવળ કરી એકદમ વાળવા જતા તે તૂટી જવાનો સંભવ છે. એ સંસ્કારોને આવી ઉપમા આપવાનુ સ્પષ્ટ કારણ તો એ છે કે અનેક પેઢીઓના સંસ્કારો ખ્રિસ્તી અને મુસલમાન થવા છતાં હિંદુઓમાથી અજાયબ જેવી રીતે ગયા નથી–તેમનો ધર્મ બદલાયા છતા સંસ્કાર બદલાયા નથી! ખ્રિસ્તી થવા બાદ પણ ન્યાત જાતનો ભેદ ન ભૂલવા સારૂ હિંદુઓ તરફ ખ્રિસ્તીઓ આશ્ચર્યની દષ્ટિથી જુએ છે. એક આખી જાતિને જો જમાનાને અનુસરતું સ્વરૂપ આપવું હોય તો તેના રાહ રસમો તરફ પ્રથમ દીર્ઘદષ્ટિ પહોંચાડવી ઘટે છે–ખરાબ સંસ્કાર કેમ દૂર કરવા, તેનો સૌથી સ્હેલો રસ્તો પ્રથમ નિશ્ચિત કરી લેવો ઘટે છે. સંસ્કારો પડવાને જેટલો સમય લાગ્યો હશે તેથી અનેક ઘણો તેને દૂર કરવામાં લાગશે, એ વિસરવું જોઇતું નથી. સુધારામાં અવકાશ અવશ્ય લાગશેજ માટે જે

જે સમયે જે જે સુધારા વધારે અને ખાસ અગત્યના જણાય તે તે પ્રથમ હાથ ધરી તેના ઉપચાર ધીમે ધીમે, પણ કાયમને વાસ્તે રોગ દૂર થાય તેમ, કરવા જોઇએ. ઉત્ક્રાન્તિવાદ આપણને શીખવે છે કે ઉન્નતિ ધીમે ધીમે થતી જાય છે—એકદમ નહિ. કાયમનો સુધારો, દેશી દવાઓના ધીમે ધીમે પણ હંમેશને વાસ્તે રોગ સુધારવાના ગુણ પ્રમાણે, ધીમે ધીમેજ થશે. ઉતાવળ કદાચ કર્યું કારવ્યુ ધૂળમા મેળવે. રાનડે પણ આ વિચાર પર આવ્યા હતા એમ તેમણે મર્હુમ મી. મલબારીને લખેલા પત્રપરથી જણાય છે. બાળલગ્નનો રીવાજ દૂર કરવા સારૂ તેમણે શા ઉપાયો યોજ્યા હતા તે કહેતા તે લખે છે કેઃ—

"ત્રણ વર્ષ પૂર્વે અમે અહિ એક એવી હીલચાલ કરી સહીઓ લેવા માંડી હતી કે દરેક જણ તે સહીથી પોતાના છોકરાનો વિવાહ ૧૭–૧૮ અને છોકરીનો ૧૦–૧૧ વર્ષ પહેલાં નહિ કરવાની પ્રતિજ્ઞા લેશે. જો કે આ ઉમર કંઇ જોઇએ તેવી સંતોષકારક નથી, છતાં **શરૂઆતમાં લોકોને આપણા મતના કરવા સારૂ થોડીક છુટછાટ સાથે કામ લેવું જોઇએ.** એટલુ થયું કે પછી ધીમે ધીમે પ્રસંગ મળતાં ઉમરની હદ વધારી શકાશે."

માધવરાવ, ઉપર કહી ગયા તેમ, સલાહ સંપથી કામ લેવાની તરફેણમાં હતા. એ પોતે, એક યા બીજે કારણે, જો કે કેટલેક પ્રસંગે ચુસ્ત સુધારકને લાયકનું વર્ત્તન રાખી શક્યા નહિ હોય; છતા બને ત્યાં સુધી તે પોતાની માન્યતાને વળગી રહેતા. તેનો એક સુંદર દાખલો ઈ. સ. ૧૮૬૯ માં પુનાખાતે, શ્રીમાન શંકરાચાર્યના પ્રમુખપણા નીચે, પુનર્વિવાહનો જે શાસ્ત્રાર્થ થયો હતો તેમાં આખર સુધી પોતાના મતને વળગી રહી, સાંસારિક મુશ્કેલીઓને મચક ન આપતાં, તેમણે બતાવેલા મનોધૈર્યનો છે.

વાત એવી બની હતી કે, મજકુર શાસ્ત્રાર્થ શરૂ થયા પૂર્વેજ,

મુબઈ અને પુનાના બ્રાહ્મણોએ, ખુલ્લખુલ્લા પુનર્વિવાહ કરનાર દપતીને, વધુના ભાઇને, અને જે છ ગૃહસ્થોની સહીવા એ પુનર્વિવાહના હેંડબીલ પ્રકટ થયા હતાં તેમને, ન્યાત બહાર કર્યા હતા (આ છમા માધવરાવનો પણ સમાવેશ થઇ જતો હતો.) શાસ્ત્રાર્થ શરૂ થયો; પણ હમેશા જેમ બને છે તેમ, સત્યનુ શોધન કરવાને બદલે વાત વિતંડાવાદ પર ઉતરી પડી અને બહુમતિને લીધે જુના વિચારનાઓએ પોતાનો જય મનાવ્યો ! આ રીતે બહુમતે પુનર્વિવાહ પક્ષ શાસ્ત્રવિરૂદ્ધ ઠરવાથી ઉપલા છ જણમાંથી એક બેને પ્રાયશ્ચિત્ત લેવાની ફરજ પડી, એટલુજ નહિ પણ ખુદ વધૂના ભાઇએ પણ કેટલાક વર્ષ બાદ પ્રાયશ્ચિત્ત લીધુ ! પણ માધવરાવે અને બીજા બેએ આખર સુધી પ્રાયશ્ચિત્ત લીધું નહિ. કાલગતિએ તેમનો એ બહિષ્કાર નિર્વીર્ય થતો ગયો; અને થોડાક વખત પછી તો લોક એમને ઘેર છડે ચોક જમવા પણ લાગ્યા !

આવું છતાં એ જ્યારે જોતા કે પોતાના મક્કમ રહેવાથી સખ્ત વિરોધ પડવાનો અને તેમ થતા ધારેલો ઉદ્દેશ જલદી પાર ન પડવાનો, સભવ હોય ત્યારે એ પોતાનો આગ્રહ છોડી દેતા. મી. મલબારીને પત્ર લખતા એ જણાવે છે કઃ—

"ઇશ્વરજ જાણે છે કે અમારી ઘરગતુ બાબતોમા અમારા સૌથી નિકટના અને સૌથી વ્હાલા સબધીઓ જોડે અમારે હમેશા તકરાર થાય છે. અમે અમારા સુધારક વિચાર મુજબ વર્ત્તવાની પૂર્ણ કોશીશ કરીએ છીએ; પણ જ્યારે જોઇએ છીએ કે અમારા તેમ કરવાથી ઘોર વિરોધ પડશે ત્યારેજ અમારે અમારી કોશીશમાં ન છુટકે પાછા પડવું પડે છે." ‡

‡ "People find fault with us, even abuse us, for half-heartedness, for our apparent want of fire and

સુધારકે ખાત્રી રાખવી જોઇએ કે મનુષ્ય જાતિમાં તેણે રાખેલો વિશ્વાસ વ્યર્થ જશે નહિ. ભયંકર રક્તપાતોથી જે થઇ શક્યું નથી તે તેના શાન્તિભર્યા ઉત્સાહથી થઇ શકશે. તેણે પોતાની હારથી નિરાશ ન થતાં પોતાના પ્રયત્નના પરિણામે, ભાવિ પ્રજાને મળનારી ફત્તેહ પર વિશ્વાસ રાખી કામ કરવાનું છે. તેણે શું સહન કરવું અને શેનો ત્યાગ કરવો તે પણ જાણવાનું છે. ઉપહાસ, અપમાન, અને વખતે શારીરિક નુકસાન પણ, રાનડે ઉપદેશે છે કે, તેણે સહન કરવાં જોઇએ અને ગાળનો બદલો ગાળથી વાળવાની પદ્ધતિનો ત્યાગ કરવો જોઇએ. તેનો રસ્તો સાફ નહિ પણ કાંટાવાળો છે; સાફ સ્લેટપર લખવાનું તેનું કામ નથી પણ અધુરૂં વાક્ય પૂરૂં કરવાનું છે. સહનશીલતા સુધારકનો પ્રથમ ગુણ હોવો જોઇએ. મનુષ્ય સ્વભાવની ખરૂં ખોટું પારખી કાઢવાની અશક્તિને લીધે મતભેદ તો હમેશા રહેવાનોજ; પણ તેને જેમ બને તેમ થોડા અંશમા રાખવા સારૂ શાન્તિથી કોશીશ કરવી જોઇએ છે. પોતાનું આટલું કર્તવ્ય સુધારકો જાણશે તો પોતાના વિરોધીઓ સાથે ઉશ્કેરાઇ જવાની માનસિક દુર્બલતાના મહા દોષમાંથી તેઓ મુક્ત થશે પોતાને ઉન્નતિએ પહોચેલા માનનારાએ પોતાના બંધુઓને અવનતિના ઉંડા કૂપમાં સબડવા દેવા જોઇતા નથી—તેમની પણ ઉન્નતિ કરવાનો પરોપકાર કરવો ઘટે છે, અને તે તેમનામાં રહીનેજ થવો શક્ય છે.

વિરોધીઓ સાથે કેવું વર્તન રાખવુ તેનો પ્રત્યક્ષ દાખલો, પોતાના

---

enthusiasm God only knows that in our households we are perpetually at war with our dearest and nearest, we struggle and strive to do our best, and have perforce to stop at many points when we fear the strain will cause a rupture."

વર્ત્તનથી રાનડે આપણાપર બેસાડે છે. ઇ. સ. ૧૮૯૫ માં પુનામા ભરાએલી કૉન્ગ્રેસના મંડપમાંથી જ્યારે આઠ વર્ષની સોશીયલ કૉન્ફરન્સને, (કે જેના સ્થાપક અને મંત્રી એ પોતે હતા) દૂર કરવામાં આવી, ત્યારે લોકોને પૂર્ણ ખાત્રી હતી કે માધવરાવ પોતાના વિરોધીઓને આડા ઉભા લેવામાં મણા રાખશે નહિ, પણ તેમની એ ધારણા તદ્દન ખોટી પડેલી તુરતજ જણાઇ આવી; કારણ કે આડા ને ઉભા લેવાની વાત તો દૂર રહી પણ માધવરાવે પોતાના વિરોધીઓ સામે એક શબ્દ સરખોએ કહ્યો નહિ. ઉલટું એમ થવાનુ કારણ વિરોધીઓમાં રહેલુ અજ્ઞાન છે, એમ શ્રોતાઓને સમજાવી તેમણે પોતાના પક્ષનાને એવાઓ જોડે બહુજ શાન્તિથી અને સલાહસંપથી કામ લેવા સલાહ આપી અને એવી સ્થિતિમાં ધૈર્ય અને ઉદારતાની અત્યંત જરૂર જણાવી.

રાનડેના શાંત સ્વભાવની ખરી ખૂબી તો તેમના વિરોધીઓ પ્રત્યેનાં તેમનાં વર્ત્તનથીજ જણાઇ આવે છે. તેમનો દ્વિતીય વિવાહ થતાં તેમના પરિચિત એક ગૃહસ્થે તેમનાપર બહુ સખ્ત ટીકા કરી હતી; પણ તેથી મનમાં જરા પણ ખોટું ન લાવતાં ઉલટું તે જ્યારે વિલાયત ગયો ત્યારે તેમણે તેને અનેક પ્રકારે મદદ કરી હતી '

સુધારકોએ પ્રેક્ષક ટીકાકારોની ટીકાની તો પરવાહજ કરવી જોઇતી નથી! હાલની ક્રાંતિકારક સ્થિતિમાં નવા અને જૂના પક્ષનો વિરોધ પગલે પગલે થતો હોવાને કારણે, અને દેશકાલ વર્તમાન પ્રમાણે, જે ગૃહસ્થ સહૃહેતુથી કાર્ય કરવા આગળ પડે તેના માર્ગમાં અનેક પ્રકારની અડચણો આવે છે. તે અડચણોને દૂર કરતા કરતાં કદાચ તેના પગમાં કાંટો વાગવાનો કે પગ લપસવાથી પડી જવાનો પણ સંભવ છે. આશાવાદી સુધારક આથી નિરાશ નહિ થતાં ફરી ફરીને અને વધારે સાવચેતી તથા બળથી તે વિકટ માર્ગ પસાર કરવાનો પ્રયત્ન કરે છે; શું તેની ઉપર ટીકા કરવાનો, તેનો ઉપહાસ કરવાનો, તે

માણુસ, કે જે ક્રિયા મતિ હીન હોઇ મુસ્કેલીઓ આવી પડવાના ભયને લીધે પોતાની જગ્યાએથી આગળ ચાલવા પ્રયત્નજ કરતો નથી, તેને હક છે? આવા ટીકાકારોને આપણે "પ્રેક્ષક ટીકાકારો" કહીશું; કારણુ કે તેઓ 'પોતે કંઇ પણુ કાર્ય કરવાથી અલિપ્ત રહેવું અને કાર્ય કરવા લાગેલાનાં વર્તનપર સખ્ત પહેરો રાખી તેનો ઉપહાસ કરવાની સંધિ મળતાંજ તેની રેવડી દાણાદાણુ કરવાની ઇચ્છા રાખવી' એનેજ તેમનો ધર્મ સમજે છે; પોતાને એ પ્રકારે ઉપહાસ કરવાનો સ્વયસિદ્ધ અધિકાર છે, એમ તેઓ માને છે. સૈનિકપર ગોળી કે તરવાર ચલાવવાનો હક્ક માત્ર સૈનિકનેજ છે, પ્રેક્ષકને નહિ. વિશ્વની રંગભૂમિ ઉપર આવી પોતાની ભૂમિકા તો કંઇ છેજ નહિ—પોતે તો માત્ર પ્રેક્ષકજ છે, એવું સમજનારી આ અહમન્ય વ્યક્તિઓના ઉપહાસ તરફ બીલકુલ ધ્યાન આપવું જોઇતું નથી.

રાનડે જેવા પોતાની મુસ્કેલીઓ સારી રીતે સમજતા અને પોતાની ભૂલોનો ખુલ્લે દિલે સ્વીકાર કરતા. પોતાને પડતી મુસ્કેલીઓ ભાવિ પ્રજાને નડે નહિ તેની તેઓ પૂરતી કાળજી રાખતા. તેઓ કેટલીક વાર પૂરતા જોસથી પોતાનો માર્ગ કાપી શક્યા નહિ હોય, પણુ તેમ કરવાનો તેમનો હેતુ પોતાની પાછળ રહી ગયેલા પોતાના બંધુઓને ધીમે ધીમે પોતાની સાથે ચાલતા કરવાનોજ હતો. એટલું તો સર્વ કોઇને કબૂલ કરવું પડશે કે આજે સંસાર–સુધારાના જે પ્રયત્નો થાય છે તે સર્વેનુ બીજારોપણુ કરનારા રાનડે અને તેલંગ જેવાજ હતા, અને પોતે અચળ રહી તેમને નબળા મનના કહેનારા હાલના સુધારકોને દૃઢ મનોબલ અર્પનાર તેજ વ્યક્તિઓની હીલચાલ છે. તેમને 'નબળા મનના' કે 'માત્ર બોલી જાણુનારા' સુધારકો કહેવડાવવામા તેમની પિતૃભક્તિ પણુ એક મુખ્ય કારણુ હતું એ ભૂલી જવું જોઇતું નથી.

ખરેજ, જો ટીકાકારો જેના પર ટીકા કરે છે તેના કરતાં વધારે દઢ માનસિક બળવાળા હોય તો તેમને ટીકા કરવાનો સંપૂર્ણ હક છે, તેઓ શુદ્ધાચરણી અને લોકનિંદાનો ભય ન રાખતા વિચાર-પૂત આચરણ રાખનારા હોવાથી વધ છે. પણ એમાં ઉત્તમ પદને જે હજી પહોંચી શક્યા ન હોય, છતાં જેટલો માર્ગ તેમણે કાપ્યો હોય તેટલા સારૂ તેમનાં વખાણ ન કરતાં તે જરા પડયા તેથીજ તેમની અવહેલના થવી અને તે પણ લોકહિતમાં રત થવાના વિકટ માર્ગ પર સંભવતા ભયને લીધે, તે પર પગ ન મેલનારા નિર્વીર્યો તરફથી—એના જેવું લજ્જાસ્પદ અને શોકકારક બીજુ ભાગ્યેજ હશે.

પણ બિચારા આગળ પગલુ ભરનારાને માત્ર આવા ટીકા-કારોનોજ ત્રાસ હોતો નથી. તેને પોતાના પક્ષના એવા કેટલાકોથી પણ સાવચેત રહેવું પડે છે, કે જેઓ પડનારને મદદ કરી ઉઠાડવાને બદલે તેને પાટુ મારવાજ તૈયાર થાય છે! તાજા અને વાશી બેઉ પ્રકારના ઉદાહરણોથી એ વાત સિદ્ધ થઇ શકે તેમ છે. શું એવા મુસ્કેલીમાં આવી પડેલાઓને ઉઠાડવાની પહેલી ફરજ તેમનાજ પક્ષનાની નથી? પણ પોતાની મુસ્કેલીથી સૂડી વચ્ચે સોપારી જેવા થઇ પડેલા, પણ કાર્ય કરી બતાવવાના સદ્દહેતુથી બહાર પડેલા બિચારા આવા સુધા-રકોને જેમ તેના વિરોધીઓ મદદ કરતા નથી તેમજ તેના પોતાના પક્ષના પણ મદદ કરવા આનાકાની કરે છે!

ચાલતાં ચાલતાં, ઠોકર લાગતાં, કે પગ લપસતાં, કોઇની પાઘડી એક દિશામાં, તો જોડા બીજી દિશામાં પડેલા અને કપડાં ધૂળ કે કાદવથી ખરડાયલાં જોઇ સામાન્ય મનુષ્યને તત્કાળ હસવું આવે છે, અને કેવળ ઉપહાસ કરવા સિવાય તે પોતાનું કંઇ પણ કર્ત્તવ્ય મા-નતો નથી. પણ વિવેકી માણસ આવે પ્રસંગે આગળ આવી તેને ઉઠાડે છે, તેનાં કપડાં સાફ કરે છે, તેની અસ્તવ્યસ્ત પડેલી ચીજોને

એકત્ર કરવામાં તેને મદદ કરે છે, અને સહાનુભૂતિદર્શક બે શબ્દ તેને કહે છેઃ આટલો એ બેમાં ભેદ છે.

દરેક હીલચાલ શરૂ થતા તે હીલચાલ તરફ સહાનુભૂતિ દર્શાવનારાઓનો એક પક્ષ બધાય છે, અને એ રીતે બહુમત એકત્ર થયા પછી કાર્યસિદ્ધિ જલદી થવાનો પ્રાયઃ સંભવ રહે છે. ધાર્મિક બાબત હો, સસાર સુધારાની હો, કૉન્ગ્રેસના ઉદ્દામ અને મધ્યમ પક્ષની હો કે બીજી કોઇ હો, દરેકમા અમુક અશે પક્ષ હોય છે; અને પોતાના પક્ષનુ દરેકને અભિમાન હોય છે. એમા સૌથી વધારે પોતાના પક્ષનું અભિમાન એકધર્મનામાં હોય છે. મનુષ્ય જાતિને જો કોઇ પણ ચીજ વિષે સૌથી વધારે લાગણી થતી હોય તો તે તેના ધર્મની છે, અને તેથી હિદુ શાસ્ત્રકારોએ, ધર્મના તત્ત્વો હિદુ પ્રજાની નાનામાં નાની હિલચાલમાં પણ યથાર્થ રીતે ગુથેલા છે. સરકાર પણ તેની આડે આવતી નથી. એ તત્વોનુ યોગ્ય બળ કાયમ રાખીનેજ કોઇ પણ બાબતમા સુધારા થવા શક્ય છે, એને દૂર કરીને નહિ. ધર્મની લાગણીથી જે કામ થયા છે અને થશે તેવા બીજી કોઇ લાગણીથી થનાર નથી અને થયા નથી. ધર્મના તત્ત્વ વિના સત્ય અને દૃઢ પક્ષાભિમાન પણ ઉત્પન્ન થતુ નથી અને તેવું પક્ષાભિમાન ઉત્પન્ન ન થવાથી પરસ્પર સહાનુભૂતિ ઓછી થતી જઇ ધારેલો ઉદ્દેશ પાર પડતો નથી. દરેક સરખા વિચારવાળાઓના હૃદયમાં પોતાના પક્ષનું સત્ય અને યથાર્થ અભિમાન હોવું જોઇએ; તેને વાસ્તે, કોઇ ખાસ કારણો સિવાય ગમે તે સહેવું જોઇએ. પક્ષ બધાતા દરેક પક્ષના દરેક સહાયકે પોતાના ઉદ્દેશની સિદ્ધિ અર્થે આત્મભોગ આપવા તૈયારજ થઇ રહેવું જોઇએ છે; પોતાના પક્ષને સારૂ માનહાનિ, અને વખતે શારીરિક ત્રાસ પણ શોષવાં જોઇએ છે.

માધવરાવ પક્ષાભિમાનનું આ વિજ્ઞાન સારી રીતે જાણતા.

તેમણે પોતાના પક્ષ સારૂ ઉપહાસ, અપમાન અને શારીરિક પીડા પણ મ્હેલી હોવાની તેમના જીવનની જૂદી જૂદી ઘટનાઓ સાક્ષી આપે છે. પક્ષાભિમાનને લીધેજ મીશનરીઓની ચ્હા પીવા સારૂ જેમ તેમણે પ્રાયશ્ચિત્ત લઇ માનહાનિ અને અપમાન સહ્યા હતા તેમ પક્ષાભિમાનને લીધે સ્વામી દયાનદના સન્માનાર્થે નીકળેલી સ્વારીમા તેમણે કાદવનો માર સહ્યો હતો. એ બન્ને વખતે તેમણે પોતાની પત્નીના પ્રશ્નના જે જવાબ આપ્યા છે તે આજના સુધારકોએ સોનેરી અક્ષરથી લખી રાખવા ઘટે છે. સાથે પોલીસના સીપાઇ હોવા છતાં પણ (સ્વામી દયાનદની સ્વારીમા) કાદવનો માર કેમ ખાવો પડ્યો અને લૂગડાં કેમ બગડયા તે રમાબાઇ પૂછે છે અને માધવરાવ તેમને શાંતિથી નીચલો જવાબ આપે છે:—

"હું બધાની સાથે હતો તો મને પણ કાદવનો માર લાગવોજ જોઇએ. પક્ષાભિમાનના કામ એવાંજ હોય છે. આ વખતે માનાપમાનનો વિચાર આપણા મનમાં આવવો જોઇતો નથી."

'મીશનરીઓની ચ્હા પીવાનુ પ્રાયશ્ચિત' વાળા પ્રકરણમા આપણે જોઇ ગયા કે માધવરાવે કેવળ પોતાના પક્ષનાને સારૂજ પ્રાયશ્ચિત્ત લીધુ હતું, પણ રમાબાઇને એથી થતી માનહાનિ ન સહન થવાથી તેમણે માધવરાવને પૂછ્યુ કે–પોતાને પ્રાયશ્ચિત્ત લેવાનુ કઇ પણ કારણ હોયા વિના શા સારૂ તે લઇ વિરોધીઓને ટીકા કરવાનો પ્રસંગ આપ્યો? તેનો જવાબ માધવરાવ નીચે મુજબ આપે છે:–

"આપણે આપણું કામ વિરોધીઓની ટીકાની પરવા રાખ્યા વિના કર્યા કરવાનું છે. ખરૂં કારણ આપણા મનને ખબર છે એટલે બસ. **જેમને આપણે આપણા ગણતા હોઇએ, અને જેમને આપણે આપણી સાથે રાખવાના છે, તેમને સારૂ વિરોધીઓ તરફની થોડીક માનહાનિ પણ સહન કરવી પડે, તોયે શું થઇ ગયું?"**

માધવરાવે આ ઉપરાંત બે વર્ષ સુધી ખાસ વધારાનો ખર્ચ પોતાના ખીસામાંથી કરીને પણ પોતાના પક્ષના તે (કે જેઓને મીશનરીઓની ચ્હા પીવા સારૂ બહિષ્કૃત કરવામા આવ્યા હતા.) કોઇ પણ રીતે તેમના રોજના કોઇ પણ વ્યવહારમા હરકત આવે નહિ તેની ખાસ કાળજી રાખી હતી, જે આજના સુધારક શ્રીમતોને ઉદાહરણીય છે જ્યા સુધી આવુ સત્ય અને જરૂરી પક્ષાભિમાન—કે જે વિશિષ્ટ પ્રેમનો માત્ર નામભેદ છે–ઉત્પન્ન થશે નહિ ત્યા સુધી કોઇ પણ હીલચાલ ફતેહમંદ થશે નહિ. દુનિયાના દરેક વ્યવહારમા પ્રેમનું પ્રાબલ્ય છે, તેના વિનાનો કોઇ વ્યવહાર નથી. આથી જ્યા પ્રેમનો, દુનિયાના પવિત્ર વ્યવહારના અમૂલ્ય તત્ત્વનો, અભાવ હશે તે હીલચાલ કદિ પણ ફતેહમંદ અને ફાયદાકારક થઇ શકનાર નથી. સંસાર–સુધારાની નવી નવી યોજનાઓ રચનારે આ ધર્મતત્ત્વની, પ્રેમની, સત્યપક્ષાભિમાનના તત્ત્વની રસી પોતાના અનુયાયીઓના અંત:કરણમા અને પોતાનામા મૂકવાનુ પ્રથમ ધ્યાન રાખવુ ઘટે છે.

કેટલાકોની જ્યારે એવી માન્યતા છે કે આપણી સાંસારિક ઉન્નતિ થયા વિના રાજકીય અને ઔદ્યોગિક ઉન્નતિ થનાર નથી ત્યારે કેટલાકો એવુ માને છે કે રાજકીય ઉન્નતિ વિના સાંસારિક ઉન્નતિ થવી શક્ય નથી, પણ આ બન્ને ભૂલા પડેલા વટેમાર્ગુઓ છે. એવા વિચાર ધરાવનારે જાણવું જોઇએ કે એક જાતિની ઉન્નતિના બધા રસ્તા કઇ સીડીનાં પગથીઆં નથી, કે જેપર માણસ એક પછી એક ચઢી શકે. તે એકજ મનુષ્ય શરીરના જૂદા જૂદા અવયવો છે અને તેથી જેટલા અવયવોમા રોગ થયો હોય તે બધાનો એકજ ધોરી માર્ગ દ્વારા તેમનુ પોષણ થતું હોવાથી એક સાથેજ ઇલાજ કરવો જોઇએ છે

કેટલાક રાજકીય બાબતમાં ઉન્નતિ ચાહનાર પણ ધાર્મિક

અને સાંસારિક બાબતના સુધારાથી અલિપ્ત રહેનાર, પોતાનાં "વડવાઓના ડહાપણ" માં શ્રદ્ધા બતાવી–બતાવવાનો ડોળ કરી–સાંસારિક સુધારાને એક પાશ્ચાત્ય નવીન વિચારોની ઘેલછા ગણી કાઢે છે. પણ સુધારાની કોઇ પણ હિલચાલ નવી નથી, તે કુદરતી અને સનાતન છે.

સુધારો, પછી તે સાહિત્ય, વિજ્ઞાન, હુન્નર કે વેપારનો હો, યા ધાર્મિક, સામાજિક કે રાજકીય બાબતનો હો, માણસે પોતાના સઘળા બળથી આડે આવતી મુશ્કેલીઓને ધીમે ધીમે દૂર કરી, અમલમા મૂકવાનો છે. જો તે તેમા એકવાર નીચે પડે તો તેણે પાછા પોતાના આખા શરીરના બળથી ઉઠવાનુ છે અને નવી યુક્તિપ્રયુક્તિઓ કામે લગાડવાની છે. રાજકીય બાબતની અવનતિને લીધે જેમ યોગ્ય સાંસારિક અને ઔદ્યોગિક સુધારા કરી શકાવાના નથી તેમ સાંસારિક અને ધાર્મિક બાબતની અવનતિને લીધે રાજકીય સુધારા પણ થઇ શકવાના નથી. આ સનાતન ચાલતી આવેલી પરસ્પર અવલબિત સ્થિતિનો વિચાર કર્યા વિના તે તરફ દુર્લક્ષ કરી જે પોતાના વિષયની ઉન્નતિ થવાથી બીજી બધી ઉન્નતિઓ થઇ જશે એમ માને છે, અને તેથી તેજ વિષયની ઉન્નતિ કરવા મચે છે, તે ઉપર કહ્યુ તેમ, "ભૂલો પડેલો વટેમાર્ગુ" છે. સુધારકે તો દરેક બાબતની અવનતિનુ મૂળ શોધી કાઢી, દુરાગ્રહનો ત્યાગ કરી, પોતાનુ કાર્ય કરવાનું છે.

આશાવાદી **માધવરાવ** કહે છે કે, "કેટલાક નહિ ઇચ્છવા યોગ્ય બનાવોને લીધે જ્યારે આપણી સાંસારિક અવનતિ થતી ગઇ ત્યારેજ હિંદીવાનોના આખા શરીરમાં રોગનાં જંતુ પેઠાં હતાં, પણ હવે તે રોગી જતુઓને દૂર કરવાને ચાંપતા ઇલાજો લેવાની કોશીષ થાય છે; અને તેથી હિંદનુ શરીર સત્વર જ નિરોગી થશે એવી આશા રહે છે. એક દર્દી, કે જેની આંખોમાં માંદગીને લીધે ખાડામાં પડી ગયા

હોય અને ' હાથ પગ દોરડી અને પેટ ગાગરડી ' જેવું થઇ ગયું હોય તેના જેવું હિંદ હતું; પણ સારે નશીબે હોશિયાર વૈદ્યોની આપણને સવેળા મદદ મળી; અને યોગ્ય ઔષધ તથા પથ્ય આહારથી ધીમો પણ સંગીન સુધારો થતો ગયો. દર્દીની આંખ દિનપર દિન તેજસ્વી થતી જતી દેખાય છે, તંદુરસ્તીનાં ચિહ્‌ન ગાલપર આવતી જતી ગુલાબીથી સ્પષ્ટ થાય છે, હાથ પગમાં મજબૂતી આવતી જણાય છે, અને શરીર પણ સુદૃઢ થતું લાગે છે; શરીરનો દરેક અવયવ અને તેની સાથે મન પણ તંદુરસ્ત અને ઉન્નત થતું લાગે છે. હિંદની આજે આ દશા છે."

સંસાર સુધારાના પ્રશ્ન તરફ ગમે તે દૃષ્ટિથી જુઓ, ધર્મજાગૃતિ અને ધર્મસુધારણા તેના પ્રધાન અંગો જણાઇ આવશે. પાશ્ચાત્ય શિક્ષણથી જો કે રૂઢીદેવીનો ત્રાસ અને સામાજિક સુધારાની આવશ્યકતા પ્રથમ જણાઇ આવી હશે, પણ તે સુધારાની કાર્યસિદ્ધિ થવામા, આપણા પૂર્વજોએ ધર્મનું જે વિશિષ્ટ સ્વરૂપ ઉપનિષદો અને ભગવદ્‌ગીતા જેવા ગ્રન્થોમા બતાવેલુ છે તેજ ધર્મની બાહ્ય ધરી આપણને તરવાનુ છે. રાજકીય સુધારા કરવામાં જે પાશ્ચાત્ય પદ્ધતિથી કાર્યસિદ્ધિ થાય છે તે પદ્ધતિ સામાજિક સુધારામા કામ લાગશે નહિ. સામાજિક સુધારણાનો ઉત્સાહ પાશ્ચાત્ય શિક્ષણથી આવ્યો હશે, છતાં તેની કામ કરવાની ખરી દિશા તો પૂર્વજ હોવાથી જ્યા સુધી આપણે પૂર્વાભિમુખી થઇશું નહિ ત્યાં સુધી સામાજિક સુધારણાની પરિપૂર્ત્તિ થશે નહિ.

આશરે સોળ વર્ષ પૂર્વે એક વ્યાખ્યાન આપતાં માધવરાવે કહ્યું હતું કે:—

" અમારો એવો દૃઢ વિશ્વાસ છે કે હિંદુસ્તાન ધર્મક્ષેત્ર છે, અને સર્વ ધર્મોમાં હિંદુધર્મજ શ્રેષ્ઠ ઠરશે. ઇશ્વરે આપણને નામશેષ

કર્યા નથી તેનુ કારણ એ છે કે ભૌતિક આપત્તિઓ ભોગવીને પણ આપણે જગતના-વિશેષતઃ 'ભૌતિક સપત્તિમા સર્વ સમાએલુ છે' એવું માનનારા પાશ્ચાત્ય રાષ્ટ્રોના—આધ્યાત્મિક ગુરૂ બન્યા છીએ-બનીશુ; અને ભૌતિક વિદ્યામાં તથા રાજનીતિમાં તેમના શિષ્ય બની તેમના જેવુ ઉચ્ચ પદ પ્રાપ્ત કરીશુ. આપણી મુશ્કેલીઓ આપણાથી દૂર નથી—આપણી સાથેજ છે—એ ખરૂં, પણ તેને દૂર કરવા સારૂ જે શક્તિ, હિમત અને દીર્ઘઉદ્યોગ દીર્ઘકાળ સુધી રાખવા જોઇએ તે આપણે રાખી શકતા નથી. પરવશતાના દીર્ઘકાળમાં આપણું પૌરૂષ ગયુ છે—કદિક આપણે નાના બાળકની માફક એકાદેક ચીજ ન મળ-વાથી રડીએ છીએ તો કદિક બુઢ્ઢા માણસની માફક વગર કારણે જેના તેનાપર ગુસ્સે થઇ જઇએ છીએ. આપણે સત્યને સારૂ, આપણી પોતાની ઉન્નતિને સારૂ, આળસનો, સુસ્તીનો, ત્યાગ કરવો જોઇએ છે. ધૈર્ય, શાતિ, અને વિશ્વાસ, આપણે સંપાદવા જોઇએ."

આ અમૂલ્ય શબ્દો હજી પણ આપણને એમના એમ લાગુ પડે તેમ છે. સમાર સુધારાવિષે એક જૂદા પ્રકરણમાં આ મુજબ સકલિત કરેલા વિચારો આજના સુધારકોને જેમ ખાસ મનનીય છે, તેમજ સુધારાના વિરોધીઓને પણ ઘણે અંશે બોધક છે. સુધાર-કોએ તો પોતાના આત્મગુરૂનુ આ ચરિત્ર ભક્તિભાવથી વાચવું જોઇએ છે અને એ ચરિત્રની પ્રત્યેક ઘટનાથી યોગ્ય ઉપદેશ ગ્રહણ કરવો ઘટે છે.

ઉપસંહાર.

ન્યા. **માધવરાવ ગોવિંદ રાનડેની** લગભગ દરેક વિષયની પ્રવૃત્તિ વિષે—અને વિશેષે કરી સંસાર સુધારાની પ્રવૃત્તિ વિષે આપણે હવે જાણી ચૂકયા છીએ. માત્ર એક અથગ નાણાંશાસ્ત્રી તરીકેની તેમની પ્રવૃત્તિવિશે, તે વિષય બહુ શુષ્ક હોવાથી, કશો ઉલ્લેખ કર્યો નથી. વિષયની શુષ્કતા ઉપરાંત તેમ કરવાનું બીજુ એક કારણ એ છે કે, **રાનડેની** પ્રતિમૂર્તિ નામદાર ગોપાળ કૃષ્ણ **ગોખલેની** એ વિષયની હિલચાલથી, એ હિલચાલનું બીજ તેમના મનમાં રોપનાર **રાનડેનો** આપણને પરિચય થાય છેજ.

માધવરાવની આ સર્વે પ્રવૃત્તિઓનું મૂળ તેમનામાંના કેટલાક ખાસ ગુણોમાંજ રહેલું હતું તેથી ઉપસંહારમાં તેનોજ ઉલ્લેખ સંક્ષિપ્તમાં કરવા ધારી આ સંક્ષિપ્ત ચરિત્રની સમાપ્તિ કરવા ધારી છે.

એમનો પ્રધાન ગુણ કિંવા સર્વ ગુણોનો મૂળભૂત ગુણ, **પરમેશ્વરપર દૃઢ શ્રદ્ધા અને તે વિષે અનન્ય ભક્તિ એ હતો.** ઈશ્વરે આપણને કોઇ પણ વિશિષ્ટ શકિત જો આપી હોય છે તો તેનો ઉપયોગ પોતાની અને બીજાંની આધ્યાત્મિક ઉન્નતિ કરવા સારૂ અને તે ઉન્નતિના અંગભૂત બીજા પ્રકારની—આર્થિક, ઔદ્યોગિક, સાહિત્યવિષયક, રાજકીય, વિગેરે—ઉન્નતિ સંપાદવા સારૂજ આપેલી હોય છે. એ શકિતનો આવો ઉપયોગ કરવાથી આપણે વિમુખ રહીએ તો ઇશ્વરના ગુન્હેગાર છીએ. ઇશ્વર આપણા હૃદયમાં નિરંતર વાસ કરતો હોવાથી કામક્રોધાદિકને વશ ન થઇએ તો તેની ઇચ્છા, આજ્ઞા, આપણને સ્પષ્ટ જણાઇ આવ્યા વિના રહેતી નથી. આ ગુણોનું વર્ણન કરતાં તેમના એક મિત્ર રા. બ. **વિષ્ણુ મોરેશ્વર મહાજન,**

એમ, એ. લખે છે કે "બોલતાં બોલતાં તે (**માધવરાવ**) એક વખત બોલ્યા: 'મને ખરેખરજ એવી ભાવના થાય છે કે લાંબી નળીને એક છેડેથી ઇશ્વર બોલે છે, અને બીજે છેડેથી કાન દઇ તે હું સાંભળું છું.'"[1] દરેક લોકોપયોગી કાર્યમા તે તન, મન, અને વાચાથી પોતાના અગાધ જ્ઞાન, સારાસાર વિવેક અને સમયનો જે વ્યય કરતા તેનું કારણ તેમનામાં રહેલી ઇશ્વર પ્રત્યેની આ નિ:સીમ ભક્તિજ હતું.

તેમની અવલોકન શક્તિ તીક્ષ્ણ હોવાથી દરેકના ગુણાવગુણ તે સ્પષ્ટ જોઇ શકતા અને ગુણનું ગ્રહણ કરતા. **જેવી તેમની ઇશ્વર પ્રત્યેની ભક્તિ નિઃસીમ હતી તેવીજ તેમની માતૃભૂમિ પ્રત્યેની ભક્તિ પણ નિઃસીમ હતી.** હિંદીઓ વિષે રાજ્ય કર્તાઓનો જે ખોટો મત છે તે દૂર કરવાનો તે બહુ પ્રયત્ન કરતા, કારણ કે તે સારી રીતે જાણતા કે એવી રીતે તેમનો મિથ્યાગ્રહ, દુરાગ્રહ દૂર કરવાથી તે આપણને સહાયતા આપશે; અને આપણી ઉન્નતિનો માર્ગ સ્હેલો થશે. ઇશ્વરે બ્રીટીશ સામ્રાજ્ય આપણા દેશમા સ્થાપ્યુ છે તે તેની દયા છે, કારણકે જે ઉન્નતિ હિંદુ કિંવા મુસલમાન રાજાઓના હાથથી થઇ શકી નથી તે અગ્રેજોના ઉદાર રાજનીતિના ધોરણથી, તેમની સહાયતાથી, આપણા દૃઢ પ્રયત્નથી અને ઇશ્વર કૃપાએ સાધ્ય થશે, એવો તેમને સંપૂર્ણ ભરોસો હતો. જેમ સામાજિક સુધારા સારૂ લોકોમા મળીને રહેવાની જરૂર છે તેમ રાજકીય સુધારા સારૂ પણ સરકાર સાથે મળીને રહેવાની જરૂર છે, તેથી વિરૂદ્ધ પડીને કોઇ પણ સુધારો થવો શક્ય નથી. આજ ધોરણે કામ કરવાથી એ હાઇકૉર્ટના ન્યાયાસન પર બીરાજી ન્યાય આપી શકતા,

---

૧. જુઓ મરાઠી માસિક विविधज्ञान विस्तार, પુસ્તક ૪૫, અંક ૨, પૃષ્ઠ ૬૦.

મી. લીવૉર્નરના વિચારોની એકદેશીયતા બતાવી શકતા, ખેડુતોનો કાયદો અમલમાં લાવી શક્યા, બીજાં રાષ્ટ્રોના ફતેહમંદ નિવડેલા ઉન્નતિના માર્ગ 'સાર્વજનિક સભા'ના માસિકદ્વારા સરકારને બતાવી શકતા, અને સરકારના રાજકીય ધોરણમાંના દોષ બતાવી સંધાયક ટીકા પણ કરી શકતા.

તે કહેતા કે "સરકારની સહાયતા લેવામાં જો કે બાધ નથી છતા આપણી ઉન્નતિના પ્રયત્નોનો ભાર આપણેજ ઉપાડવો જોઇએ છે, જ્ઞાન મેળવવું જોઇએ છે, આત્મસંયમન કરવું જોઇએ છે, ઉદ્યોગી થવુ જોઇએ છે, પરસ્પર એકબીજાપર વિશ્વાસ રાખી સહાનુભૂતિ અને સંપથી કામ કરવું જોઇએ છે, ઉન્નતિની આડે આવનારા જૂના વિચારો છોડી દેવા જોઇએ છે અને પરંપરાથી આપણને પ્રાપ્ત થયેલા દોષ દૂર કરવા જોઇએ છે."

વિરોધીઓની નીચવૃત્તિ અને વિરોધ તરફ બને તેટલી ઉદાર દૃષ્ટિથી તે જોતા; અને તેમની સાથે અતિ આદરથી વર્તતા. અજ્ઞાનને લીધે, ગેરસમજથી કે કુટિલ મતિને લીધે આક્ષેપ કરનારાઓ સાથે પણ તે પ્રેમથી વર્તતા અને તેમના દોષોપર બને તેટલો ઢાકપીછોડો કરતા. પૂનાની સામાજિક પરિષદ વખતનાં તેમના આ સંબંધી વર્તન વિષે આપણે જાણી ચૂક્યા છીએ. તેમના આવા સ્વભાવને લીધે વારવાર તેમને તેમના મિત્રો દોષ દેતા, પણ તે પૂર્ણ વિચાર કરી ઉત્તમ ઠરેલો આ રાજમાર્ગ કદિ છોડતા નહિ.

સંસારસુધારાના કટ્ટર વિરોધીઓના અગ્રણી રા. નાતૂ જ્યારે પૂના છોડી પોતાનું બાકીનુ આયુષ્ય ગાળવા કાશી જવા નીકળ્યા ત્યારે માધવરાવ જાતે ઉઠી તેમને મળવા ગયા. પોતે જેના કટ્ટર વિરોધી તે પોતેજ સામા મળવા આવ્યા તે જોઇ નાતૂ ગળગળા થઇ ગયા!

આવું સૌજન્ય કે આત્મસંયમન માધવરાવના રૂંવેરૂંવામાં પ્રસરેલુ હતું, અને તેમના ઉપદેશનો પ્રભાવ વધારે પાડવામાં સહાયભૂત થતું.

કોઇ બાબતથી પ્રતિકૂલ મત આપવો હોય તોપણ તે બહુ મધુર ભાષામાં આપતા; આથી તેમની સલાહ લેવા જવામાં કોઇને પણ હરકત આવતી નહિ. તે શાંતપણે સર્વ સાંભળી લેતા અને સર્વ બાજુનો પૂર્ણ વિચાર કરી સલાહ લેવા આવનાર સામે યોગ્ય રૂપમાં વસ્તુસ્થિતિ મૂકતા. એમની આવી પદ્ધતિથી એમની સલાહ લેવા આવનાર દરેક હસતે મોઢેજ વિદાય થતો.

ગુરૂમાં, કથા કરનારમાં કે કીર્ત્તન કરનારમાં, જે એક ગુણની ખામીને લીધે તેનો ઉપદેશ વ્યર્થ જાય છે તે એક અતિ મોહક ગુણ એમનામાં હતો. તે એ હતો કે **શ્રોતાનાં હૃદયમાં વિલીન થઇ રહેલી ઉદાત્ત વૃત્તિને એ જાગ્રત કરતા.** આથી શ્રોતાને ક્ષણભર પણ એમ લાગતું કે 'એ કહે છે તેમ કરવાથી આપણને જરૂર આપણા પ્રયત્નમાં યશ મળશે.' આ ભાવના જેમના હૃદયમાં સ્થાયી વાસ કરી રહી તેમને નવું, ઉદાત્તતર જીવન પ્રાપ્ત થયું. આથી આજ કાલના કેટલાક સ્વદેશ ભક્તોના પણ તે આદ્યગુરૂ હતા, એમ કહીએ તો ખોટું નથી.

એ કદિ નિરાશ થતા નહિ. કદાચ કોઇ કામમાં તેમને શરૂઆતમાં ફત્તેહ ન મળતી તોપણ તે પોતાના પ્રયત્નમાં સિદ્ધિ ન મળે ત્યાં સુધી પ્રયત્ન છોડી દેતા નહિ. પોતાની નિષ્ફળતા વાસ્તે તે કોઇને દોષ દેતા નહિ—પોતેજ કોઇ ઠેકાણે ભૂલ્યા છે, પોતાનીજ કંઇક ગેરસમજ થઇ છે, એમ તે કહેતા. કામની શરૂઆત કરવા પૂર્વે તેનું સર્વ બાજુથી સમાલોચન કરી લેતા; અને આગંતુક વિઘ્નોનુ નિવારણ કરવાના ઉપાય યોજતા. તેમનો ઉત્સાહ કદિ ભંગ થતો નહિ કારણ કે તે પૂર્ણ આશાવાદી હતા એ આપણે વારંવાર જોઇ ગયા છીએ.

તેમને અહંકાર કે વ્યસન નહોતાં. આથી સ્વચ્છંદીઓ તેમનાથી બહુ બ્હીતા. વિદ્વાન હોવા છતાં તેમને અહંકાર નહોતો, મોટા હોદ્દેદાર હોવા છતા અભિમાન નહોતું, સર્વ સાથે પ્રેમથી, સરળતાથી અને ન્યાયથી વર્ત્તનાર હતા, ગમે તેનુ—ગરીબ કે તવંગર, સ્વપક્ષ કે પરપક્ષનાનુ-કામ હોય તોપણ તેને ખરી સલાહ આપી યોગ્ય મદદ કરવાનો એ પોતાનો ધર્મ સમજતા.

એ બહુજ શાંત સ્વભાવના હતા. એમનું આખું ખાનગી ચરિત્ર અવલોકતા પણ કદિયે ગુસ્સે થઈ સાધારણ જનોની માફક બૂમ બરાડા પાડતા એ જણાતા નહિ. શાંત સ્વભાવ વિના વિરોધીઓ સાથે મિત્રત્વ રાખી શકાય નહિ, આક્ષેપ કરનારાઓને સમજાવી શકાય નહિ, મધ્યમસર રીતે કામ લેવાય નહિ એ માટે સાત્વિક વૃત્તિ સર્વોત્તમ ગણાએલી છે; અને **માધવરાવમા** તેનો પૂર્ણાંશે વાસ હતો.

દરેક બાબતનુ સૂક્ષ્મ અવલોકન એ કરતા, એ આપણે જોઇ ગયા; તેમજ શાંતિથી તથા લોકોમા મળીને એ કામ કરતા અને પોતાના અનુયાયીઓને તેમ કરવાનુ ઉપદેશતા એ પણ આપણને જણાયું: તે બન્નેનું વર્ણન નીચલી અંગ્રેજી લીટીઓમાં કરીને પુણ્ય ચરિત મહાત્માના ટૂંક ચરિત્રની સમાપ્તિ કરીશુ. જો આમાથી કંઇક પણ સાર ગ્રહણ કરી તે મુજબ વર્ત્તવાનો કોઇ પ્રયત્ન કરશે તો લેખકનો લખવાનો, પ્રકાશકનો પ્રસિદ્ધ કરવાનો અને વાચકનો ચરિત્ર વાંચવાનો શ્રમ સફળ થયો ગણાશે.

એમની અવલોકન શક્તિ.

He took the suffering human race,
He read each wound, each weakness clear,

And struck his finger on the place,
And said "Thou ailest *here and here.*"

સુધારકોને એમનો ઉપદેશ.

Oh pure Reformers! not in vain,
Your trust in Human Kind,
The good which bloodshed could not gain,
Your *peaceful Zeal* shall find."

સમાપ્ત.

"God give us men. A time like this demands
Great hearts, strong minds, true faith, and willing hands
Men whom the lust of office does not kill
Men whom the spoils of office cannot buy
Men who possess opinions and a will
Men who have honour, men who will not lie."

પુસ્તકોવડે બચાવ.

રૂડાં પુસ્તકો માણસના શ્રેષ્ઠ સોબતીઓમાં લેખાય છે, કેમકે આપણા વિચારો અને અભિલાષાઓને ઉચ્ચ કરીને તથા નીચ પ્રકારના સહવાસથી આપણને દૂર કરીને તેઓ આપણું રક્ષણ કરે છે. ટોમસહુડ કહે છે કે. ન્હાની ઉમ્મરમાં જેઓને સંસારસાગરમાં સહીસલામત લઇ જવાને માબાપનું ભોમિયારૂપી સુખ નથી હોતું તેમને, અનીતિ કે બદફેલીના ખાડામાં ડુબવાનો સંભવ બહુ હોય છે; પરંતુ વાચન તરફ મ્હારામાં જે સ્વાભાવિક વલણ હતું અને બુદ્ધિના વિષયો પાછળ લાગવાની મ્હારામાં જે વૃત્તિ હતી તેણે મને બચાવી લીધો. મ્હારા **પુસ્તકોના સહવાસને લીધે હું રમત ગમતના અખાડામાંથી, સહેલ સપાટામાંથી, તાડી દારૂના પીઠામાંથી અને ગાનતાનના દિવાનખાનામાંથી બચ્યો.**